# સિદ્ધત્વની... યાત્રા

ભાગ-૨

# સિદ્ધત્વની... યાત્રા

ભાગ-૨



ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ ગુરુદેવ
પૂ. શ્રી રતિલાલજી મ.સા.ના સુશિષ્ય
રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

: પ્રકાશક :
પારસધામ - મુંબઈ

PARASDHAM

# સિધ્ધત્વની યાત્રા - ૨

: પ્રેરણા :

## રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

પ્રકાશક : પારસધામ - મુંબઈ.

ચતુર્થ આવૃતિ - જુલાઈ ૨૦૧૫

**: પ્રાપ્તિ સ્થાન :**

**PARASDHAM**

વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ)
મુંબઈ - 400077 • Ph. No.: +91-22-32043232

12/2A, બકુલ બગાન રો,
કોલકત્તા - 700025 • Ph. No.: +91-33-2475003

4, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ,
રાજકોટ- 360005 • Ph. No.: +91-281-2577630

**PAWANDHAM**

B.C.C.I ક્રિકેટ ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - 400067 • Ph.No.: +91-22-28093833

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઈ નગર,
વડોદરા - 390007 • Ph.No. +91-265-3293232

6/6 નેતાજી સુભાષ રોડ, મલ્લિક ફાટક પાસે,
હાવડા સાઉથ - 711101. • Ph.No. +91-93390-01757

**PAVITRADHAM**

પવિત્રધામ જૈન સંઘ-સેટેલાઈટ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ,
અમદાવાદ - 380015 • Ph.No. 09427325640

# આગમ અને આત્મા...

પરમાત્મા એક પછી એક આગમની ધારાઓ પોતાના મુખકમલમાંથી પ્રગટાવતા હોય અને એ આગમધારાઓ ભાવિક જીવોનાં અંતરને ભીંજવતી હોય. એ ક્ષણ કેવી હોય ? પરમાત્મા જ્યારે દિવ્ય મુખકમલમાંથી આગમધારા વહાવતા હોય અને એક એક વ્યક્તિનાં માનસમાં એમ થાય કે, પરમાત્મા બીજા કોઇને કહેતાં નથી, પરમાત્મા મને જ કહે છે અને મારું જ કહે છે!

પરમાત્મા મહાવીરની વાણીમાં એક વિશેષતા હતી. પરમાત્માના સમવસરણમાં અનેક વ્યક્તિઓ આવતી હોય, અનેક લોકો પોતાના પ્રશ્નો લઇને પ્રવેશ કરતાં હોય, અનેક પોતાની સમસ્યા લઇને ત્યાં આવ્યા હોય, પરમાત્માની વાણીને સાંભળે અને દરેકને પોતાની સમસ્યાનું સમાધાન એક જ શબ્દમાં મળી જાય! પરમાત્મા ભલે વિશાળ જનસમુદાયને સંબોધતા હોય પણ દરેક વ્યક્તિને પોતપોતાની રીતે પોતપોતાનું સમાધાન મળી જાય અને આ જગતનો નિયમ છે,

*જ્યારે સમાધાન મળે છે, ત્યારે સમાધિ મળે છે.*

જ્યારે આપણા પ્રશ્નોનું આપણી સમસ્યાનું સમાધાન મળે છે, ત્યારે અંતરમાં એક સંતોષનો ભાવ ઊગે છે, સમાધિ મળે છે. આ જ સંતોષ અને સમાધિને કારણે વ્યક્તિને સમર્પણતા લાવવાનો વિચાર જન્મે છે અને એવી જ સમર્પણતા જન્મી હતી ગૌતમસ્વામીને.

ના ! એકલા ગૌતમસ્વામીને જ નહીં, પણ અનેક અનેક ભાવિકોને પણ આવી સમર્પણતા જન્મી હતી. અનેક ભાવિકોને પરમાત્માનાં ચરણમાં શરણ મેળવવું હતું. પણ શરણ મેળવી શક્યા એવા અગિયાર મુખ્ય હતાં.

એક માળી જ્યારે આખોય બગીચો તૈયાર કરે, ત્યારે તેમાં થોડાં નાનાં નાનાં છોડ પણ હોય અને મોટાં વૃક્ષો પણ હોય. શોભાનાં ઝાડ પણ હોય અને ફળ આપતા વૃક્ષો પણ હોય. માત્ર બીજ ઉગાડનારા વૃક્ષો હોય અને એકલાં દેખાવ માટે જ ફૂલોના ઝાડ પણ હોય.

*''માળી તો એ જ કહેવાય જે બધાંની માવજત કરે !''*

હા ! માળી માવજત તો આખા બગીચાનાં બધાં જ વૃક્ષોની કરે, પણ એ જ

જાણતો હોય કે આમાંથી કયા વૃક્ષને કેટલું પાણી આપવું, કોને કેટલું સિંચન કરવું, અને કોના ઉછેર પાછળ કેટલો ભોગ આપવો. એ જાણતો હોય છે, કયા માત્ર શોભાના વૃક્ષ છે અને કયા ફળ આપનારા છે. પરમાત્માના સમવસરણ રૂપી ઉદ્યાનમાં પરમાત્મા રૂપી માળી સૌથી વધારે માવજત કોની કરે ?

પરમાત્મા રાગ, દ્વેષ ન રાખે, પણ વિવેક જરૂર રાખે. પરમાત્મા આ મારું કે આ તારું એવો ભેદ ન રાખે, પણ વિવેક તો અવશ્ય રાખે જ. આપણા બત્રીસે બત્રીસ આગમમાં જો સૌથી વધારે નામ આવતું હોય તો તે છે ગણધર ગૌતમનું. માણવા આવવું એ અલગ વસ્તુ છે અને માળી બનવું એ અલગ વાત છે.

આપણે બધાં અત્યારે પરમાત્માએ ખીલવેલાં આ શાસનરૂપી ઉદ્યાનને માણવાવાળાં છીએ અને એના માળી છે ભગવાન મહાવીર સ્વામી...!

ભગવાન મહાવીર સ્વામીએ જોયું કે અહીંયા આસોપાલવ પણ છે અને આંબા પણ છે. એ જાણતા હતાં કે આંબા ઉપર વધારે ધ્યાન દેવાથી અનેક ફળો આવશે, અનેક બીજ નીકળશે અને એ બીજ બીજા અનેક આંબાઓને ખીલવશે.

એવી જ રીતે જો એક ગૌતમને દેશના આપીશ તો એ એના અનેક શિષ્યોને ઉપદેશ આપશે, એના અનેક શિષ્યો બીજા અનેક પ્રશિષ્યોને ઉપદેશ આપશે, એમ કરતાં કરતાં પરમાત્માનું શાસન ૨૧,૦૦૦ વર્ષ સુધી ચાલશે..!

પરમાત્માએ ગૌતમને દેશના આપી, ગૌતમે સુધર્મા સ્વામીને જ્ઞાન આપ્યું, સુધર્મા સ્વામીએ જંબૂ સ્વામીને આપ્યું, જંબૂ સ્વામીએ પ્રભવ સ્વામીને આપ્યું. આમ કરતાં કરતાં પરમાત્માની આ પરંપરા આજ આપણા સુધી પ્રાપ્ત થઇ ગઇ. પરમાત્માની એ વાણી આગમ દ્વારા આપણને પ્રાપ્ત થઇ..!

જો આગમ ન હોય તો ?

એક નાનકડી વાત છે. એક વિદેશી પર્યટક એક વખત આફ્રિકાના જંગલમાં ગયો. ત્યાં બધાં આદિવાસીઓ જ રહેતાં હતાં. એમના શરીર ઉપર મેલના થરના થર હતાં. કોઇ મળે તો ય ભલે અને ન મળે તોય ભલે..! કોઇને કોઇની સાથે કાંઇ

લેવા દેવા નહીં..! ઘરબાર જેવું છે નહીં... અને ખાવા માટે ઝાડ ઉપરથી ફળ તોડીને ખાઇ લે છે..!

જ્યારે વિદેશી પર્યટકે જોયું કે અહીંયા તો કાંઇ છે જ નહીં, જે આદિવાસીઓ એ જિંદગીમાં ક્યારેય અરીસા જેવી વસ્તુ જ જોઇ ન હોય, જેણે પોતાનો ચહેરો જ જોયો ન હોય, જેણે ક્યારેય પોતાનું પ્રતિબિંબ જ જોયું ન હોય એને પોતાની ઓળખાણ થાય જ કેવી રીતે ?

''જેણે અરીસો જોયો ન હોય, એણે દેહની ઓળખાણ ક્યારેય ન કરી હોય..!''

*''જેણે આગમ જોયા ન હોય, એણે આત્માની ઓળખાણ ક્યારેય કરી ન હોય..!''*

અરીસો જેમ આપણા દેહનું, આપણા અંગેઅંગનું દર્શન કરાવે છે. એમ આગમરૂપી અરીસો તો આપણા અંતરનું દર્શન કરાવે છે!

અંતરનો આકાર કેવો છે ? અંતરમાં વિકાર કેટલા છે ?

અંતરમાં અવગુણો કેટલાં છે અને અંતરમાં સદ્‌ગુણો કેટલા છે ?

*''સ્વયંનું સ્વયં દ્વારા નિરીક્ષણ કરવા માટે જે પરનો આધાર લેવો પડે છે, એનું નામ છે આગમ..!''*

*સ્વયંનું, સ્વયં થકી, સ્વયં વડે, સ્વયંનું નિરીક્ષણ કરવા માટે જે પરનો આધાર લેવો પડે છે એ છે પરમાત્માની વાણી..!*

અને એ પરમાત્માની વાણી જ સ્વનું સ્વથી નિરીક્ષણ કરાવે છે !

હવે, પેલા વિદેશી પર્યટકે એક સાથે ૧૫ આદિવાસીઓનો ગ્રુપ ફોટો પાડ્યો અને એક પછી એક બધાંને બતાવવા લાગ્યો. બધાંએ ફોટો જોયો અને એમાંથી ચૌદ જણને ઓળખી શક્યાં. પણ એક વ્યક્તિ બધાંથી ન ઓળખાણી. બધાં ફોટો જોતા ગયા અને બધાંનો પ્રશ્ન એક જ હતો કે આપણા પંદરમાં એક જણ અજાણ્યો છે.

બધાં બીજાને તો ઓળખી શકતાં હતાં, પણ પોતાની જાતને કોઇ ઓળખી શકતું ન હતું. કેમકે ક્યારેય કોઇએ પોતાની જાતને અરીસામાં જોઇ જ નહતી.

બસ !

'સ્વયંની, સ્વયં દ્વારા, સ્વયં થકી, સ્વયં વડે, જે ઓળખાણ કરાવવામાં આધારભૂત બને છે એને કહેવાય છે, આગમ !'

આજ સુધી હું બધાંને જાણતો આવ્યો છું. આજ સુધી હું બધાંને ઓળખતો આવ્યો છું. આજ સુધી મારી પાસે બધાંના પણ છે. આજ સુધી હું બધાંની ચાલ અને ચલગતને જોતો આવ્યો છું. પણ, આજ સુધીમાં મેં ક્યારેય મારું નિરીક્ષણ કર્યું નથી.

પેલા પંદરે આદિવાસીએ સર્વાનુમતે એક સાથે એક જ વાત જાહેર કરી કે, આમાં ચૌદ જાણીતા છે, પણ એક અજાણ્યો છે ! 'પોતાને.. પોતાની જાત વડે, પોતાના મોઢે પારકો જાહેર કરવો, એનું નામ અજ્ઞાન..!'

અને પોતે પોતાની જાતને ઓળખવી એ છે આગમની આરાધના..! પણ, બને છે એવું કે, અરીસાને જોઇને કદાચ આપણે આપણી જાતને ઓળખી શકીએ છીએ. અરીસાને જોઇને કદાચ આપણે આપણું નિરીક્ષણ કરી શકીએ છીએ. અરીસામાં જોઇને કદાચ સ્વયંની કક્ષા શું છે એને સમજી શકીએ છીએ. આજ સુધી આપણે આપણી જાતને ઓળખી હોય, આપણે આપણને જોયા હોય એવી ક્ષણો કેટલી ?

સ્વએ સ્વને જોઇ હોય એવી ક્ષણો કેટલી ?

આપણે આપણા 'સ્વ'ને કોઇ દિવસ જોયો હોય, જાણ્યો હોય, માણ્યો હોય, એવો એકેય સમય ખરો ?

બસ !

આ જ આપણી ખોટ છે.

આપણું છે, એને આપણે પૂછતાં નથી અને પારકું છે, એને આપણે પછ્યા વિના રહેતા નથી.

આપણું છે એને આપણે સાચવતા નથી અને જેને સાચવીએ છીએ એ કોઇ દિવસ સચવાતાં નથી.

*'જ્યારે સ્વયંના આત્માની સ્વયંના આત્મા સાથે ઓળખાણ વધવા લાગે છે,*

*ત્યારે જગત માટેની ફરિયાદ ઘટવા લાગે છે.'*

**આ છે આધ્યાત્મિક સંદેશ..!**

જ્યારે સ્વયંની સ્વયં સાથે ઓળખાણ થાય છે, સ્વયંનું નિરીક્ષણ થાય છે, આત્મા જ્યારે આત્માને ઓળખવા લાગે છે, આત્મા જ્યારે દેહને ઓળખવા લાગે છે, આત્મા જ્યારે 'દેહ મારાથી પર છે' એવું સમજવા લાગે છે, ત્યારે તેની બધી જ ફરિયાદો ઘટ્યા વિના રહેતી નથી.

ઘણાં એમ કહે છે, તમે અત્યારે આગમની વાત કરો છો, આત્માની વાત કરશો, આત્માનો ઉપદેશ આપશો, પણ આત્માનો ઉપદેશ આ કાળમાં, અત્યારના સમયમાં શું કામનો ? અત્યારે આત્મા વિશેની વાતો સાંભળે કેટલાં..? સમજે કેટલાં..? સ્વીકારે કેટલાં..? અને અમલમાં મૂકે કેટલાં..?

જ્યારે વ્યક્તિ સ્વને ઓળખવા લાગે છે, સ્વયંના આત્માને ઓળખવા લાગે છે, 'હું કોણ છું ?' એની સમજ પડવા લાગે છે. 'હું આત્મા છું', એવો ખ્યાલ આવવા લાગે છે. ત્યારે તેને સમજ પડવા લાગે છે કે આ મારાથી પર છે, પર છે માટે હું કાયમ છું અને તે કાયમ નથી ! આપણે રોજ સ્નાન કરીએ છીએ, આપણે શરીરને સ્નાન કરાવીએ છીએ, વિચારો... શરીરને નવરાવ્યાં પહેલાં જેવું હતું અને નવરાવ્યા પછી જેવું છે, એ બેમાં ફરક કેટલો ?

પરમાત્મા કહે છે, તમારી ક્ષણ ક્ષણે તમારા જીવનની એક એક ચર્યા વખતે, તમારા જીવનના એક એક કાર્યક્રમ વખતે જો તમારા અંતરમાં એકવાર તમારી ઓળખાણ હશે, તો જગતનાં બધાં જ કામ કરવા છતાં પણ તમે કર્મોથી એકદમ હળવાફૂલ હશો.

'મને પગ કે હાથ દુઃખે છે, એવી ફરિયાદ ક્યારે જન્મે ?' જ્યારે મારું સોએ સો ટકાનું મમત્વ, મારું સોએ સો ટકાનું ધ્યાન, મારા હાથ કે પગ પ્રત્યે હોય ત્યારે જ ફરિયાદ જન્મે. જેને આપણે પોતાનું માનીએ છીએ એનું જ આપણે ધ્યાન રાખીએ છીએ અને જેને આપણે પોતાનું માનતા નથી તેની આપણે ઉપેક્ષા કરીએ છીએ.

જેને પોતાનું માનીએ છીએ તેનો આપણને પ્રેમ છે અને પ્રેમ છે માટે એનું બરાબર ધ્યાન રાખીએ છીએ. જેની પ્રત્યે આપણને પોતાપણાનો, સ્વપણાનો, મારા જ છે, એવો ભાવ થતો નથી, એના પ્રત્યે કદાચ ફરજ બજાવતાં હોઇશું પણ એના પ્રત્યે આપણને લાગણી નહીં હોય અને લાગણી નહીં હોય તો એનામાં જે કાંઇ થતું હશેને, એની આપણે ઉપેક્ષા કરીશું.

*'જે આપણું છે, ત્યાં આપણું દયાન છે.'*

જ્યાં આપણું નથી, ત્યાં આપણું ધ્યાન નથી અને આ જ આપણી ખોટ છે. જે આપણું છે એને આપણે સમજ્યા નથી અને જે આપણું નથી તેને આપણું સમજી, સમજીને જ જિંદગી પસાર કરી નાખીએ છીએ.

જે સમયે પરમાત્માના આગમની ધારાઓ પરમાત્માના મુખકમલમાંથી પ્રવાહિત થઇ રહી હતી અને જ્યારે ગૌતમ સ્વામી અને સુધર્મા સ્વામી આગમની ધારાઓને સમજી રહ્યાં હતાં, શીખી રહ્યાં હતાં, અંદરમાં ઉતારી રહ્યાં હતાં અને જેમ જેમ અંતરમાં ઉતરતું જતું હતું, તેમ તેમ તેમના અંતરમાં એક સંતોષ થતો હતો, તેમના મનનું સમાધાન થતું હતું, એમના અંતરમાં સમાધિનો ભાવ જન્મી રહ્યો હતો કે, ખરેખર ! હું જે છું એ આ નથી અને આ જે છે, તે હું નથી !

રોજ સામાયિક કરીએ છીએ એનું ફળ શું ? સાધનાનું ફળ શું ?

'દેહ તો દેહ જ રહેલો છે. મારે દેહની ફરિયાદને ઘટાડવી છે.'

કેમ ? કેમકે જે મારું હોય એની હું ફરિયાદ કરું પણ જે મારું નથી એની ફરિયાદ કરવા જેવી નથી. જે મારા હોય, એની જ ફરિયાદ કરાય. પણ જે પારકાં હોય તેની વધુ ફરિયાદ કરી શકાય નહીં.

આજે તમારું બાળક તમારા ઘરમાં તોફાન કરતું હોય તો તમે એને સમજાવીને, શિખામણ આપીને રોકી શકો. પણ જો પારકાનું બાળક પારકાનાં ઘરમાં તોફાન તો શું તોડફોડ પણ કરતું હોય તો તમે શું કરી શકો ?

ખાલી જોઇ શકો... પણ કાંઇ કરી ન શકો.

આ દેહ, આ શરીર, એ જો સાચી સમજ હોય તો, એ પારકાનું ઘર છે, એ મારું ઘર નથી. હા ! પણ આવી સમજ, આવા ભાવ, સમયે સમયે આવી શકતાં નથી. પણ, જ્યાં સુધી આવી સમજ અંતરમાં વસશે નહીં, ત્યાં સુધી આપણી સમસ્યાનું સમાધાન થવાનું નથી.

સમસ્યાઓનું સર્જન બે વ્યક્તિ વચ્ચે સર્જાય કેમ ?

બે વ્યક્તિની વચ્ચે સમસ્યા ત્યારે જ સર્જાય જ્યારે સાથે કોઇ ત્રીજું હોય. એકલા હોઇએ ત્યારે માત્ર શાંતિ હોય છે. પણ બેકલો થાય એટલે અશાંતિ વધ્યા વગર રહેતી નથી.

જ્યારે પરદેશ ગયેલી વ્યક્તિ સ્વદેશ પાછી ફરવાની હોય છે, ત્યારે તે પરદેશની બજારમાં નીકળે છે પોતાના દેશ માટે કંઇક લઇ જવા માટે. કંઇક કામ લાગે એવી વસ્તુ લેવા માટે. એ પરદેશનાં ફૂલો બહુ વખણાતા હતાં. વ્યક્તિ બજારમાં પહોંચી. એક તરફ ફૂલોની મોટી બજાર હતી, જ્યાં એક એકથી સુંદર ફૂલો મળતાં હતાં અને બીજી તરફ ઝવેરીની બજાર હતી, જ્યાં એક એકથી સુંદર રત્નો મળતાં હતાં. કિંમતી રત્નો ખૂબ સસ્તામાં મળી રહ્યાં હતાં. જ્યારે સુંદર ફૂલો ખૂબ મોંઘા મળી રહ્યાં હતાં. હવે એ વ્યક્તિ શું ખરીદશે ?

ફૂલો કે રત્નો ?

એ ધનાઢ્ય વ્યક્તિએ એક મોટી સૂટકેશ ભરીને સુંદરમાં સુંદર ફૂલો ખરીદ્યા..!

રસ્તામાં એને એક સમજુ, અનુભવી વ્યક્તિ મળી ગઇ. એણે પૂછ્યું, ભાઇ ! તું આ શું લઇ જાય છે ?

હું મારા દેશ માટે આ સુંદર ફૂલો લઇ જાઉં છું.

પણ ! ભાઇ સામે ઝવેરીની બજાર છે, ત્યાં સરસ અને કિંમતી રત્નો મળે છે.

ના ! પણ મને રત્નો લેવાનું મન નથી થતું.મને આ સુંદર અને સુગંધી ફૂલો ગમે છે.

પણ ! આ રત્નો લઇને તું તારા સ્વદેશમાં એને વેચીશ તો પણ તને ઘણી કિંમત મળશે. તું અત્યારે રત્નો લઇલે. પછી ત્યાં જઇને ફૂલો લઇ લેજે.

ના ! મારે તો ફૂલ જ લેવા છે.

છતાં, પેલી સમજુ વ્યક્તિએ બહુ આગ્રહ કર્યો ત્યારે એણે માત્ર એક રત્ન લીધું. એક તરફ માત્ર એક રત્ન લીધું... અને એક તરફ આખી બેગ ભરીને ફૂલો લીધાં. ચાર-પાંચ દિવસ પછી પોતાના દેશ પહોંચ્યો. ત્યાંથી બે દિવસે પોતાને ગામ ગયો. બધાંને ભેગા કર્યાં અને કહેવા લાગ્યા, ''હું તમારા બધાં માટે પરદેશથી સુંદર અને સુગંધી ફૂલો લાવ્યો છું અને હું મારું આખું ઘર એ ફૂલોથી શણગારવાનો છું.''

એની પત્નીએ પૂછ્યું, ''તમે મારા માટે શું લાવ્યાં છો ?''

તારા માટે પણ સરસ ફૂલો લાવ્યો છું..!

એણે બેગ ખોલી, ફૂલોને જોયાં અને એની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. એક માત્ર 'રત્ન' રત્નની જેમ ચમકતું હતું અને બધાં જ ફૂલો કરમાઇને ચીમળાઇ ગયાં હતાં..!

કહેવાનો આશય એ જ કે, આ તમારો સંસાર, તમારો પરિવાર, તમારા સગાંસ્નેહીઓ બધાં ફૂલો જેવા છે અને તમે કરેલી સામાયિક એ 'રત્ન' જેવી છે! તમે ભરેલી બેગ ફૂલોની છે પણ એની સાથે તમે લીધેલા ધર્મ એક રત્ન સમાન છે !

હવે એ જ વિચારવાનું કે, 'જ્યારે આ ભવનો કિનારો છૂટશે અને પરભવના કિનારા સુધી પહોંચીશું ત્યારે આપણે ભરેલી ફૂલોની બેગ આપણને કામ લાગશે કે આપણે હાથમાં લીધેલું એકાદ રત્ન?''

હે પરમાત્મા ! મને ખબર હતી કે ફૂલ તો કરમાઇ જાય, મને સમજ હતી કે ફૂલો તો કરમાવાનાં જ હોય, મને ખબર હતી કે, ફૂલો જેવો આ સંસાર, પરિવાર અને આ સમાજ બધાં જ છોડવાનાં છે, છૂટવાના છે, છતાંય એને સાચવવામાં મારો ભવ ક્યાં ગયો એ ખબર પડી જ નહીં અને જ્યારે સમજ રૂપી દાંતિયો મળ્યો ત્યારે માથામાં ટાલ પડી ગઇ હતી.

*અનુભવનો દાંતિયો મળે ત્યારે માથામાં ટાલ પડી ગઇ હોય છે. ટાલ પડી ગયા*

*પછી દાંતિયો શું કામનો ?*

એમ જ્યારે ખબર પડે કે આ મારો સંસાર, આ પરિવાર, આ સમાજ, કાંઇ જ મારું નથી... મારું થયું નથી. હે પરમાત્મા ! આ ભવની અંદર આ બધાં ફૂલોને મારે સાચવવા છે, સંભાળવા છે, પણ આ ફૂલોને ક્યારેય મારી સાથે લઇ જવા નથી..!

ફૂલને સાચવવાનાં હોય, સાથે લઇ ન જવાનાં હોય..!

રત્નને સાચવવાના પણ હોય અને સાથે લઇ જવાનાં પણ હોય..! પણ, જે ફૂલને જ સાચવે છે... ફૂલને જ સંભાળે છે અને ફૂલને જ સાથે લઇ જાય છે તે "FOOL" કહેવાય છે..!

પણ, આ માંહ્યલો આ વાતને સમજી શકતો નથી..!

પરમાત્માના આગમો આપણને એ જ દર્શન કરાવે છે કે, તારું વાસ્તવિક દર્શન કરી લે, તું કોણ ? તારું કોણ ? તારું શું ?

આજ સુધીમાં આપણે ક્યારેય... ''હે જીવ ! તને કેમ છે ?'' એવો પ્રશ્ન આપણી જાતને કર્યો છે ?

કોઇ સંબંધીનાં ખબર આવે કે, પેલા ભાઇ બીમાર પડ્યાં છે અને એમને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કર્યા છે, તમે મારતી મોટરે તેની ખબર કાઢવા હોસ્પિટલમાં દોડશો..! માંહ્યલો માંદો પડ્યો છે, પણ આપણે ક્યારેય એને માટે મનની મોટર દોડાવી નથી..!

આપણા દેહમાં કંઇક તકલીફ થાય... જરાક માથું દુઃખે કે તાવ આવે કે જરાક પગ કે પેટ દુઃખે આપણે હાંફળાફાંફળા થઇ જઇએ... હેરાન પરેશાન થઇ જઇએ... દુઃખી દુઃખી થઇ જઇએ, પણ... પણ... આ ખુદનો જ માંહ્યલો માંદો પડ્યો હોય... પણ આપણે ખબર કાઢવા ગયા નહીં..!

''જે જગતનું ધ્યાન રાખે, પણ ખુદની સામે ન જુએ, એ કેવો લાગે ?''

જેના ઘરમાં ખાવાના વેંત ન હોય પણ બહારનાને જઇને ખીર-પૂરી જમાડે એ કેવો લાગે ?

બસ, સ્વ તરફ દ્દષ્ટિ કરી સિધ્ધત્વને પામીએ..!

**- રાષ્ટ્ર સંત પૂ. નમ્રમુનિ મ.સા.**

# ધર્મ...

આત્માની સમજ આપનાર આગમમાં ભગવાન મહાવીરે મોક્ષમાં જવાના ૭૩ ધર્મરૂપી દોરડાં બતાવ્યાં છે. સંસારરૂપી કૂવામાંથી જો બહાર નીકળી દિવ્ય, અલૌકિક અને તેજોમય આત્મપ્રકાશને માણવો હોય તો આ ૭૩ ધર્મરૂપી દોરડામાંથી એકાદ દોરડાંને અવશ્ય પકડવું જોઇએ..! પણ એ દોરડું પકડવાનું મન ક્યારે થાય ? જ્યારે કૂવો, કૂવો લાગે ત્યારે..!

વ્યક્તિ જ્યારે સમજે કે આ માત્ર કૂવો જ છે અને આ કૂવામાં અંધારા સિવાય કાંઇ જ નથી. જો મારે અજવાળાનાં દર્શન કરવા હોય, પ્રકાશને નીરખવો હોય તો મારે કૂવામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવો જ પડશે અને કૂવામાંથી બહાર નીકળવા માટે દોરડાંને પકડવું જ પડશે. ના ! માત્ર દોરડાંને પકડવાથી જ કાંઇ પ્રકાશનાં દર્શન ના થાય, એ દોરડાંને પણ 'આધાર' હોવો જોઇએ..! દોરડાંના આધાર પર શ્રધ્ધા રાખી, ધીમે ધીમે દોરડાંને પકડી ઉપર આવવાનો પ્રયત્ન કરવો પડે..!

જો કૂવો કૂવો જ લાગે... પ્રકાશને નીરખવાની તમન્ના હોય... દોરડાં અને દોરડાંના આધાર ઉપર ભરોસો હોય... કે, આ બંને મને બહારનાં પ્રકાશનાં દર્શન કરાવશે તો જ કૂવામાંથી બહાર નીકળી શકાય. બહાર નીકળવાના પ્રયત્નને સફળ બનાવી શકાય..!!

જ્યારે આપણને સંસાર, સંસાર જ લાગશે, સંસારની અસારતા સમજાશે, ત્યારે જ પરમાત્મા રૂપી પ્રકાશને માણવાનું મન થશે, ત્યારે જ સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળવા ધર્મરૂપી દોરડાંને પકડવાનું મન થશે..!

હા, દોરડું પકડ્યા પછી તેના નક્કર આધારરૂપ 'ગુરુ'ની આવશ્યકતા પડશે. માત્ર ધર્મ કરવાથી કાંઇ મોક્ષમાં ન જવાય. પરમાત્માના દર્શન કંઇ ધર્મનું માત્ર દોરડું પકડવાથી ના થાય... એ માટે જરૂરી છે, ધર્મની સાચી સમજ આપનાર, આત્માને પરમાત્માની સાચી ઓળખાણ કરાવનાર, મોક્ષના દર્શનની ઝાંખી કરાવનાર, નક્કર આધારરૂપ 'ગુરુદેવની' અને પરમાત્માને પામવાની તમન્નાની... તલસાટની..!!

દોરડાંરૂપી ધર્મ પ્રત્યે વિશ્વાસ હોવો જોઇએ... એના આધારરૂપ 'ગુરુદેવ' પ્રત્યે શ્રધ્ધાભાવ હોવો જોઇએ... તો જ સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળવાના પ્રયત્નરૂપી સાધના સિધ્ધિ થશે..!

જો કૂવાની અંદર અશાંતિ અને ભયનો અહેસાસ થશે તો જ બહાર નીકળી શાંતિ અને સુખ પામવાની ઇચ્છા થશે.

જો સંસારની અસારતા... સંસારની ક્ષણભંગુરતાનો અહેસાસ થશે તો જ પરમ સુખ અને પરમ શાંતિને પામવાની તમન્ના થશે... તલસાટ થશે..!!

શાંતિની જરૂર એને જ પડે છે જેને અશાંતિની અનુભૂતિ હોય !

જેને અંધારું ગમતું હોય એને પ્રકાશમાં જવાનું મન થાય જ નહીં..!

જેને સંસારમાં અશાંતિ લાગે એને જ ધર્મમાંથી શાંતિ મેળવવાનું મન થાય..!

જેમ જેમ કૂવામાંથી બહાર ઉપર આવતા જાવ તેમ તેમ બહારના પ્રકાશનાં અજવાળાં દેખાતાં જાય અને પ્રકાશનું કિરણ દેખાતાં જ બહાર નીકળવાની ઝંખના તીવ્ર બનતી જાય..!

ધર્મનું દોરડું પકડવાથી... સાધનાનાં એક એક સ્ટેપ આગળ વધવાથી... આત્માનાં એક એક ગુણ ખીલતા જાય... ગુણનો ગુણાકાર થતો જાય..!

એક સદ્‌ગુણ પકડો... અનંતા સદ્‌ગુણો આપમેળે આવી જશે..!

એક ગુણની પ્રાપ્તિ અનેક ગુણોની પ્રાપ્તિ કરાવે છે..! આ કૂવામાં રહેવું જ નથી એવું જ્યારે Feel થાય ત્યારે જ Fielding શરૂ થાય..! વિચાર માત્રથી કાંઇ જ ના થાય..! વિચારો તો આવ-જા કર્યા કરે..!

પણ જ્યારે હૃદય Feel કરે ત્યારે Feeling બળવત્તર બની જાય..!

મગજથી વિચારેલું મળશે કે નહીં નક્કી નથી, પણ હૃદયથી વિચારેલું મળ્યા વિના રહેતું નથી..!

કૂવો માત્ર કૂવો જ છે એવું Feel થાય તો જ કૂવામાંથી બહાર નીકળવાનું મન થાય.

સંસાર માત્ર સંસાર જ છે એવું સંવેદન થાય... એવી પ્રતીતિ થાય... ત્યારે જ ધર્મસાધના કરવાની રુચિ થાય..!

પ્રતીતિ પછીનો પુરુષાર્થ હંમેશાં તીવ્ર જ હોય છે અને ત્યારે પ્રકાશ દેખાયા વિના રહેતો નથી..!

મોક્ષમાં જવાની સાધના કરવાનો આ અમૂલ્ય એવો માનવભવ મળ્યો છે, જે ૩, ૧૩ અને ૧૫મા ભવે મોક્ષ મળવાની ખાતરી અપાવે છે.

માટે જ ધર્મનું દોરડું પકડી, સદ્‌ગુરુનો આધાર લઇ, સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળી, પરમાત્માના દિવ્ય પ્રકાશને પામવાનો સંકલ્પ તીવ્ર બનાવવો જોઇએ અને સાધનાને સિધ્ધત્વ તરફ લઇ જવી જોઇએ..!

# સમ્યક્ પરાક્રમ...

જ્યારે પગમાં કાંટો વાગે ત્યારે તેને બહાર કાઢવા માટે કાંટો જ વપરાય છે. તેમ 'પર'માં થયેલા પરાક્રમને 'સ્વ' તરફ લઇ જવા માટે 'પરાક્રમ'ની જ જરૂર પડે છે.

પરાક્રમનું મારણ કરવા માટે પરાક્રમની જ જરૂર પડે છે..!

પરાક્રમનું મારણ કરવા પરાક્રમ જ હોય છે. 'અક્રમ' ક્યારેય નથી હોતું..!

જગતની અંદર એક દર્શન એવું માને છે કે, તમે કંઇ જ ન કરો તો મોક્ષ થાય અને પરમાત્મા મહાવીર એમ કહે છે, તમે ''સમ્યક્ પરાક્રમ'' કરો તો જ મોક્ષ થાય..!

કાંટા વગર કાંટાને ક્યારેય કાઢી શકાતું જ નથી... હા ! પણ, કાંટાને કાઢવા માટે આપણે જેટલો કાંટો અંદર નાખ્યો હોય તેટલો જ કાંટો આપણે બહાર કાઢી લેતા હોઇએ છીએ.

''કાંટાને કાઢવા માટે વપરાયેલો કાંટો કોઇ દિવસ કાયમ હોતો નથી. પરાક્રમને કરવા માટે કરેલું પરાક્રમ પણ ક્યારેય કાયમ હોતું નથી !''

'પર'માં ગયેલા આત્માને જ્યારે 'સ્વ' તરફ જવું હોય છે, ત્યારે પણ 'પર'નો આધાર લેવો જ પડે છે.

'પર'થી 'પર' થવા માટે પણ પરનો જ આધાર હોય છે. 'સ્વ' થકી સ્વને સ્વ તરફ લઇ જવા માટે સ્વનો આધાર હોય છે..!

સમ્યક્ પરાક્રમ એટલે 'પર'થી 'પર' થવા માટેનો 'સ્વ'નો પુરુષાર્થ..!

સમ્યક્ પરાક્રમ એટલે શું ?

અસમ્યક્ પરાક્રમ 'પર'ને 'સ્વ' કરવા માટેનો સ્વનો પુરુષાર્થ..!

બંને વચ્ચે શું ફરક છે ?

''એક તો જે મારું નથી તેને છોડવું તે સમ્યક્ પરાક્રમ અને જે મારું નથી તેને પકડવું એ અસમ્યક્ પરાક્રમ..!''

મારો આત્મા જ્યારે મારો બની જશે ત્યારે કોઇનો નહીં બની શકે અને ત્યારે કોઇનો નહીં રહે..!! અને જ્યારે કોઇનો નહીં રહે ત્યારે પોતાનો બની જશે અને

જ્યારે પોતાનો બની જાય તેને 'મોક્ષ' માં જવું કહેવાય છે..! મારો આત્મા જ્યાં સુધી કોઇકનો છે... કોઇકનો થવા જાય છે... કોઇક માટે કંઇ પણ કરે છે, ત્યાં સુધી પોતાનો નથી... પોતાના માટે નથી અને ત્યાં સુધી પોતાના ગુણોને પ્રાપ્ત કરી શકતો નથી..! મારો આત્મા જ્યારે પોતાની તરફ વળે છે... પોતાનો બને છે... ત્યારે એ પરમાત્માને પામે છે... પરમાત્મા બને છે.

પણ ! બને છે એવું કે સામાયિકના ''કરેમિ ભંતે''ના પાઠ વખતે... આપણા આત્માને અંતરથી એટલો તો ખ્યાલ આવવો જ જોઇએ કે ''પચ્ચક્ખામિ'' બોલતી વખતે હું ''પચ્ચક્ખાણ'' કરું છું. ''પચ્ચક્ખાણ'' એટલે પરાક્રમ..!

''પરાક્રમ'' એટલે 'પર'થી 'પર' થવા માટેનું પરાક્રમ..!

પર કોણ છે ? ''સાવજ્જં..!''

સાવજ્જં જોગં પચ્ચક્ખામિ..!

'સાવજ્જં' એટલે હું મારા આત્માને મારનારી કોઇ પણ પ્રવૃત્તિ કરીશ નહીં..!

''ક્રોધ'' એ મારા આત્માના ક્ષમા ગુણને મારી નાખે છે...

''અહમ્'' એ મારા નમ્રતાના ગુણને મારી નાખે છે...

''કપટ'' એ મરા સરલતાના ગુણને મારી નાખે છે...

''લોભ'' એ મારા સંતોષ નામના આત્માના ગુણને મારી નાખે છે...

જે મારું બાળક છે એને હું જ મારી નાખુ છું..!

જે મારું પોતાનું છે એને હું જ મારી નાખુ છું..!

હું આજથી હે ભગવાન ! હું મારા જ બાળકને મારી નાખવાના પચ્ચક્ખાણ કરું છું..!

સામાયિક બાંધી છે ત્યારે એક કલાક પૂરતું હું જે મારું 'ક્ષમા' નામનું બાળક છે તેને મારી નાખીશ નહીં..! આત્મગુણોનો વધ કરનારા યોગોના હું પ્રત્યાખ્યાન કરું છું..!

જીવ મરે છે. એ જીવને ક્યારેય પાપ લાગતું જ નથી. પણ ''જીવને ન મારવો'' એવો જે ઉપયોગ રાખવો જોઇએ, તે આપણે મારીએ છીએ તેનું પાપ લાગે છે..!

સવર્જ્ઝં એટલે આત્મગુણોનો વધ કરનાર અને યોગ એટલે પ્રવૃત્તિ... જેમાં આત્મા જોડાય..!

મનઃવચન અને કાયા સાથે જ્યારે આત્મા જોડાય તેને ''યોગ'' કહેવાય..!

પહેલાં શ્રધ્ધા જાગે છે... પછી પ્રતીતિ જાગે છે... પછી રુચિ જાગે છે... રુચિ પછી સ્પર્શના જાગે છે અને સ્પર્શના પછી પાલના જાગે છે. પાલના પછી હું કરી શક્યો છું એવી અનુભૂતિ જાગે છે. એવી કીર્તના થાય છે, એવી આત્માને અનુભૂતિ થાય એટલે એ બહારમાં પ્રદર્શિત થાય એને ''સોહહિતા'' કહેવાય..!

''આરાહિતા'' એટલે આજ્ઞાની આરાધના કરીને !

ઘણાં જીવો આજ્ઞાની આરાધના કરીને બધાં દુઃખોનો નાશ કરી દે છે..! પરમાત્માની વાણી ઉપર શ્રધ્ધા કરીને જે એની પાલના કરે છે, બધાં દુઃખોથી પર થઇને પરમપદને પામી જાય છે...

જ્યારે ખબર પડી ગઇ કે સમ્યક્ પરાક્રમ ૭૩ જાતના છે અને ૭૩ દોરડા દ્વારા આપણે સંસારરૂપી કૂવામાંથી બહાર નીકળી શકીએ એમ છીએ એટલે તરત જ એમ થાય કે એ ૭૩ દોરાડાં કયા કયા હશે ?

હવે, જેને કૂવો કૂવો જ લાગે છે... એને જ દોરડું દોરડું લાગે છે... દોરડું જેને દોરડું છે એવું ફીલ થાય છે... એની ફીલીંગ્સ ચાલુ થઇ જાય છે.

જેને કૂવો કૂવો લાગતો નથી તેને દોરડું દોરડું લાગતું નથી... અને જેને દોરડું દોરડું લાગતું નથી, તેને દોરડું પકડવાના ભાવ થતાં નથી અને જે પકડી શકતો નથી એ પાર પામી શકતો નથી..!

પહેલી અનુભૂતિ એ જ કે, કૂવો કૂવો લાગવો જોઇએ..!

''જેને સંસાર, સંસાર લાગે છે એને જ મોક્ષ મોક્ષ લાગે છે અને જેને મોક્ષ, મોક્ષ લાગે છે એને જ સંસાર અસાર લાગે છે..!''

અગિયારમો બોલ

# પ્રતિક્રમણ

## પર થી પર એ જ પ્રતિક્રમણ

**पडिक्कमणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पडिक्कमणेणं वयच्छिदाइं पिहेइ, पिहियवयच्छिद्दे पुण जीणे णिरुद्धासवे असबल–चरित्ते अट्ठसु पवयण–मायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए विहरइ ।। ११ ।।**

જ્યારે આત્મા પરમાત્માનો થવા લાગે છે, પરમાત્માની પર્યુપાસના કરવા લાગે છે, જ્યારે આત્મા પરમાત્માના ચરણમાં માથું મૂકી દે છે ત્યારે પરમાત્મા તેના માથા પર હાથ મૂકે છે. પરમાત્માની આગમવાણી આકાર આપવા લાગે છે.

જ્યારે કુંભારના હાથમાં માટીનો પિંડ આવે છે, કુંભાર તેને આકાર આપવા લાગે છે, Extra Material નીકળવા લાગે છે.

આપણામાં રહેલું આપણા સિવાયનું બહાર કાઢવું તેનું નામ ''પ્રતિક્રમણ''.

સોનાની ખાણમાંથી સોનાને બહાર કાઢી કચરાને અલગ કરવો એનું નામ પ્રતિક્રમણ.

મારામાં રહેલી ભૂલો, મારામાં રહેલાં અવગુણો, મારામાં રહેલી ખામીઓ, મારામાં રહેલી ખોટને મારાથી જુદી પાડવી તેનું નામ પ્રતિક્રમણ..!

ગુરુ શું કરે છે ?

તમને તમારા બનાવે છે. તમે જેટલું તમારા સિવાયનું તમારું બનાવ્યું છે તેને જુદું પાડી દે છે.

તમને તમારા બનાવીને તમારી પાસે જે તમારું નથી તેને જુદુ પાડવું તે પ્રક્રિયાને પ્રતિક્રમણ કહેવાય છે. તમે જ્યારે પારકાને પોતાના બનાવો તેને અતિ કહેવાય અને તે પ્રક્રિયાને અતિક્રમણ કહેવાય.

અતિક્રમણમાં ગયેલા આત્માને Reverse gear માં પાછો લાવવો તેને પ્રતિક્રમણ કહેવાય.

આપણું આપણું થઇ જાય ને પારકું પારકું થઇ જાય તેનું નામ પ્રતિક્રમણ.

પારકું જ્યાં સુધી આપણું છે ત્યાં સુધી અતિક્રમણ છે અને પારકું જ્યારે પારકું થાય છે ત્યારે પ્રતિક્રમણ છે.

જ્યારે મારામાં રહેલું મને મળવા લાગે છે ત્યારે મારું નથી એ મારાથી છૂટવા લાગે છે.

સોનાના કણને જ્યારે એની કિંમત સમજાવા લાગે છે ત્યારે માટીના જોડાણ એને તુચ્છ લાગવા લાગે છે. અને જે તુચ્છ લાગવા લાગે એમાંથી એ પર થવા લાગે છે.

પરથી પર થવું, પરને પર કરવું તેનું નામ પ્રતિક્રમણ. પરને સ્વ બનાવવું તેનું નામ અતિક્રમણ. લિમિટની બહાર નીકળવું એ છે અતિ અને ક્રમણ.

તમે અહિંથી બહાર નીકળો અને તમારા ઘર તરફ જતાં હો અને ઘરમાં જતાં જતાં બાજુના ફ્લેટના નંબર ૧૦૨ કે ૧૦૩ કે ૧૦૪ ફ્લેટના દરવાજા ખુલ્લા હોય ને

તમે તે ફ્લેટમાં સીધા અંદર જઇને સીધા રસોડામાં જઇને પાણી પીવા લાગો. શું થાય ? પાડોશી સાથે સંબંધ સારા હોય તો કદાચ વાંધો નહીં પણ માનો કે પાડોશનાં ઘરમાં કોઇ ન હોય માત્ર શ્રીમતીજી એકલા હોય, કામ કરતા હોય ને તે અંદરના રૂમમાં હોય, એને ખબર પણ ન હોય ને માનો કે એનાથી દરવાજો ખુલ્લો રહી ગયો હોય ને તમે એના ઘરમાં ઘુસી ગયાં, રસોડામાં જઇને શાંતિથી ફ્રિજ ખોલ્યું ને પાણી ગટગટાવવા લાગ્યાં. એવામાં ઓચિંતા બહેન રૂમ ખોલીને બહાર આવે ને તમને જોવે ને તમે એને જુઓ તો શું થાય ?

એના મનમાં એમ પ્રશ્ન થશે કે તમે કેમ અહિંયા ? બરાબર ! એ સજ્જન વ્યક્તિ હશે તો તમને ખાલી એટલું પૂછશે કે ''તમે કેમ અહિંયા ?'' ને તમને પણ એમ થશે કે ''હું કેમ અહિંયા ?''

થાય કે નહીં ? વિચાર આવે કે નહીં ?

તમને આટલા વખતથી વ્યાખ્યાન અને વાંચણી સાંભળ્યા પછી ક્યારેય એવો વિચાર આવ્યો કે હું પારકા ઘરમાં રહ્યો છું..!

અમારી દ્રષ્ટિએ ''સિદ્ધલોક'' એ આપણું ઘર છે.

અમારી દ્રષ્ટિએ તમારો સંસાર એ પારકાનું ઘર છે. પારકાના ઘરમાં ઘૂસી ગયાં પછી મહેમાન તરીકે જઇએ તો વાંધો નથી પણ માલિકી કરીને રહેવા લાગીએ તો ? સીધા ફ્રિજ ખોલી નાંખીએ તો ?

જગતમાં જેટલાને માર પડે છે એ અતિક્રમણને કારણે હોય છે. એ બધો જ માર પારકાને પોતાના બનાવવાના કારણે પડે છે.

પોતાનું જ્યારે પોતાનું રહે ત્યારે જગતમાં કોઇ માર પડતો જ નથી. પોતાનું પોતાનું ન રહે ને પારકાનું પોતાનું બનાવવા જઇએ એટલે માર પડ્યા વગર રહે નહીં..! ધારો કે કોઇ પારકાના ઘરમાં ભૂલથી ઘૂસી ગયાં તો પાછા વળી જઇએ કે ન વળી જઇએ? પાછા વળીએ તો એને સજ્જનતા કહેવાય અને જો ત્યાં ને ત્યાં અડીંગો જમાવીને બેસી જઇએ તો ?

એમ સાધક જ્યારે પોતાના આત્મામાં વસતો હોય, પોતાના આત્માની

આરાધના કરતાં કરતાં ક્રોધના, અહમ્‌ના, લોભના, કપટના, રાગના, દ્વેષના ઘરમાં ઘૂસી જાય છે ત્યારે પરમાત્મા એને કહે છે કે, ''ભાઇ, તું પાછો આવ ! Reverse આવ !

સાંજ પડે તું જોઇ લે કે તું ક્યાં છો ?'' જો ખોટી જગ્યામાં આવી ગયો હો, ખોટા કાર્યમાં આવી ગયો હો તો તું પ્રતિક્રમણ કરી લે !

પોતાનું પોતાના ઘરમાં - પારકાના ઘરમાંથી આવી જવું, પોતાની ભૂલનો સ્વીકાર કરી લેવો તેનું નામ છે પ્રતિક્રમણ.

નાવને નદીના પાણી સાથે મિત્રતા થઇ ગઇ. એને પોતાનું લાગવા માંડ્યું.

જે બહુ નજીક રહે ને એ પોતાનું લાગવા લાગે !

નદીના પાણીને નાવે કહ્યું કે તું મારામાં આવતું રહે..

ને ! ''કેમ આવું ?''

''ઊભુ રહે તને કાણું પાડી દઉં છું.'' અને નાવે પોતાનામાં કાણું પાડ્યું. જેવું કાણું પાડ્યું એટલે નદીનું પાણી Full Force માં આવવા લાગ્યું. નાવ ધીમે ધીમે ડૂબવા લાગી. નાવે નદીને કહ્યું કે, ''હવે તું રહેવા દે, તું તો બહુ આવવા લાગી !''

નદી કહે કે, ''મને તો અહીં બહુ ગમે છે. હું અહીંયા જ રહીશ.''

''તું આવવું રહેવા દે, હું ડૂબવા લાગી છું.''

''તારું જે થવું હોય તે થાય, મને તો અહીં તારા ઘરમાં બહુ ગમે છે.''

''અરે ! પણ હું ડૂબવા લાગી છું.''

''તારે જે કરવું હોય તે કર. તારા કાણાં બંધ કરી દે ને !''

''પણ કાણાં કેમ બંધ કરું ? તારો ફોર્સ બહુ છે.'' બિચારી નાવ ડૂબી ગઇ.

પારકાને જ્યારે પોતાનામાં બોલાવવાનો, પોતાના કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણે ડૂબીએ છીએ.

પારકાની વચ્ચે રહીને પણ આપણને આપણું કામ કાઢતાં આવડવું જોઇએ, એને સ્વઅર્થ કહેવાય.

પારકાની વચ્ચે આપણે ભળી જઇએ અને એ એનું કામ આપણામાંથી કઢાવતાં જાય એને શું કહેવાય ? આપણી પાસે કોઇ કામ કઢાવી જાય ને આપણને ભાન ન પડે તેને શું કહેવાય ?

આ કર્મ અને કર્મનું જોર જ આપણી પાસે કામ કરાવી જાય છે. આપણામાં જ કાણાં પાડીને આપણી પાસે કામ કરાવી જાય છે અને આપણને કાંઇ ભાન પડતી નથી.

આ નાવની અંદર ભરાઇ ગયેલા પાણીને કાઢવા માટે પહેલાં નાવની અંદરનું કાણું બંધ કરવું ને પછી ભરાયેલા પાણીને બહાર ઉલેચવું તેનું નામ છે પ્રતિક્રમણ.

જ્યારે પ્રતિક્રમણ કરવામાં આવે છે ત્યારે શું થાય છે ? ત્યારે આત્મામાં પડેલા કાણાંઓને બંધ કરવામાં આવે છે. ડૂબતી નાવને બચાવવાનો એક જ ઉપાય હોય કે પહેલાં નાવના કાણાં બંધ કરો ને પછી ભરાયેલું પાણી બહાર કાઢો.

કાણાંને બંધ ન કરો ને પાણી ઉલેચ્યા જ કરો તો થાય શું ?

બે ગાંડા નાવમાં બેસીને જતાં હતાં. એકે જોયું કે નાવમાં કાણું પડી ગયું છે ને પાણી આવે છે. બીજા ગાંડાને કહ્યું કે, ''ભાઇ પાણી બહાર કાઢ.'' તો કહે ''કાંઇ વાંધો નહીં. બીજું કાણું પાડી દે. એક કાણાંમાંથી પાણી આવશે ને બીજામાંથી બહાર જતું રહેશે.''

પાણીને બહાર કાઢવું હોય તો એને ઉલેચવાનું કામ કરવાનું હોય. કાણું પાડવાનું ન હોય, કાણાંને બંધ કરવાનું હોય.

પણ મૂરખ ! શું કરશે !

બીજું કાણું પાડશે. આપણે પણ કંઇક આવું જ કરતાં આવ્યા છીએ !

પાપને ધોવા માટે પાપ ન કરવાનું હોય, પાપને ધોવા પ્રતિક્રમણ કરવાનું હોય.

ડૂબતી નાવનાં કાણાં બંધ કરવા એનું નામ છે પ્રતિક્રમણ.

આત્માને ડૂબતો બચાવવાની પ્રક્રિયાનું નામ છે પ્રતિક્રમણ.

નાવ જ્યારે પાણીની વચમાં છે ત્યારે પાણી આવવાની શક્યતાઓ છે પણ

પાણી અંદર ક્યારે આવી શકે ? જો કાણાં હોય તો ! કાણાંઓને બંધ કરવા તેનું નામ પ્રતિક્રમણ !

આ ભાવ અંતરમાં ઉતરે, આપણે આપણા ઘરમાં જઈએ, પારકાનાં ઘરમાં ઘૂસી ન જઈએ અને જો ઘૂસી ગયાં હોઈએ તો બહાર નીકળી જઈએ, એટલો બોધ જો આપણને મળી જાય તો જગતનો માર આપણે ક્યારેય ખાવો ન પડે !

જો માર ન ખાવો હોય તો મારું આપણે મારું બનાવીએ ને પારકું આપણે પારકું બનાવીએ.

આ ભાવ અંતરમાં ઉતરી જશે તો અવશ્ય શાંતિ રહેશે !

ટંકશાળ કોને કહેવાય ? જ્યાં ચોવીસ કલાક રૂપિયાની નોટ છપાયા જ રાખે ! એક કોરો કાગળિયો જેવો છપાઈને બહાર નીકળે એટલે કાં દસની નોટ, કાં સોની નોટ, કાં હજાર રૂપિયાની કિંમતનો થઈ જાય !

ટંકશાળમાં આવેલો કોરો કાગળ ટંકશાળમાંથી જ્યારે બહાર નીકળે છે... આવે છે ત્યારે કાગળ હોય છે અને બહાર નીકળે છે ત્યારે નોટ બની જાય છે !

કેમ ?

એક છાપ લાગી જાય ને કોરો કાગળ હજારની નોટ બની જાય ! એમ આપણે ઉપાશ્રયમાં આવીએ ને ઉપાશ્રયની બહાર નીકળીએ...!

આવ્યાં કોરા કાગળ જેવા ને બહાર નીકળીએ ત્યારે જો પરમાત્માની છાપ લાગી ગઈ હોય તો સમજી જવાનું કે આપણી એક એક પળની કિંમત હજારની નહીં, લાખની નહીં, કરોડની નહીં, અબજની નહીં, ખરવની નહીં, અસંખ્યની નહીં, અસંખ્યાતા નહીં... આ તો અનંત અનંત...ની થઈ ગઈ છે !

પરમાત્માની વાણીના એક એક શબ્દમાં અનંતા ગુણ ઉત્પન્ન કરાવી શકે તેવી તાકાત હોય છે.

પણ વાત એ છે કે છપાવવું હોય તો દબાવું પડે !

પછી એમ ન ચાલે કે આ બે રોલ છે ને એ તો ગોળ ગોળ ફરી રહ્યાં છે... એ મને દાબી દેશે ને એ તો મને કંઈક કરી નાંખશે... તો !! એ તો

સહન કર્યા વગર ન ચાલે.

અમે બે રોલ જેવા છીએ. સંતો રોલ જેવા હોય છે. પરમાત્માએ બીડું આપ્યું છે તમારા પર છાપ મારવાનું !

પણ શું થાય ?

છપાવું છે પણ દબાવું નથી..!

''જ્યાં સુધી વ્યક્તિ સમર્પિત ન થઇ જાય ત્યાં સુધી શબ્દ શબ્દ રહે છે ને સમર્પિત થયેલી વ્યક્તિ માટે શબ્દો શબ્દ નથી રહેતા એ સોનું બની જાય છે !''

વાત છે પ્રતિક્રમણની !

અતિક્રમણ હોય તો જ પ્રતિક્રમણ હોય !

ક્રીઝની બહાર નીકળે તે જ આઉટ થાય. ક્રીઝની બહાર નીકળ્યાની ખબર પડે એટલે તરત જ બેટ્સમેન ક્રીઝની અંદર આવી જાય..!

એમ તમે નક્કી કરેલી મર્યાદાઓનું જ્યારે ઉલ્લંઘન થાય છે ત્યારે એને અતિક્રમણ કહેવાય છે.

Limit ની બહાર નીકળવું તેને અતિક્રમણ કહેવાય છે અને અતિક્રમણથી પાછા ફરવું તેને પ્રતિક્રમણ કહેવાય છે.

જે અવશ્ય કરવાનું હોય છે તે આવશ્યક કહેવાય છે.

આવશ્યક એટલે પ્રતિક્રમણ.

જ્યારે સાધક આત્મા પોતે પોતાના ભાવોમાંથી વિભાવમાં જાય છે... પોતાના સ્વભાવ દશામાંથી વિભાવ દશામાં જાય છે, પોતે પોતાના ઘરમાં જતાં જતાં બાજુવાળાના ઘરમાં ઘૂસી જાય છે... પોતે પોતાની મિલકતને બદલે પારકાની મિલકતમાં પ્રવેશ કરી જાય છે, ત્યારે શું થાય છે ?

તો એને કહેવાય છે અતિક્રમણ !

એ અતિક્રમણ જે બીજાના ઘરમાં ઘૂસી ગયાં પછી ભાન થવું ને પાછા પગલાં કરવા તેને પરમાત્માએ પ્રતિક્રમણ કહ્યું છે.

પ્રતિક્રમણ કરવાથી શું થાય છે....?

પ્રતિક્રમણ કરવાથી નાવમાં પડેલાં કાણાંઓ, નાવમાં પડેલાં છિદ્રો પૂરાઇ જાય છે.

પાણી આવતું જ્યારે બંધ થઇ ગયું તો શું થઇ ગયું ?

તો નાવ કોરી થવા લાગી...!

નવું નવું પાણી આવતું બંધ થઇ ગયું... એના કારણે નાવ જે ડૂબતી હતી તે ડૂબવાની બંધ થઇ ગઇ..!

નાવ જેવી ડૂબવાની બંધ થઇ એટલે હળવી થવા લાગી... અને જેવી હળવી થઇ એટલે આગળ ગતિ કરવા લાગી..!

જેમ મા પોતાના બાળકને કેમ ચાલવું, કેમ ખાવું, કેમ પીવું એ બધું શીખવાડે છે તેમ અષ્ટ પ્રવચન માતા સાધકને જીવનશૈલી શીખવાડે છે.

મનને આમ વપરાય, વચનને આમ વપરાય ને કાયાને આમ વપરાય, આમ ચલાય, આમ બોલાય, આમ કોઇની પાસેથી કાંઇ લેવાય, આમ કોઇ પણ વસ્તુને મૂકાય !

આવા પ્રકારના નિયમોને માતા કહેવાય છે. તે જીવન જીવવાની કળા શીખવાડે.

સાધકને જે જીવન જીવવાની કળા શીખવાડે તે પ્રવચન માતા કહેવાય છે !

નાવ જ્યારે હળવી થઇ ત્યારે નાવે ગતિ કરી.

કઇ તરફ ?

કિનારા તરફ...!

એમ આત્મા જ્યારે હળવો થવા લાગે છે ત્યારે એ મોક્ષની તરફ આગળ વધવા લાગે છે.

પ્રતિક્રમણ જ્યારે પણ વ્યક્તિ કરે ત્યારે ધીમે ધીમે એ પ્રતિક્રમણ કરનારી વ્યક્તિ પરમાત્માની દિશા તરફ આગળ વધે છે !

આત્માથી પરમાત્માની દિશામાં જે આગળ વધારે તે પ્રતિક્રમણ...!

જેમ કોઇ પણ નાવ સીધા માર્ગે ન જાય, એમાં કાણાં પડવા લાગે ને ડૂબવા

લાગે... તો શું કહેવાય ?

જે એને પૂર્વ દિશા તરફ ગતિ કરવાની હતી તેની જગ્યાએ તે આધોદિશામાં ગતિ કરવા લાગી હતી.

નાવમાં જ્યારે પાણી ભરાઇ ગયું ત્યારે તેની દિશા કઇ થઇ ગઇ ?

તેનું મોઢું (પૂર્વ દિશા) તરફ હોય પણ ગઇ ક્યાં ?

જેવા નાવના કાણાં બંધ થઇ ગયાં, પાણી બહાર નીકળવા લાગ્યું ને કોરી થવા લાગી ને નાવ પાછી સીધી દિશામાં ગતિ કરતી થઇ.

અધોદિશામાં ગતિ કરતી નાવને સીધી દિશામાં ગતિ કરાવે તેને ‘‘સુપ્રણિધાન’’ કહેવાય છે.

‘સુપ્રણિધાન એટલે સાચા માર્ગમાં સ્થિર થવું...!’

નાવનું દરિયામાં જવું એ ખોટી દિશાનું પ્રવર્તન હતું. ખોટી દિશાની ગતિ હતી. એટલે સાચી દિશામાં ગતિ કરી શકતી ન હતી.

હળવી થયેલી નાવને જરાક હંકારો એટલે સાચી દિશામાં ગતિ કર્યા વગર રહેતી નથી.

નાવ સાચી દિશામાં ગતિ ક્યારે કરી શકે ?

જ્યારે પોતે પોતાનાં છિદ્રોને બંધ કરેલાં હોય... એકદમ હળવી ફૂલ થઇ ગયેલી હોય... નાવિક હલેસાં મારતો હોય અને સામે દીવાદાંડી હોય... બરોબર ?

ખાલી નાવને ખાલી કરી નાંખશો તો આમતેમ હલબલ થશે.

સાચી દિશા માટે સાચી દ્દષ્ટિ આપે, સાચું કિરણ આપે એવી દીવાદાંડીની પણ જરૂર હોય છે...

તમે સંવર લીધો, સામાયિક કરી લીધી, એમ ને એમ પૌષધ કરી લીધો, શું થયું? Round જ માર્યે રાખ્યા !

આગમમાં શબ્દ આવે છે કે જ્યાં સુધી વ્યક્તિ નિશ્રાનો સ્વીકાર કરતી નથી, વ્યક્તિ ગુરુની નિશ્રાનો સ્વીકાર કરતી નથી, સદ્ગુરુનો સ્વીકાર કરતી નથી, સદ્ગુરુની આજ્ઞારૂપી કિરણોનો સ્વીકાર કરતી નથી ત્યાં સુધી એનો આત્મા સંવર

કરી શકે છે, આશ્રવનો નિરોધ કરી શકે છે પરંતુ સંવેગ નથી કરી શકતી !

સંવર અને સંવેગમાં ફરક છે.

નાવના કાણાં બંધ કરી દેવા એ સંવર છે ને કિનારા તરફ સાચી ગતિ કરાવવી તે સંવેગ છે. સંવેગ વગરનો સંવર સાર્થક બની જ શકતો નથી.

આત્માનું પરમાત્મા પ્રત્યેનું આકર્ષણ, ગુરુઆજ્ઞા વગરની સાધના, સંવેગ વગરનો સંવર થઇ શકતો નથી.

નાવમાં કાણાં છે તે બંધ કરી દીધા છે તો નાવ ડૂબશે નહીં. પણ નાવ તરશે પણ નહીં, બરાબર ?

દીવાદાંડી વગર નાવને ગતિ નહીં મળે... કદાચ ગતિ મળશે તો પણ ઘડીકમાં આમ, ઘડીકમાં તેમ થયા કરશે...

તેમ ગુરુ વગરની વ્યક્તિ જ - દિશા વગરના માણસની જેમ ભટકતી હોય છે.

અને એક વાર જેણે દીવાદાંડી જોઇ લીધી, દીવાદાંડીના પ્રકાશને ઓળખી લીધો કે આ પ્રકાશ દીવાદાંડીનો છે તે મને દિશા આપી રહ્યો છે અને મારે એ દિશામાં જવાનું છે, બસ !

શું કિરણને પકડી શકાય ?

શું કિરણને સાચવી શકાય ?

શું કિરણને પેટીમાં પૂરી શકાય ?

શું કિરણનો હાથ પકડી શકાય ? કાંઇ ન કરી શકાય છતાં પણ કિરણને આધારે...

શું નાવ જ્યારે દરિયામાં હોય ત્યારે દીવાદાંડી એને મળતી હોય ?

કેમ ન મળતી હોય ?

કાંઈ દીવાદાંડીની પાસે ને પાસે નાવ રહે તેવું બની શકે ?

ના !

એવું ન બની શકે !

નાવ દરિયામાં હોય, દીવાદાંડી કિનારે હોય છે... આપણે સંસારમાં હોઈએ છીએ ને ગુરુ કિનારે હોય છે.

જ્યારે આત્મા પ્રતિક્રમણ કરવા લાગે છે ત્યારે અંદરના દોષ અને મેલ ધોવાઈ જાય છે. ત્યારે આત્મા પરમાત્માની દિશામાં આગળ વધે ને સાધકદશાની અંદર સ્થિર થઈ જાય છે. ત્યારે હાલકડોલક થતો બંધ થઈ જાય છે અને સ્થિર થઈ જાય છે.

સ્થિરતા કેમ આવે ?

જ્યાં સુધી વૃક્ષનાં મૂળમાં સડો હોય છે ત્યાં સુધી વૃક્ષ હાલકડોલક થતું રહે છે.

કેમ ? તો એ સડાવાળું મૂળ પક્કડ લાવતું નથી. એટલે માટીની સાથે એનો મેળ પડતો નથી. એટલે પવનનાં સપાટા એને આમથી તેમ કરી નાખે છે.

પણ જ્યારે મૂળ મજબૂત છે, મૂળ શુદ્ધ રહેલાં છે તો એ ધીમે ધીમે ઊંડા જશે ત્યારે ગમે તેવા વાવાઝોડા આવશે કે ગમે તેવા પવનનાં સપાટા આવશે પણ એને કોઈ ઉખેડી શકશે નહીં.

એમ 'પ્રતિક્રમણ' શું કરશે ?

પ્રતિક્રમણ મારું મૂળથી શુદ્ધિકરણ કરશે. મારા મનનું શુદ્ધિકરણ કરશે, મારા વચનનું શુદ્ધિકરણ કરશે, મારી કાયાનું શુદ્ધિકરણ કરશે !

બોલો ! પ્રતિક્રમણથી ત્રણે ત્રણ શુદ્ધિકરણ કેવી રીતે
થાય ? મનનું, વચનનું અને કાયાનું ?

સ્થિર થવું એ કાયાનું શુદ્ધિકરણ છે. પછી મૌન લેવું એ વચનનું શુદ્ધિકરણ છે. પરમાત્માની વાણીમાં ધ્યાન રાખવું એ મનનું શુદ્ધિકરણ છે.

પ્રતિક્રમણથી શું પ્રાપ્ત થયું ?

મારા છિદ્રો પુરાઈ ગયાં. મારી નાવમાં ધીમે ધીમે પાણી ભરાતું બંધ થયું. નાવમાંથી પાણી ઉલેચવાનું શરૂ કર્યું. નાવ ડૂબતી હતી તે હવે ધીમે ધીમે ઉપર આવી. ઉપર આવી એટલે એને સાચી દૃષ્ટિ મળી. સાચી દૃષ્ટિ મળી એટલે સાચી ગતિ મળી.

ધીમે ધીમે આગળ વધતાં વધતાં જે નાવ ડૂબતી હતી તે કિનારે પહોંચી ગઈ !

સંસારમાં ડૂબતા આત્માને જે મોક્ષના કિનારે પહોંચાડે છે તેને પ્રતિક્રમણ કહેવાય છે... પ્રતિક્રમણની સાદી વ્યાખ્યા શું...? પ્રતિક્રમણના અર્થને નહીં ભાવાર્થને નહીં પરમાર્થને નહીં માત્ર શબ્દની વ્યાખ્યા જોઈએ છે !

પ્રતિના બે અર્થ થાય છે.

પ્રતિ એટલે પાછું. ક્રમણ એટલે ગતિ.

પરમાત્મા તરફ જવું તેનું નામ પ્રતિક્રમણ.

સીધી સાદી વાત છે. પરમાત્મા તરફ જાય એટલે સંસારથી દૂર થાય બરાબર ?

નાવ જો પોતાનાં છિદ્રોને પૂરી દે, એટલા માત્રથી એનો ઉધ્ધાર થતો નથી. એ છિદ્રોને પૂરે છે માત્ર એક હેતુથી કે એને કિનારે પહોંચવું છે. બરાબર !

પરમાત્મા તરફ જવા સંસારથી પાછું વળવું તેનું નામ પ્રતિક્રમણ.

પ્રતિક્રમણ થાય એટલે અતિક્રમણ બંધ થવાનું જ છે અને સંસારની નાવ જે ડૂબતી હતી તે તરવાની જ છે એટલે કિનારે પહોંચવાની જ છે.

કિનારે પહોંચવા માટે નાવને ડૂબતી અટકાવવી તેનું નામ પ્રતિક્રમણ !

પરમાત્મા તરફની ગતિ તેનું નામ પ્રતિક્રમણ !

પરમાત્મા તરફની ગતિ થાય એટલે સંસારમાંથી ધીમે ધીમે પાછું ફરવાનું થવાનું જ છે. ભગવાનની નજીક જવું એટલે સંસારથી દૂર થવું.

હવે તમને કોઈ એમ કહે કે પ્રતિક્રમણ એટલે શું ?

પરમાત્માની તરફ જવું એટલે પ્રતિક્રમણ.

આપણે એમ કહેવું કે પાપથી પાછા ફરવું એ પ્રતિક્રમણ. આપણે એમ કહેવું કે ભગવાનની નજીક જાઉં છું. આપણને જ્યારે એમ લાગે કે આનાથી દૂર જાઉં છું ત્યારે Negative ભાવ આવે.

પણ નજીક જાઉં ત્યારે ? ભગવાનની નજીક જવા માટેનો પ્રયત્ન એ મારું પ્રતિક્રમણ છે.

પ્રતિ એટલે તરફ, ક્રમણ એટલે ગતિ. મારે પરમાત્માની તરફ જવું છે. નાવને કિનારે પહોંચવું છે એટલે જ નાવના કાણાંને બંધ કરવા છે. નાવના કાણાંને બંધ કરીને જો કિનારે ન પહોંચવું હોય તો કાણાં બંધ કરો કે ન કરો, ફેર શું પડે છે ? બરોબર !

સંસારથી તમે અટકો કે ન અટકો ફેર શું પડે છે ? જો ભગવાનની તરફ ન જતાં હો તો !

ભગવાનની તરફ જવા માટે સંસારથી અટકવું તેનું નામ જ પ્રતિક્રમણ છે.

પાપથી વિરમવું એ પ્રતિક્રમણ છે જ, પણ પરમાત્માની સમીપો જવા માટે પાપથી વિરમવું એ પણ પ્રતિક્રમણ છે.

ઉપવાસ શું કામ કરવો છે ? તો આહાર નથી ખાવો તે બરોબર છે પણ Time Pass કરવા માટે પાછું ટીવી જોવા લાગ્યા તો ? તો શું થયું ?

તો તમે એક કામ કર્યું કે નાવનાં કાણાં બંધ કરી દીધાં, પણ નાવ ત્યાં ને ત્યાં જ ફર્યા કરે છે કેમ ?

તો નાવના કાણાં બંધ થયાં એટલે નાવ તરવા તો લાગી પણ એને કોઈ દિશા મળી નહીં.

માજીએ અઠ્ઠમ કર્યો ને પારણાને આગલે દિવસે સાંજે ઘરે પહોંચ્યા ત્યારે ખબર પડી કે દીકરાના દીકરાની બર્થ –ડે પાર્ટી હતી ને પાઉં–ભાજી બનાવી હતી. રસોડામાં જઈને જોઈ લીધું કે પાંવ તો ખલાસ થઈ ગયા છે પણ ભાજી વધી છે ને વધેલી ભાજી ફ્રીઝમાં પડી છે.

તપેલું ખોલીને જોયું કે હં..! કાલે પારણામાં ભાજી ખાવી છે.

અઠ્ઠમ છે, ત્રીજો ઉપવાસ છે, પ્રતિક્રમણ કરીને ઘરે આવ્યા છે...!

થોડીવાર થઈને કોઈ ભિખારણ ‘‘એ મા, ભૂખ લાગી છે...! કંઈક ખાવાનું આપો...’’ કરતી નીકળી.

તરત માજીના કાન ચમક્યા કે વહુ કદાચ ઉભી થઈને ફ્રીઝમાંની પેલી ભાજી આપી ન દે ! અને આવીને બરાબર ત્યાં બેસી ગયાં કે વહુ શું કરે છે તે ખબર પડે.

વહુ ભાવુક હતી. તેણે ભિખારણનો અવાજ સાંભળીને તરત ફ્રીઝ ખોલીને ભાજી બહાર કાઢી. હવે માજી બેઠાં રહે કે ઊભા થાય ?

માજી સીધા રસોડામાં ગયાં અને કહે, બેટા, બીજું કંઈક ભિખારણને આપી દેજે, આ ભાજી મારે કાલે પારણામાં વાપરવી છે.

હવે શું થાય ?

ત્રણ ત્રણ દિવસની આરાધના કરી છે, ત્રણ દિવસ ભૂખ્યા રહ્યા છે, પ્રતિક્રમણ કરીને આવ્યાં છે !!

હું એ કહેવા માંગુ છું કે આપણે આપણી સાધના જો સાચા રસ્તા પર નહીં લાવીએ તો વર્ષો પછી પણ ઘાણીના બળદની જેમ Milestone વગરની આપણી ગતિ રહેશે.

અને થયું એવું કે વહુએ કહ્યું કે કાલે સવારે હું તમને બીજી ભાજી બનાવી દઈશ.

જેવો ''નવી બનાવી દઈશ'' એવો શબ્દ આવ્યો ને ! એટલે અત્યાર સુધી તો બેઠા બેઠા જરા કુણાશ હતી, પણ હવે ? આજ સુધી ક્યારેય પારણામાં ભાજી બનાવી દીધી છે ?

પેલી ભિખારણે પાછી ભૂખ લાગી છે એમ બૂમ પાડી એટલે વહુ દેવા તૈયાર થઈ ગઈ.

જેવી આગળ વધી એટલે માજી શું કરે ?

વહુના હાથમાંથી તપેલું માજીએ પકડ્યું. વહુને કંઈ અઠ્ઠમ નહોતો. જોર કોનું વધારે હોય ?

જેવું એમણે તપેલું પકડયું પણ વહુ કહે મારે તો દેવું જ છે. તમને કાલે નવી બનાવી દઈશ. માજી તરત જ કહે ના, મેં કહ્યું ને કે મારે ખાવી છે, તું તો મારું માનતી જ નથી.

માજીએ સમજવાનું હોય પણ માજી કોઈ દિવસ સમજે જ નહીં !

માજી જો રાજી રહે તો બીજું કાંઈ જોઈએ જ નહીં, પણ માજી ભાજીથી જ

રાજી રહે એવા હતાં.

તપેલાંની ખેંચતાણ થાય ત્યારે શું થાય ?

ન ઈસકા ભી રહા, ન ઉસકા ભી રહા, ઔર ન કિસીકા રહા.

બીજે દીવસે પારણામાં મગ મળવાના હતા એ પણ ન મળ્યા !

મારો કહેવાનો આશય એ છે કે નાવના ખોરાક રૂપી કાણાં તો બંધ કર્યા પણ નાવ તો ત્યાંને ત્યાં જ આંટા મારે છે કેમ ?

માત્ર કાણાં બંધ કરવા તે જ સાધના નથી. સાથે સાથે દીવાદાંડી તરફ નજર રાખીને કિનારે પહોંચવાનો પ્રયત્ન કરવો તે સાધના છે.

એમ પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું એટલું જ નહિ, ખોરાક છોડી દેવો એટલી જ સાધના નથી. આત્માની તરફ જવું એ જ સાચું પ્રતિક્રમણ છે.

હું પ્રતિક્રમણ કરું છું ! ચિંતવના કરવા માટે ! મારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં હું ક્યાં આગળ વધ્યો અને હું ક્યાં પાછળ પડયો ? ક્યાં ક્યાં હું પાછળ રહી ગયો ને ક્યાં ક્યાં હું આગળ વધ્યો ? મારાથી ક્યાં આગળ વધાણું ને ક્યાં પાછળ રહી જવાયું એ ચિંતવવા માટે ! આપણો માત્ર Negative ચિંતવશું કે આમ હોય તો ''મિચ્છામિ દુક્કડમ્'', તેમ થયું હોય તો 'મિચ્છામિ દુક્કડમ્ ' એમ નહીં !

આજે હું આટલો આગળ વધ્યો છું, આજે થોડીક આરાધના કરી શક્યો છું, આજે પાંચ જણાએ મને કડવા શબ્દો કહ્યાં પણ મેં શાંતિ રાખી છે.

આત્માને Positive ભાવ આપતાં આપતાં એનું નેગેટીવપણું કાઢવું તેનું નામ પ્રતિક્રમણ છે. આપણે તો ''મિચ્છામિ દુક્કડમ્''..... ફટ ફટ બોલી જઈએ...

દિવસમાં હું કેવા કેવા શબ્દો બોલ્યો છું ? કેવું કેવું મેં વર્તન કર્યું છે ? કેવા કેવા મેં વ્યવહારો કર્યા છે ? કોની કોની સાથે મેં અવિનય કર્યો છે ? કોની કોની મેં અશાતના કરી છે ? આ જ ચિંતવવું એ જ સાચું પ્રતિક્રમણ છે !

અને જો પ્રતિક્રમણ કરીને પરમાત્મા તરફ ન ગયાં હોઈએ તો આપણે પ્રતિક્રમણની એ સાધના મળ્યા છતાં પણ આપણે એનો ઉપયોગ ન કરી શક્યા.

ગુરુએ જ્યારે પારસમણિ આપ્યો કે આ લે, આ લઈ જા. સુખી ને ન્યાલ થઈ

જા. લોંખડની ડબ્બીમાં મૂકેલો પારસમણિ આપ્યો છતાં પણ પેલો તો વિચાર કરતો જ રહી ગયો કે આ ડબ્બીને સોનાની ન બનાવી શક્યો એ બીજું કાંઈ સોનાનું બનાવી શકશે નહીં. એ (ડબ્બી) પડી છે તો પડી છે, શું કર્યું ? કાંઈ નહીં. મૂકી દીધી, કેમ? લાવ અહીંયા... ડબ્બી ખોલી... રેપર કાઢ્યું, પારસમણિ ડબ્બીને અડાડ્યું ને ડબ્બી આખી સોનાની થઈ ગઈ.

જે પારસમણિ સ્પર્શ માત્રથી લોખંડને સોનું બનાવી શકતી હતી, એ જ પારસમણિનો વર્ષો થવા છતાં કંઈ ઉપયોગ ન થઈ શક્યો.

પ્રતિક્રમણ રૂપી પારસમણિ આપણા આત્માના પ્રદેશે પ્રદેશને પરમાત્માની વાણીથી સોના જેવા બનાવી શકવાને સમર્થ છે. પણ કોને ખબર કે આપણું રેપર તૂટતું જ નથી !

જોવું હોય... જાણવું હોય, તો એક એક દૃષ્ટિને, એક એક શબ્દને એક એક ભાવને આપણે જાણી શકીએ અને માણી શકીએ એમ છીએ.

પ્રતિક્રમણ એટલે શું ?

સંસારના મેળામાં ખોવાઈ ગયાં પછી મેળાના ફુગ્ગાનો મોહ મૂકીને માને યાદ કરવી એનું નામ પ્રતિક્રમણ... સંસારના મેળાને જોઈને માની આંગળી છોડાવીને જે બાળક મેળામાં જતો રહ્યો હોય, ફુગ્ગાના મોહમાં પડી ગયો હોય, ધીમે ધીમે એને ભૂખ લાગે ને માની યાદ આવે ને 'મા' ના નામનો જે પોકાર પાડે ને તેનું નામ પ્રતિક્રમણ.

મા યાદ આવશે, હવે મેળો એને ગમશે નહીં.

મા યાદ આવશે, મેળો હવે એને રૂચશે નહીં.

મા યાદ આવશે, ફુગ્ગો હવે એને કાંઇ નહીં કરી શકે.

ફુગ્ગો ન ગમવો, ફુગ્ગા ખરાબ થયા એ વાત સાચી, પણ મા યાદ આવે તો ? મેળો ખોટો છે એ વાત સાચી, પણ મા યાદ ન આવે તો ?

મેળો છોડવો છે, ને મેળો છોડીને મારે માની જ આંગળી પકડવી છે.

જો માની આંગળી ન પકડું ને કોઈ બીજાની આંગળી પકડી લઉં તો મેળો

પણ સરખો અને કોઈ બીજાની આંગળી પણ સરખી !

હે પરમાત્મા ! આ સંસારમાના આખા દિવસના પાપરૂપી કરેલાં મેળાને મારે છોડવો છે ! મારે તારી આંગળી પકડવી છે ! માટે હું ''ઈચ્છામિણં ભંતે'' બોલું છું.

જેમ બાળક મેળાની વચ્ચે મા-માનો પોકાર પાડે, ચીસ પાડે, તેમ હું જ્યારે ''ઈચ્છામિણં ભંતે'' બોલું ત્યારે મને એવું Feel થવું જોઈએ !

એટલે જ્યારે જ્યારે હું ''ભંતે'' શબ્દ બોલ્યો છું ત્યારે શું એવું Feel થયું છે કે મેળામાં માને યાદ કરું છું !

જ્યારે જ્યારે ''ઈચ્છામિણં ભંતે'' બોલ્યો છું ત્યારે શું એવું Feel થયું છે કે મેળાની વચ્ચે છું, ફુગ્ગાની વચ્ચે છું, રમતની વચ્ચે છું અને મને મારી મા યાદ આવી છે !

સો પ્રતિક્રમણમાંથી જો એક પ્રતિક્રમણમાં પણ માની યાદ આવી ગઈ ''ભંતે'' શબ્દના ઉચ્ચારણ વખતે તમારા અંતરમાંથી ભાવ પેદા થઈ ગયો તો ત્યાં જ સમ્યક્દર્શનની પ્રાપ્તિ !

ત્યાં ને ત્યાં જ એ શબ્દો બોલતાં ભાવ ભળી ગયા !

પરમાત્માના શબ્દો જ્યારે સંવેદન કરાવે છે ત્યારે સમ્યક્દર્શન કરવું નથી પડતું, થઈ જાય છે.

પરમાત્મા શબ્દો જ્યાં સુધી શબ્દો રહે છે ત્યાં સુધી આપણે માર્ગાનુસારી છીએ.

પરમાત્માના શબ્દો જ્યારે સંવેદન કરાવે છે ત્યારે સમ્યક્દર્શનીય છીએ ને પરમાત્માના શબ્દો જ્યારે સાર્થક થવા લાગે છે ત્યારે આપણે સાધક બની ગયા છીએ.

યાદ રાખવું જ ન પડે. બાળક જ્યારે મેળાની વચ્ચે હોય, ભલે એની માને ભૂલી ગયો હોય, પણ એને ભૂખ લાગે ત્યારે 'માં' શબ્દ એને ગોખવો ન પડે. મ ને કાનો મા ને માથે મીંડુ મૂકો 'માં' એવું કરો, એવું એને શોધવું ન પડે.

સંવેદન હોય એને સ્મૃતિમાં જ હોય. સંવેદન ન હોય તે ગમે તેટલું સાંભળે તો ય સ્મૃતિમાંથી વિસ્મૃતિ થઈ જતું હોય.

આપણી ખોટ એ જ છે કે આપણી પાસે શબ્દો પારાવાર છે પણ સંવેદન ?

એક વખતનું એક નાનકડું સંવેદન, બાળક જ્યારે ‘ માં ’ શબ્દને અનુભવી લે પછી શું ? એને ‘‘માં’’વારંવાર ગોખાવવું પડે ? શું એને ‘ માં ’ વારંવાર શીખવાડવું પડે ?

એકડો સો વાર ઘુંટાવવો પડે, પણ બાળક એક વખતમાં જ ‘માં’ શબ્દ શીખી જાય.

શું એને બીજીવાર ‘ માં ’ શીખવાડવું પડશે ?

ના, કેમ નહીં શીખવાડવું પડે ?

અંકિત હોય છે તે અવિસ્મરણીય હોય છે.

પણ જેને લખવું પડતું હોય, જેને ગોખવું પડતું હોય, તેણે સમજવાનું કે હજી અવિસ્મરણીય બનવાવાળું થયું નથી.

સંસારના મેળા વચ્ચે જેવી એને ભૂખ લાગે કે ‘ માં ’ શબ્દ એને શીખવાડવો ન પડે, ‘માં’ શબ્દ ગોખાવવો ન પડે.

અત્યારે ‘માં’ ન બોલવાનું એવું આવી જ ન શકે. એના મુખમાંથી શબ્દો સરી જ પડે !

‘‘ઈચ્છામિણં ભંતે’’ બોલતી વખતે એવું થતું નથી એટલે ભગવાને બે ટાઈમનું પ્રતિક્રમણ બતાવ્યું છે.

જ્યારે સાચા સાધક માટે તો પળેપળ પ્રતિક્રમણ હોય છે. જેવી ભૂલ થઈ એ જ સમયે પ્રતિક્રમણ.

મારી અહીંયા ભૂલ થઈ ગઈ છે તો ‘‘ મિચ્છામિ દુક્કડમ્ ’’

બસ, આ ભાવને અંતરમાં ઉતારવાના ને માત્ર એક જ શબ્દનો અર્થ આપણને આવડી જવો જોઈએ.

પ્રતિ એટલે તરફ, ક્રમણ એટલે ગતિ.

પરમાત્માની તરફ ગતિ એ જ મારા આત્માની પ્રગતિ.

પરમાત્માની તરફ મારા આત્માની ગતિ એ જ મારા આત્માની અને પરમાત્માથી જેટલી દૂરી એટલી મારી કમજોરી.

કમજોરી કહો તો કમજોરી, મજબૂરી કહો તો મજબૂરી ને આગળ વધીને પતન કહો તો પતન !

પરમાત્માની તરફ આત્માની ગતિ એ જ મારી પ્રગતિ, એ જ મારું પ્રતિક્રમણ. બાકી બધી અધોગતિ.

આ ભાવ અંતરમાં ઉતરી જાય ને પ્રતિક્રમણના એક શબ્દના ઉચ્ચારણ વખતે મેળામાં રહેલાં બાળકને ‘ માં ’ યાદ આવે ને જે સંવેદન હોય એવું સંવેદન થઈ જાય તો ભવ સાર્થક થયા વિના રહેશે નહીં. !

વ્યક્તિ પાપ ન કરે, એટલા માત્રથી એનો મોક્ષ નથી થતો. પાપ ન કરે, સાથે સાથે પાપ ન થાય એવી પ્રવૃતિ અને પાપ ન થઈ શકે એવા પ્રકારના ભાવ ઉત્પન્ન કરવા પડશે !

પરમાત્માની નજીક જવાથી શું થશે ?

પરમાત્માની નજીક જવાથી અંદરમાં રહેલી પાપવૃત્તિ જ નષ્ટ થઈ જશે.

પાપની વૃતિ છૂટે કેમ ?

પરમાત્માના સાનિધ્યમાં, દેવગુરુના સાનિધ્યમાં રહેવાથી પાપની વૃતિ જન્મે જ નહીં !

વૃતિ જ ન જન્મે તો પ્રવૃતિ થાય જ ક્યાંથી ?

જો અંદરમાંથી જ ક્રોધ ન જન્મે તો બહાર ક્રોધ આવે જ ક્યાંથી ?

આપણું અંતર જ જો શાંત હશે. તો સામેવાળા ગમે તેવું કરતાં હશે તો પણ આપણે શાંત જ રહીશું ! પણ જો આપણાં અંતરમાં ઉકળાટ હશે, તો સામેવાળો જરાક પણ બોલશે તો આપણે ગુસ્સે થઈ જઈશું !

અહીંથી સામાયિક પ્રતિક્રમણ કરીને ઘરે ગયાં હો, ઘરે કામવાળીને સૂચના આપીને આવ્યા હો, અને તે મુજબ કામ ન થયું હોય તો શું થાય ? કામવાળીનું શું થાય ?

રસ્તામાં પણ વાત તો એ જ કરતાં હતાં કે, પ્રતિક્રમણ આમ કરાય... ગુસ્સો ન કરાય... વાંચણીમાં સરસ સમજાવ્યું... બધું જ !

પણ ઘરે પહોંચતાં જ જો જરાક અસ્તવ્યસ્ત જોયું કે તરત જ બધી જ વાંચણી

ભૂલાઈ જાય !

આ શું થયું ?

તો આપણે બે કલાક માટે પાપ છોડ્યું હતું, પણ ભગવાનની નજીક નહતા ગયા !

જો તમે પરમાત્માની નજીક જવા માટે Positive થયા હોત, તો તમારામાં Negative ભાવ આવી જ ન શકે !

પરમાત્માનો ધર્મ એ 'નીરસ' ધર્મ નથી. પરમાત્માનો ધર્મ તો 'સ-રસ' છે !

પણ આપણે એને વાસ્તવિકતામાં 'ની-રસ' બનાવી દીધો છે. બાકી આપણાં ધર્મમાં ક્યાંય નિરસતા તો છે જ નહીં !

જે વ્યક્તિ પરમાત્માની ભક્તિ... પરમાત્માની પ્રાર્થના કરતો હોય... પરમાત્માની વાણીનું શ્રવણ કરતો હોય... પરમાત્માની ક્ષણે ક્ષણે અનુભૂતિ કરતો હોય... એ તો પ્રસન્ન પ્રસન્ન જ હોય !

આપણે મડદાં નથી બનવાનું, આપણે જીવંત બનવાનું છે ! સંસાર માટે ભલે મરવાનું છે, પણ પરમાત્મા માટે તો જીવંત જ બનવાનું છે !

જ્યારે ધર્મસ્થાનક... પરમાત્માએ બતાવેલી પ્રક્રિયા કરતાં કરતાં જો તમે Moodless રહેતાં હો તો, સમજવાનું કે તમે ધર્મને પામ્યાં જ નથી !

ધર્મ તો વ્યક્તિના અંતરને પ્રસન્ન કરી દે અને જેનું અંતર પ્રસન્ન હોય તેનો ચહેરો પણ પ્રસન્નતાથી ખીલેલો હોય !

પાપથી પાછા ફરીને પરમાત્માની તરફ જવું તેનું નામ છે પ્રતિક્રમણ !

તળેટી જેમ જેમ છૂટતી ગઈ... પગથિયાં જેમ જેમ ચઢતાં ગયાં... તેમ તેમ શિખર તરફ આગળ વધતા ગયાં !

તળેટી ત્યારે જ દૂર થાય, જ્યારે શિખર તરફ આગળ વધીએ ! અને જેવા શિખર તરફ આગળ વધીએ, તળેટી સહજતાથી દૂર થવાની !

ધર્મસાધના કરતાં પહેલાં એકવાર ભગવાનના થઈ જઈએ અથવા

ભગવાનના થવું છે, એવા ભાવ પણ કરીએ તો આ બધાં જ વિચારો અને આવા વિચારોને કારણે થતી Acidity, Blood Pressure, Heart-attack, Ulser, Diabetes જેવાં અનેક રોગોમાંથી બચી શકીએ !

એકવાર તમે ભગવાનના થાવ. રોગ તમારા શરીરમાં પ્રવેશી જ ન શકે અને પ્રવેશે તો ટકી ન શકે !

પણ ખોટ માત્ર એટલી જ છે કે, આપણે અંતરથી ભગવાનનાં થતાં નથી !

હે પરમાત્મા ! આ ભવની અંદર તું મને એટલું આપી દે, કે અનંતભવોમાં જે હું બધાંનો થવાનો પ્રયત્ન કરતો રહ્યો અને કોઈનો બની ન શક્યો, હવે આ ભવમાં મારે માત્ર તારું જ થવું છે !

ભવોભવને માટે મેં દેવ, ગુરુ કે ધર્મને મારા બનાવ્યાં નહીં, અને જગતના લોકોને હું મારા બનાવતો ગયો અને એ બનાવવામાં ને બનાવવામાં જ મારાથી પાપ થયું. હું પ્રતિક્રમણ કરતો રહ્યો... પણ આટલાં બધાં પ્રતિક્રમણનું કોઈ વળતર મળ્યું નહીં.

કેમ કે, મેં ક્યારેય પરમાત્માને મારા બનાવ્યા નહીં.

માત્ર ટાંકીનું પાણી બદલવાથી વાસ જાય નહીં. મરેલી ગરોળી બહાર કાઢયા પછી વાસ રહી શકે નહીં !

અંતરમાંથી મરેલી ગરોળી કાઢી નાખો. અંતરનું શુદ્ધિકરણ થઈ જશે...!

બધાંનાં થવા ગયાં... કોઈનાં થયા નહીં અને દુઃખી દુઃખી થઈ ગયાં ! જેવા દુઃખી થયા એટલે અંતરમાં વિચારોનો ઉકળાટ શરૂ થઈ ગયો. અને જ્યાં સુધી ઉકળાટ નહીં નીકળે... પ્રતિક્રમણ લાખ કરો વળતર કાંઈ નહીં મળે !

''કર્મના ઉદયને કારણે જે રોગ થાય તે તનના હોય છે પણ વિચાર અને કષાયોનાં કારણે જે રોગ થાય છે, તે મનના હોય છે !'' આ જ કારણે અત્યારે ૯૦ થી ૯૫ ટકા લોકોને તનના રોગ ઓછા હોય છે અને મનના જ રોગ વધુ હોય છે !

વિચારો બંધ.....DIABITES CONTROL માં !

વિચારો બંધ.....ACIDITY CONTROL માં !

વિચારો બંધ...BLOOD PRESSURE CONTROL માં !

અત્યારે ૮૦ ટકા લોકોને ગોઠણનો અને પગનો દુઃખાવો થાય છે... આ દુઃખાવો શાને કારણે થાય છે ? ખોરાકનું પાચન બરાબર ન થવાથી... અને ખોરાકનું પાચન બરાબર ન થવાનું કારણ આપણે આખો દિવસ કરીએ છીએ વિચારો... વિચારો કરવાથી બ્લડ વિચારોમાં જ વપરાઈ જાય છે અને પાચન માટે પૂરતું રહેતું નથી !

વિચારો કરી કરીને આપણે જાતે જ આપણી જાતને તનનાં રોગી અને મનનાં રોગી બનાવીએ છીએ ! અને પછી ફરિયાદો કરીએ કે આટલી સામાયિક, આટલા પ્રતિક્રમણ અને રોજની માળા ફેરવવા પછી પણ ચેન મળતું નથી !

‘‘ચિત્તની શાંતિને ચેન કહેવાય છે, અને ચિત્તની અશાંતિને ચિંતા કહેવાય છે !’’

બારમો બોલ

# કાઉસગ્ગ

## સુયોગ્ય વિધિથી સહજ સિદ્ધિ

काउस्सगेणं भंते ! जीवे किं जणयइ ?

काउस्सगेणं तीयपडुप्पण्णं पायच्छितं विसोहेइ, विसुद्धपायच्छिते य जीदे णिव्वुयहियए ओहरियभहव्व भारवहे पसत्थज्झाणोवगए सुहं सुहेणण विहरई ।।१२।।

મનની શાંતિ માટે પરમાત્માએ આપણને એક ખૂબ જ સુંદર અને ઉત્તમ શબ્દ બતાવ્યો છે !

'કાર્યોત્સર્ગ' કરવાથી હે પરમાત્મા ! શું પ્રાપ્તિ થાય છે ? કાર્યોત્સર્ગ કરવાથી સુખ અને શાંતિપૂર્વક જીવન પસાર થાય છે. 'કાઉસગ્ગ' કરવાથી સારા વિચારો આવે છે. કાઉસગ્ગ કરવાથી ભૂતકાળના સમયની અંદર ક્રોધ, અહંમ, કપટ કે લોભને કારણે મન જેટલું અશાંત થઈ ગયું હોય... તન જેટલું અશાંત થઈ ગયું

હોય... વાણી જેટલી અશાંત થઈ ગઈ હોય અને તેના કારણે જે પાપ લાગ્યાં હોય તેનું શુદ્ધિકરણ થઈ જાય છે. પરમાત્માએ કાઉસગ્ગની એટલી મહત્તા બતાવી કે, વ્યક્તિ જેમ જેમ કાઉસગ્ગ કરે, તેમ તેમ વિચારોની શુધ્ધિ થતી જાય..!

આપણે જે અત્યારે કાઉસગ્ગ મુદ્રામાં બેસીને 'લોગસ્સ' નો પાઠ બોલીએ છીએ એ તો માત્ર કાઉસગ્ગનું પ્રતિક છે !

તમે કાઉસગ્ગ કરી શકતાં નથી, માટે તમને કાઉસગ્ગરૂપી ભાવમાં રાખવા માટે આ કાઉસગ્ગ કરાવવામાં આવે છે.

કાઉસગ્ગ શું છે ? કાઉસગ્ગ એટલે કાયાનો ઉત્સર્ગ.

ઉત્સર્ગ એટલે કાયાને છોડવી... કાયાને છોડવી એટલે કાયામાંથી આત્માને બહાર કાઢવો !

કાયોત્સર્ગની વિધિમાં પ્રથમ ધ્યાનસાધનામાં બેસવાનું... કાઉસગ્ગ મુદ્રામાં બેસવાનું શ્વાસોશ્વાસને જોતાં જોતાં... આત્માને આદેશ આપવાનો... કે તું આ કાયાનો ઉત્સર્ગ કર ! ઉત્સર્ગ કર એટલે કાયાને છોડ... તારા આત્માને તું કાયામાંથી બહાર કાઢ...!

કાઉસગ્ગમાં બેઠાં બેઠાં... એ કલ્પના કરો કે, તમારો આત્મા કાયામાંથી બહાર નીકળી ગયો છે. હવે, બહાર નીકળી ગયેલો આત્મા જ્યારે કાયાનું નિરીક્ષણ કરે... ત્યારે કાયાની સાથેના વિચારોનું નિરીક્ષણ થાય... મેં આ ખોટું કર્યું હતું... મેં અહીં ક્રોધ કર્યો હતો... મારાથી આ પાપ થઈ ગયું છે... !

કાયાનો ઉત્સર્ગ કરીને કાયા સાથેના મોહવૃત્તિના ભાવને તોડવાનો... ઉત્સર્ગ કરવાનો... એનું નામ કાઉસગ્ગ !

કાઉસગ્ગમાં રહેવાનું અને આત્માને બહાર કાઢવાનો ! અને આત્મા હવે આ કાયાની પ્રવૃત્તિને જુએ છે... ખાય છે, પીએ છે... ગુસ્સો કરે છે... હસે છે... આંસુડાં પાડે છે... વાતચીત કરે છે... કોની સાથે કેવું વર્તન કરે છે... આ બધું જ નિરીક્ષણ કાઉસગ્ગ દ્વારા થતું જાય !

જેમ સાવરણી કચરાને બહાર કાઢે... તેમ કાઉસગ્ગનું કાર્ય નિરીક્ષણ

કરતાં કરતાં કચરાને બહાર કાઢવાનું... !

જ્યારે વ્યક્તિના માથાનો ભાર ઊતરી જાય ત્યારે જેમ એ હળવો ફૂલ જેવો થાય અને એને જે 'હાશકારો' થાય એવો 'હાશકારો' કરાવે એનું નામ કાઉસગ્ગ !!

આજે માતા-પિતા કે જૈનશાળાના શિક્ષકો, બાળકોને એ જ શીખવાડે છે કે કાઉસગ્ગ એટલે ધ્યાનમુદ્રામાં બેસીને લોગસ્સનો પાઠ બોલવાનો !

પહેલાં એને ' કાઉસગ્ગ 'નું સાચું અને પ્રાથમિક શિક્ષણ આપવું જોઈએ ! બાકી બાળકો તો બે મહિનામાં સામાયિક શીખી જાય પણ એની સાચી સમજ અને સાચી વિધિ જ્યાં સુધી ન આવડે ત્યાં સુધી એ પોપટિયું જ્ઞાન જ કહેવાય !

તેને પહેલાંથી શીખવાડો કે ' કાઉસગ્ગ ' એટલે શું ? કેમ થાય ? તેનાથી શું પ્રાપ્તિ મળે ?

જો આ બધું જ ખબર હશે તો જ, બાળકો સમજ સાથે યોગ્ય વિધિ કરતાં કરતાં યોગ્ય વિધાનને અનુસરીને સિદ્ધિ મેળવી શકશે !

વ્યક્તિ કાઉસગ્ગમાં બેઠી છે. પોતાના આત્માને બહાર કાઢે છે... એટલે આત્મા અને શરીર વચ્ચે જે જોડાણ ભાવ છે... એ જોડાણ ભાવ ધીરે ધીરે ઢીલો પડશે... એ જોડાણને કારણે થતાં રાગ અને દ્વેષ ઢીલા પડશે, એ જોડાણને કારણે થતાં ઈર્ષ્યા અને અદેખાઈના ભાવ ઢીલા પડશે..... !!

પરમાત્માની આજ્ઞા પ્રમાણે ' સાધુ ' કેવા હોય ?

' સાધુ ' એ જ હોય જે વારંવાર કાઉસગ્ગ કરતા હોય ! વારંવાર કાઉસગ્ગ કરવાથી એની મુદ્રા છૂટી જાય... એ ગમે ત્યાં બેઠા હોય... લોકોની વચ્ચે બેઠા હોય... પણ એનો આત્મા બહાર નીકળી ગયો હોય... ! અને એ બધી જ ક્રિયાને નિહાળી શકતા હોય... !!

વારંવાર કાઉસગ્ગ કરવાવાળા, એનો અર્થ એમ નહીં કે, એ વારંવાર કાઉસગ્ગ મુદ્રામાં બેસી જાય... !!

જે ક્રિયાને એ કરતાં હોય એ સમયે એ આત્માને બહાર કાઢી નાખે... !!

આ આખીય વિધિસરની વાત પરમાત્માએ આગમમાં બતાવી છે તેમ જ

છે !

કાઉસગ્ગ કરવાનો એટલે મુદ્રામાં બેસવાનું અને આત્માને કાયામાંથી બહાર કાઢવાનો. આત્મા કોઈ પદાર્થ નથી કે નથી કોઈ વસ્તુ. જેને હાથેથી પકડીને બહાર કાઢીને મૂકી શકાય...!

બહાર કાઢવાના ભાવ કરવાની કલ્પના ત્યારે જ થઈ શકે, જ્યારે તમારું મન સંપૂર્ણપણે જોડાયેલું હોય તો... !

નહીં તો એક બાજુ ' લોગસ્સ ' ના પાઠ બોલાતા હોય અને બીજી બાજુ આપણું મન આખી દુનિયામાં આંટા મારતું હોય... અને ' નમો અરિહંતાણં ' શબ્દ સંભળાય ત્યારે જ ભટકતું મન પાછું આવે. અને કાઉસગ્ગ પૂરો... !!!

જો સાચી વિધિ શીખાશે... સાચી સમજ આવશે તો જ સમાજનું નવનિર્માણ થશે... એક સાચી દિશા મળશે નહીં તો... થાય છે... થશે... અને જો આગે સે ચલી આતી હૈ, ચલને દો... જેવા હાલ થશે !

બાકી આજની યુવાપેઢી... આજનાં બાળકોને કાઉસગ્ગ કરવાનું કહીશું, તો પહેલો જ પ્રશ્ન કરશે... 'કાઉસગ્ગ' કરવાથી મળે શું ? નવી પેઢી કાંઈ સીધી સાદી નથી. એની પ્રત્યેક ક્રિયામાં... પ્રત્યેક કાર્યમાં Logic છે... તર્ક છે... અને જ્યાં સુધી એ Logicને સમજશે નહીં, ત્યાં સુધી એ કોઈપણ વાતને માન્ય રાખશે નહીં...! સ્વીકારશે નહીં.

એક જમાનો હતો. મા-બાપ કે દાદા-દાદી કહે અને સંતાનો ચૂપચાપ માની લે ! આ નવો જમાનો છે... નવી પેઢી છે... નવા વિચારો છે... !!

એટલે અત્યારનાં સંતાનો પહેલા પચાસ સવાલ કરશે... અને એમના સવાલોના સચોટ જવાબ આપણે ત્યારે જ આપી શકીશું જ્યારે આપણામાં સમજ હશે. માટે અત્યારે આપણે શીખવાની ખાસ જરૂર છે.

સાધના જો વિધિથી અને સમજણથી કરવામાં આવે તો એનો આનંદ જ અનેરો હોય !

સુવિધિથી કરેલી સાધના નાનકડી હોય છતાં પણ ન નમાલી હોય ન

નકામી હોય !

ઈન્દ્ર કરતાં પણ વધુ સામર્થ્ય અને ઈન્દ્ર કરતાં પણ વધુ સમૃદ્ધ હોય છે એક કલાકની સામાયિકની સાધના !

પણ આપણને ગળથૂથીમાં મળેલી આવી સાધનાની કોઈ કિંમત જ નથી ! સાધના તો કરીએ છીએ પણ ભાવ ભળતાં નથી. એટલે બધું નિરર્થક જ રહે છે !

અર્થ સાથેની સાધના જ સાર્થક હોય છે ! એ જ સિદ્ધિ અપાવે છે !

એક રાજાના કુંવરને એક હીરો મળી ગયો... બજારમાં વેચવા જાય છે. બટેટાંવાળી કહે છે. આના બદલામાં બે કિલો બટેટાં આપું, સોની કહે કે આ કંઈક રત્ન લાગે છે તો તને લાખ રૂપિયા આપું, ઝવેરીને એની કિંમત સમજાય છે. એટલે એ કરોડ રૂપિયા આપવા તૈયાર થાય છે... રાજાને જઈને વાત કરે છે, પણ રાજા કહે છે, હીરો પાછો લાવ, નથી વેચવો...

પણ ઝવેરી કરોડ રૂપિયા આપે છે... !

ના ! તું પાછો લાવ ! મારે વેચવો નથી.

બીજા ઝવેરી પાસે જાય છે. બીજો ઝવેરી કહે છે આની કિંમત હું ન આપી શકું.

કેમ ?

ના ! આની કિંમત મારાથી ન ચૂકવાય... !

પણ કહો તો ખરાં !

આવો મારી સાથે... સાથે લઈ જઈને એક મોટો વિશાળ હોલ જેમાં કિંમતી, હીરા, માણેક, મોતી ભરેલાં હતાં. ઝવેરી કહે આ બધું આપી દઉં તો પણ આ પથ્થરની કિંમત પૂરી ન થાય !

કુંવર કહે... બસ ! આ હીરો લઈ લો... અને મને આ બધું આપી દો... આ હીરો તમારી પાસે રાખો... અને આ બધું લઈ જવાની હું વ્યવસ્થા કરીને આવું છું.

જ્યાં થોડીવાર પછી એ પેલા ઝવેરીની દુકાને જાય છે, ત્યાં... ત્યાં... દુકાનની જગ્યાએ દુકાન ન હતી. ત્યાં મહેલ ઊભો થઈ ગયો હતો... આમ કેમ થયું

?

એ પથ્થર, એ હીરો... રત્નચિંતામણિ હતો... જેને હાથમાં લેતાં જે ચિંતન કરે તે હાજર થઈ જાય... ! એક હજાર દેવો એ મણિની સેવામાં હાજર હોય ! હાથમાં લઈને જે વિચાર કરો તે બધું આપવા માટે તૈયાર હોય... !!

આવા મણિને બટેટાંવાળી કે અનાજવાળો શું આપે ? બે કિલો બટેટાં કે પાંચ કિલો અનાજ ?

ધર્મસાધના પણ રત્નચિંતામણિ સમાન છે. એ અમૂલ્ય છે, અણમોલ છે.

આપણી સામાયિક કે સાધનાની કિંમત કેટલી ?

માનો કે કોઈ વ્યક્તિ જે અતિ ધનાઢ્ય છે... અને તમને કહે છે કે આ બેગ ઘેર લઈ જજો... તમે ભરેલી એ બેગ ઊંચકીને ચાલતાં ચાલતાં ઘરે જાવ છો. ભાર લાગવાથી બે-ચાર વાર નીચે મૂકો છે. અને ફરી ઊંચકો છો અને ઘરે પહોંચતા સુધીમાં તો અનેક વિચાર કરો છો... એવું તે શું ભર્યું હશે કે આટલો ભાર છે ? ઘરે પહોંચ્યા બાદ એ વ્યક્તિ બેગની ચાવી આપે છે અને કહે છે કે આ બેગમાં જે કંઈ પણ હોય તે બધું તમારું ! તમે બેગને ખોલો છો અને અંદર ભરેલાં સોનાનાં બિસ્કીટને જુઓ છો... હવે એ બેગ હાથમાં ઉપડતાં કેવા ભાવ હોય ?

આપણને એક સામાયિક કરતી વખતે આવો ભાવ હોવો જોઈએ !

જ્યારે કાઉસગ્ગ કરે ત્યારે શું થાય ?

કાઉસગ્ગ કરવાથી વ્યક્તિ, હળવીફૂલ થઈ જાય ! અને ‘હળવા હૈયે’ જીવવા લાગે છે !

અત્યારે આપણા હૈયામાં ક્રોધ, કપટ, લોભ, ઈર્ષ્યા, અદેખાઈ ભરેલાં છે. રૂપિયા હોય તો ક્યાં સાચવવા ? ક્યાં વ્યાજે મૂકવા... કેમ વાપરવા... અને ન હોય તો કેમ મેળવવા... ક્યાંથી મેળવવા... વગેરે વગેરે વગેરે... વિચારોનો ભાર હોય છે... જ્યારે કાઉસગ્ગ કરનાર વ્યક્તિમાં આ બધું હોવા છતાં પણ એ હળવા હૈયાનો માણસ હોય... !

‘નિવ્વુય હિયયે’ આગમમાં આવતો આ શબ્દ એટલે હળવા હૈયાનો

માનવી!

હાથમાં આગમપુસ્તક હોવું એટલે પરમાત્માની સોનાની લગડી ભરેલી બેગ હોવી !

આગમના એક એક શબ્દો એટલે સોનાની એક એક લગડી !! હળવા હૈયાનું બનવું હોય તો 'કાઉસગ્ગ' શીખવો જોઈએ !

હળવાશ ત્યારે જ આવે જ્યારે હૈયાની કડવાશ જાય !

કાઉસગ્ગ હૈયામાં પડેલી કામના, કપટ, લોભ, અહંમ, જેવા પાપનું પ્રાયશ્ચિત કરાવે !

અનુભવ કરવા માટે રોજ અડધી કલાક કાઉસગ્ગ બેસવાનું... મુદ્રામાં બેસવાનું... આત્માને બહાર કાઢવાની કલ્પના કરવાની... અને પછી આત્માની બધી જ પ્રક્રિયાને જોવાની... !! આત્માને બહાર કાઢી લીધાની કલ્પના પછી... શરીરથી બધાં કામ કરવાનાં... અને બધાં કામ કરતાં કરતાં... કોઈની સાથે વાતચીત કરતાં કરતાં... સતત મનમાં રહેવું જોઈએ કે આ બધું જે થાય છે તે માત્ર મારું શરીર કરે છે, હું તો આ બધાથી અલગ છું. !

આ બધું જે ખાય છે, પીએ છે, બોલે છે, હસે છે, એ બીજું કોઈ છે... હું આ બધાંથી અલગ છું... બાજુમાં છું... !! મેં તો કાયાનો ઉત્સર્ગ કર્યો છે. કાયા સાથે મારે કોઈ નિસ્બત નથી !

એક વખત જો આવો ભાવપૂર્વકનો સાચો કાર્યોત્સર્ગ થઈ જાય તો હૈયું હળવુફૂલ બન્યા વિના રહે જ નહીં !! અને જેનું હૈયું હળવુફૂલ હોય એને વિચારોનો દુઃખાવો થાય જ નહીં.

અંદરમા કામના પડેલી હોય તો જ 'ક્રંદન' જન્મે ! ક્રંદન અને આક્રંદન કામનાને કારણે જ જન્મે છે !

હળવું હૈયું એટલે જ કામના વગરનું હૈયું ! જે કામના વગરનો બની ગયો... તે હળવા હૈયાનો બની ગયો... અને જે હળવા હૈયાનો બન્યો.... તેનામાં ક્રંદન અને આક્રંદન જન્મે જ નહીં !

આપણને જ્યારે કાંઈ જોઈતું હોય... ત્યારે ‘ કામના ’ કહેવાય. અને એ જોઈતું જ્યારે ‘ જોઈએ જ છીએ ’ બની જાય ત્યારે એને ‘ ક્રંદન ’ કહેવાય !

કેમ કે એ ‘ જોઈએ જ છે ’ પણ મળતું નથી ! ઝંખના છે પણ જડતું નથી ! કામના છે. વલોપાત છે... પણ મળતું નથી અને જ્યારે મળે જ નહીં ત્યારે ક્રંદન પૂરું થાય અને ‘આક્રંદન’ શરૂ થાય !

ક્રંદન હૈયામાં જન્મે, પણ જે ‘ ક્રંદન ’ હૈયામાંથી હોઠ સુધી, આંખ સુધી અને હાથ સુધી પહોંચે તેને ‘આક્રંદન’ કહેવાય !

બાળક આક્રંદન કરી રહ્યો છે !

એટલે કે બાળકને એક રમકડું જોઈએ છે. પણ મળતું નથી માટે જોરજોરથી રુદન કરી રહ્યો છે... એના હાથપગ આમતેમ થાય છે. અને આંખોમાંથી ‘ મને જોઈએ જ છે ’ જેવા ભાવ પ્રગટ થતાં હોય છે... !

પણ આ આક્રંદન જન્મ્યું ક્યાંથી ?

પહેલાં રમકડાંની કામના જાગી... કામનામાંથી ક્રંદન જન્મ્યું અને ક્રંદનમાંથી આક્રંદન જન્મ્યું !

આક્રંદન એટલે આગ...

જો આક્રંદનને પ્રાપ્તિનું લાકડું મળી જાય તો... ભડકો થયા વિના રહે નહીં...

બાળકને જો ઝંખેલું એક રમકડું મળી જાય તો બીજા હજારો રમકડાં મેળવવાની ઝંખના જન્મે !

આગમમાં કામનાને સાપણ કહેલી છે.

સાપણ એક રાતમાં ૧૦,૦૦૦ ઈંડાં મૂકે ! એવી રીતે એક વખત કામના જન્મી અને જો એને જીવાડી તો એ કામનાનું Multiplications જ થશે ! એક ઈચ્છા જો પૂરી નહીં થાય તો નવી બીજી જન્મશે નહીં, પણ એક ઈચ્છા જો પૂરી થઈ ગઈ તો... નવી નવી અનેક ઈચ્છાઓ જન્મ લેશે જ... વ્યક્તિને સંતોષ હોતો જ નથી !

પ્રાપ્તિ અસંતોષને જ જન્માવે છે, પ્રાપ્તિ ક્યારેય તૃપ્તિને જન્માવતી નથી

!

કોઈપણ વ્યક્તિ આપણને સામે મળે ત્યારે આપણા અંતરમાં ભાવ હોય છે કે, એનો ચહેરો આપણી સામે હસતો રહે... અને જો એનો ચહેરો હસતો નહીં હોય તો આપણને મનમાં લાગી આવશે... ભલે એકવાર લાગી આવશે... એનો વાંધો નહીં, પછી ભવિષ્યમાં આપણે એની બહુ અપેક્ષા નહીં રાખીએ !

આગમ એ પ્રયોગનું અધ્યયન છે. એ માત્ર શ્રવણનું કે માત્ર લેખનનું અધ્યયન નથી.

આ અધ્યયન એક એક પ્રક્રિયાના પ્રયોગનું અધ્યયન છે ! પ્રવચનો આપણે હજારો સાંભળ્યાં છે. પ્રયોગ એક પણ કર્યો નથી ! બસ, એકવાર આ કાઉસગ્ગનો પ્રયોગ કરી જુઓ...

ઘરે જઈને દસ મિનિટ આંખ બંધ કરી કાઉસગ્ગ મુદ્રામાં બેસી જુઓ... આત્માને બહાર કાઢવાની કોશિષ કરો અને આત્મા બહાર નીકળી ગયો છે. એવું થવા ત્રશ્નયહ લાગે... પછી ઘરમાં રસોઈનું કામ કરવા લાગો... ત્યારે શાક સુધારતું હશે તો પણ એમ જ લાગશે... શાક સુધારનાર અલગ છે અને હું પણ અલગ છું !

પછી તેને ભેદજ્ઞાન કરવું ન પડે... અંદરમાંથી ઊગવા લાગે !

ભેદજ્ઞાન કંઈ વાતોથી ન થાય એ તો અંતરમાંથી જન્મે !

જે રીતે બોજ ઉતરવાથી મજૂરને હળવાશ લાગે છે. તેવી જ રીતે કાઉસગ્ગ કરવાથી આત્માને હળવાશ લાગે છે !

આત્મા ઉપર જે હું પણાનો... મારાપણાનો બોજ છે એ જો ઉતારવો હોય તો કાઉસગ્ગનો આધાર લેવો પડે !

અમદાવાદની ટ્રેઈનમાં એકવાર એક બાઈ શાકભાજીનો ટોપલો માથે મૂકીને ચડી ગઈ... અને જ્યાં જગ્યા મળી ત્યાં બેસી ગઈ... ! બાજુમાં ફાધર વાલેસ બેઠાં હતાં... એણે કહ્યું, તું જ્યારે બેસી ગઈ છો, તો તારો ટોપલો નીચે ઊતારી બાજુએ મૂકી દેને ! ના ! ટોપલો મારો છે !

પણ, તને ભાર લાગે છે, તારી ડોક દુઃખવા લાગશે. તને વજન લાગતું

હશે. તું ટોપલો નીચે મૂકી દે ! અને જ્યારે ઉતરવાનું આવે ત્યારે ઊંચકી લેજે !

ના ! ટોપલો મારો છે !

પણ, તું જ્યારે ગાડીની બની ગઈ છો, ત્યારે ટોપલાને પણ ગાડીનો બનાવી દેને ?

ના ! એ ટોપલો તો હું મારે માથે જ રાખવાની. એ કાંઈ હું કોઈને આપું નહીં !

તું આખી જાત કોઈને આપી શકે છે, પણ એક ટોપલો નહીં ! એવી જ રીતે આપણે પણ ભગવાનને એમ કહીએ છીએ, હે ભગવાન ! હું તમારો છું ! પણ, પણ આ કામના, ઈચ્છા. અભિલાષા, ક્રોધ, માન, માયા, લોભ જેવા શાકભાજીથી ભરેલાં ટોપલાને હજુ આપણે આપણા માથા ઉપર જ રાખ્યો છે ! અને પછી ફરિયાદ કરીએ છીએ કે માળા કરીએ છીએ, પણ શાંતિ મળતી નથી !

પણ શાંતિ મળે ક્યાંથી ?

જ્યાં સુધી માથા ઉપરનો ટોપલો પરમાત્માને સોંપીશું નહીં ત્યાં સુધી હળવા થઈશું નહી...! એકવાર જો આ ટોપલો માથા ઉપરથી ઉતારી દઈશું તો આપણા જેવી હળવાશ બીજા કોઈને હશે નહીં !

હરિનો હોય એને હળવાશ હોય !

હરિનો ન હોય એના માથા ઉપર ભાર જ ભાર હોય !

મજૂરના માથા ઉપરથી બોજ ઉતરે અને એને જે હળવાશ હોય... તે જ હળવાશ ૧૦ મિનિટ માટે ભાવથી કરેલા કાઉસગ્ગ પછી સાધકને હોય !

ગમે તેવો થાક હોય, ગમે તેવું ટેન્શન હોય, ગમે તેવો ભાર હોય... બારણું બંધ કરી ૧૦ મિનિટનો કાઉસગ્ગ કરી લો... !

પરમાત્મા કહે છે, જે વ્યક્તિ પોતાનો ભાર હળવો કરી દે છે... પોતાનો ભાર ભગવાનને સોંપી દે છે, તે વ્યક્તિ સુખપૂર્વક જીવનચર્યાને પસાર કરે છે. જેનો ભૂતકાળનો ભાર ગયો... ભૂતકાળના વિચારોનો કચરો બહાર નીકળી ગયો... એટલે ભૂતકાળ પણ સુખી થઈ ગયો. એને ભૂતકાળ ભૂલાઈ ગયો એટલે વર્તમાન પણ સુખી

થઈ ગયો...!

મોટાભાગે જીવો ભૂતકાળના કારણે જ દુઃખી હોય છે. ભૂતકાળ આપણને જેટલો દુઃખી કરે છે... એટલું વર્તમાનનું એક પણ દુઃખ આપણને દુઃખી નથી કરતું !

ભૂતકાળ જ આપણા મગજમાં ઘૂમરાયા કરે છે અને એ જ આપણને દુઃખી કર્યા કરે છે... પરમાત્મા કહે છે. ભૂતકાળ ભૂંસવો હોય... ભૂતકાળને ભૂલવો હોય તો કાઉસગ્ગ કરો !

જેવો કાઉસગ્ગ શરૂ થશે, ધીમે ધીમે તમારું મન હળવુફૂલ થવા લાગશે... અને તમારો ચહેરો પ્રસન્નતાથી દીપી ઊઠશે ! Moodlessness ગાયબ થઈ જશે !

ઘણાં લોકો સામાયિક બાંધીને બેઠા હોય, પણ ચહેરા ઉપર જાણે કોઈ off થઈ ગયું હોય તેવા ભાવ હોય ! અને જાણે પોતાનું કોઈ ન હોય અને અનાથ હોય એવું દુઃખ હોય.

અરે ! પરમાત્મા જેવા પરમાત્મા નાથ મળ્યા છે. પછી આવી Moodlessness ! દયનીયતા ચહેરા ઉપર લાવવાની જરૂર જ શું હોય ?

કરોડપતિના દીકરાને કોઈ દિવસ રડવાનો વારો આવે નહીં !

આપણે તો કરોડપતિના પણ નાથ એવા પરમાત્માનાં સંતાનો છીએ... આપણા ચહેરા પર તો નિરવ પ્રસન્નતાના ભાવ હોવા જોઈએ... અનેરા આનંદની આભા હોવી જોઈએ...!! પરમાત્માના હોય એ શું પ્રસન્ન ન હોય ? અને જેના ચહેરા ઉપર પ્રસન્નતા નથી એ ક્યારેય પરમાત્માના ન હોય ! ''પરમાત્માનો હોય એના માથા ઉપર ભાર ન હોય અને જેના માથા ઉપર ભાર હોય એ ક્યારેય ભગવાનનો ન હોય !''

ભગવાનના બનવું હોય તો ભાર ભગવાનને સોંપી દો ! ભાર રાખવો હોય તો ભગવાનના ન બની શકાય !

ભગવાનને કોણ ગમે ?

ભગવાનને જે હળવાફૂલ જેવા હોય એ જ ગમે ! ભગવાનને ભારેખમ જીવ ગમતાં જ નથી !

કાઉસગ્ગ કરવાથી આત્મા હળવોફૂલ બને છે, પણ એ કાઉસગ્ગ એટલે શરીરની ક્રિયા નહીં, શરીરનો ત્યાગ...! કાયાનો ઉત્સર્ગ એટલે કાયામાંથી આત્માને બહાર કાઢવાની પ્રક્રિયા... એવી મનોકલ્પના... એવો વિચાર...!! અને એ વિચારને કારણે વિચારોની શુદ્ધિ... વર્તનની શુદ્ધિ અને વચનની શુદ્ધિ થયા વગર રહેતી નથી !

એકવાર માત્ર પાંચ કે ૧૦ મિનિટ માટે આ પ્રયોગ કરશો... આત્મા બહાર નીકળી રહ્યો છે... શરીર શરીરના સ્થાને છે. શરીર ગમે તે કરે છે. પણ તમે તેનાથી અલગ છો... એવી અનુભૂતિ કરવાનો પ્રયત્ન કરશો. તો તમે કેવી હળવાશ અનુભવશો... તમને એક એવી હાશ લાગશે... અને એ હાશ જ પરમાત્માની આપણને મળેલી ""God gift" હશે !

## તેરમો બોલ

# પચ્ચક્ખાણ

### ધર્મબંધન એટલે આત્મમુક્તિ

पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?

पच्चक्खाणेणं आसवदाराइं णिरुंभइ, पच्चक्खाणेणं इच्छाणिरोहं जणयह इच्छाणिरोहंगणे य णं जीवे सव्वदव्वेसु विणीयतण्हे सीइभूए विहरई ।।१३।।

પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું પ્રાપ્ત થાય ?

જ્યારે કોઈ પણ Operation કરવામાં આવે ત્યાર પછી મલમપટ્ટી કરી તેના ઉપર પાટો બાંધી દેવામાં આવે ! પાટો બાંધી દો એટલે બહારના કોઈ પણ Germs લાગે નહીં. એવી રીતે, ઈચ્છાઓના Germs ને આવતાં જે અટકાવે છે એને પચ્ચક્ખાણ કહેવામાં આવે છે.

તમે જ્યાં સુધી ઉપવાસનાં પચ્ચક્ખાણ ન કરો ત્યાં સુધી તમને ભૂખ લાગે ત્યારે જમી લઉં ? જરાક આ ખાઈ લઉં...? એવા ભાવ જન્મે... એવી ઈચ્છા જન્મે પણ, તમે બરાબર Mark કરજો... ભાવપૂર્વક તમે જો પચ્ચક્ખાણ લીધાં હશે... પચ્ચક્ખાણ લેવાવાળા પણ ઉત્તમ હશે... પચ્ચક્ખાણ દેવાવાળા પણ ઉત્તમ હશે... અને પચ્ચક્ખાણ લેતી વખતે પણ જો ભાવ ઉત્તમ હશે, તો બપોરે બાર વાગે કે સાંજે ચાર વાગ્યે સહેજ પણ ભૂખ નહીં લાગે !

આગમમાં વાત આવે છે, પચ્ચક્ખાણ લેવાથી શું થાય ?

પચ્ચક્ખાણ લેવાથી આશ્રવના ભાવ તૂટે છે... ઈચ્છાઓની અગ્નિ શાંત થઈ જાય છે... ઈચ્છાઓ અને તૃષ્ણાઓ મંદ પડી જાય છે !

પરમાત્માએ આગમમાં તૃષ્ણાને અગ્નિ કહી છે. તૃષ્ણારૂપી અગ્નિમાં ઈચ્છાપૂર્તિના ગમે તેટલાં લાકડાં નાખવામાં આવે એ ક્યારેય પદાર્થો, વસ્તુઓ, વ્યક્તિઓથી ધરાતી નથી.

જેમ સ્મશાન કોઈ દિવસ મૃતદેહોથી ધરાતા નથી !

એક પદાર્થની ઈચ્છા તમે જેવી પૂરી કરો એટલે બીજા અનેક પદાર્થોની ઈચ્છા જાગ્યા વગર રહે જ નહીં !

એક ગમતી વ્યક્તિ માટેનું તમારું આકર્ષણ... એ ગમતી વ્યક્તિ જેવી તમને મળે એટલે એમાંથી હજાર નવા નવા આકર્ષણ જાગ્યા વગર રહે જ નહીં ! પણ જેવી વ્યક્તિ ભાવપૂર્વક પચ્ચક્ખાણ કરી લે... એટલે બ્રેક ક્યાં લાગે ?

આગમાં લાકડાં નાખવાથી આગ કોઈ દિવસ શાંત થાય નહીં, પણ આગની ઉપર પાણી રેડી દો. આગ કદી જલી શકે નહીં !

ગમે તેટલાં લાકડાં નાખો આગ કોઈ દિવસ શાંત થાય ખરી ? એમ વસ્તુ કે વ્યક્તિ... ઈચ્છાઓની પૂર્તિરૂપ ઈંધન તમે ગમે તેટલું નાખો...

એ તમારી ઈચ્છાઓને વધારશે જ... એ ક્યારેય ઘટાડશે નહીં !

આપણી એક ઈચ્છા પૂરી થાય એટલે નવી સો ઈચ્છાઓ જન્મે, પણ જો આપણી એક ઈચ્છા મરી જાય તો બીજી સો ઈચ્છાઓ પણ મરી જાય...!!

આવું કેમ થાય ?

એનો નિયમ છે, કર્મો ઉદયમાં આવે તો જ આપણને ઝંખના જાગે... કર્મો ઉદયમાં આવે તો જ આપણને વસ્તુઓની અને વ્યક્તિઓની ઝંખના જાગે !

કર્મના ઉદય વગર કોઈ દિવસ ઝંખના જાગે જ નહીં ! જેવા તમે એક બીજનો ઉપયોગ કરો. નવા એક લાખ બીજ ઉત્પન્ન થઈ જાય !

આગમમાં વાર્તા આવે છે... સસરાએ બધી વહુને પાંચ પાંચ દાણાનો ઉપયોગ કરવાનો છે, એમ કહી પાંચ પાંચ દાણા આપ્યાં. હવે એક વહુએ ફેંકી દીધા... બીજી વહુ ખાઈ ગઈ... ત્રીજીએ સાચવીને મૂકી દીધાં અને ચોથીએ ઉગાડી દીધાં ! પાંચ દાણામાંથી પચ્ચીસ દાણા ઉગ્યા. પચ્ચીસમાંથી બીજા ૬૨૫ દાણા થયાં. એને ફરી ઉગાડ્યા... એમ કરતાં કરતાં અનેક દાણાઓ ઊગ્યા. દર ત્રણ મહિને એક ફસલ લેવાની. એમ વરસની ચાર ફસલ અને પાંચ વર્ષની ૨૦ ફસલ...! પાંચ વર્ષે સસરા જ્યારે દાણા પાછા માગે ત્યારે શું થાય ? એક કહે છે, મેં તો ફેંકી દીધા... બીજી કહે છે, હું તો ખાઈ ગઈ... ત્રીજી કહે છે, આ લ્યો મેં સાચવીને રાખી મૂક્યા હતાં... અને ચોથી કહે છે લાવો ગાડાં...!!

હું ગાડાં ભરીને તમને આપું છું.

બીજનો નિયમ છે, જો તમે એક બીજને બાળો તો એક લાખ બીજ બાળ્યાં એમ કહેવાય... અને એક બીજને વાવો તો એક લાખ બીજ જન્મી ગયાં એમ કહેવાય.

એમ એક ઈચ્છાને પૂરી કરો એટલે નવી એક લાખ ઈચ્છા જન્મે અને એક ઈચ્છાને મારો એટલે તમારી એક લાખ ઈચ્છા મરી ગઈ !

પચ્ચક્ખાણ લેવાથી શું થાય ?

પચ્ચક્ખાણ લેવાથી તમારી ભોજનની જે ઈચ્છા હતી તેના ઉપર બ્રેક લાગી !

એક ઉપવાસ કર્યો... ઈચ્છા પર બ્રેક લાગી... બીજો ઉપવાસ કર્યો... ફરી ઈચ્છા પર બ્રેક લાગી... એમ કરતાં કરતાં... ધીમે ધીમે... ધીમે શું થશે ?

તો... વારંવાર ઉપવાસ કરનાર વ્યક્તિની આહાર પ્રત્યેની આસક્તિ ઘટ્યા વગર રહેશે જ નહીં !

ઉપવાસ કેવો હોવો જોઈએ ? "Time pass' વાળો નહીં... ઉપવાસ કર્યા પછી Time ક્યાં Pass કરવો એવો વિચાર આવવો જોઈએ નહીં.

એક તરફ પરમાત્મા પ્રત્યેની ભક્તિ હોય.. એક તરફ પરમાત્માની પ્રાર્થના હોય... એક તરફ પરમાત્માના જ્ઞાનને જાણવાનો... અને સંતોના સાનિધ્યમાં બેસવાનો ભાવ હોવો જોઈએ, એક તરફ જ્ઞાન અને દર્શનની ઝંખના હોય અને બીજી તરફ આહારની આસક્તિનો ત્યાગ હોય !

Negative સાથે Positive અને Positive ની સાથે Negative !

એક તરફ ઈચ્છાઓનાં ઝાડને ઉખાડવાનાં અને બીજી તરફ પરમાત્માની ભક્તિના ગુલાબને ઉગાડવાનાં... !

ધીમે ધીમે ધીમે જંગલ સાફ અને બગીચો તૈયાર ! બગીચો હોય ત્યાં જંગલ થઈ ન શકે અને જંગલ હોય ત્યાં બગીચો થઈ ન શકે... અને મેદાન હોય ત્યાં બન્ને થઈ શકે !

મેદાન હોય ત્યાં જંગલ જલ્દી બનશે અને બગીચો મોડો બનશે.

કેમ ?

ઉપવાસ કરીને તમે મેદાન બનાવી દીધું... ખાવાપીવાનું બંધ...! હવે ? ભૂખ લાગે છે અને Time pass કરવો છે. લાવ, થોડીવાર T.V. જોઈ લઉં... બે ત્રણ કલાક પસાર થઈ જશે.

આને શું કહેવાય ?

ઉપવાસ કરીને મેદાન કર્યુ અને એમાં જંગલ ઊગી ગયું, હા ! પેલું બાવળિયાનું જંગલ હતું એ નીકળી ગયું અને બોરડીનું જંગલ આવી ગયું !

જંગલ એ જંગલ જ છે. કાંટા, બાવળમાં પણ હતાં અને બોરડીમાં પણ છે. ફરક એટલો જ કે બોરડીમાં થોડાં ફળ છે ! એટલે કે એક તરફ ઉપવાસ હોય અને એક તરફ પર્યુપાસના હોય !

એક તરફ હૈયે પરમાત્માનો વાસ હોય અને એક તરફ મોઢાનો ઉપવાસ હોય ! તો જ સાધના સાર્થક બની જાય...!

નહીંતર મેદાન બની જશે પણ એમાં બગીચો નહીં બને... અને બગીચા વગરનું મેદાન, વધારે સમય સુધી મેદાન રહેતું જ નથી !

કેમ કે, જમીનનો નિયમ છે, એમાં કંઈક ને કંઈક તો ઊગે જ છે. હા ! પથ્થરમાં કાંઈ ન ઊગે !

આ વખતે ઉપવાસ કરો તો નિયમ કરો કે ઉપવાસની સાથે સાથે ૧૦૦૦ ગાથા વાંચવી છે... યા ૧૦૮ માળા કરવી છે... યા એક ધાર્મિક પુસ્તક વાંચવું છે...!

તો તમારી સાધનાનું બળ કેવું થઈ જશે ? તો લાખ મીંડાની આગળ એક એકડો મૂકાઈ જશે ! લાખ મીંડાઓ કરો... No Value ! પણ આગળ એક એકડો મૂકી દો... બધાં જ મીંડાં Value વાળા બની જશે !

માત્ર મીંડા કરો... શું કિંમત એની ? કંઈ જ નહીં !

અત્યાર સુધીમાં મેં મીંડાઓ ઘણાં બધાં બનાવ્યાં છે. પણ, મેં એકડો મૂકયો જ નથી... માટે મને મારી સાધના કર્યા પછી મને ખુદને જ સંતોષ નથી !

ઉપવાસ કરનારનું અંતર પ્રસન્ન પ્રસન્ન હોય... આજ તો મારી જાત ધન્ય બની ગઈ... ગુરુદેવની કૃપા મળી ગઈ... અનંતાવર્ષોમાં જે નથી કરી શક્યો એ આજ મારાથી થઈ ગયું...!

એક સામાયિક એટલે અનંતકાળ પછી મળેલી પરમાત્માની એક અણમોલ Gift !

માનો કે, ગયા ભવમાં ઝાડરૂપે હતાં... આ એક સંભાવના છે... એની પહેલાં ક્યાં હતાં તો વૃક્ષનાં મૂળ રૂપે હતાં... એની પહેલાં અનંતકાય રૂપે હતાં. અનંતકાય એટલે ‘ નિગોદ ’ ! અને નિગોદ એટલે બટેટાં, કાંદા અને લસણ ! એક સોયની અણી ઉપર કેટલા બધાં ગોળા ? એ ગોળામાં કેટલાં બધાં શરીર ? અને એક એક શરીર ઉપર અનંતાજીવ... અને એવી રીતે જ રહેવાનું... જીવવાનું અને

મરવાનું... ફરી જન્મવાનું... સાથે જીવવાનું... અને સાથે મરવાનું... આવી રીતે એક દિવસ... બે દિવસ... ત્રણ દિવસ... અને એક દિવસમાં જન્મવાનું... કેટલી વાર ? અરે ! એક કલાકમાં જ ૬૫,૫૩૬ વાર જન્મવાનું અને ફરજિયાત મરવાનું... બટેટાં કે કાંદાનો એક કણિયો લઈ લો... કોઈ પણ કંદમૂળનો એક કણિયો લઈ લો... અરે ! ફણગાવેલા કઠોળનાં કુણા ભાગની એક કણી લઈ લો... એક કણિયાની અંદર અનંતા જીવો અને એ અનંતાજીવોને ફરજિયાત ૬૫,૫૩૬ વખત જન્મવાનું અને એ પણ ૪૮ મિનિટમાં...! આવાં અનંતા વર્ષ કરવાનાં !

પરમાત્મા કહે છે, આટલા આટલા ભવો કર્યા પછી... આટલી આટલી વિટંબણાઓમાંથી પસાર થયા પછી... તને આ ભવની અંદર મેં એક Gift આપેલી છે. શાની...? તો... એક સામાયિકની....!

એક સામાયિક એક વખત કરી લીધી ભાવપૂર્વક... તો ... ભવિષ્યમાં ભૂતકાળ જેવો એક પણ ભવ કરવો નહીં પડે ! પરમાત્માની આજ્ઞા મુજબની... ભાવપૂર્વક... સાધનાપૂર્વક કરેલી એક સામાયિક... એકવાર પચ્ચક્ખાણ કરી લીધાં... આશ્રવનાં દ્વાર બંધ...! ભાવપૂર્વક કરેલી સાધનાના આધારે અનુબંધ શુદ્ધ... અનુબંધના આધારે બંધ શુદ્ધ... અને બંધના આધારે ફરી પાછા પુણ્યના બંધ અને એના આધારે ભવિષ્યમાં ક્યારેય નિગોદમાં જન્મ નહીં !

એક સામાયિકમાં કેટલી તાકાત ?

આપણને મુહપત્તી કેમ, મળી ગઈ ?

પરમાત્મા કહે છે, અનંતકાળ પછી મળેલી તને આ God gift છે. અને જો આ ભવની અંદર તને આની કિંમત ન સમજાણી તો ફરી ૬૫,૫૩૬,૬૫,૫૩૬, અને કાં ૧૨,૮૮૪ અને કાં ૩૨,૦૦૦...!

જમીનમાં જન્મ લો ૧૨,૮૨૪ વાર જન્મમરણ !

પાણીમાં જન્મ લો ૧૨,૮૨૪ વાર જન્મમરણ !

અગ્નિમાં જન્મ લો ૧૨,૮૨૪ વાર જન્મમરણ !

વનસ્પતિમાં જન્મ લો ૬૫,૫૩૬ વાર જન્મમરણ !

વિચારો તો ખરાં ! કેટલાં જન્મ અને મરણ ?

આ વર્તમાનમાં... આ ભવની અંદર પરમાત્માનો ધર્મ, ધર્મની સમજણ... અને આવું ઊંડાણપૂર્વકનું જ્ઞાન મળી ગયું છે અને હવે જો હું ન સુધરું તો...!

સુધરે તેનો ભવ સાર્થક...!

ફરી પાછો અનંતકાળમાં કોને ખબર મને ક્યારે આવો ધર્મ મળશે ? ક્યારે ધર્મગુરુ મળશે ? મને ક્યારે ગુરુદેવનું સાનિધ્ય મળશે ? મને ક્યારે સાચી સમજ મળશે ? અને એ સાચી સમજ જાણવાની તાલાવેલી પણ જીવને અનંતકાળ પછી મળે છે ! પરમાત્માની વાણી સાંભળવા તો ભવોભવ મળે છે, પણ વાણી સાંભળવાની તાલાવેલી તો અનંતકાળમાં એકાદ વાર જ મળે છે.

પરમાત્માની વાણી સાંભળવાની તાલાવેલી જો અંદરમાંથી જાગી ગઈ તો પંદરમાં ભવે અવશ્ય મોક્ષ...!

ભગવાનની વાણીનો એક અંશ પણ જવા દેવો નથી એવા ભાવ હોવા જોઈએ... એવી તલપ હોવી જોઈએ !

અમે કેમ પાટ ઉપર સમયસર આવી જઈએ છીએ... કેમ કે અમને ખબર છે, હું જેટલું મોડું કરીશ, એટલી હું તમને અંતરાય આપીશ ! કેમ કે, સમય નક્કી કરેલો છે માટે !

એક મિનિટ માટે પરમાત્માની વાણીને પરમાત્માના સાધક સુધી પહોંચાડવાનું ફળ કેટલું ?

ભવિષ્યમાં ફરજિયાત જૈનધર્મ જ મળે... ઉચ્ચ કૂળ જ મળે... અને સાધુ-સંતો વારંવાર ગોચરી માટે પધારી શકે એવાં સ્થાને ઘર મળે... અને વારંવાર વ્હોરાવવાની ભાવના જન્મે અને વ્હોરાવી શકીએ એવા પદાર્થો મળે. અને વ્હોરાવી શકાય એવા સાનુકૂળ સંજોગો મળે... અસુઝતું થાય જ નહીં...! એવા પ્રકારનાં પુણ્યબંધ એક મિનિટમાં થઈ જાય ! ધર્મનો પ્રભાવ આવો છે, અને ધર્મની પ્રભાવનાનો પ્રભાવ પણ આટલો જ છે !

તમે સમજેલું તમારી આસપાસની બે-પાંચ વ્યક્તિને પણ સમજાવો તો

પણ તમને આટલું જ પુણ્ય મળે અને આટલો લાભ મળી જાય !

ધર્મ મળે પુણ્ય થકી... પણ એ પુણ્યનો જો ઉપયોગ કરી લેવામાં આવે, તો જ ભવિષ્યમાં ધર્મ મળવાનો ! એક સામાયિકના પચ્ચક્ખાણ કરવાથી.... એક જ વસ્તુનો ત્યાગ કરવાથી... શું થાય ?

આત્માને... કર્મોનો જે આશ્રવ થાય છે એનાથી મુક્તિ મળી જાય છે...!

નાવ જ્યારે પાણીમાં હોય... ત્યારે નાવમાં પાણી કેટલી રીતે આવે ?

કાણું પડી જાય તો, ઉપરથી વરસાદ આવે તો અને જો એ નાવને છાપરું ન હોય તો ?

પચ્ચક્ખાણ એટલે છાપરું !

એક તો નાવમાં કાણું પાડીએ તો પાણી આવે અને બીજું છાપરું ન હોય તો!

તમને એ નથી ખબર... કે તમે અત્યારે અહીં બેઠાં છો, પણ માનો કે ગયા ભવમાં તમે કોઈ મુસ્લિમ દેશમાં જન્મ લીધો હતો અને માનો કે ગયા ભવમાં તમે કતલખાનું ખોલેલું હતું... અને અત્યારે તે કતલખાનામાં રોજની ૧૦૦૦ ભેંસ કપાય છે... અને તમને અત્યારે અહીં બેઠાં બેઠાં એ ૧૦૦૦ ભેંસ કપાઈ રહી છે એનું પાપ લાગી રહ્યું છે ! ધર્મક્ષેત્રમાં... ઉપાશ્રયમાં બેઠાં બેઠાં તમને ૧૦૦૦ ભેંસ કપાઈ રહી છે એનું પાપ લાગી રહ્યું છે ! ગયા ભવમાં તમે જે મુસલમાનનો ધર્મ ધારણ કર્યો હતો... ત્યાંથી મૃત્યુ થઈ રહ્યું હતું... ત્યારે તમે... મૃત્યુ સમયે ચાલો હું તમને બધાંને છોડું છું... હું સંથારો કરું છું... મારે હવે તમારી સાથે કોઈ Connection નથી એવા કોઈ ભાવ રાખ્યા નથી !

એટલે ગયા ભવના ભાવ સંસ્કારોનું તમારું Connection આ ભવમાં પણ ચાલું છે ! અને એ ભાવ Connection ના કારણે તમને એ બધાં જ કર્મોનાં બંધન તમને અહીં બેઠાં બેઠાં થઈ રહ્યાં છે !

એની ખબર કેમ પડે ?

એક સાવ નાનકડું બાળક હોય... એ બાળકની Whole Body Check

Up કરાવી લઈએ... એ બાળકને ક્યાંય પણ કોઈ પણ રોગ નથી... પણ બાળક હીબકાં ભરી ભરીને રડી રહ્યું છે... બે દિવસ અને બે રાતથી રડી રહ્યું છે... ગમે તેટલા ઉપચાર કરો... ગમે તે ખવરાવો... પીવરાવો... પણ એનું રોવાનું બંધ થતું નથી ! એને કોઈ શારીરિક તકલીફ નથી. એને નથી પેટમાં દુઃખતું... નથી માથું દુઃખતું... નથી હાથપગમાં દુઃખતું...! પણ આગલા જન્મની અંદર... જ્યાં જન્મ ધારણ કરલો હતો... અને જ્યાંથી મૃત્યુ પામીને આવ્યો છે... યા તો એની સ્મૃતિ સળવળતી હોય... યા તો પેલા લોકો એને યાદ કરતાં હોય, એના મનોભાવ એને અસર કરતાં હોય !

માનો કે, કોઈ વ્યક્તિ અચાનક તમને યાદ આવતી હોય... થોડીવાર પછી દરવાજો ખખડે... તમે દરવાજો ખોલો અને સામે એ જ વ્યક્તિ ઊભી હોય... તમે વિચારમાં પડી જાવ... અરે ! આને તો હું થોડીવાર પહેલાં જ યાદ કરતો હતો અને એ જ આવી ગયો ?

એ વ્યક્તિ જ્યારે તમારી પાસે આવવાની હોય ત્યારે એ પણ તમારો વિચાર કરતી હોય... એટલે એનાં મનો ઠ્ફદ્યત અસર કરતાં હોય એટલે એ તમને પણ યાદ આવી જાય !

એવી જ રીતે, ગયાં ભવના બધાં જ સંસ્કારો... અને એની યાદ એના Waves આ ભાવમાં પણ આવે એટલે જ પેલાં બાળકને કંઈ જ ન થતું હોય છતાં પણ રડવું આવે ! જેમ Waves આવે તેમ કર્મો આવે !

કેમ ? કેમ કે, ગયા ભવનું તમારું Connection ચાલું છે એટલે એ બધાં કર્મ બંધન તમારી સાથે આ ભવમાં પણ આવે છે.

માનો કે, તમારે રાજકોટ જવાનું છે. તમે અગાઉથી રાજકોટની હોટલમાં રૂમ book કરાવી લીધી. તમારે બે દિવસ પછી જવાનું છે... અચાનક કામ આવી જવાથી તમે જઈ શકતા નથી... હોટલની રૂમ તમારા નામથી book થયેલી છે... તમારે હોટલનાં Minimum Charge ના Bill ચૂકવવાં પડે કે નહીં ? ભલે તમે હોટલમાં ગયાં નથી... રૂમમાં પગ મૂક્યો નથી... એનું પાણીનું ટીપું પણ વાપર્યું

નથી... એનો ટુવાલ પણ વાપર્યો નથી...! અરે ! રૂમ જોયો પણ નથી... છતાં પણ તમને રૂપિયા લાગે ? Bill ભરવું પડે...?

પણ ! તમે ફોન કરીને કહી દો કે હવે હું આવવાનો નથી... તો... તો નહીં લાગે...!!

એવી જ રીતે ગયા ભવનાં કરેલાં પાપોનાં તમે એક વખત પચ્ચક્ખાણ કરી લો... તો શું લાભ થાય ?

આપણામાં ઘણાં એમ માને છે કે ભાવથી કરી લીધું એટલે થઈ ગયું... એમાં પચ્ચક્ખાણ લેવાની શું જરૂર છે ? પણ, એને એ નથી ખબર કે, એક વખત પચ્ચક્ખાણ લે એટલે ગયા ભવનાં... ભવોભવના જેટલા Connection હોય બધાં Cut...! એને Call થઈ ગયો... અમે આવવાના નથી !

માનો કે, ગયા ભવમાં માછલી હતાં અને જેટલી નાની માછલી હતી એને ખાતા હતાં... તો આ ભવમાં અહીં બેઠાં બેઠાં પણ માછલીરૂપના ભવની અંદર જેટલી માછલી ખાધી હતી કે નહોતી ખાધી... પણ બધી માછલીનું પાપ લાગતું હોય..! આવું માત્ર ને માત્ર જૈનદર્શનમાં જ બતાવવામાં આવે છે...!

જૈનદર્શન એટલે જગતનું શ્રેષ્ઠ દર્શન...!

આ દર્શનની અંદર સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત આવે છે ! પરમાત્માએ આપણને કેટલી મોટી સમજની Gift આપી છે ! આપણી ઉપર કેટલો ઉપકાર કર્યો છે... !! જગતના કોઈ પણ ધર્મની અંદર આવી વાત નહીં આવે કે ગયા ભવના Relations ને કારણે... ગયા ભવના Connections ને કારણે તમને અત્યારે Reactions આવશે ! આ માત્ર અને માત્ર આપણા જૈનદર્શનમાં જ આવે ! આપણને આપણા આવા ધર્મ ઉપર, આપણા ધર્મગુરુ ઉપર... આપણા ધર્મપિતા પરમાત્મા મહાવીર ઉપર એક પ્રકારે અંતરનો અહોભાવ છલકાવો જોઈએ... કે, હે પરમાત્મા ! તું મળ્યો... તારું શાસન મળ્યું... તારો ધર્મ મળ્યો... તારા ધર્મની સાધના મળી... તારા ધર્મની સમજ મળી છે હવે તો મારે આ ભવની અંદર એવું કરી લેવું છે કે મારો ભવ સાર્થક થયા વિના રહે નહીં !

બોલો ! કોઈ દિવસ આપણને આવા ભાવ થાય ? પરમાત્માનું આવું સુંદર શાસન મળી ગયું છે... આ કરોડ રૂપિયાની લોટરી લાગી ગઈ છે... એવું કોઈ દિવસ feel થયું છે ખરું ?

માનો કે, તમને એક કરોડ અને પચ્ચીસ લાખનો Jackpot લાગી ગયો હોય તો તમારા ચહેરા ઉપર મુસ્કાન કેવી હોય ? તમારી ચાલ કેવી હોય ? તમારું વર્તન કેવું હોય ? અરે ! તમારા રોમેરોમમાંથી સવા કરોડ રૂપિયા નીતરતાં હોય !

આ પરમાત્માનું શાસન પણ સવા કરોડનું... પણ આપણને એની Value શું ?

આ શાસનની એક સામાયિક કરીને આપણને એટલું પુણ્ય મળે કે આપણને એક પલ્યોપમ સુધી દેવલોકમાં રહેવા મળે ? અને એ દેવલોકનાં દેવનાં પગની મોજડીની કિંમત કેટલી ? તો... આખા Worldની જેટલી સંપત્તિ... એની કિંમત કેટલી...? અબજો કે ખર્વો રૂપિયા... એના કરતાં પણ અનેક ગણી કિંમત એ એક મોજડીની હોય ! જો મોજડીની કિંમત આટલી હોય તો આખા મહેલની કિંમત કેટલી હશે ? એના મુગટની કિંમત કેટલી હશે ?

એક સામાયિક કરવાથી... એક પચ્ચક્ખાણ કરવાથી જો આપણને આટલું ફળ મળતું હોય તો આ પરમાત્માનું જિનશાસન જે આપણને મળી ગયું છે તે આપણા રોમરોમમાંથી... શબ્દેશબ્દમાંથી... ભાવોભાવમાંથી નીતરવું જોઈએ !

પણ, આપણે તો ઠીક છે... ચાતુર્માસ છે... ચાર મહિના છે... વ્યાખ્યાન તો રોજ હોય છે જ... આજ ન સંભળાણું તો કાંઈ વાંધો નહીં... કાલ તો છે જ ને ? આજ નહીં તો કાલ...!

પણ યાદ રાખવાનું... ‘‘કાલ તો પડતાં પડશે પણ એની પહેલાં કાળ આવી ચડશે !’’

આવતીકાલ પછી આવશે, આવતો ભવ પહેલાં આવી જશે.

એક વખત જો પરમાત્માની વાણી કાનમાં નહીં પણ હૃદયમાં પ્રવેશ કરી ગઈ તો સમજી લો કે જગતની બધી જ સમૃદ્ધિ, જગતની બધી જ સિધ્ધિ આપણને મળી

ગઈ !

પરમાત્માનું શાસન એટલું શ્રેષ્ઠ છે... પરમાત્માનો એક એક શબ્દ એટલો કિંમતી છે અને પરમાત્માના ધર્મની સાધના નથી નાની... નથી નમાલી કે નથી નકામી...!!

● પરમાત્માના ધર્મનો ખાલી 'નમો' શબ્દ આવે. 'અરિહંતાણં ' તો પછીની વાત છે... માત્ર 'નમો' શબ્દ બોલી લીધો તો ભવ તરી ગયા...!

પણ, ભવ તો જ તરાય, જો અંતરમાં અહોભાવ હોય તો !

અમે જ્યારે પચ્ચક્ખાણ આપીએ ત્યારે હાથ ઊંચો કરીને કેમ આપીએ ?

ઉત્તરાધ્યયનના પહેલા અધ્યયનમાં એક ગાથા આવે છે, અને એ ગાથાનો એક ભાવ એવો છે, જ્યારે ગુરુ કે સંત પ્રસન્ન થાય છે... ત્યારે તે તમારી ઉપર શ્રુત... આપે છે ! શ્રુત એટલે જ્ઞાન... શ્રુત એટલે દર્શન... શ્રુત એટલે સુખ મળે એવી સમજ... અને શ્રુત એટલે જગતભરની સમૃદ્ધિઓનું કારણ...!

ગુરુ જ્યારે પ્રસન્ન થાય છે, ત્યારે શિષ્યને શું આપે છે ? ત્યારે શિષ્યને વિપુલ અર્થવાળી.. સંપત્તિ પ્રદાન કરે છે... શિષ્ય ઉપર એવી કૃપા વરસાવે છે કે ગુરુની દૃષ્ટિ પડે અને શિષ્ય નિહાલ થઈ જાય છે ! હવે તેને કરવા જેવું બીજું કંઈ બાકી રહે નહીં ! તેના એક પણ કામ અધૂરાં ન રહે... તેનાં બધાં કામ સિદ્ધ થઈ જાય ! ગુરુ જ્યારે કૃપા વરસાવે ત્યારે શું કરે ?

શિષ્યના સકલ કાર્યની સિદ્ધિ કરાવી દે...!

આ આગમની વાત છે... આ ઉત્તરાધ્યયન સૂત્રની વાત છે... આ કોઈ ચમત્કારની વાત નથી, પણ આ કેવા પ્રકારની ભાવસમૃદ્ધિ અર્પણ કરે છે, એની વાત છે ! એના વિશેષ અર્થને બતાવતાં ગ્રંથકાર એમ કહે છે કે, જ્યારે પચ્ચક્ખાણ આપતી વખતે ગુરુનો જમણો કે ડાબો કોઈ પણ હસ્ત, હસ્તાંમ્બુજ એના હાથમાંથી નીકળે એ પોતાની સકલ કૃપાશક્તિ... પચ્ચક્ખાણ લેવાવાળા ઉપર પ્રક્ષેપ કરે છે !

આપણને એમ થાય કે મહારાજ સાહેબ અને મહાસતીજીઓ આમ કેમ કરતાં હશે ?

પણ જો કરનારને ખબર હોય તો એ પોતાના પાંચ ભાવોથી પોતાની ભાવકૃપાને સામેવાળાને આપી શકે છે અને જો લેવાવાળાની દૃષ્ટિ હોય તો એ... એ Waves ને જોઈ પણ શકે અને અનુભવી પણ શકે... કેમ કે કૃપાનું એ કિરણ રૂપી હોય છે અરૂપી નથી હોતું !

એ દૃશ્યમાન હોય છે, અદૃશ્યમાન નથી હોતું !

પચ્ચક્ખાણથી શું થાય છે ?

પચ્ચક્ખાણથી ઈચ્છાઓનો નાશ થાય છે.

ઈચ્છા જ્યારે પૂરી થાય છે ત્યારે તૃષ્ણાની આગમાં એક લાકડું પડે છે અને લાકડું ક્યારેય આગને ઠારતું નથી. લાકડું આગને વધાર્યા વગર રહેતું નથી...!

એકવાર જાગેલી ઈચ્છા જ્યારે પૂરી કરવામાં આવે છે ત્યારે એને એક લાકડું મળે છે અને નવી હજાર ઈચ્છા જાગ્યા વગર રહેતી નથી !

પણ પાણી રેડી દો. આગ શાંત થયા વગર રહેશે નહીં ! પચ્ચક્ખાણરૂપી પાણી રેડાય ત્યારે ઈચ્છારૂપી અગ્નિ શાંત થઈ જાય છે.

આ ભાવોને અમલમાં મૂકશો તો ધીમે ધીમે આગ શાંત થશે અને શાંત થતાં ધીમે ધીમે આપણે ઉપશાંત બની અને સિધ્ધ બનીએ એ જ મંગલકામના !

ચૌદમો બોલ

# નમોત્થુણ

## નમો જિણાણં - માનો ખોળો

थवथुइमंगलेणं भंते ! जीवे किं जणयइ ?

थवथुइमंगलेणंणाण- दंसण- चरित्तबोहिलाभं जणयइ, णाणदंसण - चरित बोहिलाभ- संपण्णे य णं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तियं आराहणं आरोहेइ ।।१४।।

પરમાત્મા મહાવીરસ્વામી જ્યારે નિર્વાણ પામી રહ્યા હતાં... ''સામાન્ય વ્યક્તિના મૃત્યુને મૃત્યુ કહેવાય અને અસામાન્ય વ્યક્તિના મૃત્યુને ' નિર્વાણ ' કહેવાય !''

સર્વજ્ઞનાં મૃત્યુને નિર્વાણ કહેવાય અને સાધુ-સંતોનાં મૃત્યુને કાળધર્મ કહેવાય...! જ્યારે સંથારો લઈને મૃત્યુ પામે ત્યારે એને પંડિત મરણ કહેવાય ! પણ,

પરમાત્મા જ્યારે વિદાય લે ત્યારે તેને મૃત્યુનું મૃત્યુ એટલે કે ' નિર્વાણ ' કહેવાય !

પરમાત્મા મહાવીરસ્વામી જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે આપણને કેટલા આગમ આપ્યા ?... બે આગમ આપ્યા... અને પરમાત્મા મહાવીર જ્યારે નિર્વાણ પામી રહ્યાં હતાં... એ સમયે... છેલ્લા બે દિવસમાં... પરમાત્મા મહાવીરસ્વામીએ ૧૬ પ્રહરની દેશના આપી... એ બે દિવસ અને બે રાત્રિની દેશનામાં પરમાત્મા મહાવીરે ૧૧૦+૩૬ અધ્યયન આપ્યાં.

૫૫ અધ્યયન પરમાત્માએ સુખવિપાક સૂત્રનાં ફરમાવ્યા, ૫૫ અધ્યયન પરમાત્માએ દુ:ખવિપાક સૂત્રનાં ફરમાવ્યા, અને સુખ અને દુ:ખ બે વિપાક પૂરા કર્યા પછી... પરમાત્માએ ઉત્તરાધ્યયનની દેશનાની શરૂઆત કરી અને એ દેશનાની શરૂઆત કરતાં કરતાં... આગળ વધતાં વધતાં... ૩૬ અધ્યયન પૂરાં થયાં... અને ૩૭માં અધ્યયનની જ્યાં શરૂઆત થવાની હતી, એ સમયે પરમાત્મા મહાવીર નિર્વાણ પામ્યા....!

જેમ ઝવેરી જતાં જતાં પોતાના દીકરાને બધો જ ખજાનો આપી દે, એમ પરમાત્માએ આપણને જે ખજાનો આપ્યો એ છે ઉત્તરાધ્યયન અને એમાંનો ૨૯મો ખજાનો એ છે 'સમ્યક્ પરાક્રમ'. આ અધ્યયનની અંદર સાધના કરવાની ૭૩ રીત બતાવી છે ! અને એ રીતમાંથી પહેલી હતી... (૧) સંવેગ (૨) નિર્વેદ (૩) ધર્મની શ્રદ્ધા (૪) આલોચના (૫) નિંદા (૬) ગર્હા (૭) સામાયિક (૮) ચૌવિસંથો (૯) વંદના (૧૦) પ્રતિક્રમણ (૧૧) કાઉસગ્ગ (૧૨) પચ્ચક્ખાણ ! અને હવે આવે છે... 'નમોત્થુણં' !

કોઈ પણ વ્યક્તિ શર્ટ પહેરે... પછી બટન કેમ બંધ કરે ? તો એને Discipline કહેવાય. પચ્ચક્ખાણ લઈ લો એટલે બટન બંધ કર્યાં કહેવાય ! માથા ઉપરની ટોપી હોય એને બટન ન હોય, એટલે પવનનું ઝોકું આવતાં ક્યારે ઊડી જાય તેની ખબર ન પડે ! પણ, પહેરેલાં શર્ટનું જો બટન બંધ હોય તો એ નીકળી ન શકે !

પચ્ચક્ખાણ એટલે બટન બંધ !

પચ્ચક્ખાણ ન હોય તો વાપરવાનું મન થયા વિના રહે નહીં ! '' મનનાં

સદ્ગુણના વસ્ત્રને પચ્ચક્ખાણનાં બટનથી કાયમી બનાવી શકાય છે ! ''

પચ્ચક્ખાણથી મન ડગુમગુ કે ઢીલુંપોચું થાય નહીં ! એક નાનો છોકરો એકવાર આવ્યો. કહેવા લાગ્યો... મહારાજ સાહેબ ! ઉપવાસ કરવાનો હતો, મેં કરી લીધો... એમાં તમારી પાસે આવવાની જરૂર શું ?

મેં કહ્યું, વાત સાચી, મારી પાસે આવવાની કોઈ જરૂર નહીં...! પછી એને એક દાખલો આપ્યો, જ્યારે તું સાવ નાનકડો હતો... ત્યારે શર્ટ અને પેન્ટ પહેરતો હતો... જો તે શર્ટનાં બટન બંધ ન કર્યાં હોય તો કોઈ પણ રમતરમતમાં કે મસ્તીમાં તારું શર્ટ કાઢી શકે કે નહીં ? પણ... પણ ! જો તેં બટન બંધ કર્યાં હોય તો ? છોકરાએ તરત જ કબૂલ કર્યું કે, વાત સાચી છે !

પચ્ચક્ખાણ એ આપણા સદ્ગુણોની ઉપર સંકલ્પનું તાળું મારી દે છે !

અને એના કારણે આપણો સંકલ્પ આપણા આત્મ ઘરની બહાર નીકળી શકતો નથી !

ઘરનો કોઈ પણ દરવાજો જો ખાલી અટકાવેલો હોય તો પવનનો એક સપાટો આવે ને ખૂલી જાય...! પણ જો સ્ટોપર મારી દયો તો ખૂલવાનો ચાન્સ એકદમ ઓછો... પણ સ્ટોપર માર્યા પછી એના ઉપર તાળું મારી દો તો ?

એમ સ્ટોપર મારવી એટલે તમારે હાથ જોડવા અને તાળું મારવું એટલે અમારે પચ્ચક્ખાણ દેવાં ! તમારી મારેલી સ્ટોપર કદાચ તમે ખોલી નાખો પણ અમે તાળું મારી દઈએ અને ચાવી અમારી પાસે હોય તો... ?

આ છ બોલ જે આવ્યા એ પ્રતિક્રમણની વિધિના બોલ હતા...!

પહેલાં એણે સામાયિક ગ્રહણ કરી... પછી ચૌવિસંથો કર્યો... પછી પ્રતિક્રમણની વંદના કરી... વંદના કર્યા પછી પ્રતિક્રમણ કર્યું... પ્રતિક્રમણ કર્યા પછી કાઉસગ્ગ કર્યો અને છેલ્લે પચ્ચક્ખાણ ગ્રહણ કર્યાં...!

આ બધું કર્યા પછી આપણે '' નમોત્થુણં '' બોલીએ છીએ... જેને આગમની ભાષામાં ''થવ થુઈ મંગલમ્'' કહેવાય છે !

જ્યારે વ્યક્તિ અંતરમાંથી સંકલ્પ કરે છે ત્યારે એ સંકલ્પ પૂર્ણ થયા વગર

રહેતો જ નથી ! સંકલ્પ પાર પડી જાય પછી આપણને આવડવી જોઈએ સ્તુતિ !!

જ્યારે તમે કોઈ પણ રાજાના દરબારમાં જાવ ત્યારે પહેલાં તમારે રાજાની કુર્નિશ બજાવવી પડે ! '' સલામ '' કરવાથી રાજા નરમ પડી જાય અને તમારા ગુનાઓ કે તમારી સજાઓ માફ કરવામાં આવે ! પણ જ્યારે તમે દરબારમાંથી બહાર નીકળો... સજા તમારી માફ થઈ ગઈ છે... ત્યારે તમે શું દરબારમાંથી એમ જ સીધેસીધા બહાર નીકળી જાવ ?

ના...! બહાર નીકળવું હોય તો પણ એને સલામી ભરવી પડે !

એમ પ્રતિક્રમણની શરૂઆત વખતે વંદનારૂપી સલામી હોય... અને પ્રતિક્રમણ પૂરું થઈ ગયા પછી... પરમાત્માના દરબારમાંથી બહાર નીકળતી વખતે '' થવ થુઈ મંગલમ્ '' જેને આપણે '' નમોત્થુણં '' કહીએ છીએ, એ કરવું જોઈએ ! પચ્ચક્ખાણ થઈ ગયા પછી આપણે નમોત્થુણં બોલીએ છીએ !

' નમોત્થુણં ' એટલે શું ?

નમોત્થુણં એટલે '' થવ થુઈ મંગલમ્ '' !

'' થવ થુઈ મંગલમ્ '' નો બહુ વિશિષ્ટ અર્થ રહેલો છે ! તમારા સંસારીના કોઈ પણ કપડાંને ધોયા પછી એને એકદમ ચમકતું કરવા શું કરશો ?

ઈસ્ત્રી કરશો... બરાબર !

ઈસ્ત્રી કરવાથી પડેલી બધી જ કરચલીઓ રવાના...! એવી જ રીતે, આત્માએ પ્રતિક્રમણ દ્વારા આત્મવસ્ત્રની શુદ્ધિ કર્યા પછી '' થવ થુઈ મંગલમ્ '' એટલે પરમાત્માની સ્તુતિ કરીને શું કર્યું ? તો... એણે પોતાના ઉજ્જ્વલ બનેલા આત્માની ઉપર ઈસ્ત્રી મારી દીધી... !

જે કપડાં ઉપર ઈસ્ત્રી મારેલી હોય એમાં ધૂળ વધારે લાગે નહીં અને લાગે તો તરત જ ખરી પડે...! એવી રીતે જ્યારે પ્રતિક્રમણ પછી... આત્મા પરમાત્માની સ્તુતિ કરી લે છે ત્યારે શું થાય છે ? તો... ત્યારે તેને નવા દોષોના ભાવો ઉત્પન્ન થતાં જ નથી અને કદાચ થાય તો એ ટકતાં નથી...!

આપણે પ્રતિક્રમણ કરી લીધું... ભગવાન પાસે દોષોની માફી માગી

લીધી... દોષોનું પ્રાયશ્ચિત કરી લીધું... હવે ભગવાનની સ્તુતિ કરવાની જરૂર શું ?

ફરી પરમાત્માની સ્તુતિ કરવાની જરૂર ક્યાં ?

જ્યારે કોઈ પણ ગુમડાનું Operation થઈ જાય... એની પાટાપિંડી થઈ જાય... પછી... આપણે ડૉક્ટરને એનું Bill ચૂકવીએ છીએ... એના રૂપિયા ચૂકવીએ છીએ... એવી જ રીતે, પરમાત્માએ પ્રતિક્રમણ રૂપની ઔષધીઓ આપીને આપણા આત્માના અવગુણરૂપી ગુમડાઓનું Operation કરી શુદ્ધિકરણ કરી દીધું, હવે પરમાત્માનું Bill ચૂકવવું એનું નામ છે '' થવ થુઈ મંગલમ્ '' !

જ્યારે તમે દ્રવ્ય નમોત્થુણં કરતાં હો ત્યારે તમારી આખી વિધિ અને વિદ્યાન અલગ જ હોવાં જોઈએ ! જો વિધિ અને વિદ્યાન દ્વારા સ્તુતિ કરીએ તો એમ કહેવાય કે આપણે ઉપકારીઓના ઉપકારનો સ્વીકાર કરીએ છીએ !

જગતમાં અનર્થ સર્જાય છે, એની પાછળનું કારણ એ હોય છે કે એમણે ઉપકારીઓના ઉપકારનો સ્વીકાર નથી કર્યો...!

'ઉપકારીઓનો જ્યારે ઉપકાર નથી માનવામાં આવતો ત્યારે જ ઉપાધિ શરૂ થાય છે !'

ઉપકારીઓનો ઉપકાર એને કહેવાય ' મંગલ ' !

'મંગલ' એટલે, તમે મારી માટે ઉપકારી છો. હું તમારા ઉપકારનો સ્વીકાર કરું છું. માટે હું તમારા ચરણમાં છું. મારે મારા અહંમભાવને ઓગાળી નાખવો છે !

જે સમયે અર્જુનમાળી મુદ્ગર લઈને... ( જે ઉપરથી વધારે અને નીચેથી ઓછું એવું ગોળાકાર ધોકા જેવું અસ્ત્ર હોય ) સુદર્શન શ્રાવકને મારવા ઊભો થાય છે એ સમયે સુદર્શન શ્રાવકે શું કર્યું ? એણે પહેલાં 'નમોત્થુણં'ની મુદ્રા સ્વીકારી !

તમારા ઉપર જ્યારે કોઈ પણ પ્રકારનો ભય આવે. અને તમે જ્યારે મુંઝાઈ ગયા હો... ત્યારે 'નમોત્થુણં'ની મુદ્રામાં બેસીને... જો એક વખત ભાવથી નમોત્થુણં કરી લો તો તમારા હૃદયનાં ધબકારા Normal થઈ જશે ! ભયને કારણે વ્યક્તિના ધબકારા વધી જતા હોય છે.

જ્યારે તમને ભય લાગતો હોય ત્યારે આત્મા ઉપરથી ભયના ભાવોને દૂર

કરવા માટેનો શ્રેષ્ઠ ઉપાય એટલે નમોત્થુણં !

માટે જ, નમોત્થુણંની શરૂઆત કર્યા પછી અંતિમ શબ્દો શું આવશે ?

'જિઅભયાણં !'

નમોત્થુણંની વિધિ વિધાન કર્યા પછી... આત્મામાં ભય રહેતો જ નથી !

એક વખત અનુભવ કરી લેજો... જ્યારે તમે ભયમાં હો... ચિંતામાં હો... ગ્લાનિ હોય... એકવાર નમોત્થુણંની મુદ્રામાં બેસી જજો એ નમોત્થુણં બોલવા લાગશો એટલે ધબકારા ધીમે ધીમે Normal થવા લાગશે !

પ્રતિક્રમણ કરીને પોતાના દોષોને પરમાત્મા સમક્ષ ખુલ્લા પાડ્યા...! હવે જો કોઈની સાક્ષી સમક્ષ ખુલ્લા પાડ્યા હોય તો મનમાં એક આંશિક ભય હોય છે !

એમ થયા કરે કે, મેં આને બધી વાત તો કરી દીધી, પણ આ વાત ક્યાંક ખુલ્લી ન થઈ જાય ?

આપણને આપણી વાત લીક ન થઈ જાયને એનો ભય વધારે હોય છે !

તું નમોત્થુણં કરી લે, તારી એક પણ વાત લીક થશે નહીં !

છોકરાને એના પપ્પા કહીને ગયા હતા... થોડીવાર જ T.V. જોઈને વહેલા સૂઈ જજે... કાલે સ્કૂલે જવાનું છે... ભલે...! મમ્મી-પપ્પા ગયાં...! રાત્રે ૧૧ને બદલે ૧૨ વાગ્યે પાછા આવ્યાં... નીચેથી ગાડીનો હોર્ન સંભળાયો. દીકરાએ ફટ દઈને T.V. કર્યું બંધ... અને આંખ બંધ કરીને સૂઈ ગયો...!

પપ્પા પાસે બીજી ચાવી હતી... અંદર આવીને પપ્પાએ સૌથી પહેલું કામ કર્યું... T.V. ઉપર હાથ મૂકીને જોવાનું... ! પપ્પા કાંઈ ન બોલ્યા... સીધા અંદર દીકરા પાસે ગયા... બેટા ! ઊંઘ આવી ગઈ ?

જે વ્યક્તિ સૂઈ ગયો હોય એ તો નિશ્ચિતપણે સૂતો જ રહે... પણ જે વ્યક્તિ સૂવાનો ઢોંગ કરતી હોય, એના નેણ ખેંચાયેલાં હોય, કેમ કે એને બીક લાગતી હોય કે હું હમણાં પકડાઈ જઈશ. પછી જ્યારે એને ઢંઢોળવામાં આવે ત્યારે '' હં ! શું છે ? '' એમ કરશે... પણ જે સૂઈ જ ગયો હશે એ તો એકદમ બેઠો થઈ જશે અને શું છે ? એમ કહેશે !

એને પૂછવામાં આવ્યું, ભાઈ ! તે T.V. જોયું હતું ? ના... ના... પપ્પા ! હું તો નવ વાગ્યામાં સૂઈ ગયો હતો ! શું એ ઘડિયાળ જોઈને સૂતો હોય ?

પણ, હંમેશાંને માટે આપણી પ્રત્યેક ભૂલો ભયને કારણે જ બહાર આવતી હોય છે.

નમોત્થુણં કરવાથી શું થાય છે ?

આપણા અંતરમાનસમાં જે ભય વ્યાપ્ત થઈ ગયેલો છે એ ભય બહાર નીકળે છે.

આપણા અંતરમાનસની સાથે જે અવગુણો જોડાયેલા હોય છે એ બધાં બહાર નીકળે છે !

નમોત્થુણંની વિધિ પરિપૂર્ણ થાય એટલે આત્મા કેવો બની જાય ?

એના માટે આગમમાં સુંદર શબ્દ આપ્યો છે ''બોધિ'' ! ''તા... દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ !''

અહીં 'બોહિ' શબ્દ આવ્યો. બરાબર !

અહીં 'બોહિલાભં' ! 'આરુગ્ગ બોહિલાભં' ! આ શબ્દ આપણે 'લોગ્ગસ'માં બોલીએ છીએ ! હવે બોલો 'બોધિ' એટલે શું ?

'બોધિ' એકદમ શ્રેષ્ઠ શબ્દ છે.

એકવાર એક 'બોધિ' મળી ગઈ તો આપણા માટે જગતની બધી જ સમૃદ્ધિ મળી ગઈ છે.

'નમોત્થુણંની અંદર ત્રણે ત્રણ યોગ થાય છે. મનયોગ, વચનયોગ અને કાયયોગ !'

કાયયોગથી મુદ્રામાં બેસવાનું, વચનથી નમોત્થુણં બોલવાનું અને મનથી સમર્પણ કરવાનું...!

જ્યાં જ્યાં પણ મન, વચન અને કાયાનો યોગ હોય છે ત્યાં ત્યાં જો શુભ ભાવ હોય તો પુણ્યબંધ થતાં હોય છે. આ એક જ શબ્દથી અંદર તમને આખો જવાબ મળે છે કે ભવિષ્યમાં તમને જૈનધર્મ શેનાથી મળે ?

નમોત્થુણં બોલવાથી ભવિષ્યમાં જૈન ધર્મ અને જૈનધર્મની રુચિ, દેવગુરુ અને ધર્મને પામવા અને પામીને એના પ્રત્યેનો અહોભાવ જાગવો એને 'બોધિ' કહેવાય છે ! ધર્મ મળવો અને ધર્મ મળ્યા પછી ધર્મની રુચિ જન્મવી એ અલગ વસ્તુ છે !

બોધિ એટલે રુચિ !

પરમાત્માને પામ્યા પછી પરમાત્મા પ્રત્યેની રુચિ !

જેમ, જૈનનાં દીકરા આખા હિંગવાલા ક્ષેત્રમાં કેટલાં ? ૧૦,૦૦૦ અને માનો કે એમાંથી ૫૦૦૦ એવા છે જેને જૈન ધર્મની સમજ છે અને એ ૫૦૦૦માંથી ઉપાશ્રયનાં પગથિયાં ચડવાવાળા કેટલાં ?

ગઈકાલે જ એક મારવાડીભાઈ આવ્યા હતાં અને કહેતાં હતાં કે ઘાટકોપરમાં કુલ ૩૩ જગ્યાએ ચાતુર્માસ ચાલી રહ્યાં છે ! આવા ધર્મમય ઘાટકોપરમાં ધર્મક્ષેત્રમાં આવવાની રુચિ કેટલાને ?

શરમે કે ધરમે આવવું એ અલગ વસ્તુ છે, પણ અંતરથી આવવું એ અલગ વસ્તુ છે !

આવવું એ અલગ વસ્તુ છે અને આવ્યા પછી જવાનું મન ન થાય એ અલગ વસ્તુ છે..!

'બોધિ' એટલે અંતરની પરમાત્મા પ્રત્યેની, ગુરુ પ્રત્યેની અને ધર્મ પ્રત્યેની લાગણી અને રુચિ !

હે ભગવાન ! ભવોભવમાં, કેટલાય ભવમાં તું મને મળ્યો હતો, પણ તારા પ્રત્યેની લાગણી મને મળી નથી !

તા... દેવ દિજ્જ બોહિં ! માટે હે દેવ ! આવતા ભવમાં અને ભવોભવમાં તું મને એક જ વસ્તુ દેજે કે, હું તારા પ્રત્યે પ્રેમ કરતો રહું ! હું તારા પ્રત્યે લાગણી રાખતો રહું અને હું તારા પ્રત્યે રુચિ રાખતો રહું... તારા પ્રત્યે અહોભાવવાળો રહું...!

જેમ નદીને સાગર જ ગમે, એમ કોઈ પણ ભવમાં, કોઈ પણ સ્થાનમાં,

કોઈ પણ જગ્યાએ જન્મ લીધા પછી મને તું મળે એટલું જ નથી જોઈતું, પણ મને તારા પ્રત્યે રુચિ અને લાગણીનો ભાવ જન્મે એ જોઈએ છે !

ધર્મ મળવો એ તો પુણ્યનો ઉદય છે, પણ ધર્મ મળ્યા પછી ધર્મ પ્રત્યે રુચિ થવી એ અનંતકાળ પછી આત્મા સાથે ઘટતી ઘટના છે !

જીવને ધર્મ તો ઘણીવાર મળે... તીર્થંકર તો ઘણીવાર મળે... તીર્થંકરનું સમવસરણ પણ ઘણીવાર મળે પણ સમવસરણમાં જવું જ છે અને ગયા પછી પાછું આવવું જ નથી એ ભાવ ક્યારેક જ મળે ! અને એ ભાવ જ્યારે જાગવા લાગે ત્યારે સમજવાનું કે તમે હવે સમ્યક્દર્શનની નજીક છો... તમે હવે સિદ્ધાવસ્થાની નજીક છો !

અત્યારે ઘણાનાં દીકરા-દીકરીઓ ઉપાશ્રયની બહાર એમને મૂકીને જતાં રહે છે... એમને કહેવામાં પણ આવે છે કે, બેટા, મહારાજ-મહાસતીજી છે... દર્શન કરીને જા ! ''હમણાં નહીં પછી !!''

એ શું કામ પછી કહે છે ?

કેમ કે, એની 'બોધિ' પ્રગટી નથી !

''નમોત્થુણં'' કરવાથી જ્ઞાનની રુચિ થાય છે.

જ્ઞાન પ્રત્યે લાગણી જન્મે છે, સમ્યક્દર્શનને પામવાની રુચિ જન્મે છે, 'ચરિત' એટલે ચારિત્રને અંગીકાર કરવાની રુચિ જન્મે છે.

ચારિત્ર ગ્રહણ કરવું અલગ છે અને ચારિત્રને ગ્રહણ કરવાની રુચિ કરવી એ અલગ વસ્તુ છે. ગ્રહણ થાય કે ન થાય, પણ, મારે ક્યારેક તો દીક્ષા લેવી જ છે, એવો ભાવ થવો એ બહુ અઘરું છે. કેમ કે, આત્મા અનંતકાળનું પરિભ્રમણ કરે ત્યાં સુધી એને માત્ર દ્રવ્યલાભ થતો હોય છે.

ધર્મ મળવો એ દ્રવ્યલાભ કહેવાય છે, પણ ધર્મ પ્રત્યે 'બોધિ' જન્મવી એ ભાવલાભ કહેવાય ! અને ભાવલાભ હોય એનું ભ્રમણ થાય નહીં ! દ્રવ્યલાભવાળા તો અનંતાભવ કરે તો પણ એનો પાર ન આવે !

આપણને field મળે છે, fielding મળે છે પણ feelings નથી મળતી !

ઉપાશ્રય આવીએ છીએ... કેમ કે આપણું નામ છે... એમ નહીં... પરમાત્માનો ધર્મ આપણને અનંતકાળ પછી મળ્યો છે એને પાછો ક્યારે મળશે એ પણ નક્કી નથી !

રણમાં મળી ગયેલા પાકા પાણીના મીઠા જળનાં માટલાં જેવો ધર્મ લાગે ત્યારે જ ધર્મ ફળે !

અને જો નદીકિનારે મળેલું માટલું માટલું જ લાગતું હોય તો, સમજવું કે આપણને એ માટલાની કદર નથી ! અને આવતા ભવમાં રણમાં જ જન્મ મળવાનો છે. બોધિ એટલે નમોત્થુણં કરતી વખતે પરમાત્મા પ્રત્યે એટલો બધો અહોભાવ વ્યક્ત કરવાનો છે કે, હે ભગવાન ! આ ભવની અંદર તો મને તારું શરણું મળ્યું છે, પણ મને જગતની બીજી કોઈ સમૃદ્ધિ જોઈતી નથી. બસ ! મને જોઈએ છે માત્ર આવતા ભવે પણ તારું શરણ અને શરણમાં રહેવાની સન્મતિ !

શરણ તો લાખો ભવમાં મળ્યાં છે, પણ શરણમાં રહેવાની સન્મતિ એકેય ભવમાં નથી મળી !

માટે જ આપણે ભટકતાં આવ્યા છીએ !

એમ કહેવાય છે કે, આ જીવે પરમાત્માનાં દર્શન અનંતીવાર કર્યા છે પણ દર્શન પછી દર્શન જ કરવાં છે, એવું ક્યારેય નથી થયું અને એ જ ખોટને કારણે... એ જ કચાશને કારણે... આપણે આજ સુધી ભ્રમણ કરતાં આવ્યાં છીએ !

ઘણી વ્યક્તિને પિક્ચર જોવાનો શોખ હોય... શુક્રવાર આવે ને નવું પિક્ચર આવે એટલે તરત જ જોવા જાય... અને જોઈને બહાર પણ નીકળી જાય... પણ કોક દિવસ એવું બને કે પિક્ચર જોતાં જોતાં એમાં એકમેક થઈ જાય, એનાં ગીતો ગમવા લાગે અને બહાર નીકળ્યા પછી પણ ક્યાંય સુધી એ ગીત ગણગણવાનું મન થયા કરે ! કેમ આવું થયું ?

જ્યારે અસર થાય છે ત્યારે કોઈ કસર બાકી રહેતી નથી !

' એક વખત બોધિ જન્મે છે... સિદ્ધિ એના માટે દૂર રહેતી નથી ! '

બોધ અનંતાભવમાં મળે છે. બોધિ કોક ભવમાં મળે છે !

હે પરમાત્મા ! મને માત્ર બોધિ દેજે, મને બીજી કોઈ સમૃદ્ધિ જોઈતી નથી ! કેમ કે, મને ધર્મ મળશે તો હું પુણ્ય કરવાનો જ છું અને પુણ્ય કરીશ એટલે સુખ તો મળશે જ...! પણ હું ધર્મ કરું એવો અંતરનો ભાવ જાગે એ જ ભાવના છે !

અઠ્ઠાઈ તો ઘણાં કરે છે... એક કરે છે દેખાદેખીથી... અને એટલે જ પારણાંને દિવસે સાંજે પાણીપૂરીની લારી પાસે હોય છે... જ્યારે એક કરે છે સદ્‌બોધ પામીને... મારે પણ ખરેખર પરમાત્માના ધર્મની આરાધના કરવી છે, પરમાત્માએ આટલા માસખમણ કર્યા છે, તો મારે પણ એક ઉપવાસ કરવો છે, એવા ભાવ સાથે જેણે ઉપવાસ કર્યા હોય એના ચહેરા પરની પ્રસન્નતા જ કંઈક જુદી હોય !

મા રોટલી બનાવે અને કામવાળી રોટલી બનાવે એમાં ફરક હોય છે !

એક ખેડૂતે એક શેઠને ત્યાં બાર વર્ષ નોકરી કરી. એનાં ખેતરમાં બળદથી ખેતી કરી. બાર વર્ષ પછી એણે પોતાનું ખેતર લીધું... એટલે એ ગયો શેઠની પાસે !

શેઠને કહે મને બળદની જોડ જોઈએ છે. શેઠ કહે તને આમાંથી જે જોઈએ તે લઈ લે...! ના...! એમ નહીં... હું કાલે આવીશ... બળદને તપાસીશ... એને ચલાવી જોઈશ, પછી મને જે સારાં લાગશે એ લઈ જઈશ...!

શેઠ વિચારે છે... ખેડૂતે બાર બાર વર્ષ સુધી આ જ બળદો સાથે ખેતી કરી છે. આ જ બળદોને હળ જોડ્યા છે... પણ હજુ એને સારા ... ખરાબની સમજણ નથી પડી ?

શેઠ ખેડૂતને પૂછે છે, ભાઈ ! આવું કેમ ?

ખેડૂત જવાબ આપે છે, શેઠ ! આજ સુધી આ બળદ તમારા હતાં... આ ખેતર તમારું હતું... આ ખેતરનો પાક તમારો હતો... અને એમાંથી મળતાં રૂપિયા પણ તમારા હતા. હું તો માત્ર પગાર જ લેતો હતો ! અને, હવે, ખેતર મારું છે, ખેતી મારી થવાની છે, પાક મારો ઉતરવાનો છે, અને એના રૂપિયા પણ મને મળવાના છે, તો પછી હું શા માટે સારામાં સારા બળદ જોઈને ન લઉં ?

આવા ભિન્ન ભાવ શા માટે ?

ધર્મ જ્યારે વ્યક્તિને કરવો છે, ત્યારે મારા માટે કરવો છે, મારા આત્મા

માટે કરવો છે, મારા આત્માના કલ્યાણ માટે કરવો છે... મારે દેખાડવા માટે નથી કરવો... એવો ભાવ જાગી જાય ને તો સિદ્ધિ મળી જાય.

પછી એને પ્રભાવના મળે કે ન મળે કંઈ ફરક ન પડે ! ભાવનાવાળાને પ્રભાવનાની જરૂર પડે જ નહીં ! અને પ્રભાવનાની જેને જરૂર હોય એનામાં ભાવના હોય જ નહીં !

feeling આવી જાય પછી fielding માટે માટે કહેવું ન પડે ! અને fielding માટે કહેવું પડે એને ફીલીંગ હોતી નથી ! બોધિ જન્મી જાય પછી દરેકે દરેક બોધ સોનાનો લાગે...! અને બોધિ ન હોય ત્યારે બોધ માત્ર બોધ રહે... એ ઘડી બે ઘડી જ ટકે !

ભગવાનનાં સમવસરણમાં એક વ્યક્તિ પહેલી જ વાર દર્શન કરવા આવે... ચારે ખૂણામાં એની સોળ સોળ હજાર રાણીઓ બેઠી હોય... પરમાત્માની વાણી સાંભળે... અને ઊભો થઈ જાય... ભગવાન મારે દીક્ષા લેવી છે... મને દીક્ષા આપી દો! ૧૬,૦૦૦ની સામે પણ જુએ નહીં અને ત્યાં ને ત્યાં દીક્ષા ! જ્યારે અંદરમાંથી... અંતરમાંથી બોધિ જન્મે છે, ત્યારે બુદ્ધિ અને શુદ્ધિ આવતાં વાર લાગતી નથી !

જ્યારે અંતરમાંથી બોધિ જન્મે છે ત્યારે બુદ્ધત્વ પામતાં વાર લાગતી નથી !

અનંતાભવોની અંદર આપણને બધું જ મળ્યું છે. એક બોધિ નથી મળી !

'જ્ઞાન' ચોપડાનાં ચોપડાં ભરીને કરોડો વાર મળ્યું છે, પણ એ આપણા માટે ''માહિતી'' હતું !

મનન એક અક્ષર નું પણ ન હતું... જ્યારે જ્ઞાન ગમે ત્યારે મનન થાય... મનનું ચિંતન થાય અને ચિંતન રુચિને જન્માવે !

'નમોત્થુણં'ની મુદ્રાની અંદર જ્યારે વ્યક્તિ સ્તુતિ કરતો હોય છે ત્યારે સ્તુતિ કરતાં કરતાં જ્યારે નમોત્થુણં, અરિહંતાણં, ભગવતાણં, આઈગરાણં... અને આઈગરાણં બોલતાં જ સૂર્યનો ઝળહળાટ કરતો પ્રકાશ દેખાવા લાગે અને

પરમાત્માના એ પ્રકાશ પ્રત્યે અહોભાવ થવા લાગે...! ત્યારે જ સાચી રુચિ જન્મે !

આપણી બારી જ્યારે ખૂલે ત્યારે જ સૂર્યનો પ્રકાશ અંદર આવે છે !

એવી જ રીતે અહોભાવ દ્વારા આપણી બારીઓ ખૂલે છે અને પરમાત્માનો પ્રકાશ આપણા અંતરના ઓરડામાં દિવ્યતા પાથરે છે.

એ દિવ્યતા પાથરે એટલે શું થાય ? નમોત્થુણંની મુદ્રામાં જ એને દિવ્ય પ્રકાશની અનુભૂતિ થવા લાગે છે.

'તિત્થયરાણં' બોલતાં વિચાર આવવો જોઈએ કે ચારે તરફ દરિયો છે. વચમાં કોઈ પણ જાતનાં આધાર વિના તમે ડૂબી રહ્યાં છો અને તમે તરવા માટેનાં પ્રયત્ન કરી રહ્યાં છો... એવા સમયે તમને બેટ દેખાય છે એ તમે ત્યાં પહોંચી જાવ છો... અને એ બેટ ઉપર પગ મૂકતાં તમને જે 'હાશકારો' થાય... એવો હાશકારો 'તિથ્થયરાણં' શબ્દ બોલતાં થવો જોઈએ !

તિથ્થ એટલે બેટ. તિથ્થ એટલે તીર્થ !

જે તારે તે તીર્થ !

જે ડૂબતાં બચાવે તે તીર્થ !

સંસારમાં ડૂબતાને પરમાત્માનો બેટ મળે અને ડૂબતો તરી જાય !

હે પરમાત્માન્ ! દરિયાની વચ્ચે બેટ બનીને તમે મને તારવા માટે આવ્યા છો !

તીર્થ બનાવવું એટલે દરિયાની અંદર બેટનું સર્જન કરવું ! પરમાત્માએ બેટ બનાવીને એક દીવાદાંડી પણ મૂકી છે ! દીવાદાંડી એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા !

પરમાત્માના શાસનમાં તમે દીવાદાંડી બનીને આવ્યા છો, એટલે તમારું જીવન પણ એવું હોવું જોઈએ કે જેને જોઈને બીજા અનેક તરી જાય !

એક તપસ્વીની અનુમોદના કરતાં કરતાં આપણે પણ તરી જઈએ તો સમજવું કે તપસ્વી આપણા માટે દીવાદાંડી સમાન છે !

એક સાધુનાં દર્શન કરતાં કરતાં આપણામાં સરલતા જન્મી જાય તો

સમજવું એ આપણા માટે દીવાદાંડી છે. તીર્થંકર બેટ સમાન ! અને સાધુ-સાધ્વી દીવાદાંડી સમાન !

નમો જિણાણં જિયભયાણં.

હે જિનેશ્વર ! તારું શરણ મારી હર સમસ્યાનું Solution ! તારે શરણે આવ્યો... તારે ખોળે આવ્યો... તારી હૂંફમાં આવ્યો... હવે મને કોઈ ચિંતા નથી !

બાળક આંગણામાં રમતો હોય અને મા રસોડામાં હોય અને અચાનક ખનખન કરતો ટોકરીઓ બાવો આવે... અને બાળક દોડીને સીધો... રસોડામાં અને સીધો માના ખોળામાં...! મા પૂછે, પણ થયું શું ? મા... મા... બાવો !

જોયું છે આવું દશ્ય...? અનુભવ્યું છે આવું દશ્ય ?

ખોટ એટલી જ છે તમે જગતની માના ખોળે ગયાં... પરમાત્માના ખોળે નથી ગયાં...!

અમારી દૃષ્ટિએ પ્રત્યેક સંસારી ટોકરીઓ બાવો અને પરમાત્માનું શરણ એટલે માનો ખોળો !

હિંગવાલાનો ઉપાશ્રય એટલે પરમાત્માનો ખોળો અને બહાર નીકળ્યા એટલે માણસે માણસે ટોકરીઆ બાવા છે.

આપણને એમ લાગે કે લાવ, જલ્દી દોડીને ઉપાશ્રય જાઉં અને આત્માની શાંતિ પામી લઉં... ત્યારે સમજવું કે બાવાથી આપણને બીક લાગી છે અને માની કિંમત સમજાણી છે !

બસ ! આ ભાવ અંતરમાં ઊતરી જાય... નમોત્થુણં બોલતાં બોલતાં આપણને એમ લાગે કે આપણે માના ખોળામાં ગયાં છીએ, અને આપણો બધો ભય ભૂલાઈ ગયો છે.

નમો જિણાણં એટલે માનો ખોળો !

જિઅભયાણં એટલે ભય દૂર...!

આ બે શબ્દો આપણા અંતરમાં ઊતરી જાય...

નમોત્થુણં બોલતાં એક ક્ષણ માટે પણ આ દશ્ય આંખ સામે ખડું થઈ

જાય... આપણા ભાવોમાં એટલી બધી શુદ્ધિ થઈ જાય કે, એ જ ભાવોની શુદ્ધિ આપણને સિદ્ધિ તરફ લઈ જાય એ જ આજના દિવસે મંગલભાવના !

પંદરમો બોલ

# કાલપ્રતિલેખના

## આકાશદર્શન - આત્મદર્શન

**कालपडिलेहणयाए णं भंते ! जीवे किं जणयइ ?**

**कालपडिलेहणयाए णं णाणावरणिज्जं कम्मं खवेइ ।**

સાધુ જીવનની ચર્યાની અંદર આખા દિવસમાં શું શું કરવું એનું આયોજન પરમાત્માએ આયોજિત કરેલું છે, પણ જે સમયે આગમનો સ્વાધ્યાય થઈ શકે એવું ન હોય, એવી કેટલીક કલાકો આવતી હોય છે, તો એ સમયે શું કરવું? એ સમયે કોઇ સાથે વાતચીત ન કરતાં... સાંસરિક વ્યકિતઓ સાથે વાતો ન કરતાં... સાધુ સાધ્વીજીએ ત્યારે આવશ્યક કાર્યો કરવાનાં હોય છે.

સ્વાધ્યાયનો સમય ન હોય તેવો સમય એટલે સવારના ૫.૩૦ થી ૬.૩૦ સુધીનો, બપોરનો ૧૨ થી ૧ સુધીનો અને સાંજના સૂર્યાસ્ત પછીની ૫૦ મિનિટ... અને રાતના ૧૨ થી ૧.

આ સમયે શું કરવું જોઇએ?

તો પરમાત્મા એ માટે એક નિયમ નક્કી કરી દીધો છે.

સવારે ૫.૩૦ થી ૬.૩૦ પ્રતિક્રમણ કરવું. બપોરે ૧૨ થી૧માં ગોચરી કરવી અને સાંજે પ્રતિક્રમણ કરવું!

જે સમયે આગમનો સ્વાધ્યાય ન થઇ શકે એ સમયે પ્રતિક્રમણ કરવું!

પણ, પ્રતિક્રમણ પૂરું થઇ ગયા. પછી સાધુઓએ કાલની પ્રતિલેખના કરવી.

કાલની પ્રતિલેખના એટલે શું?

તો સૌથી પહેલા બે આંખ વડે આકાશને જોવાનું...

પ્રતિક્રમણ પૂરું કરીને અમારે દરરોજ આકાશને જોવાનું... શા માટે?

આકાશ જયાં સુધી લાલ હોય ત્યાં સુધી આગમ સ્વાધ્યાય ન થઇ શકે!

સૂર્યાસ્ત થઇ ગયા પછીની થોડીક ક્ષણો એવી હોય જે સમયે આકાશ લાલ લાલ હોય! જયાં સુધી આકાશ લાલ હોય ત્યાં સુધી દેવોની અવરજવર હોય!

જેવી આકાશની લાલશ દૂર થાય પછી જ સ્વાધ્યાયનો સમય શરૂ થાય!

'કાલ પ્રતિલેખના 'એટલે આકાશનું દર્શન!

પહેલાં સાધુઓ આકાશને જોઇને સ્વાધ્યાયનો સમય તો નકકી કરતા... અને આવતી કાલનો દિવસ કેવો હશે એ પણ જાણી શકતા...!

આવતી કાલે જગતમાં શું શું બનવાનું છે એનું પ્રતિબિંબ આગલા દિવસે જ આકાશમાં આવી જતું હોય છે!

આવતી કાલનો દિવસ નોર્મલ હોય તો એનું આકાશ અલગ હોય.

કાલના યોગથી ખબર પડી જાય કે, આને કાલે પચ્ચક્ખાણ કરાવીશું તો એનું માસખમણ સહજતાથી થઇ જશે અને આને કરાવવાથી નહીં થાય!

ગુરુની જવાબદારી હોય છે. તપસ્વીને તપ કરાવવાની પ્રેરણા આપવાની... તપ શાતાપૂર્વક કરાવવાની અને તપ થઇ ગયા પછી પારણું કરાવવાની!

પારણા પછી પણ કોઇ Problem ન થાય ત્યાં સુધીની જવાબદારી ગુરુની

હોય છે.

માટે જ, આપણે ઘણીવાર છાપામાં વાંચીએ છીએ... પેલા ભાઇ કે બહેને માસખમણની આરાધનામાં કરી હતી અને પારણા સમયે તબિયત બગડી અને હોસ્પિટલમાં જવું પડયું...!!

આવું કયારે થાય?

જયારે વ્યકિત ગુરુની નિશ્રામાં તપની સાધના નથી કરતી ત્યારે...!!

જો ગુરુની નિશ્રામાં એણે સાધના કરી હોય તો એવું બને જ નહીં!

કયા દિવસે... કયા સમયે... કઇ વ્યકિતને કયા યોગમાં તપ સાધના કરાવવી એ માત્ર ગુરુ જ જાણતા હોય છે.

કાલની પ્રતિલેખના એટલે આકાશનું દર્શન.

આકાશને શું કામ જોવાનું?

મારે પરમાત્માની વાણીને વાગોળવી છે.

વાગોળવી એટલે શું?

જેમ ભેંસ કોઇ પણ ખોરાકને પહેલાં ગ્રહણ કરી લે પછી નિરાંતે બેઠા બેઠા તેને વાગોળે એટલે શું થાય?

તેમાંથી દૂધનું સર્જન થાય!

એવી જ રીતે, મારે મારા પરમાત્માના એક એક શબ્દોને અંતર માનસમાં વારંવાર વલોવીને એમાં રહેલા નવનીતભાવને બહાર કાઢવા છે... નવનીતને બહાર કાઢવું છે...!

પરમાત્માએ મને જે કહ્યું છે તે મને કયાં સ્પર્શી શકે, કયાં અસર કરી શકે છે તે ભાવને મારે બહાર કાઢવો છે, માટે મારે સ્વાધ્યાય કરવો છે.

સ્વાધ્યાય એટલે શું?

પરમાત્માના શબ્દો દ્વારા, પરમાત્માના શબ્દરુપી અરીસાની અંદર સ્વના આત્માનું નિરીક્ષણ એનું નામ સ્વાધ્યાય.

શબ્દરુપી અરીસો, પરમાત્માનું આ જ્ઞાન, અને આ જ્ઞાન સાથે પોતાના

આત્માની સરખામણી એટલે સ્વાધ્યાય.

જે લોકો સ્વાધ્યાય કરતાં હોય તેમાંના મોટા ભાગના લોકો આવી રીતે જ કરતા હોય પણ...

સ્વાધ્યાય એટલે શું?

પરમાત્માના શબ્દરુપી અરીસાની અંદર, પરમાત્માના આગમરુપી અરીસાની અંદર સ્વના આત્માનું નિરીક્ષણ કરીને મારી ખોટ કયાં છે? મારી કચાશ કયાં છે? એનું દર્શન કરવું તેનું નામ સ્વાધ્યાય!

એવું કેવળદર્શન મારે પ્રાપ્ત કરવું છે પણ મારા ભગવાનનું જે જ્ઞાન જ છે તે અર્ધમાગધી ભાષામાં રચાયેલા આગમને બોલવાનો અમુક સમય નક્કી હોય છે, અમુક કાળ નકકી હોય છે. તો એ કાળ પાકયો કે નહીં, એ જોવા માટે મારે આકાશ જોવું પડે. એટલે જેવું પ્રતિક્રમણ પૂરું થાય એટલે સંતોની નજર સૌથી પહેલાં આકાશ પર પડે અને આકાશમાં જુએ કે લાલાશ છે કે નહીં ?

જયાં સુધી લાલાશ હોય ત્યાં સુધી આગમનો સ્વાધ્યાય કરી શકાતો નથી અને જેવી લાલાશ પૂરી થાય એટલે તરત સ્વાધ્યાય ચાલુ થઇ જાય.

પ્રતિક્રમણ પછી આકાશનું દર્શન કરવું તેને કહેવાય- કાલપ્રતિ લેખના.

એ શા માટે કરવાનું હોય?

એ કાર્ય પાછળનું કારણ એ છે કે પછી મારે સ્વાધ્યાય કરવાનો છે.

કાલપ્રતિલેખના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થાય છે.

કેમ?

જ્ઞાનપ્રાપ્તિનો પ્રત્યેક પુરુષાર્થ, જ્ઞાનના દોષોને હરી લે છે. અજ્ઞાનના દોષોનો નાશ કરી દે છે.

જેવું હું સાધના કરવાના ભાવ સાથે એક પણ પગલું ઉપાડીશ એટલે મારા આત્મામાં અંદરમાં પડેલા અનંતા અજ્ઞાનના જેટલાં પૂંજ ભેગા થયા છે એ બધાં બહાર!

અનંતા જ્ઞાનાવરણીય કર્મ ખાલી આકાશને જોવાથી ખપી જાય છે. તો શું

માત્ર આકાશ જોવાથી કાંઇ મળે ?

તો... તો... આપણે બધાં આકાશને કેમ જોઇ લેતાં નથી? ના...!

આકાશને જોવાથી નહીં પણ આકાશને જોવા પાછળના કારણથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે. મારે પરમાત્માના શબ્દોનો સ્વાધ્યાય કરવો છે, એ કારણના કારણે જ કર્મો ખપી જાય છે!

ઘણીવાર શું થાય છે, કે આપણે શબ્દો વાંચી લઇએ કે કાલ પ્રતિલેખનાથી જ્ઞાનાવરણીય કર્મ ખપી જાય, એટલે વ્યક્તિ આકાશને દરોરજ સાંજ પડે routines મુજબ આકાશને જોવા લાગે. જોતો થઇ જાય!

ઘણી વાર ઘણાં સંતો પ્રતિક્રમણ પુરું થાય એટલે આકાશને જોવાનું, જોવાનું છે એટલે જુએ કે લાલ છે કે બ્લુ છે? પણ હકીકતમાં ખબર ન હોય કે શા માટે જોવાનું? જોવાનું એટલે જોવાનું... અને પછી પાછા આવીને ગુરુને કહેવાનું કે લાલ નથી. બસ!

પણ એને એ ન ખબર હોય કે આકાશ લાલ નથી એટલે સ્વાધ્યાયનો સમય થઇ ગયો છે અને સમય થઇ ગયો છે એટલે મારે સ્વાધ્યાય કરતાં કરતાં, પરમાત્માના શબ્દોને વાગોળતાં, વાગોળતાં અનંતા કર્મોને ખપાવવાના છે.

બાલો, આકાશને જોવાથી બીજું શું મળે?

સંતોને આકાશ જોવાથી બીજું શું મળે?

એક તો આકાશમાં લાલાશ છે કે નહીં તે જોઇ લે, અને બીજું આકાશને જોવાથી, આકાશના જે એક એક ગ્રહોના અલગ અલગ રંગો હોય છે તે બદલાતા હોય છે અને તેના ઉપરથી આવતી કાલે શું શું થવાનું છે તેની ખબર પડે છે. તેની રોશની અને રશ્મિ બદલાતી હોય છે.

શેના આધારે બદલાતી હોય છે?

અહીંની ઘટનાઓનું પ્રતિબિંબ ત્યાં પડે છે અને ત્યાંની ઘટનાઓનું પ્રતિબિંબ અહીં પડે છે. એ rays જોતાં જોતાં સાધુ સંતો નક્કી કરી લે છે કે આ વર્ષે વરસાદ બહુ વરસવાનો છે કે આ વખતે વરસાદ વરસવાનો જ નથી.

આપણે આવું ઘણી વાર કથામાં સાંભળ્યું છે કે મુનિશ્રી એ અમુક શ્રાવકને નિર્દેશ આપ્યો કે આ વખતે દુષ્કાળ પડે તો તારે શું સેવા કરવી જોઇએ?

એટલે સમજી લેવાનું કે દુષ્કાળ પડવાનો છે, અને મારા મુનિ ભગવંતો મને આજ્ઞા આપી રહ્યા છે કે તું અનાજનો ભંડાર ભરી દે..!

ગુરુના શબ્દોમાં માત્ર સંકેત હોય... એ સીધી આજ્ઞા આપે નહીં, પણ એ સંકેતમાં સમજી જવાનું હોય છે...!

ઘણીવાર ગુરુદેવ વ્યક્તિને બેસી જવાનું કહે એટલે સામેવાળી વ્યક્તિ સમજી જાય કે ગુરુદેવની અત્યારે જવા માટેની આજ્ઞા નથી !

આવું ઘણાં લોકો એ અનુભવ કરેલું છે કે, 'ના' ના સંકેત ઉપર જાય તો કાંઇક વિઘ્ન આવ્યું જ હોય..!

સંતોના શબ્દોમાં સંકેત હોય છે પણ સમજવા માટે સમર્પણતા જોઇએ!

ભાવ એ છે કે સંતો જયારે આકાશને જુએ તો તે, તે સમયના ગ્રહયોગની કેવી દશા છે અને તે દશાઓને પ્રમાણે શું શું ઘટના બનવાની છે ? તેનું નિરીક્ષણ કરે. ઘડિયાળને જોઇને બાર વાગ્યાની જેમ ખબર પડી જાય, આકાશને જોઇ શું શું બનવાનું છે તેની ખબર પડી જાય!

એટલે, સુયોગ્ય શ્રાવકને સુયોગ્ય નિમિત્ત દ્વારા સમાજનું ભલું થાય, ઉત્કૃષ્ટ થાય, સમાજમાં જ્ઞાન, દર્શન ચરિત્ર અને તપની વૃધ્ધિ થાય અને સમાજ આર્થિક અને આધ્યાત્મિક રીતે સુસંપન્ન થાય એ બધી જવાબદારી સંતોની હોય, ગુરુની હોય, આચાર્યની હોય!

માટે આચાર્યનાં લક્ષણોમાં પહેલું લક્ષણ એ આવે છે કે એ ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણકાર હોય છે. જે આચાર્યમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણવાની શક્તિ ન હોય તેને આચાર્ય ન બનાવી શકાય. ભલે તેની પાસે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ હોય પણ જયાં સુધી આ પ્રકારની શકિત કે જ્ઞાન ન હોય ત્યાં સુધી એ સમાજની ઉપર અનુશાસન ન કરી શકે... સમાજને યોગ્ય દિશા ન આપી શકે.

જે સમાજને યોગ્ય દિશા ન આપી શકે એને આચાર્ય ન બનાવી શકાય!

કાલપ્રતિલેખના કરતાં કરતાં અનંતા જ્ઞાનાવરણીય કર્મ ખપે છે.

કર્મ ખપવાથી શું પ્રગટ થાય ?

અંતર સૂઝ પ્રગટ થાય !

ઘણી વાર ઘણી બધી વ્યક્તિ કે વડીલોને ખબર હોય કે આમ થવાનું છે કે આમ થશે, માટે આમ ન કરાય અને આડકતરી રીતે તમને ઇશારો પણ કરી દે..!

એવી વ્યક્તિને આપણે શું કહીએ? હૈયાસૂઝવાળીવ્યકિત કહીએ! હૈયામાં જયારે પરમાત્મા પ્રત્યેનો અહોભાવ વધે છે એટલે જ્ઞાના વરણીય કર્મોનાં આવરણ તૂટવા લાગે છે અને ભવિષ્યમાં શું થવાનું છે એની અંદરમાંથી સમજ પડવા લાગે છે.

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ પાસે એક વખત એક વ્યક્તિ બગસરામાં દર્શન કરવા આવી હતી ત્યારે તપસમ્રાટ પૂ. ગુરુદેવે કહ્યું, ''તું અહીં રોકાઇ જા, તું અહીં દયા પાળ !''

પેલી વ્યક્તિએ કહ્યું કે મારે સાંજના પ્લેનમાં જવું પડશે કાંઇક જરૂરી કામ પતાવવાનાં છે. જયારે પેલી વ્યકિત બહુ રકઝક કરવા લાગી ત્યારે ગુરુદેવ મૌન થઇ ગયા એટલે પેલો મુંઝાયો કે હવે જઇશ તો? ધબકારા વધતાં હતાં અને ન જાય તો નુકશાન થાય એમ હતું પણ ગુરુદેવે તો શાંતિથી બેસવાનો સંકેત આપ્યો છે!

જેના હૃદયમાં સમર્પણતા હોય તે સંકેતમાં સમજી જાય!

પેલાએ વિચાર કર્યો કે જે થવાનું હોય તે થાય પણ હું અહીં જ બેઠો રહીશ.

બીજે દિવસે ગુરુદેવે કહ્યું, હવે હું તને રોકતો નથી.

જ્યાં મુંબઇ પહોચ્યોં એટલે ખબર પડી કે જે આરબોને તે મળવાનો હતો તે ઘણાં લોકો પાસે પૈસા પડાવીને કયાં ગૂમ થઇ ગયા તેની કોઇને ખબર નથી.

હવે તેને ગુરુદેવના શબ્દો કેવા લાગે ?

ત્રીજો દિવસ થયો અને તે પાછો દર્શન કરવા પહોંચી ગયો અને કહ્યું કે ગુરુદેવ હું બચી ગયો !

ગુરુની જવાબદારી હોય છે સમાજનો આર્થિક અને આધ્યાત્મિક વિકાસ

કેમ થાય તે ધ્યાન રાખવું !

જે સમાજ ભૂખમરાથી પીડાતો હોય, જે માણસ સવારનાં પાંચથી રાતના દસ સુધી નોકરી કરતો હોય અને તમે કહો કે સામાયિક કર તો કયાંથી કરવાનો ? અનુકૂળતા હોય તો થઇ શકે નહીં તો...!!

આર્થિક અનુકૂળતા હોય તો જ વ્યક્તિ આધ્યાત્મિક રીતે સંસારમાં ધર્મધ્યાનની સાધના કરી શકે છે, એનો અર્થ એ પણ નથી કે પૈસાને જ મહત્ત્વ છે.

એનો અર્થ એ છે કે તમે જયાં સુધી સંપન્ન ન થાવ ત્યાં સુધી તમે સમસ્યાઓથી ઘેરાયેલા રહો છો અને સમસ્યાથી ઘેરાયેલું મન કયારેય પરમાત્માની સાધનામાં વધારે વિકાસ ન કરી શકે !

સોળમો બોલ

# પ્રાયશ્ચિત

## શુદ્ધિથી સિદ્ધિ

**पायच्छित्तकरणेणं भंते ! जीवे किं जणयइ ?**

**पायच्छित–करणेणं पावकम्मविसोहिं जणयइ, णिरइयारे यावि भवइ, सम्मं, च णं पायच्छितं पडिवज्जमाणे मग्गं च मग्गफलं च विसोहेइ, आयारं च आयारफलं च आरोहेइ ।।१६।।**

કુલ ૭૩ બોલમાંથી એક પણ બોલ એવો નથી કે જે બોલના દોરડાં દ્વારા આપણે ભવ કૂવામાંથી બહાર નીકળી મોક્ષમાં પહોંચી ન શકીએ.

બધાં જ દોરડાં આપણને મોક્ષ સુધી લઇ જઇ શકે !

કેમ ?

આકાશનું દર્શન કરતાં કરતાં જો વ્યકિતને ભગવાનની આજ્ઞા પાળવાનું મન થશે તો સ્વાધ્યાય કરતાં કરતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મો ખપી જશે! આ કર્મ ખપવાથી કેવળજ્ઞાની અને કેવળદર્શની બની જશે અને એ જ કેવળજ્ઞાનના આધારે એ અયોગી બની જશે અને મોક્ષમાં પહોંચશે.

આમાંનો એક પણ બોલ એવો નથી કે જેમાં મોક્ષમાં લઇ જવાની તાકાત ન હોય !

અમારા સાધુજીવનનો નિયમ હોય, કાલપ્રતિલેખના થઇ ગઇ, સ્વાધ્યાયનો સમય તો થઇ ગયો પણ એની પહેલાં,

સાધુ શું સીધો સ્વાધ્યાય કરવા લાગશે ?

ના ! પ્રતિક્રમણ કર્યા પછી કાલની પ્રતિલેખના કર્યા પછી, સાધુજીવનનો નિયમ છે કે એને ગુરુ પાસે આવવું પડે, આવીને બેસવું પડે. આખા દિવસ દરમ્યાન શું કર્યું કોની સાથે કેવો વ્યવહાર કર્યો હતો,ગૌચરીમાં શું લાવ્યા હતાં અને શું નહીં, કેવા પ્રકારના ઘરમાં ગૌચરી કરવા ગયા હતાં ? એ બધી જ આલોચના કરવી પડે. દિવસ આખાનું અવલોકન કરી અને જ્યાં જ્યાં દોષ લાગી ગયા હોય... જેવા કે હું રસ્તા વચ્ચે ગયો હતો અને મારો પગ એક ટમેટાંના બીજ ઉપર મુકાઇ ગયો છે અથવા ગૌચરી એ જતી વખતે માટી ઉપર પગ મુકાઇ ગયો છે, અથવા ભીની માટી ઉપર પગ મુકાઇ ગયો હતો અથવા ગૌચરી વખતે ફ્રીઝને મારી પછેડીનો છેડો અડી ગયો હતો...!!

નાના નાના  દોષ માટે સંધ્યા સમયે પ્રતિક્રમણ પછી ગુરુ પાસે બેસી અને એની એક વિધિ કરવાની હોય છે અને એ વિધિનું નામ છે પ્રાયશ્ચિત !

ગુરુ અને આચાર્યને પોતાના સમુદાયને સ્વસ્થ રાખવાનો પરમાત્માએ ઉત્તમ બોલ બતાવ્યો છે !

જે સમાજની અંદર ઘરના વડીલ પાસે ઘરની નાની નાની ઘટનાની પણ ખબર હોય એ ઘર કયારે ઘર્ષણનું કારણ ન બને, એ ઘર કયારેય તૂટે નહીં!

કેમ?

કેમકે ઘરના વડીલને ખબર હોય કે આ વ્યકિતની આવી પ્રકૃતિ છે તો તેને બે શબ્દો જ કહીશ તો સમજી જશે, જ્યારે બીજાને બે વાકય કહેવા પડશે.

એવી જ રીતે સાધુ સમુદાય એટલે-

અમે આવ્યા કયાંથી?

તો કહે, અમે કાંઇ સીધા દેવલોકમાંથી અહીં નથી આવ્યા.

સાધુ આવે ક્યાંથી?

તો કહે, તમારા સંસારમાંથી...

આવ્યા પછી પણ જમે ક્યાંનું?

સંસારનું..!

સંસારમાંથી આવ્યા હોય, સંસારનું જમતાં હોય એટલે સંસારના ભાવોનો પ્રભાવ સાધુ જીવન પર આવી શકે છે. એ જો આવી શકે તો એ સમસ્યાનું નિવારણ કરવું તે ગુરુની ફરજ હોય છે!

આવી શકે છે એટલે શકયતા છે!

કોની ?

અનેક પ્રકારના દોષ લાગી શકે એની!

તો, ગુરુનું કાર્ય એવું હોય કે કયાં દોષ લાગી શકે એમ છે તેનું સહજતાથી નિવારણ કરી સામેવાળાને ખબર ન પડે એમ એનું ઓપરેશન કરી નાખે !

એના માટે શું કરવું પડે ?

જેમ ડૉકટર  પાસે જઇએ ત્યારે આખા દિવસમાં કયા પેટમાં દુખ્યું અને શું શું થયું હતું તે કહીને બતાવવું પડે !

સાધુ સમાજ સ્વસ્થ હશે તો શ્રાવકસમાજ સ્વસ્થ બનશે. જો સાધુના જ જીવનમાં ખોટ હશે તો એ અવશ્યમેવ શ્રાવક જીવનમાં ખોટ આવ્યા વગર રહેશે નહીં !

જો કૂવામાં ખોટ હશે તો તેમાંથી બહાર નીકળતું પ્રત્યેક પાણી કે નહેર એ ખામી વગરનું ન હોઇ શકે !

સાધુ સમાજની સ્વસ્થતા માટે પરમાત્માએ આ બોલ બતાવ્યો છે... પાયછીત કરણેણં...!

જેમ સાધુ માટે, એમ શ્રાવક માટે આ નિયમ છે કે, શ્રાવક જેવો પ્રતિક્રમણ કરે, પોતાના ગુરુ પાસે આવે, તેની પાસે પોતાના દોષ કહે, મારાથી આજે ખોટું

બોલાયું છે, મેં ચોરી કરી છે, ગુરુદેવ! મને પ્રાયશ્ચિત આપો !

આજેપણ આવા સુયોગ્ય શ્રાવકો એવા ક્ષેત્રમાં છે જે પ્રતિક્રમણ કરી, વંદના કરી, આલોચના કરી, અને પ્રાયશ્ચિત કરે !

તેને બે કે ત્રણ સામાયિક આપવામાં આવે છે, પ્રાયશ્ચિત રૂપે !

જે સમાજ કે જેમાં દોષ ઉગે અને વિકસે તે પહેલાં જ તે મૂળિયાંમાંથી ખલાસ! તો એ સમાજમાં કોઇ દિવસ અશાંતિ થવાવાળી નથી. એ સમાજમાં કોઇપણ જાતનો સડો આવવાની કોઇ શક્યતા નથી!

જ્યારે આજની પરિસ્થિતિ એવી છે કે શ્રાવકોને સામાયિક, પ્રતિક્રમણ તો આવડી ગયું, બહુ બહુ તો થોડાં આગમનાં પુસ્તકો હાથમાં આવી ગયાં એટલે પોતે કોઇની નીચે રહે એવી શક્યતા જ ન રહી અને નીચે ન રહે એટલે નીચા પણાનું ભાન જ ન રહે એટલે એ પોતે પોતાની કક્ષાને શું માનવા લાગે?

મને બધું આવડે છે... બધી જ સમજ છે... બધું જ જ્ઞાન છે! અને અંતે એ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શું કરે ?

એક બંગલામાં એક છોકરો હતો. એને અચાનક ગાંડપણ આવ્યું કે મને આ છત ન જોઇએ. આ છત છે એટલે સૂર્યનો પ્રકાશ આવતો નથી, હવા નથી આવતી. માથા પર આવડી મોટી છત શા માટે રાખવાની ? મને આ છત ન જોઇએ. આ વાત એના બાપાને કહી. તેને બાજુના મકાનમાં ટ્રાન્સફર કર્યો. ફરી એ મકાનમાં પણ કહે મને આ છત ન જોઇએ..!

બાપાએ સમજીને ટ્રાન્સફર કર્યો હતો કે આ મકાનની છત તોડાવી પડશે તો કાંઇ વાંધો આવશે નહીં. છત તોડાવી નાખવામાં આવે છે.. . પેલો છોકરો હવે કહે છે કેવી હવા આવવા લાગી અને હવે સૂર્યનો પ્રકાશ પણ આવવા લાગ્યો. મજા આવી ગઇ!

બે, ચાર દિવસ પછી ધોધમાર વરસાદ આવ્યો.

હવે ?

મકાનની ધોલાઇ થઇ ગઇ અને પોતાની પણ...!

જગતનો નિયમ છે કે જે આપણે આપણા મનનું ધાર્યું કર્યું હોય એને મૂકતાં બહુ વાર લાગે.

મિયાં નાડું પકડે ને પછી પકડીને ભલે ગાડામાંથી પડ્યા હોય પણ તોય નાડું છોડવાની તૈયારી ન હોય...

પેલા ભાઇએ કહ્યું, ઘરમાંનું બધું ખરાબ થઇ ગયું... તો કહે કાંઇ વાંધો નહીં.

પણ, હવે શિયાળાની ટાઢ ચાલુ થઇ. હવે! ઠંડીમાં રાતે ઠુઠવાય પણ પોતાના મનમાં ચાલુ જ રાખે... આ છત તો ન જ જોઇએ... શિયાળો અને ચોમાસું... બે તો ગયા પણ જેવો ઉનાળો આવ્યો એટલે સખત તડકો પડવા લાગ્યો. હવે બિચારો અકળાણો કે આમાં રહેવાશે નહીં, મને છત જોઇએ છે !

એવી જ રીતે આ 'પાયછીત કરણેણં'નો બોલ બતાવે છે કે આપણા જીવનમાં કોઇ પણ જાતના અયોગ્ય દોષો આવે નહીં અને આવે તો ટકવા દેવાય નહીં.

એની માટે શું જોઇએ ?

આવે જ નહીં એની માટે ઉપર છત જોઇશે. ચાહે સાધુ હોય કે શ્રાવક, ચાહે સાધ્વીજી હોય કે શ્રાવિકા. એના વગર એ વ્યકિત પોતાનો વિકાસ કરી શકે નહીં.

આપણને એમ થાય કે ગુરુ પાસે જઇને પોતાનો દોષ બતાવીને આપણને શું થાય ? શું મળવાનું ?

બહુ થાય તો પ્રાયશ્ચિત આપશે... એક એકાણસું આવશે... કરી લેવાનું, વાત પૂરી, પણ એમાં થાય શું ? 'વિશુધ્ધિ !'

કોઇ પણ ગુરુ પાસે પ્રાયશ્ચિત લેવાથી આત્માને શું મળે?

શુધ્ધિ અને વિશુધ્ધિમાં ફરક શું?

આત્માની શુધ્ધિ થઇ અને આત્માની વિશુધ્ધિ થઇ એમાં ફરક શું ?

આ બે શબ્દ જ્યાં સુધી સમજાતાં નથી ત્યાં સુધી પરમાત્માના માર્ગમાં આપણી પ્રગતિ થતી નથી... તો ગતિ ક્યાંથી થઇ શકે?

જેમ સાઇકલને ઘોડો ચડાવીને પેડલ મારવામાં આવે, વ્હીલ બહુ ઝડપથી

ફરતાં હોય, તેમાં ગતિ હોય પણ એને પ્રગતિ ન કહેવાય !

ઘાણીના બળદને રસ્તામાં એકે માઇલસ્ટોન મળતાં જ નથી... એવી દશા છે આ શુધ્ધિ અને વિશુધ્ધિની વાતમાં!

શુધ્ધિ એટલે વર્તનની શુધ્ધિ.

વિશુધ્ધિ એટલે વલણની શુધ્ધિ.

શુધ્ધિ એટલે બહારની શુધ્ધિ

વિશુધ્ધિ એટલે આંતરિક શુધ્ધિ.

આજે ઉપવાસ છે, જમવાનો ત્યાગ છે એટલે જમતા નથી અને બીજે દિવસે જેવું સવાર પડશે એટલે પાછું જમવાનું ચાલુ જ છે... એટલે એમાં ત્યાગ છે, એમાં વૈરાગ્ય નથી...!

**ત્યાગ એટલે છોડવું... વૈરાગ્ય એટલે ફરી વાર ન કરવું.**

ઉપવાસવાળો બીજે દિવસે જમશે કે નહીં જમે?

તો કહે, એને આહારનો છોડયો છે એક દિવસ માટે, પણ આહારની આસકિતને છોડી નથી.

ઉપવાસ કર્યો એટલે આહાર છૂટી ગયો?... ના...!

એની શુધ્ધિ થઇ પણ વિશુધ્ધિ નથી થઇ!

વિશુધ્ધિવાળી વ્યકિતને બીજે દિવસે પારણું કરવાનું મન ન થાય. વિશુધ્ધિવાળી વ્યકિતને આહાર જોવાનું પણ મન ન થાય, વિચાર પણ ન આવે!

શુધ્ધિ એટલે આહારનો ત્યાગ...!

વિશુધ્ધિ એટલે ઇચ્છાનો ત્યાગ...!

આહારનો ત્યાગ કરી માસખમણ કરી લેવું સહેલું છે પણ તેના પારણે પાણી પુરી ખાતાં કેવા લાગે?

એણે ત્યાગ કર્યો હતો, વૈરાગ્ય નહોતો કર્યો!

ત્યાગી બનવું સહેલી વાત છે પણ વૈરાગી બનવું બહુ અઘરી વાત છે.

શુધ્ધિ અને વિશુધ્ધિમાં અંતર એ છે કે, જે સમયે તે ગુરુ પાસે પ્રાયશ્ચિત કરે છે અને બીજે દિવસે જયારે એ પાપની પ્રક્રિયા સામે આવે છે ત્યારે એ વિચારે છે મારે પાછું આ પાપ કરીને સાંજે ગુરુના ચરણમાં જઇને અરજ કરવી પડશે કે મેં પાછું આવું કર્યુ...!!

જે પાપને કહેવું પડતું હોય, બતાવવું પડતું હોય તે પાપ ઘટે છે, એ અંતે મટે છે.

જે પાપ કહેતાં ન હોય તે વધે છે, વિકસતું હોય છે ઘટતું નથી.

જે પાપ ખબર પડે છે તે ઘટે છે,

જે પાપ છૂપાવેલું હોય તે વધે છે.

તમારા જીવનમાં ઉઘાડા પાપ વધારે કે છૂપાયેલા પાપ વધારે?

ઉઘાડા પાપને છોડવા બહુ સહેલાં હોય છે પણ છૂપાયેલા પાપને છોડવા શૂરવીરતા જોઇએ છે.

આપણે ઉઘાડા પાપનો ત્યાગ કરી શકીએ છીએ. છૂપાયેલા પાપને છોડવાનું મન થતું નથી, વિચાર આવતો નથી અને એજ આપણને ઉઘાડા પાપ કરવાની પ્રેરણા આપે છે.

કેમ ?

કેમકે બહારમાંથી ડાળને ગમે તેટલી કાપી નાખો, ફરી ઉગવાની પણ જો મૂળને કાપી નાખો... હવે કોઇ દિવસ ઊગશે જ નહીં !

મૂળ છૂપાયેલું છે એટલે બહાર આવતું નથી. એક વાર મૂળિયાં કાઢી નાખો એટલે ફરી ઉગવાનું નથી વૃક્ષ વિકસવાનું નથી...!

છૂપાયેલા પાપ બહાર આવી જાય તે વ્યક્તિ પાપી રહેવાની નથી.

આલોચના એટલે Open થવું.

પ્રાયશ્ચિત એટલે ગુરુને કહીને ગુરુ પાસે પ્રાયશ્ચિત રૂપી સાબુ માગી પોતાના આત્માને ધોવો એને કહેવાય ''પાયછીત કરણેણં.''

જેમ કેરોસીનવાળા ડબ્બામાંથી કેરોસીન કાઢવું અને એને ધોવું તે બન્ને વચ્ચે

જેટલો ફરક એટલો જ શુદ્ધિ અને વિશુદ્ધિમાં ફરક છે.

ડબ્બાને ખાલી કર્યો પણ હજી અંદરમાં થોડું થોડું પડેલું છે, પણ વિશુદ્ધિ કરી હવે એની અંદરમાં કાંઈ નથી પડેલું. સંપૂર્ણપણે શુદ્ધિકરણ થઈ ગયું છે.

જેના આત્માનું સંપૂર્ણપણે શુદ્ધિકરણ થાય એને કહેવાય ''વિશુદ્ધિ કરણેણં..!''

જ્યારે સાધક આત્મા ગુરુ પાસે જઈને પોતાના પાપ ખુલ્લા કરે છે ત્યારે શું થાય છે ?

એની આગળ પરમાત્માએ એક શબ્દ મૂક્યો છે.

''સમ્મં.''

ઘણી વખત ગુરુને સારું લગાડવા, સારું દેખાડવા અને તમારા જ છીએ એવું બતાડવા માટે, શિષ્ય કે શ્રાવક વર્ગ શું કરે ?

તો પોતે પોતાના નાનાં નાનાં પાપ કર્યા હોય તે ગુરુને કહે ને માફી માગે. ગુરુદેવ મને માફી આપી દો ! એટલે ગુરુને થાય કે આ કેટલો મહાન છે કે પોતાના બધા દોષો બતાવી દે છે.

પોતાના સિર્ફ નાના દોષો બતાવે પણ અંદરમાં જે સાપ સાચવી રાખ્યો હોય તે ન બતાવે, કેમ કે એને ગુરુ પાસે વ્હાલાં થવું છે !

ધર્મનાં ક્ષેત્રમાં પણ સંસારના ક્ષેત્રમાં આચરેલી વૃત્તિઓ આવતી હોય છે. અહીં પણ જ્યારે આ વૃત્તિઓ બહાર આવે છે ત્યારે તે જેટલું નુકસાન કરે છે તેટલું તે સંસારમાં નુકસાન નથી કરતી...!

એક વખત બધાં સાધુઓ સાથે નક્કી કરે છે કે ધર્મધ્યાન અને સાધના સાથે કરીશું, તપસ્યા સાથે કરીશું. પછી જેના અંદરમાં ઈર્ષાનો કીડો પડેલો હતો એવા એક સાધુ બધાં છઠ્ઠ કરે તો પોતે અઠ્ઠમ કરે, કારણ તેને બધાં કરતાં મોટું થવું છે... મહાન થવું છે... શ્રેષ્ઠ થવું છે... દેખાડવું છે...!

અને, જગતમાં સારું દેખાવા લોકો જેટલું કરેછે એટલું બીજા એકેય માટે નથી કરતા. પોતાની જાતનો ભોગ માત્ર સારું થવા માટે જ આપે છે.

આજ સુધીમાં જેટલો પ્રયત્ન સારું દેખાવા માટે કર્યો છે તેના કરતાં એક ટકો સારું પણ થવા માટે પ્રયત્ન કર્યો હોત તો વ્યક્તિનો મોક્ષ થઈ ગયો હોત !

પણ, ધર્મનાં ક્ષેત્રમાં આવીને આવી વૃત્તિ કરવામાં આવે એટલે શું થયું ?

બધાં તીર્થંકરો પુરુષો અને આવું કરનાર ૧૯માં મલ્લિનાથ સ્ત્રી બની ગયાં..!

કેમ સ્ત્રી બની ગયા ?

જગતનો નિયમ છે કે જ્યારે અદેખાઈ કરો છો ત્યારે સ્ત્રી બનો છો અને સ્ત્રીમાં જેટલી અદેખાઈ હોય એટલી બીજે ક્યાંય ન હોય !

૧૯મા મલ્લિનાથને સ્ત્રી દેહ કેમ મળ્યો ?

એ જ કારણ, બીજા બધાં સાધુ છઠ્ઠ કરે તો પોતે અઠ્ઠમ કરે, બધાં અઠ્ઠમ કરે તો પોતે ચાર કરે.

કેમ ?

એને બધાં કરતાં શ્રેષ્ઠ થવું હતું, બધાંને નાના રાખવા હતાં.

જ્યારે પ્રાયશ્ચિત કરવામાં આવે છે, સમ્યક્પ્રકારનું પ્રાયશ્ચિત કરવામાં આવે છે. ત્યારે ગુરુને વ્હાલા થવાની વાત નથી હોતી, પોતાના આત્માને વ્હાલા થવાની વાત હોય છે !

જેને પોતાના આત્માને સારો કરવો છે તે જ જગતમાં સારા બની શકે છે.

જેને બીજાને સારું દેખાડવું હોય તે પોતાના આત્માનું જેટલું ખરાબ કરતો હોય તેટલો બીજો કોઈ ન કરી શકે !

બને છે એવું,

ધર્મક્ષેત્રમાં પણ, ધર્મધ્યાન કરીને પણ સારું બનવા કરતાં સારું દેખાવાની વૃત્તિને આપણે પોષતા હોઈએ છીએ !

આ એક પ્રકારની પાપ વૃત્તિ છે. જેમ ઘરમાં ગેસનો બાટલો ખુલ્લો રહી જાય તો ગેસ બધે ફેલાય અને ખબર પણ ન પડે.. પછી એક નાનકડી ચીનગારી મળે એટલે આખું ઘર બળવા લાગે..!

તેમ સારું દેખાડવાની વૃત્તિ આ ગેસ જેવી છે. ક્યારે ભડકો કરી દે નક્કી ન

કહેવાય... એવી રીતે આ પાપ પણ એવું છે, જે સામે દેખાતું નથી.

હમણાં માનો કે કોઈ કીડી મરી જાય તે દેખાય, કોઈ કોઈકના પર ક્રોધ કરે તે ક્રોધ દેખાય પણ સામેવાળાને સારું દેખાડવાની જે વૃત્તિ છે એ પાપ જેવી લાગે નહીં !

સામાયિક લઈને બેઠા હો અને એક નાનકડી બેબી અડી જાય તો ? એ વ્યક્તિનો ગુસ્સો કેવો હોય ?

જેની પાસે પાયો સાચો નથી એની ઈમારત ગમે ત્યારે કડડડડભૂસ થઈ જાય છે... એવી રીતે... સાચી સમજનો પાયો અને સાધનાની ઈમારત જેની પાસે નથી તેને જેટલું પેલી બેબી એને સામાયિકમાં અડી જાય એનું પાપ લાગશે એના કરતાં અનંતગણું વધારે એના આક્રોશના કારણે લાગશે !

કારણ !

કારણ કે, સામાયિકમાં પચ્ચક્ખાણ કર્યા છે સમતા રાખવાના.

અડી ન જાય એના પચ્ચક્ખાણ છે તેમ ક્રોધ ન કરવાના પણ પચ્ચક્ખાણ છે !

નિયમોનો આગ્રહી હંમેશાંને માટે નીતિને તોડતો હોય છે !

નીતિ એટલે સમતા અને સદ્ગુણ અને નિયમ એટલે બાકીની વિધિઓ !

જેટલી નીતિ પાળવી યોગ્ય છે એટલો નિયમ પાળવો યોગ્ય છે અને જટલો નિયમ પાળવો યોગ્ય છે એટલી નીતિ પાળવી યોગ્ય છે.

જેમ સિક્કાને બન્ને બાજુ હોય, છાપ અને કાટ હોય તો જ સિક્કો, સિક્કો કહેવાય નહીં તો ધાતુનો ટુકડો કહેવાય.

નિયમને વળગીશું તો નીતિ વગરનો નિયમ હંમેશાંને માટે અશાંતિ નોતરશે.

જગતની અંદર જેટલાં પણ ધર્મયુદ્ધ થયાં છે તે બધાં નીતિ વગરનાં નિયમને કારણે થયાં છે.

જેટલાં સાંપ્રદાયિક યુદ્ધ થયાં છે, ધર્મી અને અધર્મીનાં યુદ્ધ થયાં છે તે બધાં નિયમોને વળગેલાઓ માટે થયાં છે.

જેની પાસે નીતિ હોય તેણે નિયમને પહેલાં જાળવવા જોઇએ અને નિયમ

હોય તેને હંમેશાં યાદ રાખવું કે પહેલાં નીતિને જાળવવી જોઈએ.

પરમાત્માનો એક શબ્દ પણ અનંતા પુણ્ય પછી મળે અને અનંતા કર્મોનો ક્ષય કરે અને અનંતા પુણ્યનો બંધ કરે !

પરમાત્માના બે શબ્દ પણ કાનમાં પડે તો જીવ સાર્થક બને !

સાધુજીવનની ચર્યા, પ્રતિક્રમણની પૂર્ણતાએ... એ કાલની પ્રતિલેખના કરે છે, આકાશનું દર્શન કરે છે અને આકાશનું દર્શન કર્યા પછી એ ગુરુ પાસે જાય છે અને આખાય દિવસ દરમિયાન મેં કેવા કેવા પ્રકારની ભૂલો અને કેવા કેવા દોષોનું સેવન કર્યું છે, એ અભિવ્યક્તિ કરશે.

આપણે જેની સાથે રોજ રહેતાં હોઈએ ત્યાં જ આપણો અહંમ્ સૌથી વધારે ટકરાતો હોય છે. જગતની કોઈ પણ વ્યક્તિ સાથે આપણો અહંમ્ એટલો નથી ટકરાતો જેટલો આપણા ઘરની... આપણા પરિવારની અને આપણાં સ્વજનોની સાથે ટકરાતો હોય છે.

જે આપણી નજીક હોય છે... આપણી સાથે હોય છે... આપણી નિકટ હોય છે... એના પ્રત્યે આપણી એક મનોવૃત્તિ હોય છે કે, હું કહું એમ એ કરે અથવા હું મારું ધાર્યું કરું અને એ એનું ધાર્યું કરે...!

આ આપણી મનોસ્થિતિ હોય છે... જ્યારે પરમાત્માએ આવા પ્રકારની સંસારિક મનોવૃત્તિ સાધુજીવનમાં આવે નહીં અને આવે તો ટકે નહીં... એની માટેનો આ BEST ઉપાય બતાવ્યો છે.

જ્યારે વ્યક્તિ સાંજ પડે અને ગુરુ પાસે જઈને... આખા દિવસની મેં આ ભૂલ કરી છે... એમ કહે છે... એક દિવસ કહેવું સહેલું છે... એક મહિનો કે એક વર્ષ માટે કહેવું સહેલું છે, પણ... આખી જિંદગી કહેવું એ બહુ અઘરી વાત છે... કેમ કે, રોજ રોજ સાથે રહેવાથી ક્યાંક ને ક્યાંક કોઈક સમસ્યા અવશ્ય આવતી હોય છે. જ્યારે સાથે રહેવાવાળી વ્યક્તિને આખા દિવસમાં કોક વાર તો ઘર્ષણ થાય કેમ કે દરેક વ્યક્તિ પાસે એનું પોતાનું મન હોય છે..!

''એ મન હંમેશાંને માટે મનગમતું ઈચ્છે છે...!'' દરેક મનનો નિયમ હોય

છે. એને મનગમતું જ ગમતું હોય છે અને અણગમતું એ દૂર કરવાનો પ્રયત્ન કરતો હોય છે. જ્યારે મનગમતું ન થાય ત્યારે મન હંમેશાંને માટે વિદ્રોહ કરતું હોય છે.

એ વિદ્રોહ કાં શબ્દમાં આવે, કાં ભાવમાં આવે... કાં આંખમાં આવે ! એ વિદ્રોહ નેણ ઉપર આવે, હોઠ પર આવે, વધીને હાથ ઉપર આવે અને છેવટે વ્યક્તિ પગ પછાડવા લાગે ! ત્યારે આવી પરિસ્થિતિમાં સુધારો કેમ લાવવો ?

અમારા બધાં જ devotees, બધાં જ ભક્તોને... અમે એક નિયમ આપ્યો છે... ઘરની પ્રત્યેક વ્યક્તિએ સાથે બેસવાનું... પ્રાર્થના કરવાની... અને છેલ્લે બધાંને "SORRY' કહેવાનું ! ''મિચ્છામિ દુક્કડમ્'' સહજ શબ્દ લાગે અને એના અર્થની બધાંને બહુ ખબર ન હોય એટલે વ્યવહાર પૂરતા ''મિચ્છામિ દુક્કડમ્'' બોલી દે. જ્યારે SORRY શબ્દનો અર્થ તો નાનામાં નાના બાળકને પણ ખબર હોય કે, SORRY એટલે ક્ષમા... SORRY એટલે હું તમારી માફી માગું છું . માટે SORRY બોલતાં ઘણાંને અચકાટ થતો હોય છે. જે સૂતાં પહેલાં SORRY કહી દે એટલે આખા દિવસમાં ટકરાયેલો અહંમ્... આખા દિવસમાં... એના પ્રત્યેનો તણાવ ભાવ... એ મનોવૃત્તિ મંદ પડશે... એ શાંત થશે અને ધીમે ધીમે એના પ્રત્યે જે અસદ્‌ભાવ હશે... અભાવ હશે એ તૂટવા લાગશે... અને એ તૂટશે એટલે એને ઊંઘ પણ બરાબર આવશે... નહીંતર... પથારીમાં પડ્યા પછી, સૂતા પછી પણ... ઊંઘ નહીં આવે અને મગજમાં એ જ વિચારો ઘૂમરાયા કરશે કે, એણે મારી સાથે આવું વર્તન કર્યું હતું... મારું આવું અપમાન કર્યું હતું...!

અહીંથી સામાયિક કરીને ગયા હો પણ ઘરમાં તો મગજમાં આવા જ વિચારોનું યુદ્ધ ચાલતું હોય...!

કેમ ?

કેમ કે, રોજની બે સામાયિક કરવાનો નિયમ છે, પણ નીતિ નથી ! સૂતાં પહેલા SORRY કહી દેવાથી શાંતિથી ઊંઘ આવી જશે. શાંતિથી ઊંઘ થઈ હશે તો બીજા દિવસની સવારે વ્યક્તિ FRESH હશે. અને મનથી FRESH રહેવાના કારણે એ બીજા સાથે ઓછો ટકરાશે.

જેનું મન માંદું હોય... એ ચીડાયેલો હોય !! આપણને એમ થાય કે રાતના સૂતાં પહેલા ક્ષમાપના શું કામ કરવાની ? એનાથી શું થાય ? એની પાછળ બહુ મોટો મનોવૈજ્ઞાનિક અભિગમ રહેલો છે કે આના દ્વારા આપણે આપણા સમાજને સ્વસ્થ બનાવી શકીએ એમ છીએ !

અમારી એ જ ઈચ્છા છે, આ આપણો સમાજ... પરમાત્માના શાસનની એકેએક વ્યક્તિ સ્વસ્થ બની જાય...!

જે સમયે... એ ગુરુની પાસે બેસે અને બેસીને કહે કે, ગુરુદેવ ! ''મેં આટલી આટલી ભૂલો આજે કરી છે !'' આવું બોલવું એ કાંઈ સહેલી વાત નથી !

પોતાનો અહંમ્ તૂટે ત્યારે જ આપણે ગુરુની સમક્ષ આપણી ભૂલો વ્યક્ત કરી શકીએ અને જેવી ભૂલો વ્યક્ત થાય છે કે તરત જ અંદરમાંથી ભારોભાર નમ્રતા છલકવા લાગે છે... અંદરમાંથી જ ભારોભાર અહોભાવ છલકવા લાગે છે... અને અંતરનું શુદ્ધિકરણ થવા લાગે છે...!

તમે એક વખત તમારા ઘરની વડીલ વ્યક્તિ પાસે બેસીને... 'મારાથી આજે આટલી આટલી ભૂલ થઈ છે...' એવું કહેજો...!

તમારે કહેતાં પહેલાં પણ તમારા મનને માપવાનું અને કહી દીધાં પછી પણ તમારા મનને માપવાનું...! તમે એક અદ્‌ભુત હળવાશ અનુભવશો...!!

કારણ ? કારણ કે આખા દિવસમાં જે બન્યું હોય છે એ વારંવાર આપણા મનમાં... અને મગજમાં ઘુમરાતું રહે છે... એક વાર પ્રસંગ બની જાય એમાં વાંધો નથી... પણ બન્યા પછી જે સતત મગજમાં બનતું રહે છે એ જ નુકસાનકારક હોય છે.

'ઘટના બહારના જગતમાં એક વાર જ બને છે, પણ અંદરના જગતમાં એ વારંવાર બની રહે છે !'

બહારમાં બની ગયેલી ઘટનાથી બંધાતા કર્મો સો હોય છે, પણ અંદરના જગતથી બનતી ઘટનાથી બંધાતા કર્મો અબજો હોય છે ! ક્યાં સો અને ક્યાં અબજો ?

આ તો માત્ર સમજ માટે શાબ્દિક માપ આપું છું પણ વાસ્તવમાં બન્ને વચ્ચેનો ગાળો અનંતગણો છે !

બહારના જગતમાં બનેલી ઘટનાને ભૂલરૂપે સ્વીકાર કરીને ગુરુની સમક્ષ જ્યારે વ્યક્તિ કહી દે છે પછી અંદરના જગતમાં એનું ઘોળાવાનું બંધ થઇ જાય છે !

આપણે પાંચમાં આરામાં જન્મેલા વ્યક્તિ છીએ. બીજું, આપણે છદ્મસ્થ અવસ્થામાં છીએ અને ત્રીજી વાત... આપણા વર્તમાનમાં આપણા બધાં જ સંજોગો સાનુકૂળ ન હોય... એ વાતને માનવી જ પડે !

અને આ ત્રણ કારણે... વ્યક્તિમાં ક્રોધ આવવો, ગુસ્સો આવવો સહજ છે ! અને અહંમ્ ટકરાવો એ પણ બહુ સહજ વસ્તુ છે ! બસ ! આવું ન થાય... અથવા આવું ઓછું થાય એ માટેનો પ્રયત્ન પણ આપણને મોક્ષ તરફ બે ડગલાં આગળ વધારે છે. આપણે મોક્ષ તરફ બે ડગલાં આગળ વધવું છે. માટે SORRY કહેવું છે...! પછી સામેવાળા SORRY કહે કે ન કહે... આપણને શું ફરક પડે છે ? સળગતા કોલસા આપણે આપણા હાથમાં ભરીને રાખ્યાં હતાં અને એટલે આપણે દાઝતાં હતાં... આપણે તો વેરી દીધાં... મારે સળગતા કોલસા હાથમાં રાખવા જ નથી. આપણા હાથ દાઝવાના બંધ...! હવે સામેવાળો જો એના હાથમાં રાખે તો એ દાઝે...!

આપણે ભાવપૂર્વક એની સાથે 'મિચ્છામિ દુક્કડમ્' કરી લીધું... એને SORRY કહી દીધું... આપણી વાત પૂરી થઈ ગઈ ! અને આવું SORRY કહેવું એનું નામ છે, ''પાયછિત કરણેણં !'' તમે એક વખત SORRY બોલો એટલે મોક્ષના માર્ગમાં તમે બે ડગલાં આગળ આવી ગયા...! મોક્ષના માર્ગમાં બે ડગલાં આગળ વધવું એટલે અનંતકાળ પછીની આપણી શ્રેષ્ઠ સિદ્ધિ કહેવાય !

અને અનંતા જીવો જે નથી કરી શકતા એવી આપણી સિદ્ધિ કહેવાય !

હૃદયથી બોલાયેલા આ 'સોરી' શબ્દનાં બે અક્ષરમાં તાકાત કેટલી ?

અહોભાવ એ જ આપણા ધર્મનો પ્રાણ છે. એટલે જે કાંઈ બોલો કે જે કાંઈ કરો અહોભાવથી જ કરવાનું...!

તમે વાંચણી સાંભળો... પૂરેપૂરા ભાવ સાથે..!

તમે વ્યાખ્યાન સાંભળો... પૂરેપૂરા ભાવ સાથે..!

તમે સામાયિક કરો... પૂરેપૂરા ભાવ સાથે..!

ભલે ઓછું કરો... પણ જેટલું કરો એટલું ભાવ સાથે કરો..!

જ્યારે એણે ગુરુ સમક્ષ ભૂલો વ્યક્ત કરી એ મોક્ષની દિશાનો આરાધક બની ગયો !

''અનંતકાળ પછી... અનંતા જીવોમાંથી... એક જીવને મોક્ષની તરફ એક પગથિયું ચડવા માટેની સિદ્ધિ મળે છે.''

તમારે મન તમારો લોચ એ સહજ પ્રક્રિયા છે, પણ અમારે મન તમારો લોચ એટલે મોક્ષની દિશામાં એક ડગલું આગળ વધવું છે. તમારે મન જગ્યા પોંજીને બેસવું એ એક સહજ ઘટના છે, જ્યારે અમારે મન અનંતકાળ પછી અનંત વ્યક્તિઓમાંથી એક વ્યક્તિને મળેલી સિદ્ધિની નિશાની છે.

રૂમાલ મોઢે આડો રાખી બોલવું એ તમારે મન સામાન્ય સૌજન્ય છે, જ્યારે અમારે મન એ સિદ્ધિની દિશામાં એક ડગલું આગળ વધવું છે !

જે આત્મા વિશે આપણે જાણીએ કે એણે સિદ્ધિની દિશામાં એક ડગલું ભર્યું છે... ત્યારે આપણે એ પણ માનવું જ પડે કે એ ભાવિનો ભગવાન છે !

અને જો એ ભાવિનો ભગવાન છે, તો એના વર્તમાન વિશે વિચારવું નથી... આપણે તો માત્ર એનું ભાવિનું ભગવાનપણું જોવું છે... અને જો ભગવાનપણું જ જોવું છે, તો આપણે એને પૂજી ન શકીએ તો કાંઈ નહીં... પણ એને પજવીએ તો નહીં જ...!! જેને આપણે ભાવિના ભગવાન માનતા હોઈએ એને આપણે પૂજી શકીએ... કાંઈ પજવીએ તો નહીં ?

આગમમાં આ સુંદર વાત કરી છે... મેં મુહપત્તી બાંધી... હું એક ડગલું આગળ વધ્યો... મેં જમીન પોંજી... હું એક ડગલું આગળ વધ્યો... હું 'કરેમિ ભંતે !' બોલ્યો... એક ડગલું આગળ વધી ગયો...!

આપણે જ્યારે આપણી જાતને +ve ના ભાવથી આગળ વધારીએ છીએ

ત્યારે આપણે ઘણા આગળ વધી જઈએ છીએ... અને આપણે જ્યારે આપણી જાતને અહંમભાવથી આગળ વધારીએ છીએ ત્યારે આપણે -ve તરફ આગળ વધીએ છીએ.

આપણો force 'અહંમ'નો ન હોવો જોઈએ... 'અહોભાવ'નો હોવો જોઈએ.

પૂજ્ય મહાત્માજી મહારાજ સાહેબ કહેતા... તમને ઉપવાસ કરીને ડબલ લાભ મળ્યો... એક તો તમે ઉપવાસ કર્યો એનો લાભ... અને બીજું, તમે તમારી પીઠ થાબડી, કે હે આત્મન્ ! તે આજે ઘણું સારું કામ કર્યું કે, તે આજે આ દેહની મમતા મૂકી દીધી ! હવે તું આગળ વધજે અને હવે બે ઉપવાસ કરજે !

આપણે ક્યારેય આવું વિચારીએ છીએ ? એક સામાયિક કર્યા પછી આપણે એટલું જ વિચારીએ છીએ કે, 'આપણે એક સામાયિક કરી !' પણ હે આત્મન્ ! તે આજે એક સામાયિક કરી બહુ શ્રેષ્ઠ કાર્ય કર્યું છે. હવે કાલે તું બે સામાયિક કરજે ! આવું વિચારવાળી વ્યક્તિ જે કરે છે તેની તેને અનેરી અનુભૂતિ થાય છે અને પરમાત્માની કૃપાનો અહેસાસ થાય છે !!

આરાધના હોય પણ જો અહેસાસ ન હોય તો ? એ આરાધના શ્વાસ વગરના શરીર જેવી કહેવાય !'' શ્વાસ વગરનું શરીર... એવી અહેસાસ વગરની આરાધના ! એવી જ Feeling વગરની Fielding ! બહુ જ વિચાર કરજો... બહુ જ મનન કરજો... વર્ષો ભલે વીતી ગયાં... પણ આ વર્ષે મારે કંઈક અનોખું જ કરવું છે, જે મારા આત્માને સ્પર્શી જાય !!

'મગ્ગ ફલમ્' = એક ડગલું આગળ...!

વિસોએહિ = વિશુદ્ધિ પામવી...!

શુદ્ધિ અને વિશુદ્ધિ વચ્ચે શું ફરક ?

ત્યાગને શુદ્ધિ કહેવાય અને વૈરાગ્યને વિશુદ્ધિ...!!

ત્યાગ એટલે છોડવું અને વૈરાગ્ય એટલે પછી ક્યારેય ન લેવું !

આહારને છોડવો એ ઉપવાસ છે પણ પછી ક્યારેય આહારને ગ્રહણ ન કરવો

એ આહારનો વૈરાગ્ય છે !

જેમ 'માંસાહાર'ની વાત આવે એટલે આપણે તરત જ કહીએ એ તો અમે કરતા જ નથી અને ન જ કરીએ ! એ બતાવે છે કે માંસાહાર પ્રત્યે આપણો વૈરાગ્ય છે.

''કંદમૂળ'' તો મારે એ ખાવું જ નથી. તો એ આપણો વૈરાગ્ય છે, પણ રોટલી !! આજે ઉપવાસ કર્યો છે, માટે એનો ત્યાગ કર્યો છે, પણ આવતી કાલે તો ખાવી પડશે.

''માંસાહારનો વૈરાગ્ય હોવો જોઈએ અને શાકાહારનો ત્યાગ હોવો જોઈએ !'' કંદમૂળનો વૈરાગ્ય હોવો જોઈએ અને જે કાંઈ પણ અચેત વસ્તુ આપણે વાપરી રહ્યાં છીએ એનો ત્યાગ હોવો જોઈએ ! પણ આજ સુધી આપણને ત્યાગ અને વૈરાગ્ય વચ્ચેના સાચા ભેદની ખબર જ નથી ! **ત્યાગ એટલે છોડવું અને વૈરાગ્ય એટલે કાયમ માટે છોડવું !!**

ગુરુની સમક્ષ જ્યારે મિચ્છામિ દુક્કડમ્ કહી ભૂલનો સ્વીકાર કરી લીધો... ગુરુની પાસે બેસીને મારાથી આ ભૂલ થઈ ગઈ હતી... એવું વ્યક્ત કરી દીધું એનું હૈયું એકદમ હળવું ફૂલ થઈ ગયું ! ડૉક્ટરની પાસે આપણે જ્યારે બતાવી દઈએ ક્યાં કાંટો વાગ્યો છે ? ક્યાં પેટમાં દુઃખે છે ? પછી આપણે હળવા થઈ જઈએ... કેમ કે, હવે ડૉક્ટર આપણને સાજા સારા કરી દેશે ! એવી જ રીતે જ્યારે તમે ગુરુને તમારી ભૂલો બતાવો. એ તમને પ્રાયશ્ચિત્ત રૂપે એક વિધિ બતાવશે અને એ વિધિ કરો એટલે એકદમ શુદ્ધ થઈ જવાય !

ઘણાં એવા લોકો છે જેનાથી જીવનમાં કેટલાંક એવા પાપ થઈ ગયા હોય, જે પાપ અભાન અવસ્થામાં થયા હોય... અથવા તો એની પરિસ્થિતિ અને સંજોગોના કારણે થયા હોય... અથવા તો મોહભાવને કારણે થઈ ગયા હોય... પછી વ્યક્તિ સામાયિક કરતી હોય... પ્રતિક્રમણ કરતી હોય... કે ઉપવાસ કરતી હોય... પણ રહીરહીને તરત જ એને ખટકો થાય કે, મેં બહુ મોટી ભૂલ કરી હતી... મારાથી ખોટું થઈ ગયું હતું...! અને આ જ કારણે એ વ્યક્તિ પોતાની જાત માટે -ve થઈ ગઈ હોય

છે! એના મનમાં ગ્રંથિ બંધાઈ જાય કે, હું તો આવી જ છું. મારાથી આનાથી વિશેષ કાંઈ થઈ જ ન શકે...! હું તો ભૂલો કરવાવાળી જ છું... વગેરે વગેરે...! પછી હું ઉપવાસ કરું કે સામાયિક કરું શું ફરક પડવાનો હતો ?

અમદાવાદમાં એક બહેન હતાં જેમને T.B. થયો હતો અને એના કારણે જિથરી હોસ્પિટલમાં લઈ ગયાં હતાં... એ વખતે એ એટલાં બધાં ગભરાઈ ગયાં હતાં કે, હું મરી જઈશ તો મારાં આ નાનાં નાનાં બે બાળકોનું શું થશે ? અને ગભરાટના કારણે એનાથી બે ઈંડાં ખવાઈ ગયાં... પણ પછી એણે સંકલ્પ કર્યો હતો કે, હવે મારે ખાવા જ નથી !! પછી તો એ ગમે તે સાધના કરે... સામાયિક... પ્રતિક્રમણ કરે... માળા કરે... જાપ કરે... મનમાં એક જ વિચાર આવ્યા કરે.... ' મેં કેટલું ભયંકર પાપ કર્યું હતું ? ' અને આ વિચારને કારણે એક પણ સાધનામાં એનું ધ્યાન રહે જ નહીં... એનું ચિત્ત ચોંટે જ નહીં... બસ એક જ વાત યાદ આવ્યા કરે... મેં કેવી ભૂલ કરી ? મારાથી કેવું પાપ થઈ ગયું ? અને આમ વિચારમાં ને વિચારમાં એણે બધી સાધના છોડી દીધી... માળા ફેરવવાનું મૂકી દીધું... સામાયિક - પ્રતિક્રમણ છોડી દીધાં...! બસ ! મનમાં એક જ ભાવ... હું બહુ ખરાબ છું ! એના પતિ આવ્યા અને કહેવા લાગ્યા, ગુરુદેવ એને સમજાવો...!

પાપ થયું છે... તો પ્રાયશ્ચિત કરશે તો પાપ ધોવાઈ જશે !

પાપ ધોવાનો પ્રયત્ન કરશે તો પાપ ધોવાવાના જ છે, પણ...! પાપ છે... પાપ કર્યુ છે... એવું વિચાર્યા કરવાથી કાંઈ વિશુદ્ધિ ન થાય !!

પોતે જ્યારે પોતાની માટે નેગેટીવ બને છે ત્યારે સાધના પણ છૂટી જતી હોય છે. આવી ક્ષણોમાં શું કરવું જોઈએ ?

તો... ગુરુની પાસે જઈને... તમારા દોષોનો સ્વીકાર કરી લ્યો... તમારી ભૂલોને વ્યક્ત કરી દો... અને ગુરુ આપે એ પ્રાયશ્ચિત કરી લો...!!

ચાલો ! તમારાથી બે ઈંડાં ખવાઈ ગયાં છે. આટલું આટલું પ્રાયશ્ચિત કરી લો...! બહેન એકદમ હળવાફૂલ થઈ ગયાં...! કહેવા લાગ્યાં.... મહારાજ સાહેબ ! પ્રાયશ્ચિતથી વિશુદ્ધિ થઈ જાય ? હા ! જરૂર થઈ જાય !! એ બહેન એકદમ ખુશ થઈ

ગયાં... અને ૧૨૦ આયંબિલનું પ્રાયશ્ચિત આપ્યું હતું, એ તેમણે દોઢથી બે વર્ષમાં પૂરું કરી ફરી પાછા દર્શન કરવા આવ્યા ત્યારે વાત કરી કે મન એકદમ હળવું અને પ્રસન્ન થઈ ગયું છે. રોજ સામાયિક, પ્રતિક્રમણ અને માળા કરું છું અને આટલાં પુસ્તકોનું વાંચન કર્યું છે !

'અંદરમાં જ્યારે આપણે આપણી જાત માટે નેગેટીવ વિચાર કરીએ છીએ ત્યારે સાધના પણ આપણને નિરર્થક લાગવા લાગે છે !' ઘણીવાર વ્યાખ્યાનમાં સાંભળે કે આમ કરવાથી આટલું પાપ લાગે અને આમ કરવાથી આટલું પાપ થાય... બસ ! પછી તો એ એવા નેગેટીવ બની જાય કે મેં આટલાં પાપ કર્યાં છે... હું રોજ આટલાં પાપ કરું છું... નક્કી હું નરકમાં જ જઈશ ! પછી હું ધર્મ – ધ્યાન કરું કે ન કરું ફરક શું પડે છે ? પણ ના...! એવું નથી હોતું... એવું ન હોવું જોઈએ...!

માનો કે, તમે એક મેદાનમાંથી પસાર થવાના છો... તમે સ્વચ્છ શ્વેત વસ્ત્રો પહેર્યા છે...! અને થોડી વાર પહેલાં વરસેલા વરસાદને કારણે મેદાન કાદવ–કીચડવાળું થઈ ગયું છે... અને તમને બે–ચાર છાંટા ઊડે છે... એ છાંટાને જોઈને તમને થાય છે કે, અરરર ! આ બે છાંટા ઊડી ગયા ! બહુ ખરાબ થયું... મારાં કપડાં ગંદા થઈ ગયાં... આવા આવા વિચારો કરતાં કરતાં આગળ વધો... તો શું લપસી ન પડાય ? અને લપસી પડો ત્યારે આખેઆખા કપડાં કાદવવાળા થાય કે ન થાય ?

હા ! બે છાંટા ઊડ્યા છે, પણ મારે હવે ધ્યાન રાખવું છે કે, હવે ત્રીજો છાંટો ન ઊડે ! અને સંભાળપૂર્વક જશે તો મેદાન પણ પાર થઈ જશો અને કપડાં પણ વધારે કાદવવાળા નહીં થાય !

પણ ! ડાઘાને જ જોયા કરશો, તે માર્ગને જોશે નહીં...!

ભગવાને પસ્તાવો કરવાનું કહ્યું છે, પણ આર્તધ્યાન કરવાની ના પાડી છે ! પોતાની જાતને જે નેગેટીવ માને છે એ સાધનાના ક્ષેત્રમાંથી ફેંકાઈ જાય છે.

હા ! સંસાર છે અને સંસાર પાપથી ભરેલો છે એ સો ટકાની વાત છે. નાનાં નાનાં ઘણા પાપો આપણા દ્વારા થઈ રહ્યાં છે, પણ સાથે સાથે એ વાત પણ ચોક્કસ છે કે, પરમાત્માનું શાસન આપણને મળ્યું છે એટલે આપણે કમ સે કમ આદિ માનવ

જેવા માનવભક્ષી તો નથી જ...!! અર્જુનમાળી જે રોજના સાત જીવને મારતો હતો એનો પણ જો છ મહિનામાં મોક્ષ થઈ જતો હોય, તો... ભલે મેં ભૂતકાળમાં ગમે તેટલાં પાપ કર્યા હોય... હજુ મારી પાસે આવતી કાલ છે, મારા પાપ ધોવા માટે...!!

અતિચાર ભલે લાગે... નિરાતિચાર બની શકાય છે. દોષ ભલે લાગે... શુદ્ધિકરણ થઈ શકે છે... પેટમાં ભલે દુઃખે... દવા લઈ શકાય છે...! તમે તમારી સાધનાને... તમારી વિચારશૈલીથી... તમારા દષ્ટિકોણથી એટલી બધી સરળ બનાવી દ્યો કે તમને ધર્મ અનુભવાય !

આજે આપણે ધર્મ કરીએ છીએ, પણ ધર્મને અનુભવી શકતા નથી.

કેમ કે, ધર્મીના ચહેરા ઉપર જે પ્રસન્નતા જોવા મળે... જે મરકતો ચહેરો હોય... જે અનુપમ આનંદ હોય... એના ચહેરા પર જે અનેરી શાંતિ હોય... એવી શાંતિ ભાગ્યે જ કોઈના ચહેરા પર દેખાતી હોય છે !

પરમાત્માનો ધર્મ તો તમે ગમે ત્યાં ગમે તે સ્થાને ગમે ત્યારે કરી શકો છો, અને ભૂલ થાય ત્યારે ગુરુ પાસે જાવ કે કોઈ સુયોગ્ય વ્યક્તિ પાસે જાવ... કહી દો કે, મેં આટલી આટલી ભૂલો કરી છે ! તમે ડાઘને જોયા કરશો તો તમે લપસી પડશો ! માર્ગને જોશો તો ડાઘ એક દિવસ ધોવાઈ જશે !

આ દષ્ટિકોણ આપણા સંપર્કમાં આવતી પાંચ પાંચ વ્યક્તિઓને આપણે આપવાનો છે. આસપાસની અને ઘરની પાંચ વ્યક્તિઓને આપવાનો... કેમ કે, આજકાલના યુવાનો એમ જ માને છે કે, અમે તો બહુ પાપ કર્યુ છે, પછી ધર્મ કરીએ કે ન કરીએ શું ફરક પડે છે ? બે પાપ સાથે ભેગા બીજા ચાર પાપ વધારે...!! આમ પણ નરકમાં જ જવાના છીએ તો ત્યાં જઈને થોડું વધારે ભોગવી લઈશું ! આવી વિચારશૈલી ધરાવતો આજનો યુવાવર્ગ છે. એમને મન આખો સંસાર જ ખોટો છે. વાત સાચી છે. તને બે ડાઘ લાગ્યા છે એનો મિનીંગ એમ નથી કે તારે કાદવમાં આળોટતાં આળોટતાં જવું!

એકવાર વિચારોનું શુદ્ધિકરણ લઈ આવો...! આચારોના શુદ્ધિકરણ આપણે લાખ વાર કર્યા... વિચાર અને ભાવનું શુદ્ધિકરણ કરવાના આપણે પ્રયત્ન નથી કરતાં

એટલા માટે આપણે આટલી સાધના કર્યા પછી પણ પામતા નથી.

એક નક્કર દૃષ્ટિકોણ ઊભો કરી દો...! બસ ! મારે આટલું આટલું તો કરવું જ છે...! આ પ્રકારનું કરવું છે અને આવા પ્રકારનું કરવું છે... પછી જુઓ... આપણી કેટલી શુધ્ધિ અને કેટલી વિશુધ્ધિ... અને પરમાત્માના ધર્મની પળે પળે અનુભૂતિ...!!

કેટલી સહેલી વાત છે ?

આમાં નથી માસખમણ કરવાનું કે નથી આખો દિવસ ઉપાશ્રયમાં રહીને પોષો કરવાનો...!!

જેની પાસે વિચારોની વિશુધ્ધિ નથી, એ ગમે તેટલી શુધ્ધિ કરે તો પણ સાર્થક બનતી નથી !

જેની પાસે નીતિનું શુધ્ધિકરણ નથી... એ ગમે તેટલા નિયમોનું શુધ્ધિકરણ કરે એ સાર્થક બનતું નથી !

આપણે જેની સાથે અને જેની આસપાસ રહીએ છીએ... એની વચ્ચે ક્યાંક અને ક્યારેક તો ભૂલ થાય જ !

ભૂલ ન થાય એવો કોઈ માનવી જ ન હોય ! દોષ ન થાય એવો કોઈ માનવી જ ન હોય !! એક પણ વ્યક્તિ એમ ન કહી શકે કે હું 100% Neat & Clean છું !

જે વ્યક્તિ પોતે જ Neat & Clean નથી, તેને મળવાવાળી વ્યક્તિ Neat & Clean જ હોવી જોઈએ એવો આગ્રહ ન રખાય !

જે Neat & Clean હોય એણે જ Neat & Clean નો આગ્રહ રખાય !

આપણે જ્યારે આપણી જાતને જોઈએ છીએ... ત્યારે બીજાની માટે ઉપાડાયેલો આપણો પથ્થર આપોઆપ નીચે પડી જતો હોય છે. જ્યારે ભૂલ થાય... દોષ થાય... ખામી આપણા જીવનમાં આવે ત્યારે ગુરુની પાસે, મહારાજ સાહેબ પાસે જઈને આપણે આપણી ભૂલની એક કબૂલાત કરી લેવી... confession કરી લેવું, પણ આપણે આપણી જાત માટે ક્યારેય નેગેટીવ વિચાર ન કરવા...!

પ્રાયશ્ચિત કરવાથી પાપકર્મની વિશુધ્ધિ થાય છે. શબ્દનો અર્થ બરાબર

સમજી લ્યો... એણે ગુરુની પાસે દોષ કબૂલ કર્યા... ગુરુએ એને પ્રાયશ્ચિત આપ્યું... પાપકર્મની વિશુધ્ધિ થઈ !

અહીં કર્મની વિશુધ્ધિ થઈ એવો શબ્દ ન આવ્યો, પણ પાપકર્મની વિશુધ્ધિ થઈ. એનો અર્થ એમ થયો કે કર્મો પણ ખપ્યાં અને કર્મનું કારણ 'પાપ' પણ ખરી ગયું ! કર્મો ખપવા એ અનંતવાર બને છે, પણ કર્મોનું કારણ 'પાપ' ખપી જાય એ કોકવાર જ બને છે !

કર્મો ખપવા એ અનંતીવાર બને છે, કેમ કે જે કર્મો બંધાણાં... ભોગવ્યાં અને ખપી ગયાં... એનું મહત્ત્વ નથી. કર્મ ખપે એનું એક ટકો પણ મહત્ત્વ નથી. કર્મનું કારણ એવું 'પાપ' ખપે એ જ સૌથી મહત્ત્વની વાત છે. કાંટાને કાપવા એ મહત્ત્વનું નથી, પણ મૂળ તમારા કપાઈ ગયાં એ જ મહત્ત્વું છે. પ્રાયશ્ચિત કરવાથી પાપની વિશુદ્ધિ થાય છે. નિરાતિચાર થવાય છે.

અંતરમાં કોઈ ભૂલ, દોષ કે પાપ રહેતાં નથી ! સમ્યક્ પ્રકારે જે પ્રાયશ્ચિતનો સ્વીકાર કરી લે છે એ મોક્ષના માર્ગની અંદર ધીમે ધીમે આગળ વધે છે... અને એના આચરણની પણ વિશુદ્ધિ થયા વગર રહેતી નથી !! આ સાથે ૧૬ બોલ પૂરા થઈ ગયાં... એટલે તમારી પાસે ૧૬ પ્રકારની માસ્ટર KEY આવી ગઈ છે !

મોક્ષ મેળવવા માટે પરમાત્માએ જે માર્ગ બતાવ્યો છે એની સોળ સોળ કેડીઓ પસાર થઈ ગઈ...!

કેટલી ઉત્તમ વાત છે ! ગુરુએ આપેલું પ્રાયશ્ચિત પૂરું કરી લીધું...

હવે ફરી પાછો એ ગુરુ પાસે જાય છે. કેમ કે, કામ પત્યું અને ગુરુ ભૂલાણા એવું કોઈ સાધક ન કરે !

ત્યારે એ શું કરશે ? એના માટેનો બોલ છે ''ક્ષમાપના !''

**સતરમો બોલ**

# ક્ષમાપના

## સુખી થવાનો શ્રેષ્ઠ શબ્દ SORRY !

**खमावणयाए णं भंते ! किं जणयइ ?**

**खमावणयाए णं पल्हायणभावं जणयइ, पल्हायण भावमुवगए य सव्वपाण – भूय – जीव – सत्तेसु मित्तीभाव – मुप्पएइ, मित्तीभावमुवगए यावि जीवे भावविसोहिं काऊण णिब्भए भवइ ।।१७।।**

ક્ષમાપના કરવાથી હે ભંતે ! જીવને શું લાભ પ્રાપ્ત થાય છે ?

બોલો ! SORRY કહેવાથી શું લાભ થાય ?

ભગવાને આવી નાની નાની વાત... આવી સામાન્ય બાબતોને શું કામ આગમમાં બતાવવી પડી હશે ?

પરમાત્માને મોક્ષમાં જતાં જતાં છેલ્લી ક્ષણોમાં શા માટે આવું બધું કહ્યું હશે ? કે તમે... ક્ષમાપના કરજો... પ્રાયશ્ચિત કરજો... આલોચના... કરજો !!!

કહેવાય છે કે, આંખ આખા આકાશને જોઈ શકે છે, પણ એક નાનકડી રજ... જો આંખમાં પડી જાય તો આકાશ દેખાવાનું બંધ થઈ જાય !

ટ્રકનું ટાયર સો ટનના વજનનો ભાર ખમી શકતું હોય... પણ જો એક કાંટો કે નાનકડી પીન પણ ઘૂસી ગઈ તો... ખલાસ ! બધી હવા બહાર...! પછી શું એ સો ટનનું વજન ઝીલી શકે ? એવી જ રીતે સાધનાનાં ક્ષેત્રમાં ગતિમાન સાધકની આવા નાનકડા નાનકડા POINTSને કારણે... બધી હવા નીકળી જતી હોય છે.

જે દિવસે તમને તમારા ઘરની કોઈ પણ વ્યક્તિ સાથે કોઈ પણ PROBLEM ન હોય... તમે સહજતાથી ઊઠ્યા... Routine Work પ્રમાણે તમે બહાર નીકળી ગયાં... એ દિવસ તમારો ખુશનુમા જશે...!

પણ ! જે દિવસે તમને ઘરની કે આસપાસની કોઈ વ્યક્તિ સાથે કોઈ PROBLEM થયો હશે એ દિવસે તમે ગમે ત્યાં હશો... ચાહે ઉપાશ્રયમાં હો, ચાહે સિનેમાગૃહમાં... ANY WHERE... તમે દુઃખી દુઃખી અને દુઃખી હશો !

આવું કેમ બને ?

તો... એક નાનકડો શબ્દ... એક નાનકડી ઘટના... એક નાનકડો પ્રસંગ... એ પણ જો ઘરમાં બન્યો હોય તો... પ્રસન્નતા હણાય છે ! મચ્છરદાનીની બહાર ૫૦૦ મચ્છર હોય તો પણ એ કોઈ દિવસ અસર કરતાં નથી, પણ ! મચ્છરદાનીની અંદર એક મચ્છર પણ હોય તો એ હેરાન કર્યા વગર રહેતું નથી ! એવું જ બને છે અહીં...!

એ પંકચર પડી ગયેલા ટાયરને પછી SOLUTION મારવું પડે છે... અને એવી જ રીતે ''ક્ષમાપના'' એ Solution છે !

Solution શું છે ?

આપણી પ્રસન્નતાની જે હવા નીકળી જાય છે એને સાંધી દે છે !

ક્ષમાપનાથી શું લાભ થાય છે ?

પહેલો જ શબ્દ પરમાત્માએ બતાવ્યો છે કે ક્ષમાપના કરવાથી પ્રસન્નતાનો ફુવારો ઊડે છે !

ક્ષમાપના એ પ્રસન્નતાનું મૂળ છે !

પ્રસન્નતાનું ઝરણું ત્યારે જ ખળખળ વહી શકે જ્યારે તમારી પાસે ક્ષમાપનાનું જળ હોય તો...!

આપણા હૃદયમાંથી... આપણા મનમાંથી... આપણા આત્માના એક એક પ્રદેશમાં... જ્યાં જેટલું પડેલું છે... પહેલાં એને CLEAN કરો...!

અને એટલા જ માટે જૈનોનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોઈ પર્વ હોય તો એક જ પર્વ... ક્ષમાપનાનું પર્વ...!

ક્ષમાપનાનું પર્વ અને ક્ષમાપનાને મહાપર્વ માન્યું હોય એવો એક જ ધર્મ છે !

અને એ ક્ષમાપના એવી છે, જે તમારા જીવનને હરિયાળુ, ખીલેલું અને પ્રસન્નતા... પ્રસન્નતા ભરેલું કરી શકે છે ! ભગવાન મહાવીરે માત્ર મોક્ષમાં જવાની વાત નથી કરી... પણ ભગવાન મહાવીરે અહીંના તમારા જીવનમાં પ્રસન્નતા કેમ જળવાઈ રહે એની પહેલાં વાત કરી છે.

બોલો...!

'ક્ષમાપના' શબ્દ કેવડો ? 'હું ખમાવું છું !' શબ્દ કેવડો ?

પણ એક નાનકડી પીન જો હવા કાઢી શકતી હોય તો એક નાનકડું Solution ફરી પાછું બધું સાંધી શકે છે ! પંકચર ન પડે એ શ્રેષ્ઠ વાત છે, પણ પરમાત્મા મહાવીરે પણ આ પાંચમાં આરાના બધાં જીવોને જોઈને એક વાત નક્કી કરી લીધી કે, પંકચર તો પડવાના જ છે ! પંકચર ન પડે એવું એક પણ ટાયર કે ટ્યૂબ આ જગતમાં છે જ નહીં...!

પંકચર ન પડે એવું એક પણ માનવીનું મન નથી !

ચાહે હું હોઉં કે તમે... ચાહે જગતનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વ્યક્તિ હોય... ચાહે ઉત્તમ કક્ષાનો સાધક હોય... જ્યાં સુધી વીતરાગી ન બને ત્યાં સુધી દરેકનાં મનનાં ટાયર અને ટ્યૂબમાં પંકચર પડતાં જ હોય છે !

સ્વીકાર કરી લ્યો... હા ! અમારામાં પંકચર પડે છે... અમારામાં ખોટ છે... અમારામાં ખામી છે...!

હા ! અમારી ખોટ છે, પણ સાથે સાથે અમારી ખોટનું અમારે નિવારણ કરવું છે !

ધર્મ એટલે ખોટનો સ્વીકાર અને ખોટનું નિવારણ...!

પણ, બને છે એવું, ખોટનું નિવારણ આપણે હજાર વાર કરવા જઈએ છીએ પણ ખોટનો સ્વીકાર એક વાર પણ કરતાં નથી ! ખોટનું નિવારણ કરવાના લાખ ઉપાય આપણે કરીએ છીએ, પણ ખોટનો સ્વીકાર કરવાનો એક પણ પ્રયત્ન નથી કરતા !

ડૉક્ટરની પાસે જઈને દવાની ટીકડીઓ જ માગ્યા કરીએ છીએ... પણ ! આ રોગ... આ પેટમાં દુખ્યું જેના કારણે... એ ઢોકળાની તો વાત જ આપણે કરતાં નથી ! આગલે દિવસે સાંજે પાર્ટીમાં ઢોકળાં બહુ ખવાઈ ગયાં એ વાત તો કરતાં જ નથી અને ડૉક્ટરસાહેબ દવા આપોને !

અને આ જ ખોટને કારણે આપણે ધર્મના ક્ષેત્રમાં વિકસતાં નથી !

પરમાત્માના ધર્મનો એક એક સાધક એટલે હરિયાળું વૃક્ષ...!

પરમાત્માના ધર્મનો એક એક સાધક એટલે ખળ ખળ વહેતી નદી...!

પરમાત્માના ધર્મનો એક એક સાધક એટલે જાણે આદર્શ પ્રતિમા હોવી જોઈએ !

એકવાર એક ગામમાં અમે વિહાર કરીને ગયાં હતાં... અને ત્યાં અમને કહેવામાં આવ્યું કે, બપોરના ૧૨ વાગ્યા પછી ઉતરવા દઈશું...! આકરો તડકો હતો... ગામડુંગામ હતું... ક્યાં જવું ? અમે બે-ત્રણ પટેલોને પૂછયું... બધાએ ના પાડી... એક મોટું ઝાડ હતું અને ઝાડની પાસે એક સીમેન્ટનો મોટો ઓટલો બનાવ્યો હતો... અમે અમારી સાધન-સામગ્રી મૂકીને ત્યાં ઓટલા ઉપર બેઠા શાંતિથી...! ૧૨ વાગ્યે જગ્યા મળવાની હતી.

એ ગામના બાપા બાજુમાં બેઠા હતાં. એમની પાસે બીજા બે-ત્રણ પટેલના છોકરાઓ બેઠા હતાં... અને બરાબર...! આઠથી દસ બહેનો કૂવામાંથી પાણી ભરીને માથા પર હેલ મૂકીને પાછી આવી રહી હતી... એમને જોઈને પટેલના છોકરા અંદર અંદર COMMENT કરવા લાગ્યા... આ બધામાં એકના જ લખણ દેખાય

છે... બાકી કોઈના લખણ દેખાતાં નથી ! એટલે બીજાએ જવાબ આપ્યો... એ તો ભગતની દીકરી છે ! અને એ આવેલી છે તો એનામાં સંસ્કાર હોય જ ને ? એનાં નેણ પણ ઢળેલાં હતાં અને કેટલી શાંતિથી જતી હતી ? ત્રણે પટેલના છોકરાઓએ જે MARK કર્યું... (હા ! કોઈના પણ વિશે MARKING કરવું એ ખરાબ જ વાત છે !)

પણ એ જ કહેવાનું કે જો ભગતની દીકરી હોય અને સાત પનિહારીઓમાં અલગ પડતી હોય... તો હું તો અનંતા અનંતા જીવોની વચ્ચે... જેને ન મળ્યું હોય એવું જિનશાસન પામ્યો છું. તો હું બધાં કરતાં અલગ કેમ ન પડું ?

પણ ! ખોટ આપણી એટલી જ છે કે, આપણે પરમાત્માના દીકરા છીએ... પરમાત્માના વારસદાર છીએ... એની અનુભૂતિ જ આપણને નથી !

જે સમયે પટેલના દીકરાએ કહ્યું કે ''એ ભગતની દીકરી છે, સંસ્કાર તો હોય જ ને ?'' બસ ! એ સાંભળીને મારા કાન ચમક્યા... ભગતની દીકરી છે, એટલે એની જીવનશૈલી મપાય છે.

આપણે તો પરમાત્માના વારસદાર છીએ, તો આપણી જીવનશૈલી કેમ ન મપાય ? ભલે ! માપવું એ ખોટી વાત છે, પણ માપનારા તો એકવાર માપી જવા જ જોઈએ કે, આનામાં પરમાત્માના અંશો તો છે જ ! કોઈ માપે એવો આશય નથી પણ સહજતાથી આપણામાં ભાવ આવવો જોઈએ !

ઉપાશ્રયમાં... પરમાત્માના આ દરબારમાં બેઠા હોઈએ ત્યારે આપણી... આપણા ચહેરાની મુસ્કાન અલગ હોવી જોઈએ...! પરમાત્માનું અણમોલ, અનુપમ, સર્વશ્રેષ્ઠ અને સર્વોચ્ચ શાસન આપણે પામ્યા છીએ. આપણે ઉત્તમ નથી પામ્યા, સર્વોત્તમ પામ્યા છીએ...!

આપણે શ્રેષ્ઠ નહીં... સર્વશ્રેષ્ઠ પામ્યા છીએ...! આપણે સામાન્ય નથી પામ્યા... અસામાન્ય પામ્યા છીએ...!

આવું પામ્યા પછી... આપણને શું પેલા માનવભક્ષી આદિવાસીઓને ત્યાં જન્મ લેવો ગમશે ખરો ?

પેલો ઈદી અમીન, માનવનાં ડેડબોડીને Fridgeમાં રાખતો હતો અને પછી

જ્યારે ભૂખ લાગે ત્યારે કાચો ને કાચો ખાઈ જતો હતો...! આ વાંચીને હું વિચાર કરવા લાગ્યો કે, હે ભગવાન ! તારી કેટલી કૃપા છે કે જૈન કુળમાં અને જૈનનાં સંસ્કારવાળો ભવ મને મળ્યો છે !

જો ક્યાંક એ યુગાન્ડામાં... એ ઈદી અમીનના દીકરા તરીકે જન્મ લીધો હોત તો ? માનવ બન્યા પછીનું જે કાંઈ પણ મને મળી ગયું છે એ જ મને માનવ બન્યાની સાર્થકતા અપાવે છે !

જે માણસ ડેડબોડી ખાતો હોય... એનો ભવ કેવો ? અને આપણો ભવ કેવો ? એનું ભવિષ્ય કેવું ? અને આપણું ભવિષ્ય કેવું ?

એનો ઉદ્ધાર કયાં જઈને થશે ? અને આપણે ઉદ્ધાર કયાં જઈને થશે ?

પણ હા ! આપણને જોઈએ છે અંતરનો... રોમ રોમનો અહોભાવ...!!

પરમાત્માના ધર્મવાળી... ક્ષમાપના કરવાવાળી વ્યક્તિના ચહેરા પર પ્રસન્નતા... પ્રસન્નતા પ્રવર્તતી હોય... એની આંખ... એના નેણ... એના હાવ... એના ભાવ... એની ચાલ... એનું વર્તન... એનો વ્યવહાર અલગ જ હોય ! જ્યાં સુધી આપણા હાવભાવ... વાણી... વર્તન અલગ ન પડે ત્યાં સુધી સમજવું કે પરમાત્માના વારસ તો છીએ, સિંહનાં બચ્ચાં તો છીએ... પણ ઘેટાંનાં ટોળા વચ્ચે જીવી રહ્યાં છીએ !!

ક્યાં જવું છે ?

ભરવાડનાં ઘરે કે જંગલમાં સિંહની સાથે...?? ક્યાં રહેવું છે...?

ઘેટાંનાં ટોળાંની વચ્ચે ? (સંસારમાં) કે, અમારા જંગલમાં સિંહની સાથે ? (સંયમમાં). બસ ! એક વખત આપણને પરમાત્માના શાસનની અનુભૂતિ થઈ જાય... પરમાત્માનાં શાસનની ક્ષમાપના કરતાં... વાતવાતમાં Sorry કહી દેવું એ અલગ વસ્તુ છે... અને એક સંવેદન સાથે Sorry કહેવું એ અલગ વસ્તુ છે !

હવે પછી આવી ભૂલ નહીં જ થાય એવા ભાવ સાથે કહેલું Sorry... અને એ Sorry નું સંવેદન...!!

બે વચ્ચે જ્યારે અબોલા થયા હોય... પછી એક બીજા નમતું જોખે અને

એકબીજાને Sorry કહે... પછીનું જે વાતાવરણ હોય એ કેવું હોય ?

જ્યારે પહેલો વરસાદ આવે... વરસાદ વરસી રહે પછી બધું ચોખ્ખું ચોખ્ખું લાગે છે... હવા આપણને ચોખ્ખી લાગશે... દૃષ્ટિ અને દૃશ્ય ચોખ્ખાં લાગશે... અને વાતાવરણ કંઈક અલગ લાગશે.

ક્ષમાપનાનો જ્યારે વરસાદ વરસી જાય છે... ત્યારે આપણા દિલનું... આપણા મનનું... આપણા અંતરનું આકાશ આવું ચોખ્ખું થઈ જાય છે !

ત્યારે પેલું ચોખ્ખું દૃશ્ય જોઈને જ અહોભાવ પ્રગટે... ક્ષમાપનાથી આવા પ્રકારના ભાવ જન્મે છે !

એવી ઘડી, એવી પળ આવી જાય, આપણું જીવન સાર્થક !

સરકસમાં સિંહના પાંજરાની અંદર એક બકરીનું બચ્ચું ગેલ કરતું હતું. સિંહને બહુ ભૂખ લાગી હતી અને આ બકરીનું બચ્ચું સિંહને ભોજન તરીકે અપાયું હતું. સિંહને આગલી રાતથી ખૂબ ભૂખ લાગેલી હતી. પણ સિંહ એ બકરીનાં બચ્ચાં સાથે રમતો જ હતો. એને ખાવા માત્રનો જરાય વિચાર સિંહને આવ્યો નહોતો એમ કેમ થયું ?

એ બકરીનાં બચ્ચાંને ૩-૪ ભાઈ બહેન હતા. બીજા તોફાન કરે તો આ શાંતિથી રહેતું હતું. ગેલ કર્યા કરતું. એ જ બકરીના બચ્ચાંને જ્યારે વેચવામાં આવ્યું ને સિંહના પાંજરામાં મૂકવામાં આવ્યું ત્યારે એ સવારના પહોરમાં સિંહ સાથે ગેલ કરવા લાગ્યું. એ ઝૂકી ગયું ને એનાં ચરણમાં પડી ગયું !

સિંહ પાસે બીજા બકરીનાં બચ્ચાંને મૂકવામાં આવે છે ત્યારે બધાં ડરીને દોડી જતાં હોય છે ત્યારે આ બચ્ચું તો સામેથી જ સિંહ પાસે આવી ગયું છે.

તમે જ્યારે કંઈ પણ ભૂલ કરો છો અને સામે ચાલીને સ્વીકાર કરી લો છો ત્યારે ૯૦ ટકા એ ભૂલ ભૂલ નથી રહેતી. પણ હા, તમે ભૂલ છૂપાવવાનો પ્રયત્ન કરો છો ત્યારે ભૂલ છાપરે ચડ્યા વગર રહેતી નથી !

આવો જ એક ભાવ ક્ષમાપના...!

ક્ષમાપના કરીને જીવને શાની પ્રાપ્તિ થાય છે ? ક્ષમાપનાના ભાવ સાથે,

નમી જવાના ભાવ સાથે, ઝૂકી જવાના ભાવ સાથે એને સિંહમાં આત્માના દર્શન થવા લાગ્યા. અને એ ઝૂકી ગયું, નમી ગયું ! તે સિંહ ૧૨ વાગ્યાનો ભૂખ્યો હોવા છતાં તેને ખાતો નથી. આ બનેલી ઘટના છે.

આખી ઘટના વાંચ્યા પછી વિચાર થયો કે આમ કેમ બન્યું ?

તથ્ય બહાર આવ્યું કે આપણે નમી જઈએ છીએ ત્યારે સામેવાળા નમે કે ન નમે પણ અંદરથી તો તેને નમવું જ પડે છે. અને એક સુંદર ભાવ આવી ગયો...!

ક્ષમાપના કરવાથી પ્રહલાદ ભાવની પ્રાપ્તિ થાય છે. પ્રહલાદ એટલે પ્રસન્નતા. હસવું તે અલગ વસ્તુ છે ને પ્રસન્નતા એ અલગ વસ્તુ છે.

પ્રસન્નતા એટલે કે વ્યક્તિ જ્યારે ખાતી હોય, પીતી હોય, બોલતી હોય, બીજું કંઈ પણ કરતી હોય ત્યારે એના ચહેરા પર એક જાતની શાંતિ નીતરતી હોય. એને કહેવાય પ્રસન્નતા..!

**પ્રસન્નતા એ આત્મિક ગુણ છે. જ્યારે હાસ્ય એ વાસ્તવિકતાનો અવગુણ છે.**

મોહનીય કર્મની પરમાત્માએ ૨૮ અવસ્થા બતાવી છે. બહુ સમજવા જેવો પોંઈન્ટ છે. એમાંની સોળ અવસ્થા છે કષાયની અને નવ અવસ્થા છે નો - કષાયની તો એ નવ અવસ્થા કઈ છે ?

તો એની પહેલી અવસ્થા છે હાસ્ય !

બીજી રતિ, રતિ એટલે સંસાર ગમવો !

ત્રીજી અરતિ એટલે ધર્મ ન ગમવો.

ચોથી ભય એટલે અંતરમાંથી બીક લાગે. પાંચમી શોક કોઈપણ વસ્તુની વિદાય કે કોઈથી જુદા પડવું કે અંતરમાં મુરઝાવું તે શોક.

છઠ્ઠી દુર્ગંચ્છા - કોઈ પણ ખરાબ વસ્તુ કે વ્યક્તિને જોઈને અંતરમાંથી અણગમો ઉત્પન્ન કરવો !

સાત સ્ત્રીવેદ, આઠ પુરુષવેદ ને નવ નપુંસકવેદ આ ત્રણને પાછળથી છેલ્લે

લીધા.

સ્ત્રીને પુરુષને જોયા પછી જેને સ્પર્શ કરવાનો વિચાર આવે તે સ્ત્રી વેદ. સ્ત્રીને જોયા પછી તેને સ્પર્શ કરવાનો વિચાર આવે તે પુરુષવેદ. બન્નેને સ્પર્શ કરવાનો વિચાર થવો તે નપુંસકવેદ.

એ ત્રણ તો છેલ્લે મૂક્યાં.

સહુથી પહેલું શું મૂક્યું ? તો હાસ્ય !

જેટલું મહત્ત્વ એ ત્રણ વેદનું છે એટલું જ મહત્ત્વ હાસ્યનું છે.

પણ વાસ્તવિકતા એવી છે કે હાસ્યને આપણે ક્યારેય પાપ રૂપે સ્વીકાર્યું જ નથી.

હાસ્યમાં પાપ છે. પરમાત્માએ એને મોહનીય કર્મનો એક વિભાગ બતાવેલો છે.

એટલા માટે વિના કારણે જેટલું હસવું આવે છે એ ભવિષ્યમાં આપણે રડી પડીએ એવાં જ કર્મ બંધાવે છે !

પ્રત્યેક હાસ્યનું... ક્ષણના હાસ્યનો બદલો વર્ષોનું રુદન હોય છે !

પણ આ વસ્તુ આપણને એટલી બધી રૂઢ થઈ ગઈ છે આપણી સાથે એટલી જોડાઈ ગઈ છે, આપણને એટલી સહજ લાગે છે કે આપણને એવો ખ્યાલ જ નથી આવતો કે આ પણ એક પાપ છે. પેલું તો આપણે તરત સામે સામે બેઠા હોઈએ તો બોલી જશું કે કેમ હસ્યો ?

ધર્મનું ઊંડાણ આપણને બતાવે છે કે આપણે એક એક સ્થિતિને, કર્મના એક એક વિભાગને અને એ વિભાગમાં શું શું થઈ રહ્યું છે એના ભાવોને આપણે જાણવા પડશે.

છૂટવું કે ન છૂટવું એ પછીની વાત છે.

ઘરની અંદર લાઈટ થાય એટલે ખબર પડે કે ઉંદર છે કે ચોર છે. ઉંદર હોય તો આપણે એક લાકડી ફટકારીને કાઢી મૂકશું અને ચોર હશે તો આપણે ઘણાં બધાં પ્રયત્ન કરવા પડશે.

પણ એ બધું ક્યારે થશે ? જ્યારે લાઈટ થઈ હશે ત્યારે, બરાબર ?

લાઈટ થયા વગર આપણને ખબર નહિ પડે કે ઉંદર છે કે ચોર છે.

એમ સૌથી પહેલાં મારે જ્ઞાન મેળવવાનું છે. હાસ્ય પણ પાપ છે, રતિ પણ પાપ છે, અરતિ પણ પાપ છે, ભય પણ પાપ છે, શોક પણ પાપ છે, દુર્ગંચ્છા પણ પાપ છે અને પછી આવે છે સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ !

આ વાત પરથી આપણને ખ્યાલ આવવો જોઈએ. હસવું અને પ્રસન્નતા. આ બે વચ્ચે ભેદ છે.

હાસ્ય એ મોહનીય કર્મનો ઉદય છે અને પ્રસન્નતા તે આત્માનો ગુણ છે.

પ્રસન્નતા એટલે સહજતાથી આપણા ચહેરા ઉપર, આપણા મનમાં ને આપણા આત્માની અંદર શાંતિ હોવી તે પ્રસન્નતા !

કાંઈ પ્રસંગ બને, ઘટના બને અને અંદરમાંથી આપણને જે હસવું આવે તે છે હાસ્ય.

જે આવે છે તે આપણું હોતું નથી, જે મળે છે તે આપણું હોતું નથી જે બહારમાંથી થાય છે એ આપણું હોતું નથી. આપણું અંદરમાંથી જ હોય છે, અંદરમાંથી જ પ્રગટે છે.

બહારમાંથી આવેલું એક પણ આપણું હોતું નથી. બહારમાંથી બનતું કાંઈપણ ક્યારેય આપણું હોતું નથી. બરોબર આ ત્રણ શબ્દોની અંદર તો આખાય જૈન ધર્મનો સાર છે.

પેલાં બકરીનાં બચ્ચાંએ જે રીતે સમર્પણ કરી દીધું એવી રીતે જ્યારે આપણે ક્ષમાપના કરીએ છીએ ત્યારે ''પલ્લાયણં ભાવ'' ! એક અલગ પ્રકારની પ્રસન્નતા અંદરમાંથી ઉભરાય છે.

તમે જો જો, દિલથી ભાવથી આપણી પર ગુસ્સો કરનાર વ્યક્તિ એની જ ભૂલ હોવા છતાં આપણી જો ક્ષમા માંગવા આવે તો અનુભવ કરી લેજો એક જુદા જ પ્રકારની શાંતિનો અનુભવ થશે ! એક પ્રકારનો ભાર ઉતરી ગયાની હળવાશ અનુભવાશે. નહીં તો ત્યાં સુધીમાં એ વ્યક્તિ માટેના વિચારો આપણા મનમાં ઘોળાયા જ કરશે, ઘોળાયા જ કરશે.

વિચારોના ભારથી આપણે થાકી જઇશું. મોટા ભાગની વ્યક્તિ વિચારોના ભારથી જ થાકતી હોય છે અને મોટેભાગે જેની સાથે અણબનાવ થયો હોય તેના જ વિચારો આવતા હોય છે !

મેં હમણાં એક જગ્યાએ વાંચ્યું હતું. એ લોકોએ પૃથ્થકરણ કરીને અંદાજ કાઢ્યો હતો કે રોજની ૨૪ કલાકની આપણી જાગૃત અવસ્થામાં આપણું મન ૬૦,૦૦૦ વિચારો કરે છે. એ ૬૦,૦૦૦ વિચારોમાંના ૫૯,૦૦૦ વિચારો તો આપણે પારકાના અને એ પણ કેવા પારકાના કે જેણે આપણને પીડા આપી હોય તેવાના કરીએ છીએ.

જો પારકાને પોતાના બનાવવાના પ્રયત્નમાં નિષ્ફળ ગયા અને સામેવાળો કંઈક બોલ્યો, કંઈક ખિજાયો, કાંઈ અણબનાવ થયો, કંઈક એણે અપમાન કરી નાખ્યું, આપણું ધાર્યું ન બન્યું, આપણે ઈચ્છયું એ ન બન્યું એટલે એકદમ આપણા મનમાં થાય કે આમ કેમ કર્યું ? આમ કેમ કર્યું ? સતત મનમાં એ જ વિચાર આવશે.

આપણી પળ પળની પરિસ્થિતિનું આપણે નિરીક્ષણ કરવું પડશે. એકે એક ક્ષણે આપણા મનમાં, આપણા આત્મામાં શું ચાલે છે એનું આપણે માર્કિંગ કરવું પડશે. જેટલા પણ વિચારો હશે તેને ધીમે ધીમે રદ કરવા પડશે અને એ જ સાચી સાધના છે.

સામાયિક કરીને જેટલી ક્ષણો આપણે અવલોકનમાં વિતાવીશું, એટલી ક્ષણ સોનામય બની જશે, સુવર્ણમય બની જશે.

જેવી ક્ષમાપના કરી અંતરમાંથી પ્રસન્નતાનો ભાવ વ્યક્ત થયો એટલે એ પ્રસન્નતા શું કરાવશે ?

જો તમે પ્રસન્ન હશો અને સામેની વ્યક્તિ કદાચ તમારી સાથે ખોટું ને ખરાબ એવું કંઈ પણ કરી લેશે તો એકવાર આપણે એને જતું કરી દઈશું. આપણને કંઈ અસર જ નહીં કરે.

પણ આપણો મૂડ જો ખરાબ હશે અને સામેવાળી વ્યક્તિ એક નાનકડો શબ્દ પણ બોલશે એટલે આપણે એકદમ...!

કેમ ? તો આ ચામડી પર મરચું મૂકાય તો કાંઈ ન થાય પણ આંખની અંદર મરચું મૂકાય તો તરત બળતરા થાય. આ પણ આપણું છે ને પેલું પણ આપણું જ છે. તો ત્યાં કેમ અસર થાય ? કેમ કે, એ એટલો સંવેદનશીલ ભાગ છે કે જરાક મરચું અડાડ્યું કે તરત બળતરા થાય. પણ અહીં બળતરા ન થાય !

પણ ચામડી પર જો ગુમડું થયું હોય તેના પર મરચું મૂકો અને પછી જુઓ ! એમ જ્યારે આપણો મૂડ ગુમડાં જેવો હોય ત્યારે નાની નાની પરિસ્થિતિની અસર થાય અને મૂડ એવો ન હોય તો મોટી મોટી પરિસ્થિતિ પણ અસર ન કરે ! એ પરિસ્થિતિ, એ જ શબ્દો, એવા જ પ્રકારના અપમાનના શબ્દો આપણે પાંચ વાર સાંભળીએ તો પણ થાય.

આપણે એક વસ્તુ યાદ રાખવી ક્ષમાપનાના વિષયને સંબંધિત એક નિયમ રાખવો.

રાજધાની એક્સપ્રેસ મુંબઈથી ઉપડે એટલે સુરત ઊભી રહે, સુરતથી ઉપડે તે બરોડા ઊભી રહે, બરોડાથી ઉપડે તે કોટા કે ક્યાંક ઊભી રહે. નાના નાના એક પણ સ્ટેશને ઊભી ન રહે ! લોકલ ટ્રેઈન એકેય સ્ટેશન બાકી ન રાખે.

તમે કેવા છો ? લોકલ જેવા કે રાજધાની જેવા ?

જો તમારો આત્મા નાની નાની વાતોની અંદર, નાના નાના વિચારોની અંદર નાના નાના પ્રસંગોની અંદર એકદમ અસર કરવા લાગે તો સમજી જવું કે તમે લોકલ જેવા છો.

રાજધાની એક્સપ્રેસ તો મોટા સ્ટેશન સિવાય ઊભી જ ન રહે.

કાંઈક એવું બને તો જ આપણને અસર થવી જોઈએ કેમ કે આપણે પાંચમાં આરામાં છીએ. એટલે નાની નાની ઘટના, નાના નાના પ્રસંગો, નાની નાની વાત, નાની નાની વ્યક્તિઓ એવું જે કાંઈ હોય તેને આપણે ગણકારવાનું ન જોઇએ.

આવ્યું, ગયું. આવ્યું - ગયું !

તો તમારું મગજ તમે ધર્મના ક્ષેત્રમાં વાપરી શકશો.

તમારી પાસે જ્યારે દસ રૂમ હોય ત્યારે આઠ રૂમ તો પેક જ હોય, બે જ રૂમ

વધ્યા હોય, એકમાં મહેમાન આવતા હોય ત્યારે તમે ઉતારતા હો અને હવે એક જ રૂમ વધ્યો હોય ! તમારે સૂવા માટે એક જ રૂમ વધ્યો હોય, બાકી બધાં રૂમ પેક પડ્યા હોય, એ રૂમમાં ચારે બાજુ ખાલી પડીકાઓ ને દૂધની થેલીઓ બધું જ આવું ભર્યું હોય, તૂટેલું, ફૂટેલું, ખાલી ખોખા વગેરે બધું પડ્યું હોય તો તમે સૂવો ક્યાં ?

તેમ તમારું એંશી ટકા મન તો બ્લોક છે, તમારી પાસે રહ્યું માત્ર વીસ ટકા, એમાં તમે વણજોઈતી વાતો, વગર જોઈતી વાતો, કોઈની સાથે લેવા દેવા ન હોય એવી બધી વાતો, એના જ બધા વિચારો, એના બધાં શબ્દો ને જ ભરશો તો તમારા માટે જગ્યા ક્યાંથી રાખશો ?

પછી કહેશો કે મહારાજ સાહેબ, અમને યાદ નથી રહેતું. તમને આટલું સાંભળવાથી યાદ નથી રહેતું તો થાય શું ?

એક જ નિયમ ધારી લો. એક્સપ્રેસ ટ્રેઈન ! નાની નાની વાતો ન વિચારો અને કોઈ આપણી ખટપટ કરતું હોય તો ચોખ્ખી ના ! મને આવું કંઈ પસંદ નથી !

સ્વસ્થ સમાજ, સ્વસ્થ શ્રાવક એને જ કહેવાય જે એવી નાની નાની વાત થતી હોય, કોઈ કાંઈ પણ કરતું હોય, ત્યારે સ્પષ્ટ કહી શકે કે મને આ એકેય બાબતમાં રસ નથી. મારા આત્માનું સચવાય, મારા આત્માનું કામ થાય એ બાબતમાં જ મને રસ છે. મને દુનિયાની એકપણ વણજોઈતી બાબતમાં રસ નથી !

કોણ શું કરે છે ? કોનું શું છે ? કોનું કેવા પ્રકારનું છે – મગજ બગાડ્યું ? ખલાસ ! તમારી પાસે તમારા મનનું એક જ ખાનું વધ્યું છે, બરાબર ! એમાં પણ જો બધો ભંગાર ભરી રાખશો તો ? તો જીવ બળ્યા કરશે.

પણ બળ્યા ન કરે તો થાય શું ?

ભંગારની વચ્ચે તું બેઠો છો ને પછી કહે કે મને ભંડાર જોઈએ છે. તો અશાંતિનો ભંડાર મળવાનો છે. શાંતિનો ભંડાર ક્યારેય મળવાનો નથી.

એવા બની જાવ પરમાત્માના સાચા સાધક, શ્રેષ્ઠ સાધક ! કોઈપણ એવી બાબતને મનમાં આવવા દેવી નહીં. કામનું છે ? કામ પૂરું થઈ ગયું ? રવાના !

દૂધની થેલી – દૂધ લેવાઈ ગયું. થેલી ભરવાનો કોઈ ફાયદો જ નથી. આપણે

કોઈ ભંગાર ભરવો નથી ને ભંગારના પૈસા ભેગા કરવા નથી !

સ્વસ્થ સમાજ અને સ્વસ્થ શ્રાવક બને એ જ અમારી ભાવના છે ! એવી મારી એક નેમ છે.

શ્રાવક સમુદાય એવો સમુદાય બની જાય કે એને પરમાત્માની વાણીમાં જ રસ હોય !

''ભગવતીસૂત્ર''ની વાચનામાં આવ્યું કે જ્યારે બે શ્રાવક ભેગા થાય ત્યારે સંસારની તો વાત જ ન કરે !

નિર્ગ્રંથ પ્રવચન શ્રેષ્ઠ રહેલું છે ને આ જ શ્રેષ્ઠ રહેલું છે. બાકી બધું અનર્થનું કારણ છે.

હવે તમે જ કહો કે એ શ્રાવકના ચહેરા પર કેટલી પ્રસન્નતા હોવી જોઈએ !

ખુશી માટે ને શાંતિ માટે લોકો ક્યાંના ક્યાં જાય છે ને કેટલાં રૂપિયા ખર્ચે છે ! પણ એ જાણતા નથી કે, એની પાસે અંદરમાં તો બધું પડેલું છે. ક્યાંય જવાની જરૂર નથી.

એક ખાલી ક્ષમાપના કરતાં આવડી ગયું, કચરો બહાર કાઢતાં આવડી ગયું ખલાસ...!

પ્રસન્નતા એને અંતરમાંથી ઊગવાની જ છે !

શસ્ત્રો કોને રાખવાં પડે ? જેને ભય હોય તેને ! શસ્ત્રો કોને ભેગાં કરવાં પડે ? Protection કોને રાખવું પડે ? ભય હોય તેને !

જે નિર્ભય હોય એને કાંઈ જરૂર પડે નહીં.

શાણી વ્યક્તિ ક્ષમાપના કરે છે એટલે તેને કોઈ સાથે વેર રહેતું નથી.

તેને કોઈ સાથે વેર નથી એટલે આખા જગત સાથે મૈત્રી છે.

શસ્ત્રોની જરૂર એને જ પડે છે જેને કોક સાથે શત્રુતા છે. જેને શત્રુતા જ નહીં એને શસ્ત્રોની કોઈ દિવસ જરૂર જ નહીં !

પરમાત્માનીવાણીનું કેટલું ઊંડાણ આપી દીધું પરમાત્માએ ! જેણે ક્ષમાપના કરી લીધી છે એને કોઈ ભય જ રહેતો નથી. કેમ ?

એણે બધાં સાથે શરણાગતિ સ્વીકારી લીધી છે. બધાંની સાથે એણે ક્ષમાપના કરી છે. મૈત્રીભાવ કર્યો છે... અને... મૈત્રીભાવ એનો એટલો રૂઢ થઈ ગયો છે કે એને કોઈ સાથે વાંધો જ નથી.

સામેવાળાને વાંધો હોય તો ભલે રહ્યો, મારે કોઈ સાથે કોઈ વાંધો છે જ નહીં.

જેને જે કરવું હોય તે કરે, જેને આવવું હોય તે આવે, મારે કોઈ સાથે No Problem!

હવે જેને કોઈ સાથે વાંધો ન હોય તેને કંઈ ભેગું કરવું પડે ?

સવારમાં એક માડી આવ્યા. માડી કહે મારે પાંચ દીકરા.

એમ ?

પછી માડી કહે મહારાજ સાહેબ, મારી પાસે બહુ રૂપિયા છે. એમ માડી, બહુ રૂપિયા છે ?

હા, ભેગા તો રાખવા જ પડે ને !

કેમ ? આ જમાનામાં પાંચ દીકરા છે પણ એકેયનો ભરોસો નથી ! આપણી પાસે હોય એટલે આપણી સલામતી. આપણે જરૂર હોય ત્યારે આપણે વાપરવાના. આપણે શું કામ માંગવાના ?

પણ માડી, તમારા જ દીકરા છે પછી વાંધો શું ?

ખરી રીતે આ જમાનામાં કોઈનો ભરોસો રાખવા જેવો નથી !

બહુ વિચારવાનો પોંઈટ હતો. એને એ રૂપિયા રાખવાની જરૂર ક્યારે પડી ?

એને ભય છે.

ભય કેમ છે ? ખબર છે ? કેમ કે તેને બધાં સાથે સંપૂર્ણ મૈત્રી નથી માટે..!

એને જો સંપૂર્ણ મૈત્રી હોય તો ભય લાગે જ નહીં.

જો પોતાનો સ્વભાવ સારો હોય તો દીકરા કોઈ દિવસ કાઢવાના નથી. પોતાનો સ્વભાવ સારો હોય, પોતાની સહનશીલતા હોય તો દીકરા કોઈ દિવસ કાઢવાના નથી અને કાઢવાના હોય તો વ્યવસ્થા વગર કાઢવાના નથી.

હું ક્યારેક અપમાન કરીશ ને સામેવાળા નહીં રાખે તો મુશ્કેલી, ત્યારે

આપણી પાસે હોય તો બધું સલામત. બરાબર ને !

જેને કોઈ સાથે વેર નથી એને ભય રહેતો જ નથી કેમ કે એને બધાં સાથે મૈત્રી છે !

જ્યાં વેર કે વિરોધ જ નથી તેને શસ્ત્રો રાખવાની જરૂર જ નથી. જે છે તે આ છે, બીજો એના મનમાં કોઈ વિકલ્પ નથી. આવી જ્યારે આપણામાં ભાવના જન્મે ત્યારે જ આપણી સાધના સાર્થકતાની દિશામાં છે. નહીં તો હમણાં ભવ પૂરો થશે. હમણાં આંખ મીંચાશે, ત્યારે શું થશે કાંઈ ખબર નહીં પડે ! અહીંનું બધું આમ ને આમ રહી જશે અને આપણે અહીંથી... વિદાય... લઈ લેશું !

કાલે એકત્રીસ વરસના દીકરાની પ્રાર્થનાસભામાં ગયો હતો.

માત્ર એકત્રીસ વરસનો - બોલો કાંઈ ભરોસો ખરો ? કાંઈ નહીં !

આપણી આંખ મીંચાય તેનો ભરોસો નથી. આંખ મીંચાય તે પહેલાં મારે આંખ ખોલતાં શીખી જવું છે મારે પયુર્ષણનો પહેલો દિવસ આવે તે પહેલાં બધાંને જેની જેની સાથે વાંધો છે, જેની જેની સાથે મનદુઃખ છે, જેની જેની સાથે તકલીફ છે, પ્રોબ્લેમ થયા છે તે બધાં સાથે ક્ષમાપના કરી લેવી છે.

તે બધાં ઢેફાંને મારે તોડી નાંખવા છે અને ખેતરને એકદમ સુયોગ્ય બનાવી દેવું છે !

વાદળાં આવે, વરસવાની તૈયારી કરે અને પછી ઢેફાં તોડવાની તૈયારી કરીએ ત્યાં સુધીમાં તો મોડું થઈ જાય ! તરસ લાગવાની છે એ ખબર જ છે, મારે કૂવો ખોદીને તૈયાર રાખવો છે. તેમ પર્યુષણ આવવાની વાત નક્કી છે. મારે પહેલાં ક્ષમાપના કરી લેવી છે.

પર્યુષણના આઠ દિવસ મહોત્સવ જેવા ઉજવવા છે... પછી જો જો તમારે માટે કેવા અલગ પર્યુષણ થઈ જાય છે ?

અને જો મનમાં ભાર હશે, અભાવ અને અણગમો હશે તો રોજ વ્યાખ્યાન સાંભળતા હોવા છતાં છેલ્લી ઘડીએ જવાનું ને 'ખમાવું છું' એમ કહેવામાં કંઈ મજા આવે નહીં.

ક્ષમાપનાનો દિવસ આવે ને આપણે ખમાવવા જઈએ એ તો બધાં કરે. એવાં પર્યુષણ તો બધાં ઉજવે છે. મારે તો એવી સંવત્સરી ઉજવવી છે, એવી ક્ષમાપના કરવી છે કે સંવત્સરીની પહેલાં જ સંવત્સરી...!

હું તમને એટલું જ કહું કે એક દિવસ એવો આવશે જ્યારે બધું છોડવું પડશે, ત્યારે તમે છોડશો તેને શું કહેવાશે ? કે છોડવું પડ્યું.

પણ તમે આજે છોડો તો શું કહેવાય ? છોડી દીધું !

સંવત્સરીને દિવસે આપણે ખમાવવા જઈએ તે ખમાવવા ગયા હતા. અને આજે ખમાવી લઈએ એને શું કહેવાય ? અમે તો પહેલાં જ ખમાવી લીધું.

પર્યુષણ આવે, સંવત્સરી આવે, ખમાવવા જઈએ ને ખાલી ખોટેખોટા કહી દઈએ કે ''ખમાવું છું.'' એમ નહીં.

આજથી જ તૈયારી !

તમારે સામે ચાલીને અને તે પણ કોને ત્યાં ? જેની સાથે સારાસારી જ છે તેને ફોન કરવાનો અર્થ નથી.

જેની સાથે ખરેખર વાંધો પડ્યો છે, તેની સાથે આજથી તૈયારી ! ધીમે ધીમે ધીમે મનને તૈયાર કરો. કેમ કે મનનો એક નિયમ છે, કે જેની સાથે વાંધો પડ્યો હોય તેને ખમાવવું હોય તો પણ શું થાય, ખબર છે ?

એ જો જરાક નમે તો નમવું છે. એ જરાક હાવભાવ બતાવે તો જ જવું છે. એ મળે ત્યારે જરાક Smile કરે તો વાત કરવી છે.

અને સામાવાળાએ જો મોઢું ચડાવેલું રાખ્યું તો પોતાનું મોઢું ચડી જવાનું ને પોતે પાછો...!!

''નમવું છે પણ સામેવાળો નમે તો...!''

ઝૂકવું છે સામેવાળો ઝૂકે તો. વાત કરવી છે તે કરે તો સ્માઈલ આપે તો.

તે આપે કે ન આપે પણ આપણે સામે ચાલીને ગયા એટલે ખલાસ !

ધીમે ધીમે ધીમે સામેવાળાને Realise થવાનું જ છે. અને એ પર્યુષણ એ સંવત્સરી કાંઈક અલગ હશે.

અને એ ક્ષમાપના કર્યા પછી પ્રહલાદના ભાવ સાથે જ્યારે તમે પર્યુષણ ઉજવશો ત્યારે એ પર્યુષણના એક એક શબ્દ, એક એક ભાવ એવા અંતરમાં આરપાર ઉતરી જશે કે તમને પોતને Feel થશે કે આ પર્યુષણમાં કંઈક પામ્યાની મને અનુભૂતિ થાય છે !

મહેમાન આવે અને પછી રસોઈની તૈયારી કરીએ ત્યારે જે થેપલાં ઊતરે તે અર્ધા પાકાં ને અર્ધા કાચાં હોય !

પરમાત્મા જેવા પરમાત્માએ જ્યારે આપણા માટે પર્વાધિરાજ જેવી પહેલેથી જ ગોઠવણ કરી દીધી છે ત્યારે મારે કાચું પાકું નહીં પણ એકદમ યોગ્ય ને સુયોગ્ય બનાવવું છે.

કેમ ? તો આજે મળેલા પર્યુષણ આવતાં વર્ષે મળશે કે નહીં મળે તેનો કોઈ ભરોસો નથી.

ક્યારે એટેક આવી ગયો... નથી ભરોસો !

ક્યારે કાંઈક બીજું થઈ ગયું ભરોસો નથી !

ક્યારે એક્સિડન્ટ થઈ ગયો નથી ભરોસો !

હમણાં અમે માટુંગા તરફ ગયા હતાં. મહાસતીજી જેમને ઘરે ઉતર્યા હતાં, એ ભાઇ દર્શન કરવા માટે અહીં હાથ માથે મૂક્યો. દર્શન કરીને એ ભાઈ ગયા. ૨-૪ દિવસ પસાર થયા હશે. અંધેરી સાઈડમાં લોકલ ટ્રેઈનમાં હાથ છટકી ગયો. ખલાસ થઈ ગયા. યંગ કેટલાં ? સાડત્રીસ વરસ ! કેટલી ધર્મભાવના...!

બોલો, આપણી પાસે કોઈ ભરોસો છે કે આવતાં પર્યુષણ આવશે કે નહીં આવે ? કાંઈ ખબર નથી.

આ પર્યુષણ મારે એવા ઉજવી લેવા છે કે જેની અંદર પહેલેથી જ તૈયારી... પહેલેથી જ ક્ષેત્રની વિશુદ્ધિ... પહેલેથી ખેતર તૈયાર... વરસાદ વરસે કે તરત જ પાક ઉગવા લાગશે !

અઢારમો બોલ

# સ્વાધ્યાય

## સ્વની સંભાળ એ જ સ્વાધ્યાય

**सज्झाए णं भंते ! जीवे किं जणयइ ?**

**सज्झाएणं णाणावरणिज्जं कम्मं खवेइ ।। १८ ।।**

**खमावणयाए णं पल्हायणभावं जणयइ, पल्हायण भावमुवगए य सव्वपाण–भूय–जीव–सत्तेसु मित्तीभाव–मुप्पएइ, मित्तीभावमुवगए यावि जीवे भावविसोहिं काऊण णिब्भए भवइ ।।१७।।**

સ્વાધ્યાય કરવાથી જીવને શેની પ્રાપ્તિ થાય છે ?

સ્વાધ્યાય એટલે ''સ્વનું, સ્વ વડે, અધ્યયન.''

સ્વાધ્યાય એટલે મારા આત્માના કયા ગુણોની આય થાય છે ને મારા ક્યાં ગુણોનો વ્યય થાય છે ?

આય ને વ્યયનું સ્વ માટે નિરીક્ષણ કરવું એને કહેવાય છે સ્વાધ્યાય.!

મારામાં કેવા પ્રકારના ગુણો પ્રગટી શકે એમ છે છતાં પ્રગટતા નથી, કેવા પ્રકારના અવગુણો નીકળી શકે એમ છે છતાં નીકળતા નથી તેનું અવલોકન કરવું તે સ્વાધ્યાય.! અથવા જેમ અરીસાની સામે વ્યક્તિ ઊભી રહે અને પોતાની જાતનું નિરીક્ષણ કરે, ક્યાં ખોટ છે ને ક્યાં ખૂબી છે એ જોઈ લે. તેવી રીતે સ્વનું નિરીક્ષણ કરતાં કરતાં પરમાત્માના શબ્દ પરમાત્માના આગમના અરીસાની અંદર સ્વને જોતાં જોતાં પોતાની ખામી અને ખૂબી બંનેને નિહાળીને ખૂબીને વધારવાનો પ્રયત્ન કરે ને ખામીને ઘટાડવાનો પ્રયત્ન કરે તે સ્વાધ્યાયી.

આત્મગુણોની આય કરાવે ને અવગુણોનો ધીમે ધીમે વ્યય કરાવે, એને મિટાવી દે, એને પાસ કરી દે, એને દૂર કરે, તે જ સ્વાધ્યાય !

જીવના ચાર ગતિના વિવિધ પ્રકારોના ૫૬૩નો આંકડો બતાવ્યો છે આ ૫૬૩ જીવના ભેદમાંથી વાસ્તવિક સ્વાધ્યાય તો ૫૬૩ માંથી બહુ ઓછા લોકો કરી શકે છે.

જે લોકો સંજ્ઞી મનુષ્યપણાને પામેલા હોય અને સંજ્ઞી મનુષ્યમાંથી પણ જેણે આર્યક્ષેત્રે, ઉત્તમ કુળ, પાંચેય ઈંદ્રિય પરિપૂર્ણ, નિરોગી કાયા અને સાધુ સંતોનો યોગ મળ્યા હોય તે વ્યક્તિ જ સ્વાધ્યાય કરી શકે છે.

આપણે મન સ્વાધ્યાય એટલે શું ?

સાંભળવું !

જે ગોખેલું હોય તેને વારંવાર ફેરવવું.

ભગવાને તેના પાંચ પ્રકાર તો બતાવ્યા જ છે. એ પાંચેપાંચ પ્રકારનો સાર શું ?

મારામાં શું આવી રહ્યું છે ને મારામાંથી શું શું જઈ રહ્યું છે, એનું નિરીક્ષણ એને કહેવાય પરમાત્માનો સ્વાધ્યાય.

જ્યારે આવા પ્રકારનો સ્વાધ્યાય થાય ત્યારે શું થાય ?

ત્યારે ભગવાને આખો મોક્ષનો માર્ગ બતાવી દીધો. જેમ જેમ પોતે પોતાનું

નિરીક્ષણ કરે, અવગુણ વધે છે કે ઘટે છે તે જુએ, એટલે તે જોવા માટેની દૃષ્ટિ ખીલે.

મોટાભાગે વ્યક્તિની દૃષ્ટિ ખીલતી નથી કારણ કે પોતાનો દોષ એ જોતો નથી અને બીજાના દોષ જોયા વગર એ રહેતો નથી. જેમ જેમ એ સ્વાધ્યાય કરવા લાગે તેમ તેમ એનું ધ્યાન બીજા પરથી ઘટવા લાગે ! પોતાના પર ધ્યાન વધવા લાગે એટલે શું થાય ? પોતાને સુધારવાનું મન થાય. એટલે ધીમે ધીમે એની જ્ઞાનદૃષ્ટિ ખૂલે. જ્ઞાન ખૂલે એટલે એનો મોહ ઘટે. મોહ ઘટે એટલે મોહનીય કર્મ ખપે. મોહનીય કર્મ ખપે એટલે અંતરાય કર્મ ખપે. અંતરાય કર્મ ખપે એટલે જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય બંને કર્મો ખપી અને સીધું કેવળજ્ઞાન થઈ જાય !!

સ્વાધ્યાય એટલે મોક્ષરૂપી ફળ મેળવવાનું થડ રહેલું છે.

મૂળ વિનય છે તો થડ સમાન સ્વાધ્યાય રહેલું છે.

સ્વાધ્યાયના થડ ઉપર જ સાધનારૂપી બધી ડાળીઓ ટકી શકે છે. માત્ર મૂળ હોય ને સીધા પાંદડા આપી દો. શું થાય ?

જે વૃક્ષને થડ ન હોય અને મૂળમાંથી સીધી ડાળીઓને પાંદડા આવવા લાગે તો થાય શું ? જમીન પર પથરાયેલી કોઈ વેલને કે કોઈ નાનકડા છોડને ક્યારે ઢોર ચરી જાય એ નક્કી ન કહેવાય ! વૃક્ષ થડ શું કામ બનાવે છે ? પ્રાણીઓની પહોંચની બહાર નીકળવા માટે !

કોઈ પણ પ્રાણીની પહોંચ કેટલી ? તો વધી વધીને ત્રણ ફૂટની. તો કોઈ સારા વૃક્ષની ઊંચાઈ કેટલી ? તો એના થડની ઊંચાઈ જ પાંચ કે સાત ફૂટ હોય. એટલે નાના નાના કોઈ પ્રાણી તેને ખાઈ શકે નહીં.

એવી જ રીતે જ્યારે આત્મા સમર્પણતાના મૂળિયાં ધરાવે છે એની સાથે સાથે સ્વાધ્યાયનું થડ ધરાવે છે, ત્યારે પર રૂપી પ્રાણી તેને ખાઈ શકતું નથી !

જેટલા જેટલા સારા ચિંતનકારો કે સારા સ્વાધ્યાયકારો છે તેના જીવનમાં સહજતાથી કોઈ પ્રાણી પ્રવેશ નહીં કરી શકે !

સાચા થડવાળી વ્યક્તિ હશે તેના આત્માના ગુણો કોઈ ચાવી નહીં જાય. એ તરત એવી જાતનો વ્યવહાર નહીં કરી બેસે.

કેમ ?

એને ખબર છે મારાથી આટલું ન થાય.

થડ જેવું જે કામ કરે તેને મોક્ષમાર્ગનો સ્વાધ્યાય કહેવાય છે.

આપણને મોક્ષરૂપી ફળ જોઈતું હશે તો સમર્પણતા અને વિનયનાં મૂળ જોઈશે અને મૂળ પછી સ્વાધ્યાયનું થડ જોઈશે. જેની પાસે મૂળ છે પણ થડ નથી એ પણ ટકતા નથી અને મૂળિયા વગરનું થડ કોઈ દિવસ હોતું નથી. હા, કલમ જોઈ શકાય પણ કલમનો વિકાસ હોતો નથી.

સ્વાધ્યાય એટલે શું ?

સ્વાધ્યાયથી શું પ્રાપ્ત થાય છે ?

જ્ઞાનવરણીય કર્મ ખપે છે, જ્ઞાનદષ્ટિ ખીલે છે, મોહનીય કર્મ ખપે છે. મોહનીય કર્મ પછી અંતરાય કર્મ ખપે છે અને અંતરાય જાય એટલે કેવળજ્ઞાન ને કેવળદર્શનની પ્રાપ્તિ થાય છે.

વાંચવું એટલે અરીસામાં જોવું. વ્યાખ્યાન સાંભળવું એટલે અરીસામાં જોવું.

લખવું એટલે અરીસો બનાવવો. અરીસામાં જોઈને આપણને આપણી જાતની ખબર પડે, પરમાત્માના આગમરૂપી અરીસામાં જાતને નિહાળવી એ છે સ્વાધ્યાય.

મારે સાંભળવું છે, સમજવું છે, લખવું છે કે વાંચવું છે કે ગોખવું છે, કંઈ પણ કરવું છે એની પાછળ એક જ હેતુ હોવો જોઈએ કે મારે અરીસો જોઈએ છે. આગમ એટલે અરીસો !

પરમાત્માના શબ્દરૂપી અરીસાની અંદર સ્વનું નિરીક્ષણ કરતાં કરતાં આય અને વ્યયને જોવું એનું નામ સ્વાધ્યાય.

આવા ભાવ અંતરમાં ઊતરે, એક પછી એક દિવસે સ્વાધ્યાયમાં આગળ વધતાં વધતાં આપણા આત્માની એક કુણાશ અનુભવીએ. આપણા આત્માના બે-ચાર સદ્‌ગુણોને અનુભવીએ અને એ સદ્‌ગુણોને અનુભવતાં અનુભવતાં દુર્ગુણોને દૂર કરવાનો સહજતાથી પ્રયત્ન કરીશું તો આ ચોમાસાનાં હવે વધેલા ત્રણ મહિનામાં

પણ ઘણાં આગળ વધી શકીશું.

પાલિતાણામાં તમે નીચે ઉતરો ત્યારે ઘણા બધાં મહારાજ–મહાસતીજી હોય જે સડસડાટ જતા હોય, સડસડાટ આવતા હોય. આપણે પહેલીવાર ગયા હોય એટલે એક પગથિયું, બીજું પગથિયું એમ ચડતાં વાર લાગતી હોય. પણ એ લોકો સડસડાટ જતા આવતા હોય.

કેમ આમ કરતાં હશે ?

ઘરે બહેનો રોટલી કરતાં હોય ત્યારે ફટાફટ રોટલી થતી હોય, અને કોઈ અણઆવડતવાળું બનાવવા જાય તો આમ થાય ને તેમ થાય ને ભારતનો નકશો થાય ! કેમ ? કેમકે તેને ફટાફટ વણવાનો અભ્યાસ થઈ ગયો છે.

સ્વાધ્યાય એ મારા આત્માનો એક અભ્યાસ છે !

એક વખત અભ્યાસ થઈ ગયો એટલે કામ પૂરું. આમ પરમાત્મા આપણને બોધ આપી રહ્યાં છે.

સ્વાધ્યાય દ્વારા સ્વયંની આય ને વ્યયનું નિરીક્ષણ કરીએ. આયને વધારવાનો પ્રયત્ન કરીએ ને વ્યયને ઘટાડીએ !

આપણે ક્યારેય અરીસાને જોવા જતાં નથી. અરીસાની સામે ઊભેલી વ્યક્તિ અરીસાને જોવા ઊભી હોય ? કોઈ વ્યક્તિ ક્યારેય એમ બોલશે કે હું અરીસાને જોવા જાઉં છું !

હું અરીસામાં મોઢું જોવા માટે ગયો... અરીસો જોવા ક્યારેય કોઈ વ્યક્તિ જતી નથી !

એવી જ રીતે જ્યારે હું આગમ હાથમાં લઉં છું... ત્યારે એમ ન કહેવાય કે હું આગમ જોઉં છું...

મારા હાથમાં આગમ છે એનો અર્થ એ કે હું મારા આત્માનું નિરીક્ષણ કરવા માટે આગમરૂપી અરીસાને જોઈ રહ્યો છું !

પરમાત્માના શબ્દોરૂપી અરીસો મને મારી સ્વની સ્થિતિનું ભાન કરાવે છે કે, મારા કેટલા ગુણોની આય થાય છે અને મારા કેટલા ગુણોનો વ્યય થાય છે...!

મારા કેટલા અવગુણો જઈ રહ્યાં છે અને મારા કેટલા સદ્‌ગુણો વધી રહ્યાં છે ?

આગમને જોવા એટલે અરીસાને જોવો !

સ્વાધ્યાય કરવો એટલે સ્વની આય અને સ્વના વ્યયનો વિચાર કરવો... એનું ચિંતન કરવું...!!

આગમના શબ્દોને વાંચતાં... વાંચતાં... પરમાત્માની વાણીને વાગોળતાં વાગોળતાં... પોતાની જાતનું નિરીક્ષણ કરતાં કરતાં... અવલોકન કરતાં કરતાં... આ યોગ્ય અને આ અયોગ્યનો ચમકારો કોક દિવસ થઈ જશે..! જેમ અરીસા સામે ઊભા રહીને જોઈએ તો ખબર પડે કે આપણે મેલા થઇ ગયા છીએ અને આપણને હવે નહાવાની જરૂર છે..!

મેલ ક્યારે દેખાશે ? અરીસાની સામે ઊભા રહીએ ત્યારે...

ડાઘ ક્યારે દેખાશે ? અરીસાની સામે ઊભા રહીશું ત્યારે...!

એવી જ રીતે આપણા અવગુણ આપણને ક્યારે દેખાશે ? જ્યારે આપણે આગમને જોઈશું... આગમને અનુભવીશું... આગમને માણીશું ! આગમના એક એક શબ્દમાં આપણને પોતાનો અનુભવ થવો જોઈએ !

સ્વાધ્યાય કરતી વખતે આપણે કડકડાટ અને સડસડાટ બધા શબ્દોને બોલી જઈએ છીએ... પણ !

પરમાત્મા કહે છે, એમ ન હોય ! એકવાર તું એમ કરતાં કરતાં પણ... એક વખત અરીસાને જોતાં જોતાં પણ અરીસામાં જોવાનું શરૂ કરી દે !

અરીસાને જોવાય કે અરીસામાં જોવાય ?

''અરીસાને જોનારો ક્યારેય જાતની શુદ્ધિ કરી શકતો નથી... અરીસામાં જોનારો જ જાતની શુદ્ધિ કરી શકે છે !''

આગમને જોનારો ક્યારેય વધારે પામી શકતો જ નથી પણ ! આગમમાંથી પોતાના આત્માને જોનારો જ કંઈક પામી શકે છે.

સ્વાધ્યાય એટલે આગમરૂપી અરીસામાં... પરમાત્માના શબ્દોરૂપી

અરીસામાં પોતાની આય અને વ્યયને જોવું એનું નામ છે સ્વાધ્યાય !

સ્વાધ્યાયના કેટલા પ્રકાર ?

વાચના, પૃચ્છના, પર્યટણા, અનુપ્રેક્ષા, અને ધર્મકથા !

જેવી રીતે અરીસા પણ અલગ અલગ જાતના આવે છે, કોઇ નાના હોય તો કોઈ મોટા હોય, કોઈ ચમકવાળા હોય તો કોઈ ઝાંયવાળા હોય ! ઘણાનાં પાકીટમાં પણ એક નાનકડો અરીસો હોય !

વિચારો તો ખરાં ! પોતાના દેહને જોવા માટે એક નાનકડો અરીસો પણ ભેગો હોય છે, પણ આત્માને જોવા માટે... આગમનો એક પણ શબ્દ ભેગો ખરો ?

ના...!!

ઓગણીસમો બોલ

# વાચના

## પંથ અને પગલાં... આગમ અને વાચના

**वायणाए णं भंते ! जीवे किं जणयइ ?**

**वायणाए णं णिज्जरं जणयइ, सुयस्स अणुसज्जणाए अणासायणाए वट्टइ, सुयस्स अणुसज्जणाए अणासायणाए बट्टमाणे तित्थधम्मं अवलंबइ, तित्थधम्मं अवलंबमाणे महाणिज्जरे महापज्जवसाणे भवइ ।। १९ ।।**

એક વખત બાળકોની શિબિર ચાલતી હતી... અને એ શિબિરમાં ઘણાં બધાં બાળકો આવ્યાં હતાં... એમને કહેવામાં આવ્યું કે, તમે બધાં તમારા પાકીટ અહીં વચમાં મૂકી દો... અને પછી બધાનાં પાકીટ તપાસવામાં આવ્યા... તો શું મળ્યું ?? તો... ૮૦% બાળકોના પાકીટમાંથી ઋત્વિક રોશનનાં ફોટા નીકળ્યા. એ વખતે એનો બહુ જ ક્રેઝ હતો !

એક પણ બાળકનાં પાકીટમાંથી, ન કોઈ ભગવાનનો ફોટો... ન કોઈ ગુરુનો ફોટો કે ન એક નવકાર મંત્રનું કાર્ડ...! પણ ! હા ! બધાંનાં પાકીટમાંથી કોઈ ને કોઈ

હીરો કે હીરોઈનના ફોટા જરૂર હતા !

શા માટે ?

કેમ કે એને ગુરુ ગમ્યાં નથી. માટે જે ગમ્યાં છે એનો ફોટો રાખ્યો છે. સ્વાધ્યાયના જે પાંચ પ્રકાર બતાવ્યા... એમાં પહેલો પ્રકાર છે ''વાચના...!''

વાચનાથી જીવને શું લાભ થાય છે ?

મનને શાંતિ મળે...! Right...!

નિર્જરા થાય...! બરાબર...!

અશાતના ન થાય...! બરાબર પણ...! આની અંદર એક બહુ સરસ શબ્દ મૂક્યો છે. અને અંતરની આરસી પર કોતરી રાખવા જેવો છે !

''તીર્થંકર પરમાત્માનો ધર્મ વાચનાના આધારે ટકે છે !''

જેમ કોઈ પણ શિખર ઉપર પહોંચવા માટે અવલંબનરૂપ પગથિયાં જોઈએ, તેમ પરમાત્માના શાસનને પામવા માટે વાચનાનાં પગથિયાં જોઈએ !

જેમ જેમ વ્યક્તિ વાચના સાંભળશે તેમ તેમ પોતાના ધર્મ પ્રત્યે સુદઢ શ્રદ્ધા જન્મશે...! અને આ સુદઢશ્રદ્ધા એને ક્યાંય પણ જવા દેશે નહીં...!

વાચના સાંભળનાર વ્યક્તિને જગતમાંથી... ક્યાંયથી પણ કાંઈ પણ મેળવવાનું મન નહીં થાય !

કેમ ?

કેમ કે, તીર્થંકર પરમાત્માની વાણી જેમ જેમ મળતી જશે... તેમ તેમ તેનું અંતર ઠરવા લાગશે અને એકવાર અંતર ઠરવા લાગશે, એટલે પરમાત્મા પ્રત્યેનો અહોભાવ વધવા લાગશે... અને અહોભાવ વધવા લાગશે એટલે સંસારનો અભાવ વધવા લાગશે...!

અહોભાવના બે Result હોય છે...

અહોભાવ... અહોભાવને પણ વધારે અને અહોભાવ અભાવને પણ વધારે...!

શેનો અહોભાવ વધારે ?

તો... એને સંસારપ્રત્યેનો... સંસારી વ્યક્તિપ્રત્યેનો... સાંસારિક વાતાવરણ પ્રત્યેનો અભાવ જન્મશે... પરમાત્મા પ્રત્યેનો... પરમાત્માના અણગાર પ્રત્યેનો... પરમાત્માના સાધકો પ્રત્યેનો અહોભાવ જન્મશે...!

જેમ જેમ પરમાત્માની વાણી સાંભળતો જશે... ભગવાનની વાણીના એક એક શબ્દ એના અંતરમાં ઉતરતા જશે. તીર્થંકર પરમાત્માના ધર્મની અવલંબના વધશે... એક બીજાને આપશે... બીજો ત્રીજાને આપશે... ત્રીજો ચોથાને આપશે...

જો ગૌતમસ્વામીએ અને સુધર્માસ્વામીએ ભગવાન મહાવીરે વેરેલાં શબ્દોરૂપી પુષ્પોની માળા ન ગૂંથી હોત તો...?

સુધર્માસ્વામીએ, જંબુસ્વામીને ન આપ્યું હોત તો...?

જંબૂસ્વામીએ પ્રભવસ્વામીને ન આપ્યું હોત તો?

એમ કરતાં કરતાં પણ જો આપણા સુધી ન પહોચ્યું હોત તો?

માનો કે ૨૦૦ વર્ષ પહેલાં બધાં આગમ, ધર્મનાં શાસ્ત્રો, બધું વિચ્છેદ થઇ ગયું હોત તો આજની આપણી દશા અને છઠ્ઠા આરાના માનવીની દશા વચ્ચે કોઇ ફરક હોત?

આપણે આજે છઠ્ઠા આરા જેવા જીવ કેમ નથી? કેમકે, આજે આપણી પાસે પરમાત્માનો ધર્મ, આગમ, ધર્મનાં શાસ્ત્રો, તીર્થંકરના ધર્મનું અવલંબન છે.

ઇદી અમીનને માનવભક્ષણ કરવાનો વિચાર કેમ જન્મ્યો? એ માનવ હોવા છતાં તેને માનવને ખાઇ જવાનો ભાવ કેમ જન્મ્યો?

એને તીર્થંકર પરમાત્માનું શાસન નથી મળ્યું માટે!!

ગમે તેટલું થવા છતાં પણ આપણા દેશની વ્યકિત એટલી હિંસક નથી બનતી તેનું કારણ એક જ છે કે અહીં આર્યત્વના પરમાણુઓ ફેલાયેલા છે! અને આ જ કારણે આપણા દેશની વ્યકિતને ભયંકર હિંસાચાર કરવાનું મન થતું નથી!

આપણા અનંતાપુણ્ય અને અનંતા સદ્‌ભાગ્ય છે કે આપણને પરમાત્માની વાણી અને વાણીના સંસ્કાર મળ્યા છે!

આપણા બાપદાદાને... આપણી પરંપરાને અને આપણા કુળને આ સંસ્કાર

મળ્યા છે માટે આપણને પણ મળ્યા છે.

પરમાત્માનું શાસન, પરમાત્માના શબ્દો આપણને કુળ અને પરંપરાથી પ્રાપ્ત થઇ ગયાં છે એટલે આપણને અહિંસા મળી એની હજુ યોગ્ય કિંમત નથી સમજાતી! યોગ્ય કદર થઇ નથી!

''પરમાત્માના શબ્દો પર જ... પરમાત્માના ધર્મનું અવલંબન રહેલું છે !''

જો આપણને આ ભગવાનની વાણી અને ધર્મના સંસ્કાર ન મળ્યા હોત તો આપણું શું થાત ?

આપણને નવકારમંત્ર... સાધુસંતોની ગૌચરીનો લાભ વગેરે અવારનવાર મળતું હોય એટલે આપણને થાય કે આ બધું તો સહજ છે ! પણ જો તમે એક વખત માનવભક્ષી આદિવાસીઓના વિસ્તારમાં એક મહિનો પણ કાઢો તો એની કિંમત સમજાય !

જેટલો જેટલો અંતરનો અહોભાવ આપણા ધર્મ પ્રત્યે વધે છે, એટલા જ આપણે આપણા ધર્મ પ્રત્યે positive બની એટલા ને એટલા વધુ આપણે આપણા ધર્મ પ્રત્યે જોડાઈ જઈએ છીએ !

આપણી કચાશ એટલી જ છે કે ધર્મ, ધર્મગુરુ અને ધર્મ સાનિધ્ય મળવા છતાં પણ જેમ એક કારખાનું તૈયાર હોય અને ચાલતું હોવા છતાં પણ બરાબર નથી ચાલતું... એટલે એક માણસને બોલાવામાં આવ્યો... અને એને કહેવામાં આવ્યું કે કારખાનું બધી રીતે યોગ્ય છે... બરાબર છે... પણ ! કંઈક ખૂટે છે... અને કંઈક ખૂટતું હોવાને કારણે યંત્રો બરાબર ચાલતાં નથી !

એ વ્યક્તિએ બધું Check કર્યું... બરાબર Check કર્યા પછી એણે કહ્યું કે, હું બધાં જ યંત્રો બરાબર ચાલે એવી રીતે ઠીક કરી દઉં પણ મને ૧૦,૦૦૦ રૂપિયાની ફી આપવી પડશે...! બોલો Yes કહેશે કે No...?

એ અંદર ગયો...! પોતાની નાનકડી થેલીમાંથી એક નાનકડો સ્ક્રૂ કાઢીને એક જગ્યાએ ફીટ કરી દીધો... અને જેવો સ્ક્રૂ ફીટ થઈ ગયો... ખલાસ !

બધાં જ યંત્રો સડસડાટ ચાલવા લાગ્યાં...!

પેલાં શેઠે જોયું... એક નાનકડા સ્ક્રૂથી બધું જ કામ બરાબર થઈ ગયું !

એમ એક નાનકડો 'અહોભાવ'નો સ્ક્રૂ જો આપણી સાધનામાં ફીટ થઈ જાય તો પછી તમને કહેવું નહીં પડે થઈ જશે...! તમને બોલાવવા નહીં પડે આવી જવાશે...! પછી તમને બીજું કાંઈ નહીં ગમે... અને ધર્મ વગર ચાલશે નહીં...! પણ, એક વખત આ ભાવ પ્રગટાવી લો !

અમે તો પેલા માણસની જેમ તમારામાં એક સ્ક્રૂ ફીટ કરવા આવ્યા છીએ... બાકી બધું તો તમારું છે જ... તમારી પાસે છે જ ! હાથ-પગ-હૈયું... બધું તમારી પાસે છે... સાધના, સામાયિક... પ્રતિક્રમણ બધું જ તમારું છે... પણ અમે તો ખાલી તમારા આ યંત્રમાં એક અહોભાવનો નાનકડો સ્ક્રૂ ફીટ કરવા આવ્યા છીએ ! અને એ પણ વગર ચાર્જે !!

વાચના કરવાથી શું થાય છે ?

વાચનાથી નિર્જરા થાય છે.

નિર્જરા એટલે કર્મ ખપવાં... કર્મ ખરી જવાં...!

આ એકદમ સીધીસાદી અને સહજ વ્યાખ્યા થઈ...!

પણ...! આ વ્યાખ્યા હજુ અધૂરી છે.

આપણામાં એમ કહેવાય છે કે, નવતત્ત્વનું જ્ઞાન હોય એને શ્રાવક કહેવાય !

''જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ !''

નિર્જરાની સામાન્ય વ્યાખ્યા એટલે જુદું પડવું...!

અને જુદાં એ જ પડે છે, જે ભેગાં થાય છે ! જે ભેગા થતાં નથી એ ક્યારેય જુદાં પડતા નથી ! હવે, ભેગા થવાનું કારણ શું છે ?

તો... આપણી પોતાની... સ્વયંની... રાગ, દ્વેષની જે વૃત્તિ છે... અને એ વૃત્તિનું જે વલણ પડેલું છે. એ વલણને કારણે આપણામાં કર્મો ભેગાં થાય છે !

એક વાત નક્કી છે. જગતની એક પણ વ્યક્તિ આપણી સાથે કાયમ નથી રહી... જગતની એક પણ વસ્તુ આપણી સાથે કાયમ નથી રહી...!!

હા ! એક રહી છે...!

આપણી સાથે આજ સુધી કોઈ વસ્તુ કાયમ રહી હોય તો એવી એક જ વસ્તુ છે!

જુઓ ! કાયા આપણને મળે છે... જુદી પડી જાય છે...!

શરીર આપણને મળે છે... જુદું પડી જાય છે...!

જગતની બધી જ વસ્તુ... બધાં જ સંયોગો આપણને મળે છે અને આપણાથી જુદાં પડી જાય છે, પણ જગતની એક વસ્તુ એવી છે જે આપણી સાથે કાયમ રહે છે...!

એ આપણું નથી છતાં આપણું બની ગયું છે... અને માટે જ હેરાનગતિ છે...!

''જે આપણી સાથે ભળી ગયું છે... જે આપણાથી જુદું છે અને આપણી સાથે જોડાઈ ગયું છે... એવી એક જ ચીજ છે... જેનું નામ છે કર્મ !'' અને કાર્મણ શરીર.

'કર્મ' જે આપણી સાથે જોડાય છે એને કહેવાય છે ''કર્મનો બંધ !''

આપણે આત્મા છીએ... આત્માને આકાર ન હોય... આત્માને કલર ન હોય... આત્માને રૂપ ન હોય...!

આત્મા તો અરૂપી વસ્તુ છે !

કર્મને રંગ હોય, કર્મને રૂપ હોય, કર્મને આકાર હોય... કેમ કે, કર્મ એક પદાર્થ છે !

આત્મા પદાર્થ નથી અને કર્મ પદાર્થ છે !

તો જે પદાર્થ નથી એને પદાર્થ ચોંટે કેવી રીતે ?

તમે કોઈ દિવસ વિચાર્યું નહીં હોય...!!

આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે... આત્માને કર્મ બંધાય... એ એનાં કર્મને બાંધે છે...! કર્મ ભોગવે છે... આવું આપણે ઘણીવાર સાંભળ્યું છે...!

પણ ! કર્મ બંધાય કેવી રીતે ? કર્મ બંધાણાં કેવી રીતે ? આપણે છીએ અરૂપી પદાર્થ અને કર્મ છે રૂપી પદાર્થ...!

આજે આપણે કોઈ સ્ટીકર ચોંટાડવું હોય તો કોઈ વસ્તુનો સહારો જોઈએ...

દીવાલ, કાચ, ટેબલ... કાંઈ પણ...! પણ ! એને હવામાં અધ્ધર ન ચોંટાડી શકાય !

આત્મા કોઈ પદાર્થ જ નથી... આત્મા કોઈ દેખાતી વસ્તુ જ નથી...! તો કર્મો આત્માને ચોંટે કેવી રીતે ?

કંઈક હોય તો કંઈક ચોંટે... પણ કંઈ જ ન હોય તો કંઈક ચોંટે કેવી રીતે ?

કર્મો બંધાણાં... કર્મો ચીકણાં હતાં... ચીકણાં કર્મો ભોગવ્યાં... આવા કેટલાયે શબ્દોનો પ્રયોગ થાય છે...!

જેમ લોહચુંબક હોય ને... એ લોહચુંબકમાંથી એક જાતનાં waves નીકળે...! બરાબર !

લોખંડને એ લોહચુંબકના wavesની અસર થાય... અસર થાય એટલે એ ધીમે ધીમે નજીકમાં આવે...!

કહેવાય છે કે લોહચુંબકને લોઢું ચોંટી ગયું...!

વાસ્તવિકતામાં બંને શું હોય ? તો... બંને અલગ જ હોય...! જેવો force તૂટે એટલે અહીં ચોંટી રહ્યું હોય તે ધીમે ધીમે કરતાં... ખરી પડે...!

એવું સર્જાય છે... આત્મા અને કર્મોની વચ્ચે...!

અરૂપી આત્મા પાસે... એવા પ્રકારના રાગ અને દ્વેષના waves જે waves કારણે સર્જાય છે ''લેશ્યા'' નામની એક ત્રીજી વસ્તુ...!

જેમ લોખંડ અને લોહચુંબક બેની વચ્ચે waves સર્જાય છે... તેમ આત્મા અને કર્મની વચ્ચે ''લેશ્યા'' નામના waves સર્જાય છે !

આ waves ક્યાં સુધી સર્જાય ?

તો... કહે...! જ્યાં સુધી આત્મા યોગ અને કષાય કરતો હોય ત્યાં સુધી આવા waves સર્જાય અને એ waves કર્મને પોતાની તરફ ખેંચે અને એમને એમ રાખી મૂકે... પછી એની અસર આત્માને શરૂ થાય !

કર્મ બંધાવા એટલે શું ?

આત્મા અને કર્મ વચ્ચેનો સંબંધ થવો !

તો પછી કર્મ ખપવા એટલે શું ? કર્મની નિર્જરા થવી એટલે શું ? આ

waves ને ઘટાડો... એટલે ચોંટેલું બધું એની મેળે ખરવા લાગશે !

ચોંટેલું ખરે... ભેગું થયેલું જુદું પડે... એનું નામ કર્મની નિર્જરા...!!

સમજવાનો point એ છે :-

લોહચુંબકથી લોઢું પ્રયત્ન કરીએ એટલે જુદું પડી જાય છે. પણ જ્યાં સુધી પેલાં waves હશે ત્યાં સુધી લોખંડની લોહચુંબકને ચોંટવાની શક્યતા છે !

આત્મા ઉપરથી કર્મો ખરે... એને કર્મની નિર્જરા કહેવાય ! પણ આત્મામાં રહેલા waves ખરી જાય... એને ''**महा पज्जवासाणे**'' શબ્દ કહેવાય !

વાચનાથી શું લાભ મળે ? તો... એનો છેલ્લો શબ્દ છે...

''**महा पज्जवासाणे**'' એટલે શું ?

આત્માનાં કર્મોને ખેંચતા waves ખરી જાય એને કહેવાય ''પર્યવસાન'' ! અને કર્મો ખરી જાય એને કહેવાય કર્મોની નિર્જરા !!

નિર્જરા થઈ ગયેલાં કર્મો તો ફરી પાછાં ગમે ત્યારે ચોંટી શકે છે... પણ waves ખરી જાય... લોહચુંબક, લોહચુંબક જ ન રહે તો ક્યારેય લોઢું એને ચોંટી શકતું જ નથી !

આજ સુધીના અનંતકાળમાં ઉપવાસ, આયંબિલ, એકાસણા, જપ અને તપ કરીને આપણે એક કામ કર્યું છે.

આજ સુધીની દ્રવ્યસાધના દ્વારા આપણે શું કર્યું ? તો...! લોહચુંબકથી લોઢાંને દૂર કરવાનો પ્રયત્ન કર્યો... અને લોઢું જ્યાં સુધી દૂર કર્યું ત્યાં સુધી દૂર રહ્યું...! પણ waves તો એમ ને એમ જ હતાં એટલે ફરી પાછાં કર્મો લાગી ગયાં...!

આ ભવની અંદર સાચી સમજથી મારે એક કામ કરવાનું છે... લોહચુંબકથી લોઢું દૂર જાય એ બહુ મહત્ત્વની વાત નથી... લોહચુંબકમાંથી ચુંબકીય બળ જ જતું રહે એ સૌથી મહત્ત્વની બાબત છે !

આ વસ્તુને જો આપણો જૈનસમાજ સમજી લે... એનાં ઉંડાણ સુધી

પહોંચીને સાચી સમજ કેળવી લે તો મને નથી લાગતું કે એને બે કે પાંચથી વધુ ભવ કરવા પડે !

પણ ! આપણે હંમેશાંને માટે એ જ જોતા રહ્યાં છીએ કે, લોહચુંબક્ને લોઢું કેટલું ચોંટ્યું...?? કેટલું જુદું પડ્યું...?? કેટલાં ઉપવાસ કર્યા ? કેટલી આયંબિલ કરી...? કેટલી સાધના કરી ? કેટલાં કર્મો ખપ્યાં ?

કર્મો ખપવા એ બહુ મહત્ત્વની ઘટના નથી...!

લોહચુંબકથી લોઢું દૂર થવું એ બહુ મહત્ત્વની ઘટના નથી...! એવું ભૂતકાળમાં અનંતીવાર થયું છે !

લોહચુંબક્માંથી ચુંબકબળ તૂટવું એ સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના છે...! અને જે દિવસે એ સર્જાય છે... પછી ગમે તેટલું લોઢું આવીને મળે તો પણ કંઈ થવાનું નથી...!

કર્મો ખપવા એટલે લોઢું દૂર થવું... પણ લોહચુંબક્નું ચુંબકબળ તૂટવું... કે ખરવું... એટલે શું ?

લોહચુંબક્માંથી લોઢું દૂર થવું એ સામાન્ય વાત છે અને લોહચુંબકથી ચુંબકીય બળ તૂટવું એ અસામાન્ય વાત છે !!! કર્મો ખપવા એ સામાન્ય વાત છે... પણ કર્મોના કારણનું ખપવું એ અસામાન્ય વાત છે !

કર્મોને આજ સુધી અનંતાજીવોએ અનંતીવાર ખપાવ્યાં... પાછા બંધાઈ ગયાં...!

કર્મોના કારણને ખપાવવાનો એક પ્રયત્ન કર્યો અને મરૂદેવી માતા હાથીની અંબાડી ઉપર બેઠાં બેઠાં સીધા મોક્ષમાં...!!

ભરત ચક્રવર્તી અરીસાભુવનમાંથી સીધા મોક્ષમાં...!

ચંડરૂદ્રાચાર્ય પોતાના શિષ્યને મારતાં મારતાં સીધા મોક્ષમાં...!! અને શૈલકરાક ઋષિ નામના સાધુ... જેને દરરોજ સાંજ પડે અને જેને કહેવાય કે ન ખાઈ શકાય કે ન પી શકાય એવા પદાર્થો ખાવા-પીવા જોઈતાં હતાં એક કલાકમાં મોક્ષમાં...!!

આપણને જગતના જ ગુણધર્મો સાધનાના ક્ષેત્રમાં કામ લાગે છે...

કોઈ પણ લોહચુંબકમાંથી ચુંબકીય બળને કાઢવું હોય તો શું કરવું જોઈએ ?

સાધનાના ક્ષેત્રમાં ઊંડાણ સુધી ઉતરવું પડે... અને એકવાર સમજ આવી જાય પછી... વ્યક્તિ બહારથી જુદી લાગતી હોય પણ અંદરમાંથી એકદમ જુદી હોય...! એ વ્યક્તિને બહારથી માપી જ ન શકાય અને જે માપવા જાય એ ખોટી જ પડે !

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જ્યારે બેઠાં હોય ત્યારે સામાન્ય વ્યક્તિ તો એમને સમજી જ ન શકે કે આ કોણ હતાં ? કેવા હતાં ? કે એમનું વ્યક્તિત્વ શું છે ? સામાન્ય વ્યક્તિને તો એમ જલાગે... ઠીક છે... આ આમ બેઠાં છે!! અને આમ કરે છે...!!

પણ અસામાન્ય વ્યક્તિ જ સમજી શકે એની સાધનાના ઊંડાણને !!

પર્વતને જોનારો માત્ર પર્વતને જ જોતો રહે... પણ પર્વતની તિરાડને જુએ તો ખબર પડે કે અંદરમાં કેટલું બધું પાણી વહી રહ્યું છે !!

નાળિયેરને જોનારો માત્ર કૂચાને જ જોતો રહે તો એને એમ જ લાગે કે આ તો સાવ કૂચા જેવું ફળ છે !

પણ ! ભાઈ ! અંદરમાં જળ અને જીવન બંને પડેલાં છે !

જે સમયે વાચના લેવામાં આવે છે, એટલે આપણા જ અંદરમાં પડેલા જ્ઞાનને આપણે બહાર કાઢીએ છીએ...!

તમે બધાં પાત્રવાન જીવો છો... સુપાત્ર છો... હું તમને... કે પરમાત્મા તમને... કે કોઈ પણ વ્યક્તિ તમને... ક્યારેય જ્ઞાન આપી શકતી જ નથી ! આ યાદ રાખજો !

હું તમને જ્ઞાન આપી શકતો જ નથી !

હું માત્ર તમારામાં જ્ઞાન પામવાની જિજ્ઞાસા જ ઉત્પન્ન કરાવી શકું છું ! તમારામાં રહેલી જિજ્ઞાસાને કારણે... તમારામાં રહેલું જ્ઞાન બહાર આવી રહ્યું છે.

કોઈ વ્યક્તિ કોઈ વ્યક્તિને, ક્યારેય જ્ઞાન આપી શકતી જ નથી ! માત્ર અમે

તમારામાં... કોઈપણ ગુરુ પોતાના શિષ્યોમાં... માત્ર સ્વાધ્યાયની જિજ્ઞાસા ઉત્પન્ન કરાવી શકે !

જિજ્ઞાસા નિમિત્તથી ઉત્પન્ન થાય અને જ્ઞાન ઉપાદાનથી ઉત્પન્ન થાય !

જ્ઞાન તમારા અંદરમાં જ પડેલું છે ! આ બધું જે હું બોલું છું... સમજાવું છું... એના કરતાં અનંતગણું જ્ઞાન તમારા અંદરમાં પડેલું છે ! તમે એટલા બધાં સક્ષમ જીવ છો કે તમારા અતલ ઊંડાણમં એટલું બધું પડેલું છે... માત્ર કરવાની જરૂર એટલી જ છે કે... માત્ર તમારું ઉપલું એક પડ જ ચીરવાની જરૂર છે...!

જેમ એક બીજમાં વિશાળ વડલો બનવાની તાકાત પડેલી છે... તમે તમારામાં અનંતજ્ઞાન પડેલું છે !

અમે... કે કોઈ પણ વ્યક્તિ... કોઈ પણ વ્યક્તિને કાંઈ આપી જ શકતી નથી... હા ! એનામાં શું છે... એ એને બતાવી શકે છે ! એટલે એ જ્ઞાન તમારામાં પડેલું છે... અને એ જ્ઞાનને તમારે બહાર લઈ આવવાનું છે... એકવાર જો એ જ્ઞાનને બહાર લઈ આવ્યા પછી ખલાસ...!

પછી તમને અજ્ઞાનને કારણે થતી એક પણ અશાંતિ તમને ક્યારેય સ્પર્શવાની નથી !

અત્યારે આ પાંચમાં આરામાં કોઈ પણ શ્રેષ્ઠસાધના હોય... તો માત્ર જિજ્ઞાસા જાગવાની સાધના છે !

આપણામાંથી જેવી જિજ્ઞાસા બહાર નીકળે છે... તરત જ અંદરમાં પડેલું બધું બહાર આવવા લાગે છે... પછી એને બહારમાં ક્યાંય કોઈ પણ જગ્યાએ જવાની જરૂર પડતી નથી !

ધર્મમાં છે... એવું ક્યાંય નથી...!

જે આપણી પાસે છે એવું ક્યાંય નથી...!

જે આપણામાંથી મળે છે... એવું ક્યાંયથી મળતું નથી...! આ ત્રણ વાક્યો બરાબર યાદ રાખજો !

ઉપાશ્રયના એક એક શ્રાવક અને શ્રાવિકા દૃઢધર્મી અને પ્રિયધર્મી બની

જાય...! એને ક્યાંય જવાની જરૂર ન પડે... અને કોઈની પાસે જવાની જરૂર ન પડે...!

એક એક શ્રાવક, શ્રાવિકામાં પડેલું અનંતજ્ઞાન માત્ર બહાર આવી જાય...!!

આપણી પાસે છે... એવું ક્યાંય નથી...!

આપણામાં છે એવું ક્યાંય નથી...! આપણે ક્યાંય બહાર જવાની જરૂર પડે એમ નથી !

અમારું કામ માત્ર એટલું જ છે... તમારામાં રહેલું તમને બતાવવાનું...!! તમારામાં રહેલું છે એનું માત્ર ભાન કરાવવાનું...!

હવે તમારું કામ તમારે કરવાનું છે...!

ચાતુર્માસના ચાર મહિનામાં જો તમારી જિજ્ઞાસા દૃઢ બની ગઈ તો આવતા પાંચ વર્ષની અંદર તમે જ્ઞાનના... સમજના... એક એવા stage ઉપર પહોંચી જશો... પછી કોઈ પણ પ્રશ્ન હશે તો પણ... તમારો Answer Ready જ હશે...!

આપણે પરમાત્માના અનુપમ શાસનને પામ્યા છીએ... જગતમાં જેની જોડ ન જડે એવા શાસનને પામ્યા છીએ... બસ ! એ શાસનને પામ્યાની અનુભૂતિ કરવા લાગો... એટલે ધીમે ધીમે... પડેલું બધું બહાર આવવા લાગશે...!

હવે ! નિર્જરા અને પર્યવસાન વચ્ચેનો ફરક...

નિર્જરા એટલે કર્મોનું ખપવું... અને

પર્યવસાન એટલે કર્મોના કારણનું ખપવું...!

વાચનાથી પરમાત્માના ધર્મનું અવલંબન થાય છે...!

પરમાત્માનો ધર્મ... અને એ ધર્મનું અવલંબન માત્ર વાચનાને આધારે જ થાય છે !

પર્યવસાન પણ માત્ર વાચનાથી જ થાય છે, કેમ કે જેમ જેમ સાચી દૃષ્ટિ મળે... એમ એમ ખોટાં બધાં ભાવો દૂર થવા લાગે...!

વાચના કરવાથી શું લાભ થાય છે ?

વાચનાથી નિર્જરા થાય છે. નિર્જરા એટલે જોડાયેલું જુદું પડવું. મારા આત્મા

સાથે જે કર્મો જોડાઇ ગયા છે તે કર્મોને જુદા પાડવા એનું નામ નિર્જરા.

કર્મોના પદાર્થ કર્મોના પરમાણુ, કર્મોના રજકણ આત્માથી જુદાં પડે તેને કર્મોની નિર્જરા કહેવાય.

નિર્જરા બે પ્રકારની હોય છે.

એક કર્મ પદાર્થ આત્માથી ખરી જાય તેને કહેવાય કર્મ નિર્જરા અને એ પદાર્થનું કારણ ખપી જાય તેને કહેવાય 'ભાવ નિર્જરા' !

લોહચુંબકથી લોઢું છૂટ્ટું પડે એમ આત્માથી કર્મોની નિર્જરા થઈ એમ કહેવાય.

પણ લોહચુંબકનું ચુંબકીય બળ જ ન રહે તો ગમે તેટલું લોઢું તેની પાસે આવે તો પણ કાંઈ થઈ શકે નહીં.

એનું ઉત્તમ ઉદાહરણ એ છે કે સિધ્ધલોકમાં અનંતા સિધ્ધ પરમાત્મા છે અને અનંતા એ અનંતા સિધ્ધ પરમાત્મા જ્યાં રહે છે એ જ જગ્યાએ એક મીલી ઈંચ પણ જગ્યા બાકી નથી કે એક મીલીસેંટી મીટર પણ જગ્યા બાકી નથી કે જ્યાં બીજા અનંતા જીવ ન હોય !

ક્યા જીવ ? તો વનસ્પતિના જીવ.

જે સિધ્ધક્ષેત્રમાં સિદ્ધ પરમાત્મા વસી રહ્યાં છે એ જ જગ્યાએ એ જ સિધ્ધ પરમાત્માના આત્માને સ્પર્શીને અનંતા સૂક્ષ્મ વનસ્પતિના જીવ જીવે છે. દર એક વનસ્પતિના જીવને અનંતા કર્મો લાગેલાં છે.

એટલે કર્મો ક્યાં છે ? તો જ્યાં સિધ્ધ લોક છે ત્યાં પણ કર્મો છે.

સિધ્ધ પરમાત્માના આત્માને અસર કરતા નથી ? ના ! અસર કરતા નથી.

કેમ અસર કરતા નથી ? સિધ્ધ પરમાત્માના આત્મામાં રહેલું લોહચુંબકીય બળ પૂરું થઈ ગયું છે. લોહચુંબકનું બળ પૂરું થઈ જાય પછી લોઢું ગમે તેટલું અડે તો પણ ચોંટી શકતું નથી.

એવી રીતે સિદ્ધ પરમાત્માના આત્મામાંથી એવા પ્રકારના waves નીકળી ગયાં છે જે waves કર્મને બાંધતા હતા. એ waves ને ખપાવવા તેનું નામ છે

સાચો ધર્મ.

કર્મને ખપાવવા તે છે દ્રવ્ય ધર્મ અને કર્મના કારણને ખપાવવું તેનું નામ ભાવધર્મ.

ચુંબકના ચુંબકીય બળને તોડવું હોય તો શું કરવું પડે ?

લોહચુંબકની અંદર બે પ્રકારના pole હોય છે. એકને North pole ને બીજાને South pole કહેવાય. તેને ગમે તેમ રાખો તો North poleનો ભાગ હંમેશા ઉત્તર દિશામાં જાય. ને South poleનો ભાગ દક્ષિણ દિશામાં જ જાય.

બહુ ઊંડાણથી સમજજો. એવી જ રીતે આત્માના જે waves હોય છે તે નેગેટીવ ને પોઝિટીવ રાગ અને દ્વેષમય હોય છે.

લોહચુંબકનું મારણ લોહચુંબક સિવાય બીજું કાંઈ હોતું જ નથી. નોર્થ પોલની સામે તમે નોર્થ પોલને મૂકી દો એટલે લોહચુંબકનું લોહચુંબકીય બળ ખલાસ...! સાઉથ પોલની સામે તમે સાઉથ પોલ મૂકી દો - એ બે ભેગા થઈ જ ન શકે, બહુ પ્રયત્ન કરોને ભેગા કરો તો બંનેનું ચુંબકીય બળ ખલાસ થઈ જશે.

એવી રીતે ભાવકર્મને ખપાવવા માટેનો ઉત્તમ ઉપાય હોય તો સદ્ભાવ છે.

રાગનું મારણ રાગ છે. દ્વેષનું મારણ દ્વેષ રહેલું છે.

એક તરફ તમારો દેવગુરુ - ધર્મગુરુ પ્રત્યેનો ભક્તિભાવ વધતો જાય, બીજી તરફ તમારો સંસાર પ્રત્યેનો રાગ ઘટતો જાય. જેવી રીતે લોહચુંબક પાસે રહેલું ચુંબકીય બળ તૂટી જાય પછી લોઢું ગમે તેટલું મળે એને કોઈ દિવસ કાંઈ અસર થતી નથી. એવી રીતે જ્ઞાની વ્યક્તિ શું કરે  છે ? અંદરના waves જે રાગ અને દ્વેષના છે...! અંદરના ફૂદયત જે છે હિંસા જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહથી માંડીને ૧૮ પાપસ્થાનકના ! આ કારણ છે જેને કારણે કર્મો બંધાય છે. તેને ખપાવે છે. આપણે શું કરીએ છીએ ? ઉપવાસ કરીએ છીએ. ઉપવાસ કરીને કર્મો ખપાવવા છે. કર્મોની નિર્જરા કરવી છે. હવે એ વાક્ય ભૂલી જાવ.

હવે એમ કહો કે મારે ઉપવાસ કરીને મારા ક્રોધને ખપાવવો છે. ઉપવાસ કરીને મારે મારા અહમ્‌ને... મારે મારા લોભને ખપાવવો છે. મારે મારી

આશક્તિને ખપાવવી છે.

કોઈ પૂછે કે ઉપવાસ શા માટે કર્યો છે ? તો જવાબ તૈયાર હોવો જોઈએ કે મારે મારા ક્રોધ, માયા, માન, લોભને ખપાવવા છે.

કર્મોના કારણને ખપાવો તો કર્મો ઉપજે જ ક્યાંથી ?

જેમ લોખંડને ગમે તેટલું લોહચુંબકથી અલગ કરો તો પાછું મળી જાય, પણ લોહચુંબક બળને અલગ કરી નાખ્યું તો ખલાસ !

એવી રીતે ચુંબક બળ શું છે ?

ભાવકર્મ એ ચુંબકબળ છે.

ભાવકર્મ એટલે શું ? તો યોગ અને કષાય !

યોગ એટલે મન, વચન અને કાયા...!

કષાય એટલે ક્રોધ, માન, માયા અને લોભ...!

જ્યાં સુધી મન વિચારે છે, વચન બોલે છે અને કાયા કાંઈપણ પ્રવૃત્તિ કરે છે ત્યાં સુધી કર્મ બંધન છે.

જ્યાં સુધી ક્રોધ છે, અહમ્ છે, કપટ છે અને લોભ છે ત્યાં સુધી કર્મબંધન છે.

તમે શું કર્યું ? ઉપવાસ કર્યો એટલે થોડો ક્રોધ ઘટ્યો, અહમ્ ઘટ્યો, થોડો લોભ ઘટ્યો એટલે પેલું ચુંબકીય બળ થોડું ઘટ્યું એટલે લોઢું છુટ્ટુ પડી ગયું.

પણ ચુંબકીય બળ બધું ખલાસ નથી થયું. એટલે જેવું લોખંડ મળે છે ને લોહચુંબક બળનો નિયમ છે કે ચુંબકને જેટલી વધારે વાર લોખંડ મળે એટલું એનું ચુંબકીય બળ વધે !

સામાન્ય રીતે તમે લોખંડની બે સોયને બાજુબાજુમાં મૂકી દો ને તો એનામાં ચુંબકપણું ન હોય તો ય આવી જશે. તેવી રીતે તમે જ્યાં સુધી પરની પાસે છો ત્યાં સુધી કર્મનું કારણ ક્રોધ, માન, માયા, લોભ સર્જાયા જ કરવાના છે.

કર્મ શું છે ? કર્મ તો રજકણ છે.

કર્મ જન્મ્યાં કેમ ?

અંદરના ચુંબકબળ સિવાય લોખંડ ક્યારેય લોહચુંબક પાસે આવતું જ નથી

એમ ક્રોધ, માન, માયા, લોભરૂપી માતા વગર કર્મરૂપી બાળક જન્મતા જ નથી.

કર્મ એ પદાર્થ છે અને કર્મનું કારણ એ આત્મામાંથી નીકળતા waves પોતે રહેલા છે. વાચના તમારા ચુંબકબળને ઘટાડી દેશે ને તમારી વૃત્તિઓને વિરામ આપી દેશે.

વૃત્તિનો વિરામ થાય એટલે વર્તનનો વિરામ થયા વિના રહેતો જ નથી.

મારે મારામાં રહેલા અવગુણને ઘટાડવા છે, મટાડવા છે, મારા waves ને ઘટાડવા છે માટે ઉપવાસ કરું છું.

ઉપવાસ કરશે ત્યારે વધારે બોલવું નહીં ગમે, ઉપવાસ કરશે એટલે એની દોડાદોડી બંધ થઈ જશે, ઉપવાસ કરશે ત્યારે મજાક-મસ્તી બંધ થઈ જશે, ઉપવાસ કરશે એટલે એની દોડા દોડી બંધ થઇ જશે, એનો આત્મા એમ ને એમ મંદ પડવા લાગશે.

કરંટ મળતો બંધ થઈ જાય એટલે automatic માણસ ઢીલો પડી જાય.

પંખાનું રેગ્યુલેટર ધીમે ધીમે ૧ પર આવે ને પંખો ધીમો પડવા લાગે છે ને છેલ્લાં switch off!

તેમ ઉપવાસ એટલે શું ? રેગ્યુલેટર.

મારા આત્માની મન, વચન અને કાયાની જેટલી પ્રવૃત્તિઓ થઈ રહી છે તેની ઉપર જે રેગ્યુલેટરનું કામ કરે છે તે ઉપવાસ !

રેગ્યુલેટર ચાલતું હોય ને ધુમડ ધુમડ કરીએ તો ડબલ પડઘા કરે. તેમ ઘણાંય ઉપવાસમાં શું કરે ખબર છે ? તપ કરીને કર્મોને ખપાવવાના હોય છે અને પેલાં તપ કરીને સામેવાળા પર તપતાં હોય છે. હમણાં બોલાવતા નહીં કેમ કે આજે ઉપવાસ છે.

આ બે નિયમ છે. વાચના લેતા લેતા આત્મા બે વસ્તુ શીખે છે.

એક અનુવર્તન.

અનુવર્તન એટલે પરમાત્માએ જે વર્તન કર્યું છે તે વર્તન અનુસાર પરમાત્માના પગલે પગલે ચાલવું તેને અનુવર્તન કહેવાય !

વાચનાથી ભગવાન જેવી જીવનશૈલી મળે. વાચના કરવાથી આપણને ખબર પડે કે ભગવાન આમ કરતાં હતાં, ભગવાન આમ જીવતાં હતાં, ભગવાન આમ રહેતાં હતાં, મારે પણ આમ કરવું જોઈએ, મારે પણ આમ જીવવું જોઈએ, મારે પણ આમ રહેવું જોઈએ.

વાચનાથી તો અનુવર્તન કરવાની હૈયાસૂઝ મળે છે.

વાચના કરવાથી ધીમે ધીમે આત્મા પોતાના આત્માની અશાતના કરવાનું બંધ કરે છે. આ જગતમાં આપણે સૌથી વધુ અશાતના કોની કરતા હોઈએ છીએ ? પરમાત્મા એમ કહે છે કે તમે તમારા આત્માની અશાતના કરો છો એટલી જગતમાં બીજા કોઈની કરતાં નથી.

તમે તમારા આત્માને હેરાન કરો છો એટલો બીજા કોઈને કરતા નથી.

તમારા આત્મા માટે ફાંસીના ફંદા ઊભા કરો છો એટલા બીજા કોઈ માટે કરતા નથી !

વૈતરણી નામની નદી નરકમાં છે. એ નદીનું પાણી એટલું ખળખળ વહે છે કે નરકનો નારકી કિનારે ઊભો હોય એને એમ થાય કે હું આમાં પડું. મન થાય. પણ જો અંદર પડે તો એ પાણી અસ્ત્રાની ધાર જેવું હોય, એના ટુકડે ટુકડા કરી નાખે, એને છોલી નાખે !

કૂટસામલી નામનું એક વૃક્ષ નરકમાં છે. એકદમ ઘટાટોપ વૃક્ષ છે, નરકના નારકી દુઃખી દુઃખી થઈ ગયા હોય અને વૃક્ષ દેખાય એટલે એમ થાય લાવ, નીચે જઈને થોડીવાર બેસું, પણ જેવો વૃક્ષ નીચે આવે અને બેસે એટલે એમાંથી એક સાથે એક હજાર પાન ભાલા બનીને વરસે !

આવે શાંતિથી બેસવા પણ ઉપરથી ભાલા એકસાથે વરસે !

એવી જ રીતે જેમ કૂટસામલી વૃક્ષ હેરાન પરેશાન કરી મૂકે છે તેવી જ રીતે પોતાના જ આત્માના ભાવો પોતાના જ આત્માને દુઃખી કરે છે.

હું જ મારા આત્માને સામે ચાલીને રાગમાં અને દ્વેષમાં પડીને હજાર ભાલાની વેદના આપું છું. પોતે પોતાને જેટલી વેદના આપે તેટલી આ જગતમાં કોઈ

આપતું નથી. ન કરી શકાય, ન કહી શકાય, ન રહી શકાય અને છતાં પણ રહીએ છીએ !

જ્યારે આત્મા વાચના લે છે અને આગમના જ્ઞાનને જેમ જેમ જાણે છે તેમ તેમ પોતાના આત્માની અશાતના કરવાનું બંધ કરે છે.

પોતાના આત્માની અશાતના એટલે શું ?

જેમ તમારે ઘરે કોઈક મહેમાન આવે, તમે એન્ટ્રી આપો, બેસાડો અને પછી તમે તમારા રસોઈ કે બીજા કામે લાગી જાવ, ન તેને પાણી આપો, ન દૂધ આપો, એ બેસી જ રહે ! એમને એમ તો અકળાઈ જાય કે નહીં ?

અમે તમારા ઘરમાં આવ્યાં તો તેની કોઈ ફીલીંગ જ નહીં.

તમારો આત્મા તમને એમ કહે છે કે ભાઈ ! તે મને અંદર પૂરી દીધો ! તે મારી સંભાળ લીધી ? મારી પૂછ પરછ કરી ? તને કેમ છે એમ પૂછયું ?

આપણે જગતમાં સહુને પૂછીએ કેમ છે ? પણ જીવને ક્યારેય પૂછયું કે તને કેમ છે ? કોઈક બીમાર પડ્યું છે અને ખબર પડી એટલે તૈયાર થઈને ગયા હિંદુસભામાં ! ત્યાં કે બીજી હોસ્પિટલમાં ખબર પૂછવા ગાડી લઈને જઈએ પણ, મનની ગાડીમાં બેસીને સીધા અંદર ઊતરીને પૂછયું કે જીવ તને કેમ છે ?

આપણે સૌથી વધારે અપમાન કરતા હોઈએ, સૌથી વધારે તરછોડતા હોઈએ, સૌથી વધારે અશાતના કરતા હોઈએ એવી જો કોઈ વ્યક્તિ હોય તો તે આપણે સ્વયં છીએ !

આજ સુધીમાં સૌથી વધારે અશાતના કરી હોય તો મે મારી કરી છે !

આજ સુધીમાં સૌથી વધારે અશાતના મે કરી હોય તો પરમાત્માનો ધર્મ પામ્યા પછી દેવગુરુને ધર્મની કરી છે. વ્યક્તિ વાચના જેમ જેમ લેતો જાય તેમ તેમ અંદરથી આત્મજ્ઞાન પ્રગટ થતું જાય છે !

જીવ જ્યારે જીવ પ્રત્યે અશાતના કરે છે ત્યારે જીવનો જીવ પ્રત્યે અભાવ વધે છે.

તમારો તમારા આત્મા માટે અભાવ વધવો એટલે શું ?

જેમ કોઈ પણ વ્યક્તિ આખું મકાન બંધ રાખે ત્યારે શું થાય ? આખું મકાન

ધૂળીયું, કરોળિયાના બાવા ઝાળાવાળું, કેટલાય પંખીઓ આવી ગયાં હોય, મરેલા કાગડા પડ્યા હોય, કેટલુંય હોય હવે એવા ઘરને કોઈ વ્યક્તિ ખોલે ને જુએ, જોયા પછી ટકે કે બંધ કરી દે ?

પણ એને ખબર હોય કે આ મારું જ ઘર છે ને કાયમ માટે મારે અહીં જ રહેવાનું છે. તો ? જ્યારે તમારા આતમઘરમાં પ્રવેશ કરશો ત્યારે તમને ખબર પડશે કે ચારેબાજુ કર્મોની રજકણ છવાયેલી છે.

ચારેબાજુ ક્રોધનાં કરોળિયાં બાવાજાળા કરી રહ્યાં છે. અહમ્ મોહ, લોભ, કપટ આ બધાં સાપોલિયા આંટા મારી રહ્યાં છે અને તમારું ઘર એ ઘર નથી, ખંડેર બની ગયું છે.

મારે મારા ઘરમાં જવું છે અને ઘરની સાફસૂફી કરવી છે. મારે મારા ઘરને હું રહી શકું તેવું બનાવવું છે.

આપણે આપણા ઘરમાં શું કામ નથી રહેતા ? આપણે આપણને શું કામ નથી ગમતા ? આપણને આપણે ગમીએ એવું કાંઈ અહીં રાખ્યું જ નથી. અને એટલે જ આપણે જગતની વચ્ચે જીવીએ છીએ ને આપણને ભૂલી જઈએ છીએ.

બીજા સાથે જીવીએ તો આપણું તો કાંઈક ભૂલીએ.

એ બાવળીયા, ને એ સાપોલીઆ, ને એ કરોળિયાને જોઈ જોઈને આપણો જ ક્રોધ, માન, લોભ, કપટ, રાગ દ્વેષ જોઈને આપણે એટલા બધા કંટાળી જઈશું કે ઘર ખોલવાનો વિચાર કરીશું જ નહિ !

આત્મજ્ઞાન પામેલી વ્યક્તિ સદ્ભાવના અને સંસ્કારની સાવરણી લઈને પોતાના આત્માને વિશુદ્ધ કરે છે !

વાચના શું કરશે ?

તમારા ઘરના મારેલા તાળાને ખોલશે. તમે કરેલી આજ સુધીની તમારા આત્માની અશાતનાઓને પહેલાં ખોલશે. ખોલશે એટલે અંદર પરમાત્માનો પ્રકાશ પડશે. હવે તમારે કરવાનું !

અમારું કામ કેટલું ?

તમારા તાળા ખોલાવવાનાં, તમારા દરવાજા ખોલાવવાનાં, તમારી બારીઓ ખોલાવવાની.

વાળવાનું કામ અમે કોઈ દિવસ કરીએ નહીં.

વાળવાનું કોણે કરવાનું ? તમારે !

સાવરણી કોણે મારવાની ? તમારે !

ધોલાઈ કોણે કરવાની ? તમારે ! જો તમારે રહેવું હોય તો !

અમારું કામ એટલું જ છે કે તમારા આત્માના તાળા બંધ છે તે ખોલાવવાનાં.

જ્યારે વ્યક્તિ આત્માના ઘરમાં પ્રવેશ કરે છે ત્યારે આત્મજ્ઞાનને પામેલી વ્યક્તિ જ તીર્થંકર પરમાત્માના ધર્મનું અવલંબન કરી શકે છે. બાકીના તો માત્ર એમ ને એમ પોતાની જિંદગી પસાર કરે છે.

આચરણની શુધ્ધિને મહત્ત્વ આપવાવાળી વ્યક્તિ આત્મજ્ઞાનની દિશામાં જ્યારે નિષ્ક્રીય બની જાય છે ત્યારે એની પક્કડ વધે છે ને પામવાનું ઘટે છે.

આપણે પામવાનું વધારવાનું છે ને પક્કડને ઘટાડવાની છે.

ધર્મના ક્ષેત્રમાં કે અધર્મના ક્ષેત્રમાં પરમાત્માના ધર્મનું અવલંબન તો એ જ કરી શકે છે જે પોતાના આત્માની અશાતના ન કરતા હોય.

આત્માના જ્ઞાનની અશાતના ન કરી શકે એ જઆત્માના જ્ઞાનને પામી શકે.

આત્માના જ્ઞાનને એ જ પામી શકે જે વાંચના લેતા હોય...!

જે તીર્થંકર પરમાત્માના ધર્મનું અવલંબન કરે છે તે જ વાચના આપી શકે છે કેમ કે તેણે મહાનિર્જરા ને મહા પર્યવસાન કર્યા હોય છે. તેથી તેની કર્મ પ્રકૃત્તિઓ અવસાન પામી ગઈ હોય છે.

લોહચુંબકમાંથી લોઢું દૂર કરવું તેને નિર્જરા કહેવાય અને લોહચુંબકનું ચુંબકીય બળ ઘટાડવું તેને પર્યવસાન કહેવાય છે !

ઉપવાસ શું કામ કરવો છે ?

હવે નિર્જરા શબ્દ ભૂલી જાવ. ''નિર્જરા'' શબ્દ આટલા વર્ષ વાપર્યો તેનો વાંધો નહીં. No Problem !

ઉપવાસ શું કામ કરવો છે ? મારે પર્યવસાન માટે કરવો છે.

પર્યવસાન એટલે શું ? કર્મના કારણનો નાશ. મારે કર્મના કારણનો નાશ કરવો છે.

મારે નિર્જરા તો કરવી જ છે પણ સાથે સાથે પર્યવસાન કરવું છે.

પર્યવસાન ચુંબક બળને મારે.

તમારા આત્મામાં કેટલાં ચુંબક બળ હશે ?

આપણા આત્માનાં કર્મો આવી શકે તેવા કેટલા કારણો છે ?

કર્મો અનંતા છે પણ કર્મો બાંધવાના કારણો અસંખ્યાતા છે.

જેમ કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ક્રિયા મન, વચન અને કાયાથી કરે તો ક્રિયા સમયને આધારે થાય છે. એ ક્રિયા કરવા માટેનો એને મળેલો સમય અનંતો નથી, અસંખ્યાતો જ રહેલો છે. આપણે કોઈ પણ કામ અસંખ્યાતા સમયમાં જ કરી શકીએ છીએ, અનંતા સમયમાં નહીં.

અસંખ્યાતા સમયમાં થતા કામથી બંધાતા કર્મો અનંતા હોય છે.

યાદ એટલુંજ રાખવાનું કે આત્મા પાસે અસંખ્ય waves હોય છે. અસંખ્યા waves ના કર્મને આપણે બાંધી રહ્યા છીએ.

જેમ electricityમાં Socket હોય જેમાં આપણે પ્લગ ભરાવીએ, તો જેટલા સોકેટ હશે તેટલી Line લઇ શકીએ તેવી જ રીતે આત્માની અંદર ૧-૨-૫-૨૫ નહિ પણ એક સાથે અસંખ્ય સોકેટ લાગેલા છે ને દરેક સોકેટની અંદર પ્લગ ભરાવેલા છે. જેટલા પ્લગ ભરાવેલા છે તેટલા પંખા-લાઇટ વગેરે બધું ચાલુ છે.

શું કરવાનું?

એક પછી એક પ્લગ કાઢવાના અને છેલ્લે સીધો ફયુઝ ઉડાડી દેવાનો! ફયુઝ ઊડી ગયો એટલે બધું ફેઇલ!

પણ માનો કે પ્લગ કાઢતાં ગયાને ફયુઝ ન ઊડયો તો સોકેટ તો છે જ.

એટલે ગમે ત્યારે પ્લગ ભરાવી દો એટલે ફરી ચાલુ.

આજ સુધીની સાધનામાં એવું બન્યું છે કે આપણે સોકેટમાંથી માત્ર પ્લગને

કાઢતાં જ શીખ્યા છીએ. એટલે જયારે ફરી કોઇ અટકચાળું આવ્યું અને સોકેટની અંદર પ્લગ નાખે ને ફરી પાછું ચાલું કરે.

આ અટકચાળું એટલે સામે રહેલું નિમિત્ત! સામે રહેલું દ્રશ્ય, જેવું દ્રશ્ય નજરે પડયું એટલે કામ ચાલુ. ષટબંધન કર્મ ચાલુ.

આ સારું છે, આ ખરાબ છે. આ ગમતું છે, આ નથી ગમતું. આ બ્લુ કલર સારો છે. પેલો લાલ કલર સારો છે. આ બધું એટલે આપણા મનની અંદરનો પ્લગ પાછો ભરાઇ ગયો!

Fuse ઊડી ગયો. હવે સોકેટ લાખ લગાવો ને પ્લગ લાખ ભરાવો, હવે કાંઇ થવાવાળું નથી!

નદી ભરપૂર વહી રહી હતી અને શ્રીકૃષ્ણની સોળ હજાર રાણીઓનો નિયમ હતો કે સામે રહેલા તપસ્વીને અમારે રોજ વંદન કરવા જવાનું. રોજ એને જમવાનો થાળ ધરાવવાનો ને એ જમી લે પછી જ ઘરે આવીને નાસ્તાપાણી કરવાના અને પછી જ મોઢામાં પાણીનું ટીપું મૂકવાનું!

શ્રાવણ મહિનો ને આ નિયમ. બે ચાર દિવસ તો નિયમ બરાબર ચાલ્યો ને એક દિવસ નદીમાં ખૂબ પૂર આવ્યું ને રાણીઓ સામે પાર ન જઇ શકી.

બધી રાણીઓ શ્રીકૃષ્ણ પાસે ગઇ, અમારે સામે પાર જવું છે.

તે એમાં શી વાત છે? તમે જઇને નદીને કહો કે હે નદીમાતા! જો અમારો પતિ બાલબ્રહ્મચારી હોય તો અમને મારગ આપો!

જેવી બધી રાણીઓએ કિનારે ઊભી રહીને વિનંતી કરી કે નદીએ તરત જ મારગ આપી દીધો ને બધી રાણીઓ સડસડાટ સામે પાર !

જેવા સામે પાર ગયા, તપસ્વીને વંદન કરી લીધા અને જમાડી પણ લીધા. કેટલા બધાં ભોગ ! બધું લઈને ગયા હતાં. તપસ્વીએ જમી લીધું ને પાછા નીકળી ગયા.

પાછા નદી પાસે આવ્યા. નદી ભરાઈ ગઈ હતી. હવે શું કરવું ?

પાછા ગયા તપસ્વી પાસે શું કરવું ?

તમે નદીમાતા પાસે જઈને કહો કે ''હે નદીમાતા, જે તપસ્વીને વંદન કરવા ગયા છીએ તેમણે આજસુધીમાં જો આહારનો કોળિયો પણ ન ખાધો હોય તો અમને મારગ આપી દો !''

રાણીઓ મનમાં વિચાર કરે છે રોજ આટલું જમાડીએ તે જમે છે ને આમ કેમ કહે છે ! 'કહ્યું છે એટલે કરવાનું !' નદી પાસે ગયા અને કહ્યું, મારગ મળી ગયો ! કિનારે પહોંચી ગયા ! દ્વારકામાં પહોંચી ગયા !

રાણીઓના મનમાં શંકા-કુશંકા થઈ કે આમ કેમ ?

આ જગતમાં સમાધિવાળા જીવો બહુ ઓછા હોય છે ! ઉપાધિવાળા, જીવ બહુ વધારે હોય છે.

આ જગતની અંદર સમજી જાય એવા જીવ બહુ ઓછા હોય છે ! શંકા કરે તેવા જીવ વધારે હોય છે. રાણીઓ અંદરઅંદર અકળાયા કરે ને અંતે ગઈ શ્રીકૃષ્ણ પાસે. આ બન્યું કેમ ?

શ્રીકૃષ્ણ કહે, ''તમે સોળ હજાર હો કે બત્રીસ હજાર હો, મારા માટે તમે બધાં પર છો. હું મારો છું. (ગીતામાં અધ્યયન આવે છે હું મારો છું, હું કોઈનો નથી.) તમે બધાં મારા પણ હું ક્યારેય તમારો નથી.''

અરીસામાં બધાંના પ્રતિબિંબ છે. અરીસામાં બધાં દેખાય છે. ઘણાં બધાં દેખાય છે. પણ અરીસો પોતે કોઈનો નથી.

તમારી અંદરની વૃત્તિઓ તૂટી ગઈ. કરંટ જ નીકળી ગયો, હવે ગમે તેટલા સોકેટમાં ગમે તેટલા પ્લગ ભરાવો ને કાઢો કંઈ થવાનું નથી.

લોહચુંબકમાંથી ચુંબકીય બળ નીકળી જાય પછી લોઢું ગમે તેટલું આવે, તેને કંઈ અસર થતી જ નથી.

તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીરસ્વામીને એક પ્રશ્ન પૂછયો, તમે ચાલો છો, બોલો છો દેશના આપો છો ને બધું કરો છો તો તમારા કર્મ બંધાતા નથી ?

ભગવાને શું જવાબ આપ્યો હશે !

તીર્થંકર પરમાત્માની સમસવરણની એટલી દિવ્ય રચના કર્યા પછી

પરમાત્માની પાસે - પરમાત્માનો અવાજ એક યોજન સુધી પહોંચે એ માટે દેવોએ બધી યોજના તૈયાર કરી દીધી. પરમાત્મા બોલે એટલે એક યોજન સુધી બધે સંભળાય.

આગમમાં ''સમવાયસૂત્ર''માં વાત આવે છે કે દેવોએ એવી રચના કરી હતી કે એક યોજન સુધી બધી ભાષા સંભળાતી હતી.

હવે કહો - પરમાત્માએ દેશના આપી, દેશના પૂરી કરી, ચાલીને બીજે ગયા, એક ગામથી બીજે ગામ વિહાર કર્યો ને દેવોએ પ્રશ્ન પૂછયો, ''તમને કાંઈ દોષ લાગે ? તમને કંઈ પાપ લાગે ? તમને કંઈ હિંસા લાગે ?''

ભગવાને શું જવાબ આપ્યો હશે ?

હું જે કાંઈ પણ કરું છું તેમાં હું ક્યાંય ભળતો નથી, હું ક્યાંય જોડાતો નથી. હું તો નિર્લેપ ભાવની અંદર છું.

''મને કર્મો પહેલા સમયે બંધાય છે, બીજા સમયે ભોગવાય છે ને ત્રીજા સમયે ખપી જાય છે.''

ભગવાને કહ્યું હું મારા જમવા માટે તો કાંઈ જમતો જ નથી. જગતને તીર્થંકરપણાને કારણે જે કાંઈ ઉપદેશ દેવાનો હોય એ ભવિતવ્યતાના કારણે હું જમી રહ્યો છું.

હું વિહાર કરું છું જગતને ઉપદેશ દેવાને માટે. હું મારા માટે મારા સ્વાર્થ માટે કાંઈ કરતો નથી માટે મને કોઈ કર્મબંધન બંધાતા નથી ! આ બધું આગમમાં જ આવે છે અને આગમની જ વાત છે !

વાચના લેવાથી શું થાય છે ?

તીર્થંકરના ધર્મનું અવલંબન થાય છે !

જ્યારે તીર્થંકરના પગલે ચાલવામાં આવે છે ત્યારે પોતાના આત્માનાં દ્વાર ખૂલે છે. આત્માના દ્વાર ખૂલે છે એટલે આત્માની વિશુદ્ધિ થાય છે ત્યારે આત્માની અશાતના ઘટે છે. ને આત્મા પ્રત્યેનો અહોભાવ વધે છે અને અવગુણ આવી જ નથી શકતા.

આપણે આપણા ઘરમાં રહેતા હોઈએ ને સવારના પહોરમાં ખબર પડે કે છઠ્ઠા માળનો ફ્લેટનો દરવાજો ખોલ્યો ને સામે ગંધાતું કૂતરું હોય ને એ ચડી ચડીને ઉપર આવે ને જેવો તમે દરવાજો ખોલો એટલે એ ભસીને અંદર આવવા માગતું હોય તો તમે શું કરો? આવવા દેશો ?

ના ! કેમ ? હેવ સમજો કે તમારી સામેનો ફ્લેટ તૈયાર જ ન થયો હોય, દરવાજો ખુલ્લો પડ્યો હોય, એમાં ગંદકી જ પડી હોય ને કૂતરો એમાં જતો હોય તો ?

ભલે ને જતો. આપણે કાંઈ લેવા દેવા નથી. કેમ કે એ ઘર આપણું નથી આપણે એમાં રહેતા નથી.

આત્મા જ્યારે આત્મામાં રહેવા લાગે છે ત્યારે ક્રોધના, અહમ્‌ના, કપટના, લોભના એક પણ કૂતરા આત્માના ઘરમાં આવી શકતાં નથી.

આત્મા જ્યારે આત્મામાં રહેતો નથી ને બીજે રહેવા લાગે છે ત્યારે એનું ઘર ખંડેર થયા વિના રહેતું નથી.

આપણે આપણામાં રહીએ, ભગવાન આપણા થઈ જશે. આપણે પારકામાં રહીશું તો ભગવાન કદી આપણા નહીં થાય !

વાચના લેતાં લેતાં તીર્થંકર પરમાત્માના ધર્મનું અવલંબન લેતાં લેતાં પરમાત્માના માર્ગે, પરમાત્માના પંથે, પરમાત્માના પગલે આપણે પણ એક એક ડગલું આગળ વધતાં જઈએ... આપણા જ આત્માના ઘરમાં પ્રવેશ કરી અને પરમાત્માને પામવાના પ્રયત્ન કરતા રહીએ. એ જ આજના દિવસે મંગલ ભાવના !

**વીસમો બોલ**

# પ્રતિપૃચ્છના

**સમાધાનથી સમાધિ**

**पडिपुच्छणयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**पडिपुच्छगयाए णं सुत्तत्थतदुभयाइं विसोहेइ,**
**कंखामोहणिज्जं कम्मं वोच्छिंदइ ।। २० ।।**

કોઈપણ સાધુ – સાધ્વી દીક્ષા લે છે, એ સંયમજીવનનો સ્વીકાર કરે છે, સાધના – આરાધના કરે છે તેની પાછળ એનું એક ધ્યેય હોય છે કે મારે આરાધક થવું છે !

આરાધક થવું એટલે શું ?

પરમાત્માની આજ્ઞામાં જીવન વિતાવ્યા પછી પરમાત્માની આજ્ઞા પ્રમાણે મૃત્યુ થાય તો તે મૃત્યુની ઘડીને 'આરાધક મૃત્યુ' કહેવાય !

મૃત્યુ વખતે જો વ્યક્તિ આરાધક બને તો જ એનું જીવન સાર્થક હોય છે – એનો આવતો ભવ સાર્થક હોય છે.

એવી વ્યક્તિ યા તો ત્રીજા, ચોથા, પાંચમાં અથવા તેરમા અથવા વધારેમાં વધારે પંદરમા ભવે મોક્ષ પામે છે અને તેને પંદરથી વધારે ભવ કરવા પડતા નથી.

વાચના લેવાથી ક્યાં સુધી પહોંચાય ?

વાચના લેવાથી ૧૫મા ભવે તો અવશ્ય મોક્ષમાં જઈ શકાય એવાં ફળની પ્રાપ્તિ થાય છે !

એનો meaning કે, જેમ જેમ વાચના લેવાણી, અંદરમાં રહેલાં જ્ઞાન નામના ગુણનો ઉઘાડ થયો અને જેમ જેમ જ્ઞાન નામના ગુણ બહાર આવશે એટલે સહજતાથી આપણે સાધનાના માર્ગની અંદર જોડાશું. જોડાવું નહીં પડે !

જે કાર્ય થતું નથી તે કાર્ય કરવું પડતું હોય અને જે કાર્ય સહજતાથી થતું હોય તે જ કાર્ય કહેવાય !

જે કાર્ય કરવું પડતું હોય તેમાં કંટાળો હોય અને જે કાર્ય કરતાં હોય તેમાં હંમેશાં ખુશી હોય... આનંદ હોય !

જે કાર્ય કરવું પડે જેમાં પ્રયત્ન કરવા પડે તે બધાં જ કાર્ય અંતમાં થાકતાં હોય છે પણ જે કાર્ય સહજતાથી થતું હોય, અંદરમાંથી ઊગતું હોય એ કાર્ય કરવામાં ક્યારેય થાક ન હોય, કંટાળો ન હોય પણ ખુશી હોય અને પછી એ કાર્ય સંતોષ આપ્યા વગર ન રહે !

પરમાત્માના ધર્મની આરાધના કર્યા કરવાની મોટામાં મોટી ઉપલબ્ધિ, કે જીવન મારે એટલા માટે સુધારવું છે કે મારું મૃત્યુ સુધરે !

એક માણસ પથારીવશ છે, રીબાય છે, પાણીનું એક ટીપું ગળામાં સોય ભોંકાતી હોય તેવું લાગે, નવકારમંત્ર નથી સાંભળવો, દર્શન નથી કરવા... એકદમ ક્રોધિત છે... પથારીમાં ટટળી રહ્યો છે, તેને મરવું છે નહીં, અને જીવી શકે એમ નથી !

જેણે જીવન સુધાર્યું નથી એનું મૃત્યુ ક્યારેય સુધરતું નથી.

આપણે જીવન એટલા માટે જ સુધારવાનું છે કે આપણું મૃત્યુ સુધરે તો જ આપણા માટે આવતું જીવન સુધરવાનું છે !

જેમ જેમ વ્યક્તિ વાચના લે છે એમ શું થાય છે ?

વાચનાથી એની જ્ઞાન દ્રષ્ટિનો ઉઘાડ થાય છે.

જેમ જ્ઞાનનો ઉઘાડ થાય છે એમ, શ્રુતજ્ઞાનની એને અંદરમાંથી પ્રાપ્તિ થાય છે. જેમ જ્ઞાન પ્રાપ્ત થાય છે એમ પરમાત્માના ધર્મનું એ અવલંબનરૂપ બની જાય છે.

પરમાત્માના ધર્મનું અવલંબન બની જાય છે એટલે શું થાય છે ?

એની અંતિમ ઘડી સુધારવા માટે એનામાં રહેલો, ભયંકર કક્ષાનો ક્રોધ, અહંમ્, લોભ બળી જાય છે !

મૃત્યુ સમયે એ માણસ એકદમ ક્રોધિત છે અને ચિલ્લાય છે, તેનાં સગા-વ્હાલાંઓને દોષ દે છે, તમે મારી દવા નથી કરતાં, મને હોસ્પિટલ નથી લઈ જતાં, મને તરસ લાગી છે ને તમે મને પાણી નથી આપતાં વગેરે... પાણી પાવ, પાણી પાવ પણ ક્યાંથી પાણી મળે ?

ગળું પાણીને સ્વીકારવા તૈયાર નથી ને આખું શરીર પાણી માંગે છે !

કેમ આવું થાય ?

ભયંકર કક્ષાના ક્રોધને કારણે એના શરીરની બધી નસો તણાઈ ગઈ છે, ખેંચાઈ ગઈ છે. ડૉક્ટર કહે કે એ જો શાંત પડે તો કાલે એની નસો ખૂલી જાય એમ છે, પણ એ શાંત પડતાં નથી !

ક્રોધ, માન, માયા અને લોભ ખપી જાય એને કહેવાય મહાનિર્જરા, મહાપર્યવસાન અને એવી જ વ્યક્તિ આરાધક બની શકે છે.

આપણે શું બનીશું ?

આપણે આપણામાં thermometer મૂકીએ તો શું લાગે છે ?

આ દુનિયાનું બધું દેખાય છે. બધા show પૂરા થઈ જવાના છે. આ દુનિયામાં જે કાંઈ પણ કાર્ય કર્યું હશે તે બધાં અહીં છે અને આપણે છેલ્લી ઘડીએ ક્યાં હશું ? કેવા હશું ? કેમ હશું ? આપણું શું હશે ?

મોટા ભાગની વ્યક્તિ જ્યારે આવું વિચારવા લાગે છે ત્યારે તેનું જીવન સુધરવા લાગે છે !

આપણું જીવન સુધારવાનો એક જ ઉપાય છે, આ જીવન સુધારીને, આપણી આજ સુધારીને, મૃત્યુ સુધારીને... આવતો ભવ સુધારવાનો છે. નહીં તો... આ ભવમાં સમજ મળી છે... પરમાત્મા મળ્યા છે... પરમાત્માનો ધર્મ મળ્યો છે... આવતાં ભવમાં નહીં મળે તો ?

એક બિલાડી રોજ સાંજે ઉપાશ્રયના છાપરા ઉપર આંટા મારે છે અને ગમે તેમ કરી એક ઉંદર ગોતી લે છે યા તો પક્ષી પર તરાપ મારે છે. આ બિલાડીની આવી વૃત્તિ, આવો ભવ... કોઈને મનમાં વિચાર આવે ? ભગવાન ! આ ભવમાં તો તું મને મળી ગયો અને કોઈક ભવમાં નહીં હોય અને તે આવો, બિલાડી જેવો ભવ હશે તો ?

એટલે, આપણે આ ભવમાં એવું કરી લેવું છે કે આગળ એકપણ ભવ ભગવાન વગરનો ન હોય !

ભગવાન બનીએ કે ન બનીએ, માલિક બનીએ કે ન બનીએ પણ... ભગવાન તું મને એટલું આપજે કે તારા વગરનો ભવ ન હોય ! મારે બીજું કાંઈ જોઈતું નથી. તું મારી સાથે હશે તો મને એટલી ખબર છે કે મને જીવતાં તો આવડશે !

''જેના જીવનમાં ભગવાન નથી હોતા એને જીવતાં આવડતું નથી.''

માટે, મારે ભગવાન જ મળે એવું જ મૃત્યુ જોઈએ છે. એવા મૃત્યુને ક્હેવાય...

**''आयार फलं आराहेइ''**

પરમાત્માના ધર્મની આરાધના કર્યા પછી એનો સિક્કો (STAMP) લાગે છે. જેમ પરીક્ષા લખ્યા પછી, વર્ષ પછી Marksheet મળે અને એણે પરીક્ષામાં જે લખ્યું એ જ સાચું કહેવાય, એમ આખું જીવન તમે જીવો છો તેનું સરવૈયું છેલ્લો દિવસ, છેલ્લી ઘડી, છેલ્લી ક્ષણે સિક્કો લાગે, અને અંતિમ ઘડીએ જ મારી સાચી પરીક્ષા છે. જીવનના પાઠ તમે કેટલા ભણ્યા, કેટલા શીખ્યા છો એ તમારી છેલ્લી ઘડીએ ખબર પડે છે, અને એ પ્રમાણે સિક્કો લાગે છે.

Passનો સિક્કો લાગે તેને પરમાત્માના ધર્મમાં આરાધક શબ્દ મૂકવામાં આવે !

જીવનભર ગુરુ સહાયક બની શકે છે પણ છેલ્લી ઘડીએ આત્મા જ સહાયક બની શકે !

છેલ્લી ઘડીએ શું થાય ?

છેલ્લી ઘડીએ આંખ, કાન, નાક, જીભ બધું નકામું લાગે છે એટલે બહારનું બધું બહાર રહી જાય છે અને હવે રહે છે માત્ર પોતાનો આત્મા જે અંદરમાં હોય છે એટલે અંતિમ ઘડીએ પોતાનો આત્મા જ પોતાનો ગુરુ બની જાય છે.

જીવનભર ગુરુ હોય છે પણ મોતની ઘડીએ આત્મા જ આત્માનો ગુરુ હોવો જોઈએ, તો જ આરાધક બની શકાય !કારણ ત્યારે બહારના શબ્દો કામ નથી કરતા, બહારની ઈન્દ્રિયો કામ નથી કરતી.

જ્યાં સુધી ઈન્દ્રિયો કામ કરી શકે ત્યાં સુધી ગુરુ કામ કરી શકે !

પણ, ઈન્દ્રિયો બંધ થાય ત્યારે આત્માએ જ આત્માનો ગુરુ બનવાનું હોય છે. એટલે આપણે આપણા આત્માને જીવનભર એવો ઘડવો જોઈએ જેથી અંતિમ ઘડીએ આપણે આપણા આત્માના ગુરુ બની શકીએ ! અને જો ન બની શક્યા તો..

એ ભાઈની જેવી દશા એવી જ દશા...!!

એક વ્યક્તિ મરણ પથારીમાંથી ઊભી થાય છે. ધર્મક્ષેત્રમાં આવે અને કહે આ નવું જીવન પરમાત્માએ આપેલું છે, એ મારે પરમાત્મા માટે વીતાવવું છે. હું એવું શું કરું કે મને પરમાત્મા મળે ?

પરમાત્મા માટે અને છેલ્લી ઘડીએ પરમાત્મા મારી સાથે હોય એવું જીવન જીવવું છે. એવું હું શું કરું કે પરમાત્માની નજીક જઈ શકું !

''ધર્મ સાથેનું ધ્યાન અને તપ સાથેનો ત્યાગ !''

ધર્મ કરવો એટલે બધી વસ્તુ, વ્યક્તિ, વાતાવરણને છોડતા જવું અને... ધ્યાન એટલે દેવ, ગુરુને અંતરમાં સ્વીકારતા જવું !

ધ્યાનમાં ધ્યેય હોય છે અને ધર્મમાં ત્યાગ હોય છે.

ધર્મ એટલે સ્વભાવ !

સ્વભાવ એટલે શું ?

સ્વભાવ એટલે - પરને છોડવું અને ધ્યાન એટલે જે પરમતત્ત્વ છે તેને સ્વીકારવું !

ધર્મ અને ધ્યાન, તપ અને ત્યાગ. આ બે શબ્દ છે !

તપ અને ત્યાગમાં ફરક શું ?

હંમેશાંને માટે જેમ ધર્મ અને ધ્યાન એ પોઝીટીવ અને નેગેટીવ શબ્દ છે તેમ તપ અને ત્યાગ એ પણ **-ve** અને **+ve** શબ્દ છે !

વાસ્તવિકતામાં -

આત્મા જ્યારે આત્માને પામવા માટે જે તડપ ઊભી કરે... આત્મા આત્મભાવને પામવા માટે જે તલસાટ ઊભો કરે... તેને તપ કહેવાય.

આત્મા જ્યારે આત્મા સિવાયનું છોડવાનો પ્રયત્ન કરે છે તેને ત્યાગ કહેવાય છે !

તપ છે તે Positive છે (+ve)

ત્યાગ છે તે Negative છે (-ve)

શબ્દ બે છે પણ અલગ અલગ છે...

તપમાં બધું સ્વીકારવાનું...!

ત્યાગમાં બધું છોડવાનું...!

આપણે ઉપવાસ કર્યા છે એ તપ છે પણ એ તો સ્વીકારવાના કારણે જન્મેલો અસ્વીકાર ભાવ છે.

પરમાત્મા મહાવીરસ્વામીએ દીક્ષા લીધી પછી એ પોતાના આત્મધ્યાનમાં એટલા બધાં લાગી ગયા કે પછી ભૂખ ન લાગી... તરસ ન લાગી... અને દિવસોના દિવસો પસાર થઈ ગયા... એ છે એનું તપ...! એને જમવાનો ત્યાગ નથી કર્યો, પણ એ પોતાનામાં લીન છે એટલે એને જમવાનું યાદ નથી આવતું !

જમવાનું છૂટી જવું એ તેનો ત્યાગ અને જમવાનું છૂટવાનું કારણ એ તેનું તપ !

ખાલી જમવાનું છોડવું એ ઉપવાસ નથી. આપણો ઉપવાસ એટલે શું ? એક દિવસ માટે જમવાનું છોડવાનું.

પણ...

પરમાત્માના જ્ઞાનધ્યાન ભાવની પ્રસાદીનો સ્વીકાર કરવો અને એના દ્વારા આત્માનું પોષણ કરવું એ ઉપવાસ !

માસખમણ કરી શું કરવાનું છે ? મારે મારી નજીક જવું છે અને જે મારું નથી તેનાથી દૂર થવું છે.

જે મારું નથી એનાથી દૂર જવું એ ત્યાગ અને મારી નજીક જવું એ – તપ.

પોતાને પોતાની નજીકમાં આવવાનો જે તલસાટ થાય, મારું છે અને મારે મેળવવું છે એ ભાવ ઊભો થાય એ તપ.

આ વ્યાખ્યા સમજાય જાય તો, આપણું તપ કહેવાશે – સમ્યક્ તપ.

આપણી સાધના – સમ્યક્ સાધના.

આપણી આરાધના – સમ્યક્ આરાધના.

મોક્ષ છે તો સંસાર છે, જડ છે તો ચેતન છે, કર્મ છે તો ધર્મ છે, પાપ છે તો પુણ્ય છે.

એમ પરમાત્માના ધર્મની સાધના પણ બે પ્રકારની છે.

તપ છે તો ત્યાગ છે.

ત્યાગ વગરનું તપ નકામુ છે.

તપ વગરનો ત્યાગ નકામો છે.

નીતિ વગરનો નિયમ નકામો છે.

નિયમ વગરની નીતિ નકામી.

ધર્મ વગરનું ધ્યાન નકામુ.

ધ્યાન વગરનો ધર્મ નકામો.

બે હોય તો જ એક કહેવાય. તો જ સાધના સાર્થક કહેવાય !

સિક્કો ક્યારે સિક્કો ક્હેવાય ?

સિક્કામાં કાટ અને છાપ બે હોય તો સિક્કો સિક્કો કહેવાય !

એવી રીતે ધર્મનો સિક્કો પણ એને જ કહેવાય જેમાં પોઝીટીવ અને

નેગેટીવ, ત્યાગ અને તપ, ધ્યાન અને ધર્મ, નીતિ અને નિયમ જેમાં સદ્‌ગુણ અને સાધના, જેમાં આવરણ અને આભૂષણ હોય !

પ્રતિપૃચ્છના એટલે શું ?

વાચના લો છો, ગુરુ પાસે સમજવા બેસો છો અને કાંઈ નથી સમજાતું ત્યારે શું કરો ?

હશે ભાઈ નથી સમજાતું, જવા દો ને !

જો જવા દો... એમ કરો તો ગયા ! તમે તમારા અજ્ઞાનને બહાર કાઢ્યું... પણ, તરત ઊભા થયા, હાથ જોડી પૂછ્યું ગુરુદેવ ! આ વિષય નથી સમજાતો !

વાચનાનો નિયમ છે તમે પ્રશ્ન ઊભા કરો !

કેવા પ્રશ્નો ?

જે વાચનાનો વિષય ચાલતો હોય એવા. તમને ન સમજાય તે પૂછો.

જે ન સમજાવા પર પ્રશ્ન પૂછે છે તેની સમજની વિશુદ્ધિ થાય છે.

કાંક્ષા એવું કર્મ છે, જેમ ઘરમાં પતિ-પત્ની હોય એ પતિને પત્ની પર શંકા થાય - એવી રીતે આત્મા જ્યારે પરમાત્માને મળે ત્યારે આત્માને પરમાત્માના વિષય પર જે કાંઈ પણ વ્હેમ પડે, શંકા થાય. આમ કહે છે તો આમ કેમ ? એવા પ્રશ્ન થાય એને આગમમાં કાંક્ષા કહેવાય. અને એ પ્રશ્નનું જો સમાધાન મેળવી લઈએ, અને સાધનાના ક્ષેત્રમાં શંકાનું સમાધાન થઈ જાય તો જ્ઞાન સરળ બની જાય !

જ્યારે પ્રશ્ન ઊભો થાય અને નથી પૂછાતો, પછી તો ભૂલાઈ જાય છે, પણ, તમારો પ્રશ્ન ક્યારેય તમારા મનમાંથી ભૂલાતો નથી. એક શંકારૂપે માનસમાં ફીટ થઈ જાય છે. એના કારણે ભવિષ્યમાં તમારું અજ્ઞાન વધે તેવા કર્મ બંધાય છે !

પ્રશ્ન જ્યારે જતા કરી દેતા હો ત્યારે તે તમારામાં શંકાના waves ઊભા કરે છે.

એક Blood cell અનેક ઊભા કરે. મેળવણ દૂધમાં નાખવામાં આવે તો ધીમે ધીમે દૂધને દહીં બનાવી દે છે !

એમ નાનકડા શંકાનો શબ્દ ધીમે ધીમે અંદરમાં એક વર્તુળ ઊભું કરે છે.

જેમ પાણીમાં પડેલો કાંકરો ધીમે ધીમે એક વર્તુળ ઊભું કરે, પછી મોટું કરે તેમ શંકાના waves ઊભાં કરે !

ધર્મનો શંકાપ્રેરક પ્રશ્ન અંદરમાં ઘર કરે તો તમને આખા ને આખા અજ્ઞાની બનાવી દે છે.

તેનું ઉદાહરણ :

પરમાત્મા મહાવીરસ્વામી પાસે દીક્ષા લેનાર પોતાનો જમાઈ જમાલી, દીક્ષા લીધા પછી નાનકડો પ્રશ્ન અંદરમાં ઘર કરી ગયો... અને તેના કારણે પરમાત્માનો જમાઈ હોવા છતાં પરમાત્માનો કટ્ટર વિરોધી બની ગયો...! સાધુજીવન, મુહપત્તી હોવા છતાં પરમાત્મા મહાવીરનો કટ્ટર દુશ્મન...! કહે કે એ નહીં હું ભગવાન છું...!

કેમ ?

તો એક નાનકડા પ્રશ્નને કારણે...!

''સમાધાન વગરનો પ્રશ્ન અનેક પ્રશ્ન ઊભા કરે...!''

પ્રશ્નનો નિયમ છે કે પ્રશ્ન જ પ્રશ્નને ઊભા કરે ! અને જો પ્રશ્નનું સમાધાન થઈ જાય તો આત્મા હળવો ફૂલ બની જાય !

પ્રતિપૃચ્છનાથી જ... સૂત્ર અને સૂત્રના અર્થની વિશુદ્ધિ થાય છે.

આગમ, આગમના શબ્દો, શબ્દોના ભાવો અને અર્થની જાણકારી થાય છે ત્યારે આપણું જ્ઞાન વિશુદ્ધ થાય છે.

વિશુદ્ધ જ્ઞાનવાળી વ્યક્તિ જ વિશુદ્ધ આચરણ કરી શકે !

જેની પાસે પૂરી સમજ નથી તે પૂરી સાધના કરી શકતો નથી.

તમારી માટે આ પાંચમા આરામાં, વર્તમાન કાળમાં મહત્ત્વની બાબત હોય તો શું કરવાનું ?

ભગવાને એમ કહ્યું છે.

**ज्ञान क्रियाभ्यां मोक्षं.**

જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે !

જ્ઞાન અને ક્રિયા બન્નેનો મેળ થાય એને ધર્મ કહેવાય છે.

આ કાળમાં કયો ધર્મ કરવો જોઈએ ?

૬૦% સમજ અને ૪૦% સાધના.

૬૦% જ્ઞાનવધારો અને ૪૦% આચરણ કરો.

૫૦% - ૫૦% થઈ શકે એવું નથી,

કેમ કે આ કાળમાં મોક્ષની શક્યતા નથી.

આ કાળમાં ૧૦૦% સમજ મળી શકે એવી કોઈ વ્યક્તિ નથી. ૧૦૦% સાધના કરી શકે એવી કોઈ વ્યક્તિ નથી. ચાહે ઉત્તમમાં ઉત્તમ વ્યક્તિ હોય તો પણ બધોંની વાત ૬૦:૪૦ અથવા ૩૦:૭૦માં હોય ! કોઈ પણ રીતે હોય પણ ૧૦૦% આ વર્તમાન કાળમાં નથી !

સમજ વગરની વ્યક્તિ ક્યારેય સમાધાન કરી નથી શકતી.

સમાધાન વગરની વ્યક્તિ ક્યારે સમાધિ મેળવી નથી શકતી.

સમાધિ વગરનો કોઈ ધર્મ હોતો જ નથી.

ધર્મની ફલશ્રુતિ શું ?

ધર્મધ્યાન શું કામ કરવાનું ?

શાંતિ, સમાધિ ને આત્માના કલ્યાણ માટે !

સમાધિ એનું ફળ છે. સમાધાનરૂપી વૃક્ષમાંથી એ ઊગે છે, પણ, સમાધાનરૂપી વૃક્ષ ખીલે છે ક્યારે ?

સમજ નામના મૂળિયાં ઊગે ત્યારે !

સમજનાં મૂળિયાં બીજનાં સમર્પણ વગર ઊગતાં જ નથી ! અંતે તો, બીજે માટીને સોપાવું અવશ્ય પડશે.

અંતે તો આત્માએ દેવ, ગુરુ અને ધર્મના શરણમાં આવવું પડશે !

ચરણમાં આવશે, બીજે ઊગશે, મૂળિયાં ઊગશે - ધીમે ધીમે સમજ વધશે, ધીમે ધીમે છોડ બનશે, ઝાડ બનશે, વૃક્ષ ખીલશે અને સમાધિના ફળ મળશે !

સમાધિ એટલે મોક્ષ !

અહીં જે સમાધિ મળશે તે મોક્ષનો અંશ છે.

Contact us at: +91-98609-05678
Visit our website: www.parasdham.org
WhatsApp "Jai Jinendra" to: +91-76662-66566
Subscribe to: www.youtube.com/ParasdhamTV
Follow us on: www.facebook.com/ParasdhamIndia
Listen to Pujya Gurudev on: www.soundcloud.com/Parasdham
Write to us: pranpushpa@yahoo.com/parasdham108@gmail.com